# સ્વાધ્યાય

વસંતપંચમી
વિ. સં. ૨૦૨૭

પુસ્તક ૮
અંક ૨



નટરાજ શિવ-ઝુરિચ મ્યૂઝિયમના સૌજન્યથી

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર, ૧૯૭૦.

# સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૭ પુસ્તક ૮

ફેબ્રુઆરી, ૧૯૭૧ અંક ૨


# યુદ્ધમન્ત્રી શ્રીકૃષ્ણ


ઉપેન્દ્રરાય જ. સાંડેસરા


રણમેદાન ઉપર અર્જુનને પુનઃ આક્રમણ માટે સજ્જ થયેલા જોઈને મહારથીઓ જોર-શોરથી ગાજવા લાગ્યા.[૧] પણ આ શું થયું?! યુધિષ્ઠિરે તો યુદ્ધ કરવાનો આદેશ આપવાને બદલે કવચ ઉતારી નાખ્યું. આયુધો વેગળાં મૂકયાં, અને રથમાંથી એકદમ ઊતરી પડીને, બે હાથ જોડીને, મૌનપૂર્વક પિતામહ ભીષ્મ તરફ દૃષ્ટિ માંડીને, પૂર્વાભિમુખે શત્રુના સૈન્ય તરફ ચાલવા માંડયું! ધર્મરાજને જતા જોઈને અર્જુન તથા બીજા પાંડવ ભાઈઓ, ભગવાન વાસુદેવ તથા બીજા આગેવાન રાજાઓ પણ રથમાંથી ઊતરીને એમની પાછળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં ચારે પાંડવ ભાઈઓએ દુણાતા મનથી ધર્મરાજને આમ (દીનતાથી) કૌરવોના લશ્કર તરફ જવાનું કારણ કહેવા વિનંતી કરી. પણ યુધિષ્ઠિર તો કંઈ બોલ્યા ચાલ્યા વિના મૂંગા મૂંગા આગળ ચાલવા માંડયા. ત્યારે મહાપ્રાજ્ઞ તથા મહામના (મહાનુભાવ) વાસુદેવે ચિંતાતુર પાંડવોને (ચિંતામુક્ત) હસતા મુખે ઉત્તર આપ્યો: "મેં ધર્મરાજનો અભિપ્રાય કળી લીધો છે. આ (નમ્ર) રાજા ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને શલ્ય એ વડીલોની અનુમતિ મેળવીને પછી દુશ્મનો

---

૧ ગીતા અંગે 'ભીષ્મપર્વ'નાં ક્ષેપક ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫; સમીક્ષિત વાચનાનાં પરિશિષ્ટ ૧-૩ના 'ગીતાસાર' નામના દીર્ઘ ફકરાની બે વાચનાઓ જુઓ.

તે પૈકી ક્ષેપક ૧૧૩, ૧૧૪ ભારતીય માનસ ઉપરની ગીતાની વિશિષ્ટ છાપ રજૂ કરે છે:

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या चेयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ।
सर्वशास्त्रमयी गीता सर्वदेवमयो हरिः ।
सर्वतीर्थमयी गङ्गा सर्ववेदमयो मनुः ।
गङ्गा गीता च गायत्री गोविन्देति हृदि स्थिते ।
चतुर्गकारसंयुक्ते पुनर्जन्म न विद्यते ॥ ક્ષેપક ૧૧૩.

भारतामृतसर्वस्वगीताया मथितस्य च ।
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे हुतम् ॥ ક્ષેપક ૧૧૪.

સામે સંગ્રામ ખેલશે. પરાપૂર્વથી (શાસ્ત્રો દ્વારા) સાંભળવામાં આવે છે કે, જે મનુષ્ય ગુરુજનોની અનુમતિ વિના યુદ્ધ કરે છે તેના ઉપર વડીલોની ખફામરજી (અપધ્યાન) થાય છે, પણ જે મનુષ્ય શાસ્ત્રવિધિ પ્રમાણે અનુમતિ મેળવીને મહત્તરો (= મહારથીઓ, અહીં વડીલો, મહાપુરુષો અને મહારથીઓ એ સર્વ અર્થો સંમિલિત છે.) સામે લડે છે તેનો યુદ્ધમાં જય થાય જ છે એમ હું માનું છું.'[૨] (૬-૪૧-૧ થી ૧૯)

શ્રીકૃષ્ણ આમ બોલતા હતા, એવામાં તો (દુર્યોધનની સેનામાં યુધિષ્ઠિર શરણે આવી રહ્યા છે એમ માનીને હર્ષને લીધે) ગજબનો ઘોંઘાટ થઈ ગયો. જ્યારે બીજા કેટલાક (મુઆઈને) મૂંગા થઈ ગયા! કૌરવ સૈનિકો યુધિષ્ઠિરને 'કુલાંગાર' કહીને નિંદવા માંડ્યા અને ઉલ્લાસથી પતાકાઓ ફરફરાવવા લાગ્યા તથા યુધિષ્ઠિરની સાથે પાંડવ ભાઈઓ અને (તેમના નેતા)

---

૨ तानुवाच महाप्राज्ञो वासुदेवो महामनाः ।
अभिप्रायोऽस्य विज्ञातो मयेति प्रहसन्निव ॥ ६-४१-१६.

एष भीष्मं तथा द्रोणं गौतमं शल्यमेव च ।
अनुमान्य गुरून्सर्वान्योत्स्यते पार्थिवोऽरिभिः ॥ ६-४१-१७.

श्रूयते हि पुराकल्पे गुरूननुमान्य यः ।
युध्यते स भवेद्व्युक्तमपध्यातो महत्तरैः ॥ ६-४१-१८.

अनुमान्य यथाशास्त्रं यस्तु युध्येन्महत्तरैः ।
ध्रुवस्तस्य जयो युद्धे भवेदिति मतिर्मम ॥ ६-४१-१९.

સર૦ यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ ६-३८-२३ (ગીતા ૧૬-૨૩).

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ ६-३८-२४ (ગીતા ૧૬-૨૪).

'જે પુરુષ શાસ્ત્રવિધિ છોડીને સ્વચ્છંદીપણે વર્તે છે, તે નથી સિદ્ધિ મેળવતો, નથી સુખ મેળવતો કે નથી પરમ ગતિ મેળવતો. તેથી શું કરવું અને શું ન કરવું એનો નિર્ણય કરવામાં તારે શાસ્ત્રને પ્રમાણ માનવું. શાસ્ત્રવિધિ શું છે તે સમજીને તારે અહીં કર્મ કરવું જોઈએ.'

જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૨૭૬ થી ૨૭૯; અને 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), નોંધ ૫૦.

અહીં 'શાસ્ત્રવિધિ' એટલે વિજયી થવા માટેનું યુદ્ધવિજ્ઞાન: (૧) ભૌતિક વિજ્ઞાન ઉપરાંત good-will, પ્રિયકામત્વ, એ ઉચ્ચ માનસિક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. (૨) સદા અપરાજેય અહિંસક પ્રતિકારનો ઉદ્દ્ગમ પણ આ અનુનયમાં છે. બીજે લડતાં વડીલોની અનુમતિ લેવાની હોય, પરંતુ વડીલોની સામે લડવું પડે એવા સંયોગોમાં ય તેમને માન આપી અનુમતિ લેવાની છે. એમાં પ્રતિકાર કરનારની બહાદુરી છે. એની પાછળ અહિંસક શક્તિનું પીઠબળ છે.

(૨) શસ્ત્રવિદ્યાગુરુ પરશુરામ સામે લડતાં પહેલાં ભીષ્મે તેમની પાસેથી વિજયનો આશીર્વાદ માગ્યો હતો તે પ્રસંગનો વાર્તાલાપ સર૦ ૫-૧૮૦-૧૧ થી ૧૪, ૧૫ થી ૧૭.

કેશવની ય નિંદા કરવા લાગ્યા ! સાથે કૃષ્ણ-અર્જુન સહિત યુધિષ્ઠિર વગેરે પાંડવો અને ભીષ્મ વચ્ચે શા સવાલ-જવાબ થશે તેની અટકળ કરવા લાગ્યા ! ( ૬-૪૧-૨૦ થી ૨૯ )

યુધિષ્ઠિર તો ભીષ્મની પાસે આવ્યા. બંને હાથથી ચરણસ્પર્શ કર્યો. એમની સામે યુદ્ધ કરવાની અનુમતિ, અનુજ્ઞા અને આશીર્વાદ માગ્યા. ભીષ્મે જો યુધિષ્ઠિરે ' અનુજ્ઞા ન માગી હોત તો શાપ આપત ' કહીને પ્રસન્નતાપૂર્વક અજેય એવા પોતાની સામે જય મેળવવાનો આશીર્વાદ આપ્યો. પોતે ( કૌરવોનો પગાર લેવાથી ) અર્થદાસ હોઈ, યુદ્ધમાંથી નિવૃત્ત થવા સિવાય બીજું જે કંઈ માગવું હોય તે માગીને ચોક્કસ વિજય પ્રાપ્ત કર, એવી ઇચ્છા વ્યક્ત કરી.[૩] ' હું અજેય છું. તે છતાં મારો મૃત્યુકાળ આવતાં ફરી મળજે. ' એવી સલાહ આપી. પછી યુધિષ્ઠિર દ્રોણ પાસે ગયા. દ્રોણાચાર્યે પણ ભીષ્મની જેમ આશીર્વાદ આપ્યા અને ઉમેર્યું : ' રાજન્ ! અવશ્ય તારો જ વિજય થશે, **કેમ કે હરિ તારા ( યુદ્ધ- ) મન્ત્રી છે.** હું પણ તને આશિષ આપું છું કે તું રણમાં શત્રુઓને જીતીશ. જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ છે અને જ્યાં કૃષ્ણ છે ત્યાં જય છે. માટે કૌન્તેય ! જા યુદ્ધ કર...'[૪]દ્રોણાચાર્ય પાસેથી આશીર્વાદ લઈ ને વાક્યવિશારદ ધર્મરાજા કૃપાચાર્ય પાસે ગયા. એમની અનુમતિ માગતાં માગતાં ધર્મરાજાનો કંઠ ( આ વડીલોની સામે લડવું પડશે એ ) વ્યથાથી રુંધાઈ ગયો. એ બેભાન જેવા થઈ ગયા. કૃપ તેમનું બોલવું સમજી ગયા. પોતે

---

३ अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित् ।
इति सत्यं महाराज बद्धोऽस्म्यर्थेन कौरवैः ॥ ६-४१-३६.

अतस्त्वां क्लीबवद्वाक्यं ब्रवीमि कुरुनन्दन ।
हृतोऽस्म्यर्थेन कौरव्य युद्धादन्यत्किमिच्छसि ॥ ६-४१-३७.

આ શ્લોકોના ઉદ્‌ઘાટન અને અર્થદાસત્વવિમુક્ત શ્રીકૃષ્ણના વ્યક્તિત્વપરિચય માટે જુઓ ' ભારત–રત્ન ' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૩૨૩ થી ૩૩૪.

( ૧ ) ૬-૪૧-૩૬; દ્રોણવચન ૬-૪૧-૫૧; કૃપવચન ૬-૪૧-૬૬; શલ્યનાં વચન ૬-૪૧-૭૭. સર૦ ' હિતોપદેશ ' ૩–૭૮.

( ૨ ) ૬-૪૧-૩૭ સાથે સર૦ દ્રોણનાં વચન ૬-૪૧-૫૦, ૫૨; કૃપનાં ૬-૪૧-૬૭; શલ્યનાં ૬-૪૧-૭૬, ૭૮.

( ૩ ) અર્થદાસત્વથી મુક્ત ગુરુ તેગબહાદુરનો શ્લોક સર૦

जगत भिखारी फिरत है सबको दाता राम ।
कहु नानक मन सिमर तिहि पूरनहोवहिं काम ॥
' ગુરુ ગ્રંથ-સાહિબ ' મહલા ૯, શ્લોક ૪૦.

४ ध्रुवस्ते विजयो राजन्यस्य मन्त्री हरिस्तव ।
अहं च त्वाभिजानामि रणे शत्रून्विजेष्यसि ॥ ६-४१-५४.

यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ।
युध्यस्व गच्छ कौन्तेय पृच्छ मां किं ब्रवीमि ते ॥ ६-४१-५५.

દરરોજ સવારે પાંડવોને વિજયની આશિષ આપશે એવું વચન આપ્યું. ધર્મરાજ ત્યાંથી શલ્ય પાસે ગયા. શલ્યનો પણ આશીર્વાદ લીધો. પાછા ફર્યા. ( ૬-૪૧-૩૦ થી ૮૩ )

દરમિયાન ગદાગ્રજ ( ગદના મોટાભાઈ ) શ્રીકૃષ્ણ કર્ણ પાસે ગયા અને કર્ણને પાંડવપક્ષે લડવા સમજાવ્યો : ' કર્ણ ! તું હાલ ભીષ્મ ઉપરના દ્વેષને લીધે લડવાનો નથી, એમ મેં સાંભળ્યું છે. તો જ્યાં સુધી ભીષ્મ હણાય નહિ ત્યાં સુધી તું અમારા પક્ષે લડ. ભીષ્મ હણાતાં રાધેય ! તને જો યોગ્ય લાગે તો ફરીથી દુર્યોધનની મદદ કરજે. '[5] ( ૬-૪૧-૮૪ થી ૮૬ )

પણ કર્ણે તો, ' કેશવ ! હું મરણાન્તે પણ દુર્યોધનનું અહિત નહિ કરું ' એમ સાફ જણાવી દીધું. એટલે શ્રીકૃષ્ણ પાછા ફર્યા ( ૬-૪૧-૮૭, ૮૮ ).

પછી યુધિષ્ઠિરે કૌરવસૈન્યમાંથી કોઈને પાંડવોના પક્ષમાં આવવું હોય તો આવવા ઘાંટો પાડીને આમન્ત્રણ આપ્યું. ધૃતરાષ્ટ્રના વૈશ્યાપુત્ર યુયુત્સુએ એ આમન્ત્રણ સ્વીકારવા ઇચ્છા દર્શાવી. એટલે યુધિષ્ઠિરે, ' યુયુત્સુ ! આવ આવ. વાસુદેવ, અમે અને બીજા બધા તને બોલાવીએ છીએ. આપણે તારા મૂર્ખ ભાઈઓ સાથે યુદ્ધ કરીશું. મહાબાહો ! હું તને સ્વીકારું છું... ' કહી તેનો સ્વીકાર કર્યો. ( ૬-૪૧-૮૯ થી ૯૫ )

અને પછી નિર્મર્યાદ વિગ્રહ શરૂ થયો (યુદ્ધના નિયમો કોરે રહી ગયા !) અને જાણે કોઈ ભૂત ભરાયું હોય એવા ઝનૂનથી સૈન્યો લડવા લાગ્યાં ( निर्मर्यादं प्रयुद्धानि°, आविष्टा इव युध्यन्ते ૬-૪૦-૧, ૩ ઇત્યાદિ ). પ્રથમ દિવસે ભીષ્મે ચોમેર ભંગાણ પાડીને પાંડવોના લશ્કરમાં ગભરાટ ઊભો કરી દીધો ( ' ભીષ્મપર્વ ', અ. ૪૫ ). રાત્રે છાવણીમાં પહોંચ્યા કે તુરત જ ચિંતાતુર ધર્મરાજ પાંડવો અને બીજા રાજાઓને લઈને જનાર્દન પાસે ગયા. હતાશ થઈને બોલવા લાગ્યા : ' કૃષ્ણ ! ભીમપરાક્રમી ભીષ્મને જુઓ. ઉનાળાની આગ જેમ ઘાસની ગંજીને બાળી મૂકે એમ એ મારા સૈન્યને બાણોથી ફૂંકી દે છે. આહૂતિ પામીને ભભૂકતા અગ્નિ જેવા ભીષ્મની સામે નજર પણ માંડી શકાતી નથી. યમ, ઇન્દ્ર, વરુણ અને કુબેર જેવાને સંગ્રામમાં જીતી શકાય પણ મહાબલી ભીષ્મને તો નહિ જ. એટલે ગોવિન્દ ! હું તો બુદ્ધિદુર્બળતાને કારણે વનમાં જઈશ ! (સંસારત્યાગી ' સાધુ ' થઈને ) જીવતા રહેવામાં જ ભલું છે ! કૃષ્ણ ! મારે આ રાજાઓને ભીષ્મરૂપી મૃત્યુદેવના પંજામાં ધરી દેવા નથી. વાર્ષ્ણેય ! પરાક્રમી એવો હું રાજ્યના કારણે વિનાશ તરફ ધકેલાઈ રહ્યો છું. મારા ભાઈઓ મારા લીધે દુઃખી થઈ રહ્યા છે. હું જિંદગીને બહુ કીમતી ગણું છું, પણ આજે જીવવું જ દોહ્યલું છે ! એટલે કેશવ ! હું તો વનમાં જઈશ અને બાકીનું જીવન

---

૫ वासुदेवस्तु राधेयमाहवेऽभिजगाम वै ।
तत एवमुवाचेदं पाण्डवार्थे गदाग्रजः ॥ ૬-૪૧-૮૪.

श्रुतं मे कर्ण भीष्मस्य द्वेषात्किल न योत्स्यसि ।
अस्मान्वरयस्व राधेय यावद्भीष्मो न वध्यते ॥ ૬-૪૧-૮૫.

हते तु भीष्मे राधेय पुनरेष्यसि संयुगे ।
धार्तराष्ट्रस्य साहाय्यं यदि पश्यसि चेत्समम् ॥ ૬-૪૧-૮૬.

દુશ્ચર તપ તપીશ; પરંતુ હું મિત્રોને મરાવી નાખીશ નહિ.[૬]...અત્યારે શું કરવાથી મારું કામ થાય એ તત્કાળ કહો. અર્જુન તો રણાંગણમાં મધ્યસ્થ થઈ ગયા જેવો દેખાય છે. ભીમ પૂરી તાકાતથી લડે છે, પણ સરળ યુદ્ધથી એ એકલો સો વર્ષેય દુશ્મનોને પહોંચી ન શકે! આ તમારો અસ્ત્રવેત્તા સખા અર્જુન ભીષ્મ-દ્રોણ બાળી મૂકે છે તો પણ અમારી ઉપેક્ષા કરે છે. તેથી યોગીશ્વર! આ ભીષ્મરૂપી દાવાનળને બુઝાવી નાખે એવા મેઘ સમા કોઈ મહારથીને ખોળી કાઢો. ગોવિન્દ! તમારી કૃપાથી પાંડવો શત્રુઓનો નાશ કરી, સ્વરાજ્ય મેળવીને બાંધવો સાથે આનન્દ કરશે.' એમ કહીને શોકથી ભાન ભૂલીને શૂન્યમૂન્ય બની ગયા (૬-૪૬-૧ થી ૨૫; સર૦ ધર્મરાજને ફરી વિષાદ થયો તે નીચે ૬-૧૦૩-૭ થી ૨૫નો સંદર્ભ).

યુધિષ્ઠિરને શોક અને દુઃખથી શૂન્ય થઈ ગયેલા નિહાળીને પાંડવસેનાને ઉત્સાહિત કરતાં ગોવિન્દ બોલ્યા: 'ભરતશ્રેષ્ઠ! શોક ન કરો. તમને શોક છાજે નહિ; કારણ કે જગતના નામી ધનુર્ધર શૂરવીરો તમારા ભાઈઓ છે; **હું તમારું પ્રિય કરનાર છું;** વળી આ મહારથી સાત્યકિ, વૃદ્ધ વિરાટ-દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન તથા સૈન્યો સહિત આ રાજાઓ તમારા ભક્ત છે, તેઓ તમારી પ્રસન્નતા વાંછે છે; આ પાર્ષત્ ધૃષ્ટદ્યુમ્ન સર્વદા તમારું હિત ઇચ્છે છે અને પ્રિય કરવા તત્પર છે; અને મહાબાહો! આ શિખંડી તો ભીષ્મનો કાળ જ છે!'[૭] (૬-૪૬-૨૬ થી ૩૦)

---

૬ સર૦ દૂતકાર્ય કરતાં સંજયે યુધિષ્ઠિરને સંન્યાસી થઈને અન્ધક-વૃષ્ણિઓના રાજ્યમાં ભિક્ષા માગવાની સલાહ આપી હતી તે ('ઉદ્યોગપર્વ' અ. ૨૭, ખંડ ૨, પ્રકરણ ૧૧, 'કર્મનિશ્ચયજ્ઞ' જુઓ). હિંસક મનોવૃત્તિમાંથી ઉદ્ભવતા પ્રસંગો હતાશ અને ભાગેડુ મનોવૃત્તિઓને ઉજ્જવળ વાઘા પહેરાવી 'સંન્યાસ' અને 'તપ'નો કેવી રીતે પુરસ્કાર કરે છે, એનાં વેદવ્યાસે વારંવાર ઉદાહરણો આપ્યાં છે.

(૨) સર૦ શાપ મળતાં વન જતા પાંડુરાજાના શબ્દો:

न जिजीविषुवत्किंचिन्न मुमूर्षुवदाचरन् ।
मरणं जीवितं चैव नाभिनन्दन्न च द्विषन् ॥ १-११०-१५ = १२-९-२४.

'હું જીવવાની ઇચ્છાવાળાની જેમ કે મરવાની ઇચ્છાવાળાની જેમ નહિ વર્તું. પણ હું મરણ કે જીવન કોઈનું અભિનન્દન નહિ કરું અને કોઈનો દ્વેષ નહિ કરું.'

મહાયુદ્ધના અંતે વિજયી થયા પછી ધર્મરાજાએ પિતાની જેમ આ જ શબ્દો ઉચ્ચાર્યા હતા! ૧૨-૯-૨૪.

સર૦ મનુ. ૬-૪૫.

૭ मा शुचो भरतश्रेष्ठ न त्वं शोचितुमर्हसि ।
यस्य ते भ्रातरः शूराः सर्वलोकस्य धन्विनः ॥ ६-४६-२७.
ખ=ગીતા ૨-૨૭ઘ, ૩૦ઘ (૬-૨૭ઘ, ૩૦ઘ). સર૦ ગીતા ૨-૨૫ઘ, ૨૬ઘ.

अहं च प्रियकृद्राजन्सात्यकिश्च महारथः ।
विराटद्रुपदौ वृद्धौ धृष्टद्युम्नश्च पार्षतः ॥ ६-४६-२८.

तथैव सबलाः सर्वे राजानो राजसत्तम ।
त्वत्प्रसादं प्रतीक्षन्ते त्वद्भक्ताश्च विशांपते ॥ ६-४६-२९.

શ્રીકૃષ્ણની હૈયાધારણ મળી એટલે યુધિષ્ઠિરે વાસુદેવના સાંભળતાં જ ધૃષ્ટદ્યુમ્નને એનું સેનાપતિ તરીકેનું કૌશલ બતાવવા આદેશ આપ્યો : 'પૂર્વે જેમ કાર્ત્તિકેય દેવોના સેનાપતિ હતા, તેમ વાસુદેવના માનપાત્ર તમે અમારા સેનાપતિ છો. માટે વિક્રમશીલતાથી કૌરવોને હણી નાખો. હું, ભીમ, શ્રીકૃષ્ણ અને બીજા સૌ તમને અનુસરીશું.' (૬-૪૬-૩૧ થી ૩૫)

સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને 'ક્રૌંચ-ચારુણ' નામનો વ્યૂહ રચ્યો. પાંડવોનો વ્યૂહ જોઈને દુર્યોધન દ્રોણ પાસે ગયો. તેણે સમયોચિત વચનો કહીને ઉમેર્યું : 'ભીષ્મે ચોમેરથી રક્ષેલું આપણું સૈન્ય અપરિમિત છે અને ભીમે ચોમેરથી રક્ષેલું પેલું સૈન્ય મર્યાદિત છે...માટે તમે ભીષ્મનું રક્ષણ કરો.' એ પછી ભીષ્મ સેનાને વ્યૂહબદ્ધ કરીને ધસી આવ્યા. પ્રતાપી કુરુવૃદ્ધ પિતામહે પ્રચંડ સિંહનાદ કરીને શંખ ફૂંક્યો. યુદ્ધવાદિત્રોનો ઘોર નાદ થઈ રહ્યો. સામે શ્વેત ઘોડા જોડેલા મહાન રથમાં બેઠેલા હૃષીકેશ અને ધનંજયે સુવર્ણ અને રત્નોથી મઢેલા પાંચજન્ય તથા દેવદત્ત શંખ વગાડ્યા; ભીમે પૌણ્ડ્ર, યુધિષ્ઠિરે અનન્તવિજય, નકુલ-સહદેવે સુઘોષ તથા મણિપુષ્પક શંખ વગાડ્યા; અને એ મુજબ બીજા રાજાઓએ પણ શંખનાદ અને સિંહગર્જનાઓ કરી. એ વીરોએ કરેલા પ્રચંડ ઘોષે આકાશ અને પૃથ્વીને ભરી દીધાં. બંને સૈન્યો આક્રમણ કરવા થનગની રહ્યાં[૮] (૬-૪૭-૧ થી ૩૦).

---

एष ते पार्षतो नित्यं हितकामः प्रिये रतः ।
सेनापत्यमनुप्राप्तो धृष्टद्युम्नो महाबलः ।
शिखण्डी च महाबाहो भीष्मस्य निधनं किल ॥ ६-४६-३०.

૮ 'ભીષ્મપર્વ' અ. ૪૭ના ઘણા શ્લોકો ગીતા-અ. ૧ (ભીષ્મ અ. ૨૩)ના શ્લોકો સાથે અક્ષરશઃ અને અર્થશઃ સામ્ય ધરાવે છે. તેમાંના કેટલા સર° :

व्यूहं दृष्ट्वा महाघोरं°; आचार्यमुपसंगम्य° શ્લોક ૧, ૨. સર° ગીતા ૧-૨.
नानाशस्त्रप्रहरणाः सर्वे शस्त्रास्त्रवेदिनः ॥ શ્લોક ૪. સર° ગીતા ૧-૯.

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं पार्थिवसत्तमाः ॥ શ્લોક ૬ = ફે. ગીતા ૧-૧૦.

भीष्ममेवाभिरक्षन्तु सह सैन्यपुरस्कृताः ॥ શ્લોક ૯. સર° ગીતા ૧-૧૧.

तेषां श्रुत्वा तु हृष्टानां कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥ શ્લોક ૨૨. સર° ગીતા ૧-૧૨.

ततः शङ्खाश्च भेर्यश्च पेश्यश्च विविधाः परैः ।
आनकाश्चाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ શ્લોક ૨૩ = ફે. ગીતા ૧-૧૩.

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
प्रदध्मतुः शङ्खवरौ हेमरत्नपरिष्कृतौ ॥ શ્લોક ૨૪કખ = ગીતા ૧-૧૪ કખ.

पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥ શ્લોક ૨૫ = ગીતા ૧-૧૫.

તુમુલ યુદ્ધ ચાલુ થયું. અર્જુને ભીષ્મનો રથ જોઈ ને શ્રીકૃષ્ણને કહ્યું : 'જ્યાં પિતામહ છે ત્યાં હાંકો. વાર્ષ્ણેય! દુર્યોધનના હિતમાં તત્પર આ અત્યંત ક્રોધે ભરાયેલા ભીષ્મ મારી સેનાનો નાશ કરશે એ સુસ્પષ્ટ છે. જનાર્દન! આ બધા દ્રોણ, કૃપ, શલ્ય વગેરે ભીષ્મના સંરક્ષણ નીચે પાંચાલ સેનાનો (પાંડવોના લશ્કરનો) ઘાણ કાઢશે, માટે હું ધસું છું.' (૬-૪૮-૧૨ થી ૧૫)

શ્રીકૃષ્ણે, 'ધનંજય! यत्तो भव (સજ્જ થા), હું તને પિતામહના રથ સામે લઈ જાઉં છું,' બોલીને એ જગતવિશ્રુત રથને ભીષ્મના રથ પાસે લીધો. (૬-૪૮-૧૬ થી)

અર્જુન-ભીષ્મ વચ્ચે ઘમસાણ લડાઈ જામી. અર્જુનના પરાક્રમથી દુર્યોધન અકળાયો. એણે ભીષ્મને કહ્યું : 'કૃષ્ણની મદદવાળો બલવાન અર્જુન આપણું મૂળ ખોદી નાખે છે. તમે અને દ્રોણ હયાત છો છતાં! ....' (૬-૪૮-૩૫ થી)

દેવવ્રત ભીષ્મે 'ક્ષાત્રધર્મને ધિક્કાર છે, धिक्क्षत्रधर्मम् (કારણ કે પ્યારા પૌત્રોનું લોહી રેડવું પડે છે)' એમ કહીને ધનંજય ઉપર આક્રમણ કર્યું. સારથિ વાસુદેવને ત્રણ બાણથી છાતીની વચ્ચે (स्तनान्तरे) વીંધી નાખ્યા. અર્જુને પણ ભીષ્મના સારથિને વીંધ્યો. (૬-૪૮-૪૯ થી ૫૧). અર્જુન-ભીષ્મનું આ યુદ્ધ એટલું ખામીરહિત હતું કે, 'જેમ ધર્મનિષ્ઠ મનુષ્યમાં કોઈ પણ વ્યક્તિ કંઈ પણ દોષ કાઢી શકતી નથી, એમ આ બંનેના સંગ્રામમાં કોઈને કંઈ પણ છિદ્ર દેખાતું નહોતું.'[૯]...અને પછી તો શ્રીકૃષ્ણની (સલાહ—મન્ત્રણાની હૂંફ) સાથે અર્જુને બીજા દિવસે પ્રચંડ પરાક્રમ કરી કૌરવોની સેનાને છિન્નભિન્ન કરી નાખી, અને બંને વીરોએ પોતાના ઉત્તમ શંખ વગાડ્યા. દેવવ્રત ભીષ્મે પણ આ ભંગાણ જોઈ ને (અર્જુન પ્રત્યેના વહાલથી ખુશીનું) સ્મિત કરી દ્રોણ આગળ બંનેનાં વખાણ કર્યાં! (૬-૫૧-૩૫ થી ૩૭)

યુદ્ધના ત્રીજા દિવસે ભીષ્મે ગરુડવ્યૂહ રચ્યો. સામે ધૃષ્ટદ્યુમ્ન-અર્જુને અર્ધચન્દ્રવ્યૂહ રચ્યો. સર્વ જગતના ગોપ્તા (રક્ષક) જનાર્દન શ્રીકૃષ્ણ જેના ગોપ્તા છે એવા માનવશ્રેષ્ઠ અર્જુન એ

---

अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ શ્લોક ૨૬ = ગીતા ૧-૧૬.

काशिराजश्च शैब्यश्च शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्च महायशाः ॥ શ્લોક ૨૭.

पाञ्चाल्यश्च महेष्वास्ते द्रौपद्याः पञ्च चात्मजाः ।
सर्वे दध्मुर्महाशङ्खान्सिंहनादांश्च नेदिरे ॥ શ્લોક ૨૮.

स घोषः सुमहांस्तत्र वीरैस्तैः समुदीरितः ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ શ્લોક ૨૯.

શ્લોક ૨૭ થી ૨૯ સાથે સર૦ ગીતા ૧-૧૭ થી ૧૯.

ભગવદ્ગીતાની જેમ અહીં પણ પાંડવપક્ષના અઢાર યોદ્ધાઓનો નિર્દેશ છે.

૯ न तयोर्विवरं कश्चिद्रणे पश्यति भारत ।
धर्मे स्थितस्य हि यथा न कश्चिद्वृजिनं क्वचित् ॥ ૬-૪૮-૬૦.

વ્યૂહમાં ડાબે પડખે મોરચો માંડીને ઊભા હતા. ( ૬-૫૨-૧૭)...પણ ભીષ્મના જબરદસ્ત હુમલાથી હારીને પાંડવસેના શ્રીકૃષ્ણ અને અર્જુનના દેખતાં જ ભાગવા માંડી.[૧૦] ( ૬-૫૫-૧ થી ૩૩ )...અર્જુને હુમલો ખાળ્યો. પ્રચંડ પ્રતિકાર કર્યો. મહેન્દ્રાસ્ત્ર મૂક્યું. કૌરવોમાં ભંગાણ પાડ્યું અને સૂર્યાસ્ત થતાં સુધીમાં તો અર્જુન-જનાર્દન અને સમગ્ર પાંડવસેનાએ વિજયના સિંહનાદ કરવા માંડ્યા. એમ ત્રીજો દિવસ પૂરો થયો. ( 'ભીષ્મપર્વ' અ. ૫૨ થી ૫૫ )

ચોથે દિવસે પણ વિજયનું પલ્લું પાંડવોની તરફેણમાં જ નમ્યું. ( 'ભીષ્મપર્વ' અ. ૫૬ થી ૬૦ )

કૌરવોની હારથી મૂંઝાયેલો દુર્યોધન રાત્રે ભીષ્મની છાવણીમાં પૂછવા ગયો કે,[૧૧] 'તમે અને પ્રાણની ય પરવા ન કરે એવા બીજા દ્રોણ વગેરે અનેક મહારથીઓ આપણા પક્ષે છે, છતાં પણ આપણે કેમ પાંડવો સામે ટકી શકતા નથી ? એમનામાં એવું તે શું છે કે પાંડવો આપણને ડગલે-ડગલે હરાવે છે ? ' ( ૬-૬૧-૨૬ થી ૨૯ )

પિતામહે ઉત્તર આપ્યો : 'રાજન્ ! મેં તો તને અનેક રીતે ગાઈવગાડીને કહ્યું હતું કે પાંડવો સાથે સુલેહ કરીને સુખી થા. પણ તેં માન્યું જ નહિને ! ( ઉત્તમ કર્મવાળા પાંડવો શાથી મરે એમ નથી તેનું કારણ સાંભળી લે. શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણના રક્ષણ નીચે રહેલા પાંડવોને યુદ્ધમાં જીતી લે એવો કોઈ પણ મનુષ્ય આ જગતમાં થયો નથી, છે નહિ અને થશે પણ નહિ !... '[૧૨] ( ૬-૬૧-૩૦ થી ૩૫ )

---

૧૦ ૬-૫૫-૩૪ થી ૧૦૩માં પાંડવસેનાનું ભંગાણ જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને ભીષ્મ ઉપર આક્રમણ કરવા પ્રેર્યા, પણ અર્જુન તો મૃદુયુદ્ધ કરતા રહ્યા, એટલે શ્રીકૃષ્ણ ચક્ર લઈને ભીષ્મ ઉપર ધસી ગયા, અર્જુને તેમને પાછા વાળ્યા, વ. કથા છે. આ કથા ઉચ્ચ સમીક્ષામાં ક્ષેપક પુરવાર થાય એવી છે. [ ભાં. ઓ. ઈ.ની 'ભીષ્મપર્વ' ઉપરની સમીક્ષિત વાચનાની પ્રસ્તાવના, પૃ. cxxvi-cxxvii જુઓ. ]

વધુ વિગત માટે જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧.

૧૧ દુર્યોધન ભીષ્મ પાસે ગયો, તેનો વૃત્તાંત સંજયે કહ્યો, તે અગાઉ શોક કરતાં કરતાં, દૈવયોગનું બહાનું કાઢતાં, ધૃતરાષ્ટ્રે પાંડવોના વિજયનું કારણ પૂછતા પ્રશ્નો કર્યા. કલ્યાણકર વક્તા શીલવાન-દષ્ટિમાન સંજયે ઉત્તર આપ્યો: 'રાજન્ ! મારું વક્તવ્ય એકાગ્રચિત્તે સાંભળો. પાંડવો કંઈ મન્ત્ર-તન્ત્ર કે કપટથી જીતતા નથી પણ સદૈવ ધર્મ પ્રમાણે જ વર્તે છે....જ્યાં ધર્મ છે ત્યાં જય છે. તેથી પાર્થો રણમાં અવધ્ય અને જયશીલ છે. તમારા દુરાત્મા પુત્રો તો સદા પાપી, નિષ્ઠુર અને હીનકર્મ કરનારા છે તેથી હારે છે.' ( ૬-૬૧-૧ થી ૧૩; ૧૪ થી ૧૭ ઇ. )

કલ્યાણ વક્તા સંજય મારફતે મહાભારતના પ્રણેતાઓ આ વિચારને વારંવાર રજૂ કરે છે. [ જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા'માં નોંધ ૧૩ ( ૧ ) અને પરિશિષ્ટ ૨ ( ૧ ). ] 'ભીષ્મપર્વ'ના આવા કેટલાક સંદર્ભ: ૬૫-૧ થી ૬; ૭૩-૧ થી ૪.

૧૨ नास्ति लोकेषु तद्भूतं भविता नो भविष्यति ।
यो जयेत्पाण्डवान्संख्ये पालिताञ्शार्ङ्गधन्वना ॥ ૬-૬૧-૩૫.

આ પછી પિતામહે શ્રીકૃષ્ણનું નારાયણ તરીકેનું માહાત્મ્ય 'વિશ્વોપાખ્યાન' કહ્યું ( 'ભીષ્મપર્વ' અ. ૬૧-૩૦ થી અ. ૬૪ ). જુઓ પ્રકરણના અંતે પરિશિષ્ટ ૨.

રાત્રિ વીતી ગઈ. પાંચમા દિવસનું પ્રભાત થયું. ભીષ્મે મકરવ્યૂહ અને પાંડવોએ શ્યેનવ્યૂહ રચ્યો. [ દુર્યોધનના પક્ષે ગોવાસનોથી ( ગોચર્મ પહેરેલા લોકો) વીંટાયેલા હજારો ગોપો લડતાં હતા તે સંદર્ભ નોંધપાત્ર ૬-૬૭-૧૨.] સંકુલ યુદ્ધ દરમિયાન અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને મોટાં સિત્તેર બાણોથી વીંધ્યા ( ૬-૬૯-૬ ). અર્જુને શ્રીકૃષ્ણ સાથે મસલત કરીને અશ્વત્થામાને તીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યો; પણ અશ્વત્થામાએ મહાવ્રતી ભીષ્મનું રક્ષણ કરવાની ઇચ્છાથી બંને કૃષ્ણો ( શ્રીકૃષ્ણાર્જુન ) સામે પીછેહઠ ન કરી, પણ અર્જુને ગુરુપુત્ર અને તેમાં ય બ્રાહ્મણ માનીને દયા કરીને એને જવા દીધો ( ૬-૬૯-૫ થી ૧૪). એમને એમ ભયંકર લડાઈમાં દિવસ પૂરો થયો. અંધારું થતાં સૈન્યો ખૂબ કંટાળીને શિબિરોમાં પાછાં ફર્યાં. ( 'ભીષ્મપર્વ' અ. ૬-૬૫ થી ૭૦)

છઠ્ઠા દિવસે પાંડવો મકરવ્યૂહમાં અને કૌરવો ક્રૌઞ્ચવ્યૂહમાં ગોઠવાઈને લડવા લાગ્યા. તે દિવસની સાંજે દુર્યોધન–ભીમ સામસામા આવી ગયા ત્યારે ભીમે તેને ધુત્કારી કાઢ્યો : '××× સંધિની યાચના કરવા આવેલા શ્રીકૃષ્ણની તેં મૂર્ખતાથી અવજ્ઞા કરી છે અને અમારી મશ્કરી કરતો હોય એમ તેં ઉલૂક સાથે સંદેશો મોકલ્યો હતો ( જુઓ ૫-૧૫૭-૧૫ થી )...વગેરે કાર્યોનો તને મારી નાખીને હું બદલો લઈશ.' ( 'ભીષ્મપર્વ' અ. ૭૧ થી ૭૫). સાતમા દિવસના પ્રભાતે ( આગલા દિવસની લડાઈમાં ખૂબ ઘાયલ થવાથી જુઓ અ. ૭૬ ) વિચારમાં પડી ગયેલા દુર્યોધનને વ્યૂહરચના કરતાં પહેલાં ઉત્સાહિત કરવા માટે ભીષ્મે કૌરવસેનાની દૃઢતા વર્ણવી બતાવી, પણ છેવટે ઉમેર્યું : 'રાજન્ ! મારે તને હંમેશાં હિતવચન કહેવાં જોઈએ. પાંડવોને ઇન્દ્રસહિત દેવો પણ જીતી શકે નહિ, કારણ કે મહેન્દ્ર જેવા પરાક્રમી પાંડવોને વાસુદેવની મદદ છે. જો કે હું તો સર્વથા તારો હુકમ માનીશ ( करिष्ये वचनं तव । ૬-૭૭-૯ ખ = ગીતા ૧૮-૭૩ ઘ). એટલે કાં તો હું પાંડવોને જીતીશ કે પાંડવો મને જીતશે.' એમ કહી દુર્યોધનને અસરકારક વિશલ્યકરણી ઔષધિ આપી...( ૬-૭૭-૮ થી ૧૦ ). મંડલવ્યૂહ રચ્યો. પાંડવોએ વજ્રવ્યૂહ રચ્યો. ધમસાણ ચાલુ થયું. લડતાં લડતાં અર્જુને શ્રીકૃષ્ણ આગળ ભીષ્મની વ્યૂહ-નિપુણતાનાં વખાણ કર્યાં. સામે લડવા આવેલા ત્રિગર્તરાજા ( સુશર્મા ) વગેરેને ભગાવ્યા અને કૌરવસેના ઉપર ધસારો કર્યો. શત્રુઓએ પણ શ્રીકૃષ્ણાર્જુનને શરવૃષ્ટિથી છાઈ દીધા. શ્રીકૃષ્ણાર્જુનને બાણવૃષ્ટિમાં ઢંકાઈ ગયેલા જોઈને કૌરવસૈન્યમાં ( હર્ષનો ) કોલાહલ થઈ ગયો, અને દેવો, ઋષિઓ, ગન્ધર્વો, મહોરગો વગેરે પ્રેક્ષકો ચકિત થઈ ગયા ( ૬-૭૭-૩૨ થી ૩૯ )! પણ વિજય ( અર્જુન )ના પ્રચંડ ધસારાથી કૌરવોની હરોળ ભેદાઈ ગઈ..અને જાણે મધ્યાહ્નકાળે બીજો સૂરજ તપતો હોય એમ ઘોડાઓની લગામ પકડીને અર્જુનના ભયંકર વાનરધ્વજાવાળા રથ ઉપર

---

આ સાથે 'ભાગવત'માં પાંડવોના દુઃખનું સિંહાવલોકન કરતાં ભીષ્મે ઉચ્ચારેલાં આશ્ચર્ય-ભરપૂર વચનો જુઓ :

> यत्र धर्मसुतो राजा गदापाणिर्वृकोदरः ।
> कृष्णोऽस्त्री गाण्डिवं चापं सुहृत्कृष्णस्ततो विपत् ॥ ભાગવત ૧-૯-૧૫.

જ્યાં ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર, ગદાપાણિ ભીમ, અર્જુન જેવો યોદ્ધો, ગાંડીવ જેવું ધનુષ્ય અને શ્રીકૃષ્ણ જેવો સુહૃદ્ હોય, ત્યાં વિપત્તિ !

બેઠેલા શ્રીકૃષ્ણની સામે જોવાની તો કોઈ હિંમત પણ કરી શકતું નહોતું. ( એવાં પ્રતાપી લાઘવ, કૌશલ અને નિર્ભયતાથી શ્રીકૃષ્ણ રથ હાંકતા હતા. ) એ જ રીતે શ્વેતગ્રહ શુક્ર જેવા ભીષ્મ સામે પાંડવો પણ જોઈ શકતા નહોતા ( ૬-૭૮-૯ થી ૧૨ )...ભયંકર પરાક્રમી અભિમન્યુ જ્યાં લડતો હતો તે બાજુ ભીષ્મે આક્રમણ કર્યું. એ જોઈને અર્જુને શ્રીકૃષ્ણને તે બાજુ રથ હાંકવા પ્રેર્યા. શ્રીકૃષ્ણે ત્યાં હાંકયો ( ૬-૮૦-૪૨ થી ૪૪)...સાતમા દિવસના અંતે વિજયનું પલ્લું પાંડવપક્ષે નમતું હતું. ( 'ભીષ્મપર્વ' અ. ૭૬ થી ૮૨. )

સંગ્રામના આઠમા દિવસે 'સાગરપ્રતીમ' કે 'સાગરોપમ' નામનો અને ધૃષ્ટદ્યુમ્ને 'શૃઙ્ગાટક' નામનો વ્યૂહ રચ્યો (૬-૮૩-૧ થી, ૧૭થી). આજના ઘમસાણમાં અર્જુનનો નાગપુત્રી ઉલૂપીથી જન્મેલો પુત્ર ઈરાવાન રાક્ષસ અલંબુષના હાથે માર્યો ગયો. ( 'ભીષ્મપર્વ' અ. ૮૬ )... પરન્તુ પછી પાંડવયોદ્ધાઓ અને તેમાં ખાસ કરીને ભીમસેનના પુત્ર ઘટોત્કચના યુદ્ધથી પાંડવસેના વિજયી બની ( 'ભીષ્મપર્વ' અ. ૯૦ ). શોક કરતો દુર્યોધન રણક્ષેત્ર ઉપર જ ભીષ્મને મળ્યો. વિનયથી ફરિયાદ કરી, 'શત્રુઓએ જેમ વાસુદેવનો આશ્રય લીધો છે, એમ મેં આપનો આશ્રય લીધો છે, પણ હું તો હારું છું...' ભીષ્મે ઘટોત્કચને ખાળવા પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્તને આદેશ આપ્યો ( ૬-૯૧-૧ થી, ૯ થી ઇ. )...યુદ્ધ દરમિયાન ભગદત્ત સામે લડતા પિતા-પુત્ર ભીમસેન-ઘટોત્કચ પાસે કૃષ્ણસારથિ અર્જુન પહોંચ્યા. ભીમસેને શ્રીકૃષ્ણ-અર્જુનને ઈરાવાનના વધનો સંપૂર્ણ હેવાલ આપ્યો ( ૬-૯૧-૭૪ થી ૮૧ ).

પુત્ર ઈરાવાનના મરણના સમાચારથી અર્જુન દુઃખમાં દટાઈ ગયા, અને નાગની જેમ નિસાસા નાખતાં નાખતાં સમરભૂમિમાં જ શ્રીકૃષ્ણ આગળ વરાળ કાઢવા માંડ્યા : 'મહાપ્રાજ્ઞ વિદુરે કૌરવ-પાંડવોનો આ ઘોર ક્ષય અગાઉથી જ જોઈ લીધો હતો. એટલે તો એમણે ધૃતરાષ્ટ્રને વાર્યા હતા. મધુસૂદન ! આ સંગ્રામમાં કૌરવોએ (પુત્ર ઈરાવાન જેવા) અમારા અને અમે ( કૌરવ ભાઈઓ જેવા ) એમના ઘણા વધ કરવા અયોગ્ય વીરોને પણ હણી નાખ્યા છે. નરશ્રેષ્ઠ ! અર્થને માટે (જ) આવું ( અવધ્યોનો વધ કરવા જેવું ) કુત્સિત કર્મ કરાય છે. જેને લીધે આવો જ્ઞાતિક્ષય કરવો પડે છે તે અર્થને ધિક્કાર છે.[૧૩] મને લાગે છે કે નિર્ધન માણસે મરી જવું સારું, પણ ધન માટે સગાંઓને મારી નાખવાં એ સારું નથી. કૃષ્ણ ! અહીં એકઠા મળેલા જ્ઞાતિજનોને (ક્ષત્રિયોને) મારી નાખવાથી અમને શું (સુખ) મળશે ? દુર્યોધનના અપરાધથી અને શકુનિ-

---

૧૩ (૧) अर्थहेतोर्नरश्रेष्ठ क्रियते कर्म कुत्सितम् ।
धिगर्थान्यत्कृते ह्येवं क्रियते ज्ञातिसंक्षयः ॥ ૬-૯૦-૫.

અર્જુનની અત્યારની મનોદશા ગીતા અ. ૧ના 'અર્જુનવિષાદ'ને મળતી છે. ૬-૯૦-૧ થી ૧૨ સાથે સર૦ ગીતા ૧-૩૨ થી ૩૮ ( ૬-૨૩-૩૨ થી ૩૮ ).

( ૨ ) ૬-૯૦-૫ના રહસ્યોદ્‌ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃતિ, ૧૯૬૭, શ્લોક ૧૦૫, પૃ. ૩૧૬, ૩૧૭.

( ૩ ) પુત્ર અભિમન્યુ માર્યો જતાં અર્જુનને આનાથી પણ અનેકગણું દુઃખ થયું હતું તે સર૦ 'દ્રોણપર્વ'ના ઉપયુક્ત સંદર્ભો.

કર્ણની દુષ્ટ મસલતોથી ક્ષત્રિયોનો ઘાણ નીકળે છે. રાજા યુધિષ્ઠિરે દુર્યોધન પાસેથી અર્ધું રાજ્ય અથવા (તે નહિ તો) કેવળ પાંચ જ ગામડાં માંગ્યાં હતાં એ બહુ સારું કાર્ય કર્યું હતું તે મને અત્યારે સમજાય છે; પણ એ દુર્મતિયાએ માન્યું જ નહિ! વીર ક્ષત્રિયોને ભૂમિ પર (ચિરનિદ્રામાં) પોઢેલા જોઈને હું આત્મનિન્દા કરું છું કે, धिगस्तु क्षत्रजीविकाम्। ક્ષત્રિયોની જીવિકાને ધિક્કાર છે! (પણ હું ન લડું તો) આ બધા ક્ષત્રિયો મને લડાઈ કરવા અશક્ત (=કાયર) માનશે. એટલે મધુસૂદન! આ ક્ષત્રિયો જોડે યુદ્ધ કરવું એ મારે માટે ઉચિત છે. ચાલો દુર્યોધનની (આગેવાની નીચેની) સેના તરફ ઘોડાઓને ત્વરાથી હાંકો. એટલે મહા અપાર સમરોદધિને હું ભુજાઓથી (બાહુબળથી) તરી જાઉં. માધવ! કાયર બની (પીછેહઠ કરીને) રહેવાનો સમય હવે છે જ નહિ.'[૧૪] (૬-૯૨-૧ થી ૧૨).

શત્રુહન્તા કેશવે અર્જુનના વાયુવેગી ઘોડાઓને દુર્યોધન તરફ હાંકયા (૬-૯૨-૧૨થી)... અને એમ આઠમો દિવસ પૂરો થયો. બંને પક્ષે સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી ગયો[૧૫] ('ભીષ્મપર્વ' અ. ૯૨). દુર્યોધનને ફિકર થઈ કે પાંડવોને કેમ જિતાશે? શકુનિ–દુઃશાસન–કર્ણ સાથે મસલત

---

૧૪ (૧) अशक्तमिति मामेते ज्ञास्यन्ति क्षत्रिया रणे ।
युद्धं ममैभिरुचितं ज्ञातिभिर्मधुसूदन ॥ ६-९२-१०.

આ શ્લોક જાણે કે ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહેલા વચન ૬-૨૪-૩૫ (ગીતા ૨-૩૫)

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥

ના જવાબરૂપે, વિષાદ પછી અર્જુને યુદ્ધ કરી લેવાનો પાકો નિર્ણય કર્યો હોય એવું સ્મરણ કરાવે છે.

(૨) संचोदय हयान्क्षिप्रं धार्तराष्ट्रचमूं प्रति ।
प्रतरिष्ये महापारं भुजाभ्यां समरोदधिम् ।
नायं क्लीबयितुं कालो विद्यते माधव क्वचित् ॥ ६-९२-११.

આ શબ્દોચ્ચારણની પાછળ ગીતા ૨-૧ થી ૩ (૬-૨૪-૧ થી ૩), તેમાં ય ખાસ કરીને ભગવદ્-વચનોમાં રહેલા આદેશનો ઘોષ સંભળાય છે :

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ ગીતા ૨-૨.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३.

૧૫ જબરદસ્ત ખુવારીને કારણે સમગ્ર રણક્ષેત્ર હથિયારો, રથો અને વિવિધ ઉપકરણો; મૂએલા હાથી-ઘોડા તથા તેમના સાજસામાન; યોદ્ધાઓનાં શબ, કપાયેલાં અવયવો અને તેમનાં અલંકારોથી છવાઈ ગયું હતું તેનું આબેહૂબ રૌદ્ર-ભવ્ય વર્ણન ૬-૯૨-૪૭થી ૭૫માં છે. આને લીધે સમરભૂમિ 'ગ્રહનક્ષત્રોથી ભરપૂર આકાશ' જેવી જણાતી હતી. પ્રાચીન યુદ્ધોપકરણો અંગે આ વિભાગ અભ્યસ-નીય છે.

કરી. ભીષ્મને લડાઈમાંથી નિવૃત્ત કરીને યુદ્ધનો દોર કર્ણને સોંપવાનું નક્કી કર્યું, અને પછી દુર્યોધન ભીષ્મ પાસે આવ્યો. કાં તો પાંડવોને હરાવો અથવા (તમે નિવૃત્ત થઈને) કર્ણને લડવાની રજા આપો.' એવી માગણી કરી ('ભીષ્મપર્વ' अ. ૯૩). દુર્યોધનના વાક્શલ્યથી પિતામહ અત્યંત વીંધાઈ ગયા. ચિડાયા, પણ જાત ઉપર અજોડ કાબૂ રાખીને તેમણે એક પણ અપ્રિય અક્ષર કહ્યો નહિ. એમણે અર્જુનના અજેયપણાની પૂરતી સાબિતીઓ આપી. તેણે (દુર્યોધને) જાણી જોઈને મહાવૈર કર્યું છે, માટે મરદ બનવા હાકલ કરી,[૧૬] અને આવતી કાલે (અર્થાત્ નવમે દિવસે) પોતે અજોડ યુદ્ધ કરશે એવી ખાતરી આપી. પણ સાથે જ ચોખવટ કરી કે 'હું શિખંડીને તો નહિ જ હણું. (કદાચ લડું ખરો.)' ('ભીષ્મપર્વ' अ. ૯૪)

નવમે દિવસે ભીષ્મે 'સર્વતોભદ્ર' વ્યૂહ અને પાંડવોએ 'સુદુર્જય' વ્યૂહ રચ્યા. અર્જુને ધૃષ્ટદ્યુમ્નને ખાસ સૂચના આપી કે, 'શિખંડીને ભીષ્મની સામે જ લડવા માટે ઊભો રાખવો.' ('ભીષ્મપર્વ' अ. ૯૫).

આજના યુદ્ધમાં અર્જુન સામે આવેલ સુશર્માએ વાસુદેવને સિત્તેર બાણોથી વીંધ્યા (૬-૧૦૦-૨)...ભીષ્મે દુર્યોધનને વચન આપ્યા મુજબ અનુપમ યુદ્ધ કરીને પાંડવોના લશ્કરમાં એવું ભંગાણ પાડયું કે, 'નાસતી પાંડવસેનામાં કોઈ બે સૈનિકો પણ એક સાથે દોડતા નહોતા!' (૬-૧૦૨-૨૫)...સેનાને આમ છિન્નભિન્ન થયેલ જોઇને યાદવનન્દન શ્રીકૃષ્ણે રથને ઊભો રાખ્યો. (મૃદુયુદ્ધ કરતા) બીભત્સુ અર્જુનને કહેવા લાગ્યા: 'પાર્થ! તું જે સમયની રાહ જોતો હતો તે આવી પહોંચ્યો છે. જો તું ('આ તો મારા સ્વજન અને વડીલ છે' એવા મોહથી) ગભરાતો ન હોય તો નરવ્યાઘ્ર! એમના ઉપર પ્રહાર કર. વીર! તેં અગાઉ વિરાટનગરમાં રાજાઓની વચ્ચે સંજયને કહ્યું હતું કે, 'યુદ્ધમાં સામે આવીને લડનારા ભીષ્મ, દ્રોણ વગેરે દુર્યોધનના 'સેનાપતિઓના સર્વ સૈનિકોનો સોથ વાળી નાખીશ.' અરિંદમ કૌન્તેય! એ વચનને સાચું પાડ, અને ક્ષાત્રધર્મનું નિરંતર સ્મરણ કરીને ભરતશ્રેષ્ઠ! યુદ્ધ કર.'[૧૭] (૬-૧૦૨-૩૦ થી ૩૪)

---

૧૬ ૬-૯૮-૪ થી ૧૩. એમાં ખાંડવદાહ, ઘોષયાત્રા વખતે ગન્ધર્વોના હાથમાં કેદ પડેલા દુર્યોધનને મૂકીને કર્ણ વગેરે નાસી ગયા હતા ત્યારે અર્જુને તેને છોડાવેલો તે, વિરાટનગરની જીત, ઇન્દ્રથી ય દુર્જય નિવાતકવચોને જીત્યા વગેરે ઉદાહરણો ટાંક્યાં છે. સાથે અહીં આવતું 'ભીષ્મપર્વ'નું ક્ષેપક ૩૮૦ જુઓ:

यस्य गोप्ता जगद्गोप्ता शङ्खचक्रगदाधरः ।
वासुदेवोऽनन्तशक्तिः सृष्टिसंहारकारकः ।
सर्वेश्वरो देवदेवः परमात्मा सनातनः ।
उक्तोऽसि बहुशो राजन्नारदाद्यैर्महर्षिभिः ।

૧૭ (૧) ૬-૧૦૨-૨૪ક થી ૫૨ઘ = (અલ્પ પાઠભેદે) ૬-૫૫-૩૪ક થી ૬૬ ખ. अ. ૫૫ની વિગત માટે જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧.

(૨) प्रभज्यमानं सैन्यं तु दृष्ट्वा यादवनन्दनः ।
उवाच पार्थं बीभत्सुं निगृह्य रथमुत्तमम् ॥ ૬-૧૦૨-૩૦ = કે. ૫૫-૪૦.

શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે અર્જુને નીચે મોંઢે, તીરછી નજર કરીને જાણે અકામ હોય (લડવાની ઇચ્છા જ ન હોય) તેમ આ વેણ બોલ્યા : '(સ્વજન અને ગુરુજન જેવા) અવધ્યોનો વધ કરીને નરકના પરિણામવાળું રાજ્ય મેળવવું કે (સંસાર છોડી સંન્યાસી થઈ) વનવાસનાં દુઃખ વેઠવાં એ બેમાં મારે માટે કયું શ્રેયસ્કર કાર્ય છે? (ઠીક છે,) ઘોડાઓને જ્યાં ભીષ્મ છે ત્યાં હાંકો. **હું તમારા કહેવા પ્રમાણે વર્તીશ.** દુર્ધર્ષ વૃદ્ધ કુરુપિતામહને ભોંયભેગા કરી દઈશ.'[૧૮] (૬-૧૦૨-૩૫ થી ૩૭)

---

अयं स कालः संप्राप्तः पार्थ यः काङ्क्षितस्तव ।
प्रहरास्मै नरव्याघ्र न चेन्मोहात्प्रमुह्यसे ॥ ૬-૧૦૨-૩૧ = ૬. ૫૫-૪૧.

यत्पुरा कथितं वीर त्वया राज्ञां समागमे ।
विराटनगरे पार्थ संजयस्य समीपतः ॥ ૬-૧૦૨-૩૨ કખ = ૬. ૫૫-૪૨ કખ.

भीष्मद्रोणमुखान्सर्वान्धार्तराष्ट्रस्य सैनिकान् ।
सानुबन्धान्हनिष्यामि ये मां योत्स्यन्ति संयुगे ॥
૬-૧૦૨-૩૩. કખ = ૫૫-૪૨ ગઘ, ગઘ = ૫૫-૪૩ કખ.

इति तत्कुरु कौन्तेय सत्यं वाक्यमरिंदम ।
क्षत्रधर्ममनुस्मृत्य युध्यस्व भरतर्षभ ॥ ૬-૧૦૨-૩૪. કખ = ૫૫-૪૩ ગઘ.

इति तत्कुरु कौन्तेय° । આ આદેશ સાથે સરખાવવા માટે જુઓ ગીતા ૨-૪૮; ૩-૮; ૪-૧૫; ૯-૩૪; ૧૨-૧૧; ૧૮-૬૩, ૬૫.

૬-૧૦૨-૩૪ ઘનું એક પાઠાંતર છે युध्यस्व विगतज्वरः । = ગીતા ૩-૩૦.
૬-૧૦૨-૩૪ ગઘ સાથે સર° तस्मात्सर्वेषु कालेषु **मामनुस्मर** युध्य च ।
૬-૩૦-૭ કખ (ગીતા ૮-૭ કખ).

જુઓ 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), નોંધ ૩૧.

(૩) સર° युयोध्यस्मज्जुहुराणमेनः । ઈશ. ૧૮ગ = 'ઋગ્વેદ' ૧-૧૮૯-૧ગ; 'યજુર્વેદ' ૫-૨૬ગ; ૭-૪૩ગ; ૪૦-૧૬ગ.

'(માર્ગદર્શક અગ્રણી પ્રભુ!) વાંકા ફાંટાવાળા પાપને યુદ્ધ કરીને અમારી પાસેથી ભગાડી દે.'

'ઈશાવાસ્યવૃત્તિ' (વિનોબા ભાવે), ૧૯૫૪, પૃ. ૫૫ જુઓ. ત્યાં ટાંકેલ તુકારામનુ ભજન પણ સર°:

रात्रीदिवस आम्हां युद्धाचा प्रसंग ।
अंतर्बाह्य जग आणि मन ॥

૧૮ इत्युक्तो वासुदेवेन तिर्यग्दृष्टिरधोमुखः ।
अकाम इव बीभत्सुरिदं वचनमब्रवीत् ॥ ૬-૧૦૨-૩૫.

એટલે માધવ શ્રીકૃષ્ણે રૂપા જેવા ધોળા ઘોડાઓને ભીષ્મ તરફ હાંક્યા (૬-૧૦૨-૩૮). (શ્રીકૃષ્ણના દબાણને લીધે) ભીષ્મ તરફ ધસી જતા અર્જુન(ના રથ)ને જોઈને પાંડવોનું સૈન્ય પાછું વળ્યું...ભીષ્મ–અર્જુન વચ્ચે તુમુલ યુદ્ધ થયું. ભીષ્મે તો અર્જુનના રથને ક્ષણવારમાં બાણવર્ષાથી છાઈ દીધો, પરંતુ અસંભ્રાન્ત (સાવધ) વાસુદેવ તો ધીરજ રાખીને, ભીષ્મનાં બાણોથી વીંધાઈ ગયેલા અશ્વોને હાંકવા માંડ્યા. ભીષ્મનાં બાણોને નિષ્ફળ બનાવીને ઘોડાઓને મંડલાકારે ઘુમાવવામાં શ્રીકૃષ્ણ નૈપુણ્ય અને તાકાત દર્શાવતા હતા. પ...ણ એમણે અર્જુનને લડવામાં ઢીલાશ (मृदुयुद्धताम्) રાખતા જોયા, અને સામે પક્ષે ભીષ્મને એકધારી શરવર્ષાથી પાંડવોના ઉત્તમ ઉત્તમ લડવૈયાઓને મારીને પ્રલય જેવો કેર વર્તાવતા જોયા. શત્રુવીરોના સંહારક મહાબાહુ શ્રીકૃષ્ણ આ (મૃદુયુદ્ધ) સહન કરી શક્યા નહિ. અર્જુનના રૂપેરી ઘોડાઓની લગામ મૂકીને મહાયોગી શ્રીકૃષ્ણ મહારથ ઉપરથી કૂદી પડ્યા અને ભુજારૂપી આયુધવાળા, બલવાન, **પ્રતોદપાણિ (હાથમાં ચાબૂકવાળા)**, તેજસ્વી, જગદીશ્વર શ્રીકૃષ્ણ, સિંહની જેમ ડણકતાં અને ચરણપ્રહારથી જાણે ભૂમિનાં ફાડચાં કરી નાખતા હોય એમ દોડતા ભીષ્મ ઉપર ધસી ગયા. ક્રોધને લીધે તાંબા જેવી લાલચોળ આંખોવાળા, ભીષ્મને હણી નાખવાની ઇચ્છાવાળા અમિતદ્યુતિ શ્રીકૃષ્ણ જાણે કે કૌરવ યોદ્ધાઓનાં મનને મુંઝવી દેતા હતા. ભીષ્મને મારવા માટે તત્પર માધવને નજીક આવેલા જોઈને કૌરવ સૈનિકો 'ભીષ્મ મુઆ, ભીષ્મ મુઆ' એવી

---

अवध्यानां वधं कृत्वा राज्यं वा नरकोत्तरम् ।
दुःखानि वनवासे वा किं नु मे सुकृतं भवेत् ॥ ૬-૧૦૨-૩૬.

चोदयाश्वान्यतो भीष्मः **करिष्ये वचनं तव** ।
पातयिष्यामि दुर्धर्षं वृद्धं कुरुपितामहम् ॥ ૬-૧૦૨-૩૭.

કખ = ફે. ૫૫–૪૬ ગઘ. ગઘ = ભીષ્મ. ક્ષેપક ૧૯૭.

૬–૧૦૨–૩૫–૩૬ સાથે સર° 'અર્જુનવિષાદયોગ' ગીતા ૧–૩૧ થી ૪૭ (૬–૨૩–૩૧ થી ૪૭) અને ૨–૪ થી ૮ (૬–૨૪–૪ થી ૮).

૬–૧૦૨–૩૭ સાથે, વિગત માટે, પ્રબુદ્ધ અર્જુનના શબ્દો :

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः **करिष्ये वचनं तव** ॥ ૬-૪૦-૭૩ (ગીતા ૧૮-૭૩).

'હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ દૂર થયો. (આત્મ)–સ્મૃતિ મળી (મૂર્છા ટળી, ભાન આવ્યું). હું નિઃસંદેહ થઈને (આપના આદેશ પ્રમાણે વર્તવા તૈયાર) ઊભો છું. **હું તમારા કહેવા પ્રમાણે વર્તીશ.'**

करिष्ये वचनं तव । એ કહેવત જેવું વાક્ય છે. (૧) ભીષ્મ સામે લડવા માટે પરશુરામને વીનવતી અમ્બાને પરશુરામે આ વાક્યથી સાંત્વન આપ્યું હતું : ૫–૧૭૬–૨૬ ગઘ. (૨) રુક્મિણીના જેવા બલવાન પુત્રો હતા તેવો બલવાન પુત્ર મેળવવા જામ્બવતીએ શ્રીકૃષ્ણને વિનંતી કરી, તે માન્ય કરતાં શ્રીકૃષ્ણે આ શબ્દો ઉચ્ચારેલા : ૧૩–૧૪–૧૯ખ.

આ અર્થનાં વચન સર° कर्तास्मि वचनं तव । ૫–૧૫–૮ઘ; करिष्यामि वचस्तव । ૩–૧૨૮–૧઼ઘ.

રાડો પાડવા લાગ્યા અને વાસુદેવના ભયથી ભાગાભાગ કરવા લાગ્યા. ભીષ્મ સામે ધસતા રેશમી પીતાંબર ધારણ કરનારા, નીલમણિ જેવા શ્યામ જનાર્દન, વિદ્યુન્માલી (વીજળીની માળા પહેરેલા) મેઘના જેવા શોભતા હતા.[૧૯] સિંહ જેમ હાથી સામે ધસે, યૂથપતિ વૃષભ જેમ બીજા વૃષભ સામે ધસે, એમ યાદવશ્રેષ્ઠ તેજસ્વી શ્રીકૃષ્ણ ગર્જના કરતા ધસી ગયા (૬-૧૦૨-૫૦ થી ૫૮). પુણ્ડરીકાક્ષ શ્રીકૃષ્ણને મહાયુદ્ધમાં ધસી આવતા જોઈને, ભીષ્મે જરા ય ગભરાયા વિના–મહાધનુષ્ય ખેંચવા માંડયું (અને અસ્ત્રોનો મારો ચાલુ રાખ્યો) તથા અસંભ્રાન્ત ચિત્તથી ગોવિન્દને કહ્યું: 'પુણ્ડરીકાક્ષ! આવો! આવો! દેવાધિદેવ! તમને પ્રણામ કરું છું. સાત્વતશ્રેષ્ઠ! આ મહાયુદ્ધમાં મને આજે જ પછાડી દો! હે દેવ! અનઘ! તમે મને યુદ્ધમાં મારી નાખશો, એટલે કૃષ્ણ! એમ મરતાં પણ મારું આ લોકમાં પરમ કલ્યાણ જ થઈ જશે! ગોવિન્દ! આજના યુદ્ધમાં તમે મંને ત્રૈલોકયમાં સંભાવિત (સન્માનનીય) કર્યો છે!'[૨૦] (૬-૧૦૨-૫૯ થી ૬૧)

---

१९ उत्सृज्य रजतप्रख्यान्हयान्पार्थस्य मारिष ।
क्रुद्धो नाम महायोगी प्रचस्कन्द महारथात् ।
अभिदुद्राव भीष्मं स भुजप्रहरणो बली ॥ ६-१०२-५३.

प्रतोदपाणिस्तेजस्वी सिंहवद्विनदन्मुहुः ।
दारयन्निव पद्भ्यां स जगतीं जगतीश्वरः ॥ ६-१०२-५४.

क्रोधताम्रेक्षणः कृष्णो जिघांसुरमितद्युतिः ।
ग्रसन्निव च चेतांसि तावकानां महाहवे ॥ ६-१०२-५५.

*  *  *

पीतकौशेयसंवीतो मणिश्यामो जनार्दनः ।
शुशुभे विद्रवन्भीष्मं विद्युन्माली यथाम्बुदः ॥ ६-१०२-५७.

સર° ક્ષેપક ૪૧૩:

प्रतोदपाणिर्भगवाञ्शुशुभे यादवर्षभः ।
यथांशुर्नादयच्चन्द्रममावास्यां दिवाकरः ।

२० સર° ક્ષેપક ૪૧૫:

निर्गुणेनापि तोत्रेण वासुदेव कृतं मम ।
यो योगिभिश्च दुष्प्राप्यः स घातार्थमिहागतः ।

(क) હે વાસુદેવ! તમે શિથિલ અંકુશથી (અર્થાત્ દયા કરીને) મારું કામ પાર પાડ્યું છે. (કારણ કે) જે (ભગવાન) યોગીઓને પણ દુષ્પ્રાપ્ય છે, તે (મારો) વધ કરવા (સ્વયં) અહીં પધાર્યા છે!

(ख) હે વાસુદેવ! તમે નિર્ગુણ (અર્થાત્ ત્રિગુણાતીત) અંકુશથી મારું કામ પાર પાડી દીધું છે, (કારણ કે) જે (અમૃતત્વની પ્રતિષ્ઠારૂપ પરમાત્મા) યોગીઓને પણ દુષ્પ્રાય છે, તે (અહંતા-મમતાનો) વધ કરવા અહીં પધાર્યા છે!

એટલામાં તો અર્જુન પાછળ જ આવ્યા. કેશવને બંને હાથથી પકડીને રોક્યા. આમ રોક્યા છતાં ય રાજીવલોચન પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તો એમને ઘસડીને વેગથી આગળ વધવા લાગ્યા. ત્યારે પરવીરહા અર્જુને એમના ચરણને ખૂબ જોરથી પકડ્યા અને જેમ તેમ કરીને હૃષીકેશને દશમે પગલે રોકી પાડ્યા. આર્ત અર્જુને ક્રોધથી આકુળવ્યાકુળ આંખવાળા અને નાગની જેમ ફુંફાડા મારતા શ્રીકૃષ્ણને વીનવ્યા: 'મહાબાહો! પાછા વળો. અનૃત આચરવું તમને યોગ્ય નથી. કેશવ! પૂર્વે તમે કહ્યું છે કે **હું લડીશ નહિ,** न योत्स्यामीति.'[21] એટલે માધવ! જગત તમને મિથ્યાવાદી કહેશે. આ યુદ્ધનો બધો ભાર મારે માથે જ છે. હું યતવ્રત ભીષ્મનો વધ કરીશ. શત્રુકર્ષણ માધવ! આપણી મૈત્રી, સત્ય અને સુકૃતના સોગન લઈને કહું છું કે હું શત્રુઓનો નાશ થાય એમ કરીશ. બનશે તો આજે જ દુર્ધર્ષ ભીષ્મને ભોંય ભેગા કરી દઈશ' (૬-૧૦૨-૬૨ થી ૬૯).

શ્રીકૃષ્ણે કંઈ ઉત્તર ન આપ્યો અને રોષ સાથે પુનઃ રથ ઉપર ચઢી ગયા, અને ભીષ્મે પુનઃ એ બંને ઉપર અને પાંડવસેના ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. પાંડવોની સેનાઓમાં (ફરીથી) ભંગાણ પાડી દીધું. કાદવમાં ખૂંપી ગયેલા બળદોને જેમ કોઈ બહાર કાઢનાર ન મળે એમ પાંડવોનાં સૈન્યોને કોઈ બચાવનાર ન મળ્યો! બલવાન પિતામહ ભીષ્મે એ સૈનિકોને દુર્બળ કીડીઓની જેમ છૂંદી નાખ્યા! એમ નવમો દિવસ સમાપ્ત થયો. (૬-૧૦૨-૭૦ થી ૭૮; ૧૦૩-૧ થી ૬)

રાત પડી. કૌરવ છાવણીમાં ઉલ્લાસ હતો, ભીષ્મને ચોમેર સત્કાર-અભિનન્દનથી નવાજવામાં આવતા હતા. ત્યારે પાંડવોની છાવણીમાં ગભરાટ હતો. રાત્રે જ બધા મન્ત્રણા કરવા ભેગા થયા. લાંબા વખત સુધી મસલત કર્યા પછી યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ તરફ જોઈને (હતાશાથી) બોલ્યા: 'કૃષ્ણ! ભીમપરાક્રમી ભીષ્મને જુઓ. હાથી જેમ નલવનને (નેતરના વનને) કચરી નાખે એમ એ મારા લશ્કરને ચગદી નાખે છે. ભડભડતા અગ્નિ જેવા અને ઝેરી તક્ષક નાગ જેવા પ્રતાપી ભીષ્મની સામે પણ જોઈ શકાતું નથી. ક્રુદ્ધ યમ, વજ્રધારી દેવરાજ ઇન્દ્ર, પાશધારી વરુણ અને ગદાધારી

---

[ગીતાનો અ. ૧૪ 'ગુણાતીતયોગ' કે 'ગુણત્રયવિભાગયોગ' જુઓ.]

કર્તવ્યનિષ્ઠ પરમ ભક્ત અંતકાળે પણ જે ઉદ્ગારો કાઢવાની સ્પૃહા કરતાં આજીવન નિરંતર ભગવત્સ્મરણ કરે, તેવા આ કાવ્યમય ઉદ્ગાર છે. શ્રીમદ્ભાગવતમાં ભીષ્મના અંતસમયના ઉદ્ગાર હૃદયમાં કોતરવાલાયક છે: સ્કંધ ૧, અ. ૯–૩૨ થી ૪૪.

૨૧ અર્જુન અને દુર્યોધનને મદદ આપવાનું કહેતા શ્રીકૃષ્ણનાં વચન જુઓ:

मत्संहननतुल्यानां गोपानामर्बुदं महत् ।
नारायण इति ख्याताः सर्वे संग्रामयोधिनः ॥ ५-७-१६.

ते वा यदि दुराधर्षा भवन्त्वेकस्य सैनिकाः ।
अयुध्यमानः संग्रामे न्यस्तशस्त्रोऽहमेकतः ॥ ५-७-१७.

વધુ માટે જુઓ 'સહાયક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૪, વસંતપંચમી અંક.

કુબેરને (કદાચ) જીતી શકાય, પણ યુદ્ધમાં ધનુષ્યને પકડીને ધારદાર બાણો છોડતા સુસંક્રુદ્ધ ભીષ્મને ન જ જીતી શકાય, કૃષ્ણ ! આ હાલતમાં મારી બુદ્ધિની દુર્બળતાને લીધે, યુદ્ધમાં ભીષ્મનો ભેટો થતાં હું તો શોકસાગરમાં ડૂબી ગયો છું. દુર્ધર્ષ ! હું તો (દીક્ષા લઈ) વનમાં જઈશ ![૨૨] એમ કરવાથી મારું ભલું થશે. કૃષ્ણ ! મને તો લડવું ગમતું નથી, કારણ ભીષ્મ કાયમ અમારો નાશ કર્યા કરે છે. જેમ પ્રજ્વલિત અગ્નિમાં ઝંપલાવીને પતંગિયું મરણ પામે છે, તેમ હું પણ ભીષ્મ (રૂપી અગ્નિમાં) ઝંપલાવીને બળી મરીશ. વાર્ષ્ણેય ! હું પરાક્રમી છું અને તેમ છતાં પણ રાજ્યના કારણે ક્ષીણ થાઉં છું ! મારા શૂરા ભાઈઓ પણ બાણોથી હદપાર પીડાયા છે...હું જિંદગીને બહુ કીમતી ગણું છું પણ આજે જીવવું જ દોહ્યલું છે ! એટલે હું તો બાકીની જિંદગીમાં ઉત્તમ ધર્માચરણ કરીશ ! કેશવ ! જો તમે મારા અને મારા ભાઈઓ ઉપર અનુગ્રહ કરવાના હો તો, **સ્વધર્મનો અવિરોધી** ઉપાય બતાવો.'[૨૩] (૬-૧૦૩ ૭ થી ૨૫)

યુધિષ્ઠિરની હતપ્રભ વાણી સાંભળીને શ્રીકૃષ્ણે કરુણાથી સાન્ત્વન આપ્યું: 'સત્યપ્રતિજ્ઞ ધર્મપુત્ર ! તમે વિષાદ ન કરો. તમારા ભાઈઓ શૂરા, દુર્જય અને શત્રુઓને હણનારા છે. અર્જુન-ભીમસેન, વાયુ-અગ્નિ જેવા તેજસ્વી, અને નકુલ-સહદેવ ઇન્દ્ર જેવા પરાક્રમી છે. અથવા (જો તમે બહુ જ ડરી ગયા હો તો) પાંડવ ! મને આદેશ આપો. તમારા પ્રતિના સૌહાર્દને લીધે હું ભીષ્મ સામે લડીશ. તમારો આદેશ મળતાં મહાયુદ્ધમાં હું શું નહિ કરું ? અર્જુનની અનિચ્છા હશે તો હું કૌરવોના દેખતાં જ પુરુષશ્રેષ્ઠ ભીષ્મને આહ્વાન કરીને રણમાં મારી નાખીશ. પાંડવ ! જો તમને એમ લાગતું હોય કે ભીષ્મ માર્યા જતાં આપણો જય થશે, તો હું કેવળ (મારા) એક રથથી જ (બીજાની સહાય વિના) કુરુવૃદ્ધ પિતામહને આજે જ મારીશ. એ યુદ્ધમાં મારું મહેન્દ્ર સમાન પરાક્રમ જોજો. મહાસ્ત્રો છોડીને હું એમને રથમાંથી ગબડાવી પાડીશ. જે પાંડવોનો શત્રુ છે તે નિઃસંશય મારો શત્રુ છે. **જે મારા હેતુ છે તે આપના હેતુ છે, અને જે મારા છે તે તમારા જ છે.**[૨૪] તમારો ભાઈ અર્જુન, એ મારો સખા, સંબંધી અને શિષ્ય પણ છે.

---

૨૨ સર° પ્રથમ દિવસના વિગ્રહને અંતે ધર્મરાજને થયેલો વિષાદ. જુઓ ઉપર 'ભીષ્મપર્વ' અ. ૪૬નો સંદર્ભ અને નોંધ ૬. આમ ભૌતિક યુદ્ધમાં ધર્મરાજાને અર્જુનની જેમ વારંવાર વિષાદ થતો જણાય છે. આ ત્રીજો પ્રસંગ છે. પહેલો પ્રસંગ યુદ્ધ શરૂ થયા અગાઉનો છે. જુઓ 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૯, જન્માષ્ટમી અંકમાં 'ભીષ્મપર્વ' અ. ૨૧નો સંદર્ભ.

૨૩ यदि तेऽहमनुग्राह्यो भ्रातृभिः सह केशव ।
स्वधर्मस्याविरोधेन तदुदाहर केशव ॥ ६-१०३-२४.

સ્વધર્મ = સ્વકર્તવ્ય.

દૈન્યને લીધે 'ધર્મસંમૂઢચેતા' શિષ્ય અર્જુનની જેમ (૬–૨૪–૭; ગીતા ૨-૭) ધર્મરાજ પણ શ્રીકૃષ્ણ પાસે માર્ગદર્શન માગે છે.

૨૪ यः शत्रुः पाण्डुपुत्राणां मच्छत्रुः स न संशयः ।
मदर्था भवदर्था ये ये मदीयास्तवैव ते ॥ ६-१०३-३२.

મહીપતિ! એને માટે તો હું મારું માંસ પણ કાપીને આપી દઉં, અને એ નરવ્યાઘ્ર પણ મારા માટે જીવન સમર્પી દે. **તાત! અમારા બંનેનો પરસ્પર સમય( કરાર ) છે કે અમારે એકબીજાને તારવા.** માટે રાજેન્દ્ર! તમે મને હુકમ કરો એટલે હું આપનો દ્વીપ (=રક્ષક) બનીશ, પણ પૂર્વે અર્જુને ઉપપ્લવ્યમાં ઉલૂકની આગળ જાહેરાત (પ્રતિજ્ઞા) કરી હતી કે, 'હું ગાંગેય ભીષ્મનો વધ કરીશ.' એટલે મારે ધીમાન પાર્થના એ બોલનું પૂરેપૂરું રક્ષણ કરવું જોઈએ. પણ જો અર્જુન જ મને આ કાર્ય કરવા અનુજ્ઞા આપતો હોય તો હું એ કાર્ય નિઃસંશય કરીશ, જો કે ખરેખર તો યુદ્ધનો આ ભાર અર્જુને જ ઉઠાવવાનો છે. સંગ્રામમાં એ પરપુરંજય ભીષ્મને મારશે જ. અર્જુન બરાબર આક્રમણ કરે તો અશક્ય કાર્યો ય પાર પાડે. અરે, કદાચિત્ દૈત્ય-દાનવો સહિત દેવો સજ્જ થઈને (એકસામટા) ધસી આવે તો પણ અર્જુન યુદ્ધમાં એમને સાફ કરી નાખે, તો નરાધિપ! આ ભીષ્મનો શો હિસાબ? મહાશક્તિશાળી ભીષ્મ (યુદ્ધના નિયમોનો સદંતર ભંગ કરીને) વિપરીત રીતે વર્તે છે. (તેથી લાગે છે કે) એમની બુદ્ધિ નાશ પામી છે અને આયુષ્ય ખૂટ્યું છે. એટલે એ ખરેખર કર્તવ્યનું ભાન ભૂલી ગયા છે.'[૨૫] (૬-૧૦૩-૨૬ થી ૩૯)

---

શ્રીકૃષ્ણનો હેતુ-અર્થ ધર્મસ્થાપન છે. ધર્મરાજનો પણ તે જ છે. એમ આ મહાપુરુષોની મૈત્રીનું કારણ લોકોત્તર છે.

જુઓ શ્રીકૃષ્ણનાં વચનો ૩–૧૩–૩૮ થી ૪૦; ૫–૮૯–૨૮. વિગત માટે જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠપ્રદીપ', ફેબ્રુઆરી ૧૯૬૭માં નોંધ ૧૩, અને ઑગષ્ટ ૧૯૬૭ના અંકમાં પ્રસ્તુત પ્રકરણનું પરિશિષ્ટ 'સનાતન સખા નર–નારાયણ'.

૨૫ तव भ्राता मम सखा संबन्धी शिष्य एव च ।
मांसान्युत्कृत्य वै दद्यामर्जुनार्थे महीपते ॥ ६-१०३-३३.

एष चापि नरव्याघ्रो मत्कृते जीवितं त्यजेत् ।
एष नः समयस्तात तारयेम परस्परम् ।
स मां नियुङ्क्ष्व राजेन्द्र यावद्द्वीपो भवाम्यहम् ॥ ६-१०३-३४.

प्रतिज्ञातमुपप्लव्ये यत्तत्पार्थेन पूर्वतः ।
घातयिष्यामि गाङ्गेयमित्युलूकस्य संनिधौ ॥ ६-१०३-३५.

[અર્જુનની જાહેરાત

× × ×

यस्य वीर्यं समाश्रित्य धार्तराष्ट्र विकत्थसे ।
हन्तास्मि प्रथमं भीष्मं मिषतां सर्वधन्विनाम् ॥ ५-१६०-८.]

परिरक्ष्य च मम तद्वचः पार्थस्य धीमतः ।
अनुज्ञातं तु पार्थेन मया कार्यं न संशयः ॥ ६-१०३-३६.

अथवा फल्गुनस्यैष भारः परिमितो रणे ।
निहनिष्यति संग्रामे भीष्मं परपुरंजयम् ॥ ६-१०३-३७.

શ્રીકૃષ્ણના પ્રોત્સાહનથી યુધિષ્ઠિરમાં પ્રાણ પુરાયો. આશા આવી. એમણે જ હવે શું કરવું તે વિચારીને, શ્રીકૃષ્ણ આગળ રજૂ કર્યું: ' મહાબાહો ! તમે કહો છો તેમ જ છે. તમારા વેગને આ ( ભીષ્માદિ ) સૌ એકઠા થઈને ય પહોંચી ન શકે. એટલે હું મારું સર્વ ઇચ્છિત પ્રાપ્ત કરીશ. કારણ કે પુરુષવ્યાઘ્ર ! આપ મહાબલવાન અમારા નાથ ( સંરક્ષક ) છો. જયતાંવર ગોવિન્દ ! તમારા સંરક્ષણ નીચે અમે ઇન્દ્ર સહિત દેવોને પણ જીતી લઈએ તો મહાયુદ્ધમાં ભીષ્મને કોણ ગણે છે ? ! પરંતુ મારા સ્વાર્થી ગૌરવને માટે તમારી પાસે અનૃતાચરણ કરાવવાનો મને ઉત્સાહ નથી. માટે માધવ ! લડયા સિવાય જ, યોગ્ય સલાહથી જ અમને મદદ કરો. ભીષ્મે મને વચન આપેલું છે કે, ' હું તને સલાહ આપીને મદદ કરીશ, પણ કદી ય તારા પક્ષે લડીશ નહિ. રાજન્ ! તને સત્ય કહું છું કે હું ( અર્થાત્ ભીષ્મ ) લડીશ તો દુર્યોધન માટે જ. ' એટલે પિતામહ મને સલાહ આપશે, અને એ રીતે રાજ્ય પણ આપશે. તેથી મધુસૂદન ! આપણે બધા ઝટપટ ભીષ્મ પાસે જઈએ અને એમના વધનો ઉપાય પૂછીએ. જનાર્દન ! તેઓ આપણને હિતકારી અને સાચી સલાહ જ આપશે. એમની સલાહ મુજબ હું યુદ્ધસંચાલન કરીશ. એ વ્રતધારી અમને જય અને સલાહ બંને આપશે. પિતા વિનાના અમ બાળકોને એમણે ઉછેરીને મોટા કર્યા છે. માધવ ! અમારા પિતાના પિતા વૃદ્ધ દાદાજીને હું મારી નાખવા ઇચ્છું છું ! ( હાય ! ) ધિક્કાર છે ક્ષત્રિયના જીવતરને, धिगस्तु क्षत्रजीविकाम् । ! '[२६] ( ૬-૧૦૩-૪૦ થી ૪૯ )

શ્રીકૃષ્ણે ધર્મરાજાના વકતવ્યને અનુમોદન આપ્યું. ' મહાબાહો ! મને કાયમ તમારું બોલવું ગમે છે. દેવવ્રત ભીષ્મ નિષ્ણાત ( कृती ) છે, અને સામું જોતાં વેંત બાળીને ભસ્મ કરી નાખે એવા છે. ચાલો, એ ગંગાપુત્રને તેમના વધનો ઉપાય પૂછવા જઈએ, તમે ભાર દઈને પૂછશો એટલે એ ખરેખરું કહી દેશે. ' ( ૬-૧૦૩-૫૦, ૫૧ )

' માધવ ! ચાલો આપણે કુરુપિતામહને મસ્તક ઢાળી પ્રણામ કરીને સલાહ લઈએ. એટલે એ આપણને મન્ત્ર ( સલાહ ) આપશે, તે મુજબ આપણે શત્રુઓ સામે લડીશું. ' એમ બોલતા પાંડવો અને શ્રીકૃષ્ણ ભીષ્મની શિબિરે આવ્યા. મસ્તક નમાવીને પ્રણામ કર્યા. ભીષ્મે સ્વાગત કર્યું : ' વાર્ષ્ણેય ! ભલે પધાર્યા. ધનંજય ! ભલે પધાર્યા.[૨૭] ધર્મરાજ, ભીમ, નકુલ-

---

अशक्यमपि कुर्याद्धि रणे पार्थ समुद्यतः ।
त्रिदशान्वा समुद्युक्तान्सहितान्दैत्यदानवैः ।
निहन्यादर्जुनः संख्ये किमु भीष्मं नराधिप ॥ ६-१०३-३८.
विपरीतो महावीर्यो गतसत्त्वोऽल्पजीवितः ।
भीष्मः शांतनवो नूनं कर्तव्यं नावबुध्यते ॥ ६:१०३-३९.

૨૬ હિંસાપ્રધાન યુદ્ધમાં શરૂથી જ રડવાનું છે, એ કવિ વારંવાર બતાવે છે. ઉપર જુઓ ( ૧ ) ૬-૪૯-૪૯ થી ૫૧ના સંદર્ભમાં ભીષ્મના શબ્દો : धिक्क्षत्रधर्मम् । ( ૨ ) ૬-૯૨-૧ થી ૧૧ના સંદર્ભમાં અર્જુનના શબ્દો : धिगस्तु क्षत्रजीविकाम् । ( ૩ ) સર° અભિમન્યુ માર્યો ગયો ત્યારે ધૃતરાષ્ટ્રના શબ્દો : दारुणः क्षत्रधर्मोऽयं विहितो धर्मकर्तृभिः । ૭-૩૨-૨૨કખ.

૨૭ स्वागतं तव वार्ष्णेय स्वागतं ते धनंजय ।
स्वागतं धर्मपुत्राय भीमाय यमयोस्तथा ॥ ६-१०३-५५.

અત્યારે ભીષ્મ ધર્મરાજ કરતાં શ્રીકૃષ્ણ અને અર્જુનને ઇરાદાપૂર્વક પ્રાધાન્ય આપતા જણાય છે.

સહદેવ, સૌ ભલે પધાર્યા. તમારી પ્રીતિ વધે એવું શું કામ કરું ? તમારું કાર્ય અતિ દુષ્કર હશે તો પણ હું પૂરેપૂરા દિલથી કરીશ.' (૬-૧૦૩-૫૨ થી ૫૬)

યુધિષ્ઠિરે પોતાનો જય થાય, (રાજાઓના કલહથી) પ્રજાઓનો વિનાશ ન થાય (કટોકટીમાં ય ધર્મરાજ પ્રજાહિત ભૂલ્યા નથી.) અને પિતામહનો પોતાનો વધ કરીને પાંડવો રાજ્ય મેળવી શકે એવો ઉપાય બતાવવા વિનંતી કરી (૬-૧૦૩-૫૭ થી ૬૪, ૬૮, ૬૯).

પિતામહે સલાહ આપી: 'હું જીવું છું ત્યાં લગી તમારી જીત થવી અશક્ય છે. માટે જીતવું હોય તો મારા ઉપર જેમ અનુકૂળ પડે એમ પ્રહાર કરો. (હું અજિત છું) એ વાસ્તવિકતા તમે સમજી ગયા, તેને હું તમારું પુણ્ય સમજું છું. (૬-૧૦૩-૬૫ થી ૬૭)

'હું સુસજ્જ થઈ હાથમાં ધનુષ્ય લઈને લડવા ઊભો હોઉં તો મને કોઈ પણ જીતી શકે નહિ. પરંતુ મારા પૂર્વના સંકલ્પ મુજબ હું અમુક પ્રકારનાં માણસો સામે લડતો નથી. એ પ્રમાણે તમારા લશ્કરમાં દ્રુપદપુત્ર મહારથી શિખંડી જે પૂર્વે સ્ત્રી હતો તેની સામે હું નહિ લડું. એટલે એ શિખંડીને મોખરે રાખીને શૂરવીર અર્જુન મારા ઉપર ચોમેરથી મારો ચલાવે. (આવી રીતે લડતાં પણ) મહાભાગ શ્રીકૃષ્ણ કે અર્જુન સિવાય, જગતમાં બીજો કોઈ યોદ્ધો મને હણી શકે એમ હું તો દેખતો નથી. એટલે શિખંડી અથવા તો એવા બીજા કોઈને મોખરે રાખીને અર્જુન મને મારી નાખશે તો જ તું જીતીશ. માટે આ સલાહ પ્રમાણે વર્ત.' (૬-૧૦૩-૭૦ થી ૮૨)

પાંડવો ભીષ્મને વન્દન કરી તેમની અનુજ્ઞા લઈને છાવણીમાં પાછા આવ્યા. ભીષ્મની સલાહથી અર્જુન દુઃખથી સંતાપ કરવા લાગ્યા અને શરમાઈને [શ્રીકૃષ્ણ આગળ અત્યંત કોમળ લાગણીઓ વ્યક્ત કરી: 'માધવ! ગુરુ, કુળના વડીલ, કૃતપ્રજ્ઞ, બુદ્ધિમાન પિતામહની સામે હું કેમ કરીને લડું ? વાસુદેવ! બાળપણમાં ધૂળથી ખરડાયેલાં ગાત્રો સાથે (ખોળામાં) રમીરમીને મેં એ ઉદાર મહાપુરુષને ગંદા કરી મૂકયા છે! ગદાગ્રજ! હું જ્યારે નાનું છોકરું હતો ત્યારે એ દાદાજીને 'તાત' (પિતાજી) કહેતો. એ વખતે એ (લાડથી) કહેતા કે 'હું તારો પિતા નથી, પણ પિતાનો ય પિતા છું!' આવું કહેનારા (વહાલા દાદાજીને) હું શી રીતે મારી નાખું ? ભલે એ મારી સેનાનો યથેચ્છ સંહાર કરી નાખે, ભલે મારો જય થાય કે મરણ થાય, પણ હું તો એ મહાત્મા સામે નહિ લડું! પણ કૃષ્ણ! તમારો શો અભિપ્રાય છે?'[૨૮] (૬-૧૦૩-૮૩ થી ૮૯)

શ્રીકૃષ્ણે દુઃખસંતપ્ત અર્જુનને કર્તવ્યનું ભાન કરાવ્યું: 'જિષ્ણુ! પૂર્વે યુદ્ધમાં ભીષ્મને

---

૨૮ कामं वध्यतु मे सैन्यं नाहं योत्स्ये महात्मना ।
जयो वास्तु वधो वा मे कथं वा कृष्ण मन्यसे ॥ ६-१०३-८९.

સર૦ ગીતા ૧-૪૫ થી ૪૭ (૬-૨૩-૪૫ થી ૪૭). સાથે વાંચો ક્ષેપક ૪૩૧:

कथमस्मद्विधः कृष्ण जानन्धर्मं सनातनम् ।
न्यस्तशस्त्रे च वृद्धे च प्रहरेद्धि पितामहे ।

મારવાની પ્રતિજ્ઞા કર્યા પછી, (તે માટે મને દ્વારકાવાસીને સારથિ તરીકે લાવ્યા પછી,) ક્ષાત્રધર્મ પાળનારો તું, હવે એમને શા માટે નહિ હણે? પાર્થ! જેમ વીજળીના આઘાતથી વૃક્ષ ઊથલી પડે એમ એમને રથમાંથી ઉથલાવી પાડ. ગાંગેયને માર્યા સિવાય તારો વિજય થવાનો નથી. અર્જુન! દેવોએ પ્રથમથી જ ભાખ્યું છે કે, 'પૂર્વેન્દ્ર ભીષ્મને મારશે.' **આ નિર્માણ અવશ એવા તારાથી ફરવાનું નથી.**[૨૯] વિકાસેલા મોંવાળા યમરાજસમા દુરાધર્ષ ભીષ્મની સામે તારા વિના સાક્ષાત્ વજ્રધર ઇન્દ્ર પણ લડી ન શકે. મહાબાહો! ભીષ્મને હણી નાખ. પૂર્વે મહાબુદ્ધિમાન બૃહસ્પતિએ ઇન્દ્રને કહેલ શબ્દો સાંભળ: 'શક્ર! વડીલ ગુણશીલ હોય તો પણ જો શસ્ત્રધારણ કરીને મારવા આવતા હોય તો તેને મારી નાખવા.' ધનંજય! ક્ષત્રિયોનો આ શાશ્વત ધર્મ છે: અસૂયા વિના (ન્યાય માટે) યુદ્ધ કરવું, (પ્રજાનું) રક્ષણ કરવું અને (કર્મફલનો ત્યાગ કરીને થતાં કર્મથી) યજ્ઞ કરવો. योद्धव्यं रक्षितव्यं च यष्टव्यं चानसूयुभिः ॥' (૬-૧૦૩-૯૦ થી ૯૩)

શ્રીકૃષ્ણના આદેશાત્મક નિશ્ચિત અભિપ્રાયને અર્જુને સ્વીકાર્યો અને શિખંડીને આગળ રાખીને ભીષ્મને પાડી દેવાનું નક્કી કર્યું. એમ નિર્ણય કરીને (મોડી રાતે) પાંડવો તથા શ્રીકૃષ્ણ પોતપોતાનાં શયનોમાં આરામ કરવા ગયા. (૬-૧૦૩-૯૭ થી ૧૦૧)

દશમા દિવસે સવારે પાંડવો શિખંડીને (સેનાધિપતિ તરીકે મોખરે રાખીને લડવા નીકળી પડ્યા.[૩૦] (શિખંડીને કોઈ બીજો યોદ્ધો મારી ન જાય તે માટે મજબૂત વ્યૂહ ગોઠવ્યો.) શિખંડીના ચક્ર-રક્ષક ભીમ-અર્જુન થયા. એની પીઠનું રક્ષણ દ્રૌપદીના પુત્રો અને અભિમન્યુ કરતા હતા. સાત્યકિ, ચેકિતાન અને પાંચાલ યોદ્ધાઓથી સુરક્ષિત ધૃષ્ટદ્યુમ્ન આ પૃષ્ઠરક્ષકોનું સંરક્ષણ કરતા હતા. ધૃષ્ટદ્યુમ્નની પાછળની હરોળોમાં નકુલ-સહદેવ સહિત યુધિષ્ઠિર, યુધિષ્ઠિરની પછી વિરાટરાજા તથા ધૃષ્ટકેતુ સૈન્યના સૌથી પાછળના ભાગનું રક્ષણ કરતા હતા. આવી વ્યૂહ-રચના કરીને પાંડવોએ મરણિયા થઈને ધસારો કર્યો. (૬-૧૦૪-૧ થી ૧૦)

---

૨૯ दिष्टमेतत्पुरा देवैर्भविष्यत्यवशस्य ते ॥
हन्ता भीष्मस्य पूर्वेन्द्र इति तन्न तदन्यथा ॥ ६-१०३-९२.

અર્જુન ઇન્દ્રના અંશથી જન્મેલા તે હકીકતનો અહીં નિર્દેશ જણાય છે. સર૦ આદિપર્વાન્તર્ગત 'આદિવંશાવતરણપર્વ', ૧-૬૧-૮૪ધ. ટીકાકાર દેવબોધ पूर्वेन्द्रः પદનું નિર્વચન આપે છે: पूर्वं कारणमिन्द्रो यस्य ।

૩૦ कृत्वा व्यूहं महाराज सर्वशत्रुनिबर्हणम् ।
शिखण्डी सर्वसैन्यानामग्र आसीद्विशांपते ॥ ६-१०४-३.

અર્થાત્ આજના દિવસ પૂરતો સેનાપતિનો હોદ્દો શિખંડીને સોંપવામાં આવ્યો. અર્જુન તેમનાથી નીચે રહ્યા.

સર૦ શ્રીકૃષ્ણપ્રોક્ત વૃત્તાન્ત:

शिखण्डी पाण्डुपुत्राणां नेता सप्तचमूपतिः ।
बभूव रक्षितो धीमान्धीमता सव्यसाचिना ॥ १४-५९-९.

અહીં કૌરવોએ પણ મોખરે ભીષ્મ, પછી કૌરવો સહિત દ્રોણ, પછી અશ્વત્થામા, તેની પાછળ ગજસેના સાથે ભગદત્ત, ભગદત્તની પાછળની હરોળમાં કૃપાચાર્ય કૃતવર્મા, તે પછી કંબોજનો સુદક્ષિણ, માગધ જયત્સેન, શકુનિ અને બૃહદ્‌બલ અને એ પછી સૈન્યના પાછળના ભાગમાં સુશર્મા વગેરે હતા ( ૬-૧૦૪-૧૧ થી ૧૬ ). બંને સૈન્યોનો ભેટો થતાં ઘમસાણ યુદ્ધ ચાલુ થયું. ભીષ્મે સવારના પહોરમાં જ શિખંડીની રથસેનાનો નાશ કરી નાખ્યો. ભીષ્મ-શિખંડી સામસામા આવી ગયા! ભીષ્મે શિખંડીનો, 'પૂર્વની શિખંડિની' કહીને 'તારી સાથે નહિ લડું' એમ તિરસ્કાર કર્યો.[૩૧] શિખંડીએ પિતામહને પડકાર્યા, અને અત્યારે યોગ્ય ઘડીપળ આવી છે એમ સમજી જઈને અર્જુન, ભીષ્મ ઉપર આક્રમણ કરવા માટે શિખંડીને પાનો ચઢાવવા લાગ્યા અને કૌરવપક્ષનો બીજા કોઈ યોદ્ધો તેને આક્રમણ કરતાં નહિ ખાળી શકે, એમ ખાતરી આપવા માંડ્યા ( ૬-૧૦૪-૧૭ થી ૫૮ ).

આજે તો અર્જુને પણ મન મૂકીને કાળની જેમ રણક્ષેત્રમાં ઘૂમવા માંડ્યું. કૌરવોમાં ત્રાસ ફેલાવી દીધો. સ્વાર્થી દુર્યોધને રાબેતા મુજબ ભીષ્મ આગળ ફરિયાદ કરી: 'શ્વેતાશ્વ, કૃષ્ણસારથિ (જેના રથના ઘોડા ધોળા છે અને જેના સારથિ શ્રીકૃષ્ણ છે તે) અર્જુન તથા અન્ય પાંડવ યોદ્ધાઓ મારા સૈન્યને બાળી મૂકે છે. માટે બચાવો. તમે જ મારા આધાર છો...' ( ૬-૧૦૫-૧ થી ૨૨ ).

---

૩૧ (૧) काममभ्यस वा मा वा न त्वां योत्स्ये कथंचन ।
यैव हि त्वं कृता धात्रा सैव हि त्वं शिखण्डिनी ॥ ૬-૧૦૪-૪૧.

'તું મારા ઉપર પ્રહાર કર કે ન કર, પરન્તુ હું તારી સાથે કોઈ રીતે લડવાનો નથી. ધાતાએ તને સ્ત્રી તરીકે ઉત્પન્ન કરી હતી તે જ તું શિખંડિની છે!'

અન્ય સંદર્ભો સાથે આ બિના ચકાસતાં જણાય છે કે આ શબ્દોનો અર્થ એટલો કે, 'શિખંડી મરી જાય એટલી હદ સુધી ભીષ્મ એની સામે નહોતા લડતા. સામાન્ય લડાઈ કમને લડતા પણ ખરા. જુઓ ૬-૮૧-૧૭ થી ૨૪. ત્યાં ભીષ્મે શિખંડીનું ધનુષ્ય કાપી નાખ્યું ત્યારે ગભરાયેલા શિખંડીને યુધિષ્ઠિરે કઠોર શબ્દોથી પાણી ચઢાવ્યું છે. એ જ રીતે આ દશમા દિવસના વિગ્રહમાં ભીષ્મનાં બાણોથી ખૂબ જ પીડાયેલા મહારથીઓની નામાવલિમાં

द्रौपदेयाः शिखण्डी च कुन्तीभोजश्च वीर्यवान् । ૬-૧૧૩-૩૭કખ

એ રીતે શિખંડીનો સ્પષ્ટ નિર્દેશ છે.

(૨) ૬-૧૦૪-૪૧ના ભીષ્મવાક્ય સાથે સર° શિખંડીનો જવાબ:

काममभ्यस वा मा वा न मे जीवन्विमोक्ष्यसे ।
सुदृष्टः क्रियतां भीष्म लोकोऽयं समितिंजय ॥ ૬-૧૦૪-૪૭.

'તમે મારા ઉપર (ઘાતક) પ્રહાર કરો કે ન કરો, પણ હું તમને જીવતા છોડવાનો નથી. માટે સમિતિંજય ભીષ્મ (યુદ્ધવિજેતા ભીષ્મ)! આ જગતનાં સારી રીતે (છેલ્લી વારનાં) દર્શન કરી લો!'

દુર્યોધનની સ્વાર્થી વાણી સાંભળીને ભીષ્મે થોડી વાર વિચારીને નિર્ણય કરી કહ્યું : "આજે હું પાંડવોને (અર્થાત્ પાંડવોની સેનાને) મારીશ અથવા રણક્ષેત્ર ઉપર સૂઈશ અને તારો રોટલો ખાધો છે તેનું સ્વામીપિંડનું ઋણ ફેડીશ" (૬-૧૦૫-૨૩ થી ૨૮). પિતામહ બોલ્યા પ્રમાણે અદ્ભુત પરાક્રમ દર્શાવી લડ્યા (૬-૧૦૫-૨૯ થી ૩૭).....આજના મહાસંગ્રામમાં દુઃશાસન અને અર્જુનનો ભેટો થયો. ત્યારે દુઃશાસને વાસુદેવને વીસ બાણોથી વીંધ્યા (૬-૧૦૬-૩૦)...અર્જુન તો દુઃશાસનને હઠાવીને અને કૌરવોની હરોળોને તોડીફોડીને (શિખંડીને લઈને) આગળ વધવા માંડ્યા. એ જોઈને દ્રોણાચાર્યે પોતાના પુત્ર અશ્વત્થામાને પાંડવો ઉપર ભયંકર હુમલો કરવા પ્રેરતાં ઘોર નિમિત્તો વર્ણવ્યાં[૩૨] અને ઉમેર્યું, '...બંને સેનાઓમાં ચોમેર પાઞ્ચજન્યનો નિર્ઘોષ અને ગાંડીવનો ટંકારવ સંભળાય છે. અવશ્ય આજે બીભત્સુ અર્જુન ઉત્તમ અસ્ત્રોનો પ્રયોગ કરીને (તથા આપણી હરોળોને ભેદીને) ભીષ્મની પાસે પહોંચી જશે (૬-૧૦૮-૧૪, ૧૫)...આ કપિધ્વજ અર્જુન આજે હાથીઘોડા અને રથરૂપી ઘૂમરીઓવાળી મહાઘોર અત્યંત દુર્ગમ સંગ્રામ નદીને રથ(રૂપી નૌકા)થી તરી જશે. જે રાજાએ પવિત્રતા, સંયમ, દાનનું અને મહાન તપનું આચરણ કર્યું છે; જેના અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ જેવા ભાઈઓ છે; જેના સંપૂર્ણ કુશળ વાર્ષ્ણેય વાસુદેવ યુદ્ધક્ષેત્રના નાથ (રક્ષક) છે; તે તપોદગ્ધ શરીરવાળા યુધિષ્ઠિરને દુર્મતિ દુર્યોધન ઉપર રોષ ચઢ્યો છે. એ કોપ જ દુર્યોધનની સેનાને બાળી મૂકે છે.[૩૩] જો, આ અર્જુન વાસુદેવના આશ્રય નીચે કૌરવોનાં સૈન્યોને ચોમેરથી ચીરી નાખે છે... (૬-૧૦૮-૨૯ થી ૩૩)...' એમ કૌરવોની હરોળોને અદ્ભુત પરાક્રમથી વેરવિખેર કરી નાખીને અર્જુન ભીષ્મ પિતામહના રથ પાસે પહોંચી ગયા. કૌરવોના મહારથીઓ એમના ઉપર તૂટી પડ્યા. એ ધમસાણ યુદ્ધમાં શલ્યે વાસુદેવને પાંચ બાણોથી વીંધી નાખ્યા (૬-૧૧૦-૨૮)... ભીષ્મ પણ પ્રચંડ પરાક્રમથી યુદ્ધ કરતા હતા. એમની સામે લડવાની કૃષ્ણસારથિ અર્જુન અને

---

૩૨ અહીં વર્ણવેલાં નિમિત્તોમાં નિમ્નલિખિત નિમિત્ત નોંધપાત્ર છે :

देवतायतनस्थाश्च कौरवेन्द्रस्य देवताः ।
कम्पन्ते च हसन्ते च नृत्यन्ति च रुदन्ति च ॥ ६-१०८-११.

'કૌરવ રાજાના દેવાલયમાં રહેલા દેવતા(ની મૂર્તિઓ) કંપે છે, હસે છે, નૃત્ય કરે છે અને રુદન કરે છે.'

३३ ब्रह्मण्यता दमो दानं तपश्च चरितं महत् ।
इहैव दृश्यते राज्ञो भ्राता यस्य धनंजयः ॥ ६-१०८-३०.

भीमसेनश्च बलवान्माद्रीपुत्रौ च पाण्डवौ ।
वासुदेवश्च वार्ष्णेयो यस्य नाथो व्यवस्थितः ॥ ६-१०८-३१.

વ્યવસ્થિત=સાર્વભૌમ કુશળ.

तस्यैष मन्युप्रभवो धार्तराष्ट्रस्य दुर्मतेः ।
तपोदग्धशरीरस्य कोपो दहति भारतान् ॥ ६-१०८-३२.

બીજા શિખંડી સિવાય કોઈ હિંમત ભીડી શકતું નહોતું[૩૪] ('ભીષ્મપર્વ' અ. ૧૧૧, ૧૧૨). ભીષ્મના રૌદ્ર પરાક્રમને નીરખીને દેવકીપુત્ર મધુસૂદને અર્જુનને પ્રીતિપૂર્વક સલાહ આપી: 'આ શાંતનુપુત્ર ભીષ્મ બંને સેનાની વચ્ચે ઊભા છે. એમને બલાત્કારે મારી નાખ્યા વિના તારો વિજય થવાનો નથી. એ જ્યાં જ્યાં આપણી સેનામાં ભંગાણ પાડે ત્યાં ત્યાં એમને તાકાતથી રોક. સમર્થ! તારા સિવાય બીજો કોઈ ભીષ્મનાં બાણો સામે ટકવાની હિંમત ભીડે એમ નથી.' (૬-૧૧૩-૩૨, ૩૩). શ્રીકૃષ્ણની પ્રેરણાથી અર્જુને તત્ક્ષણ ભારે ધસારો કરીને, પોતાની સેનાને રક્ષણ આપ્યું અને શિખંડીને આગળ રાખીને ભીષ્મ ઉપર મારો ચલાવ્યો (૬-૧૧૩-૩૪ થી ૪૯). ભીષ્મના બખ્તરને તોડી નાખીને મર્મસ્થાનોમાં ઘાયલ કરી નાખ્યા, પણ ભીષ્મ કંઈ બહુ ગભરાયા નહિ. એમણે તો વળતું આક્રમણ કરીને યુગાન્તસમયના અગ્નિની જેમ પાંડવસેનાનો સંહાર કરવા માંડ્યો. દ્રુપદ તથા સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નની હરોળોને ઉલ્લંઘીને પાંડવોનાં સૈન્યોમાં ઘૂસી ગયા. બંને પક્ષના સાત-સાત મહારથીઓનું (તેમની સેનાઓ સહિત સંકુલ યુદ્ધ જામ્યું[૩૫], અને પછી તો (પાંડવોને નહિ મારું એવી પ્રતિજ્ઞા કરનાર) ભીષ્મે ક્રોધમાં આવી જઈને અર્જુન ઉપર 'પર્વતોને પણ ચીરી નાખે એવી' શક્તિને ફેંકી. પણ અર્જુને તો પાંચ બાણોથી એના ટુકડા કરી નાખ્યા. એટલે ભીષ્મ ક્રોધથી (અસ્વસ્થ થઈને સ્વગત વિચારવા લાગ્યા: **'જો મહાબલી વિષ્વક્સેન (=જે સર્વત્ર પ્રભાવશાળી છે તે શ્રીકૃષ્ણ) આમના સંરક્ષક ન હોય તો** હું એક જ ધનુષ્યથી બધા પાંડવોને મારી નાખી શકું![૩૬] પણ હવે બે કારણથી હું પાંડવો સામે નહિ લડું: (૧) પાંડવો અવધ્ય છે (કારણ શ્રીકૃષ્ણ એમના

---

૩૪ ઘણા માનવશ્રેષ્ઠોને યુદ્ધમાં મારી નાખ્યા પછી ભીષ્મને આ ઘોર હિંસાથી કંટાળો આવ્યો. એમણે લડાઈમાં પાસે જ આવી ગયેલા ધર્મરાજને કહ્યું: 'સવ શાસ્ત્રવિશારદ યુધિષ્ઠિર! મારાં ધર્મ્ય અને સ્વર્ગ અપાવનારાં વચન સાંભળ. મને આ શરીર ઉપર નિર્વેદ આવી ગયો છે. અસંખ્ય પ્રાણીઓનો યુદ્ધમાં સંહાર કરતાં કરતાં મારો ઘણો સમય વીતી ગયો છે. માટે જો તું મારું પ્રિય ઇચ્છતો હોય તો, અર્જુનને, પાંચાલોને અને સૃંજયોને મોખરે રાખીને તું મારો વધ કરવા માટે પ્રયત્ન કર.' (૬-૧૧૧-૮ થી ૧૫).

૩૫ કૌરવોના સાત મહારથી: દ્રોણ, કૃતવર્મા, જયદ્રથ, ભૂરિશ્રવા, શલ, શલ્ય, ભગદત્ત (૬-૧૧૪-૧૪, ૧૫). પાંડવોના સાત મહારથી: સાત્યકિ, ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, દ્રુપદ, રાક્ષસ ઘટોત્કચ, અભિમન્યુ (૬-૧૧૪-૨૦, ૨૧).

ભીષ્મ અને અર્જુન-શિખંડી આ ચૌદ મહારથીઓ ઉપરાંત.

૩૬ शक्तोऽहं धनुषैकेन निहन्तुं सर्वपाण्डवान् ।
**यद्येषां न भवेद् गोप्ता विष्वक्सेनो महाबलः ॥**

પ્રભાવશાળી પરમાત્મા જેના રક્ષક છે, તેને ભીષ્મ જેવા આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી તાલીમબદ્ધ વીરો પણ ન હરાવી શકે. 'રામ રાખે તેને કોણ ચાખે?'

હિંસક યુદ્ધમાં ભીષ્મ જેવા પ્રેમાળ દાદા પણ ભાન ભૂલી તથા પ્રતિજ્ઞા તોડીને પણ પૌત્રોને મારવા ઉદ્યુક્ત થાય છે. એમની પ્રતિજ્ઞા ન તૂટી, કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોનું રક્ષણ કરતા હતા. ભીષ્મ ન જીત્યા તેમાં પણ ભગવાનનો તેમના ઉપરનો આ અનુગ્રહ હતો (એમની શુભપ્રતિજ્ઞા કમને પણ અખંડિત રહી તે).

ગોપ્સા છે). (૨) (એમના મોખરે રહીને લડતા) શિખંડીનો સ્ત્રીભાવ. મને પૂર્વે કાલી (સત્યવતી) સાથેના લગ્નપ્રસંગે પિતાએ સ્વચ્છન્દ મૃત્યુનું તથા સંગ્રામમાં અવધ્યત્વનું વરદાન આપ્યું હતું. એટલે મને લાગે છે કે આ જ મારા મૃત્યુનો સમય છે.' અને એમણે મૃત્યુને ભેટવાનો નિર્ણય કરી લીધો (૬-૧૧૪-૩૦ થી ૩૩, ૩૪ થી ૩૯).

આમ મૃત્યુને આવકારવાનો નિર્ણય કર્યા પછી અર્જુન એમના ઉપર બખ્તરને ભેદી નાખે એવાં તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવતા હતા છતાં પણ ભીષ્મ લડતાં અટકી જતા હતા.[૩૭] અને મોખરે રહેલો શિખંડી એમના ઉપર મારો ચલાવતો હતો તેને તો જેમ ધરતીકંપ થતાં પર્વત અડોલ રહે એમ અડોલ રહીને ભીષ્મ ગણકારતા નહોતા; પરંતુ અર્જુનના મારાથી ખૂબ વીંધાઈ ગયા ત્યારે મહાધનુર્ધર ભીષ્મ પિતામહ (પાસે રહીને લડતા) દુઃશાસનને કહેવા લાગ્યા: 'આ ક્રોધાયમાન પાંડવ મહારથી અર્જુન મને અસંખ્ય બાણોથી વીંધે છે. એને સમરભૂમિમાં સ્વયં વજ્રધારી ઇન્દ્ર કે દેવ-દાનવ-રાક્ષસો પણ સંગઠિત આક્રમણ કરીને ય જીતી શકે નહિ. એવી જ રીતે મને ય કોઈ પણ જીતી શકે નહિ. તો આ માયકાંગલા (सुदुर्बलाः) મનુષ્યોનું તો શું ગજું છે? (૬-૧૧૪-૪૦ થી ૫૨). આવી રીતે એ બંને વાતો કરતા હતા ત્યાં તો શિખંડીને આગળ રાખીને અર્જુને ભીષ્મને પુનઃ વીંધી નાખ્યા. ત્યારે (અર્જુન તરફની પ્રીતિથી તથા પરાક્રમથી) ચકિત થતાં મલકીને પિતામહ ફરીથી દુઃશાસનને કહેવા લાગ્યા: 'ઇન્દ્રના વજ્ર જેવા સ્પર્શવાળાં, તીક્ષ્ણ ધારદાર અને અવિચ્છિન્નપણે મને વીંધતાં આ બાણ શિખંડીનાં નથી. **नेमे बाणाः शिखण्डिनः।** ! દૃઢ કવચને તોડીને મર્મોને ભેદતાં, મુસળની પેઠે મને ખાંડી નાખતાં આ બાણ શિખંડીનાં નથી! બ્રહ્મદંડ (કોઈ મજબૂત હથિયારનો નિર્દેશ છે) જેવા સ્પર્શવાળાં, વજ્રના વેગ જેવાં દુરાસદ અને મારા પ્રાણોને પીડી નાખતાં આ બાણ શિખંડીનાં નથી! લબકારા મારતા ક્રુદ્ધ ઝેરી સર્પ જેવાં, મારા મર્મોમાં પેસી જતાં આ બાણ શિખંડીનાં નથી! યમરાજે મોકલેલા યમદૂતની જેમ મારા પ્રાણોનો (જાણે કે) નાશ કરતાં અને ગદા તથા પરિઘની જેમ કૂચો કરી નાખતાં આ બાણ શિખંડીનાં નથી! મહા મહિનામાં ગાયોનાં ગાત્રોને ચીરી નાખતાં (ઠંડા હિમ શિયાળાની) જેમ મારાં ગાત્રોને ચીરી નાખતાં **આ બાણ અર્જુનનાં છે, શિખંડીનાં નથી**[૩૮] (૬-૧૧૪-૫૩ થી ૬૧). એમ બોલતાં બોલતાં ભીષ્મ અર્જુનના ઉપર

૩૭ ૬-૧૧૪-૪૦, ૪૯. આ બન્ને સંદર્ભોથી એમ લાગે છે કે, ભીષ્મ અર્જુન સામે લડતા અને વળી પાછા અટકી જતા. સદંતર અટકી નહોતા જતા. મૂળ સંસ્કૃત સંદર્ભ: ततः शांतनवो भीष्मो बीभत्सुं नाभ्यवर्तत ॥ ૪૦કખ. પછી ભીષ્મ કેવી રીતે અર્જુનનો મુકાબલો કરતા હતા તેનું વર્ણન છે અને પછી ૪૯ગઘમાં અક્ષરશઃ આ શ્લોકાર્ધ ફરી આવે છે.

३८ कृन्तन्ति मम गात्राणि माघमासे गवामिव ।
अर्जुनस्य इमे बाणा नेमे बाणाः शिखण्डिनः ॥ ६-११४-६०.

લડાઈમાં હથિયારોની પીડાને શિયાળાની ચીરી નાખતી તીવ્ર ટાઢની ઉપમા મહાભારતમાં બીજાં સ્થળોએ પણ મળે છે. જેમ કે:

(१) यथा हि शैशिरः कालो गवां मर्माणि कृन्तति । ६-११३-७. (२) संप्रावेपन्त कुरवो गावः शीतार्दिता इव । ६-११६-२६. (३) प्राकम्पन्त रणे योधा गावः शीतार्दिता इव । ७-७-१७. (४) बभ्रमुस्तत्र तत्रैव गावः शीतार्दिता इव । ७-१३४-२५. (५) शिशिरे कम्पमाना वै कृशा गाव इवाभिहो । ७-१३०-६.

ધસી ગયા અને મુહૂર્તભર (૧ મુહૂર્ત = ૪૮ મિનિટ) તો ગંગા–સાગરના સંગમસ્થળે જેવી ભયંકર ઘૂમરી પડે છે એવી, યુદ્ધ કરતાં સૈન્યોની ઘૂમરી પડી. રણભૂમિ લોહીથી તરબોળ બની ગઈ. ભીષ્મ અત્યંત વીંધાઈ ગયા. એમના શરીર ઉપર એક આંગળ જેટલી જગ્યા પણ વીંધાયા વિનાની ન રહી. એમ બાણોથી છિન્નભિન્ન થઈને, સૂર્ય અસ્ત પામવાની તૈયારી હતી (किंचिच्छेषे दिनकरे) એ અરસામાં પૂર્વ તરફના મસ્તક સાથે ભીષ્મ રથ ઉપરથી ઊથલી પડ્યા. શરીર બાણોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું એટલે ઢળી પડ્યા છતાં એમનું શરીર ધરતીને અડયું નહિ અને (અક્ષરશઃ) શરશૈય્યા ઉપર સૂતા (૬-૧૧૪-૬૨ થી ૮૫). રથમાંથી ઢળ્યા પછી એમનામાં દિવ્ય ભાવ આવ્યો. સાવધાન થયા. અન્તરિક્ષ વાણી સાંભળી. માનસસરના હંસરૂપધારી ઋષિઓની વાણી સાંભળી. પિતાએ આપેલ સ્વચ્છન્દમૃત્યુનું વરદાન યાદ કર્યું અને બોલ્યા: '...પ્રાણ-ત્યાગ ઉપર મારો કાબૂ છે. એટલે ઉત્તરાયણમાં મૃત્યુ થાય એમ ધારણા રાખીને હું પ્રાણ ટકાવી રાખીશ. એ પછી મારા પુરાતન સ્થાને જઈશ.' (૬-૧૧૪-૮૫ થી ૧૦૦)

ભીષ્મનું પતન થતાં પાંડવો આનંદથી ગર્જવા અને વાજાં વગાડવા લાગ્યા. કૌરવોમાં ગભરાટ ફેલાયો. દુર્યોધન વગેરે વિષાદગ્રસ્ત થઈને નિસાસા મૂકી મૂકીને રડવા લાગ્યા...જ્યારે ધીમાન પરાક્રમી ભીષ્મ મહોપનિષદ્ અને યોગમાં ચિત્ત લગાડીને (ૐકાર મન્ત્રનો) જપ કરતા કરતા (ઉત્તરાયણ થાય ત્યાં સુધી) મૃત્યુની રાહ જોવા લાગ્યા.[૩૯] (૬-૧૧૪-૧૦૧ થી ૧૧૨)

---

૩૯ (૧) ઉત્તરાયણમાં પ્રાણત્યાગ કરવાના નિર્ણયમાં કવિનો શ્લેષ છે. (૧) સ્થૂળ રીતે સૂર્યની ગતિ ઉત્તરમાં થાય ત્યારે. (૨) યુદ્ધના આયાસથી વિક્ષિપ્ત મન મન્યુમય વૃત્તિઓમાંથી દૂર ખસીને 'સત્ય, ક્ષમા, સંયમ અને અલોભરૂપી' દેવયાન માર્ગમાં સ્થિર થાય ત્યારે.

દેવયાન–પિતૃયાન પથ તથા ઉત્તરાયણ–દક્ષિણાયન પથમાં પ્રાણત્યાગ કરવા અંગેના ગીતા ૮–૨૪, ૨૫ના વિવરણ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૫૧ થી ૫૩.

(૨) महोपनिषदं चैव योगमास्थाय वीर्यवान् ।
जपञ्शांतनवो धीमान्कालाकाङ्क्षी स्थितोऽभवत् ॥ ૬-૧૧૪-૧૧૨.

'મહોપનિષદ્' એટલે નારાયણનું, અર્થાત્ વિષ્ણુ શ્રીકૃષ્ણનું તત્ત્વતઃ દર્શન કરાવનારું પાઞ્ચરાત્ર શાસ્ત્ર. (ભીષ્મ એના આચાર્ય હતા અને એમને નસીબે શ્રીકૃષ્ણની સામે ઝૂઝવાનું લખેલું હતું!) જુઓ,

इदं महोपनिषदं चतुर्वेदसमन्वितम् ।
सांख्ययोगकृतं तेन पञ्चरात्रानुशब्दितम् ॥ ૧૨-૩૨૬-૧૦૦.
नारायणमुखोद्गीतं नारदोऽश्रावयत्पुनः । ૧૦૧ કખ.

'નારાયણે શ્રીમુખે ઉપદેશેલ આ **મહોપનિષદ્માં** ચારે વેદ અને સાંખ્ય-યોગનો સમાવેશ કરેલો છે, તેથી પઞ્ચરાત્ર કહેવાય છે. નારદે તેને પુનઃ સંભળાવ્યું....'

(૩) મૃત્યુકાળે પ્રણવમાં (પ્ર–નવમાં), સદા નવીન બ્રહ્મમાં સ્થિતિ માટે સર૦ સ્થિત-પ્રજ્ઞલક્ષણનો છેલ્લો શ્લોક: 'પાર્થ! આ બ્રાહ્મી સ્થિતિ છે—(ઈશ્વરમય સ્થિતિ છે). એને પામ્યા પછી તે ગફલતમાં પડતો નથી, અને અન્તકાળે પણ આ જ સ્થિતિ હોય તો તે બ્રહ્મનિર્વાણ પામે છે (પરમાત્મામાં મળી જાય છે).' ૬–૨૪–૭૨ (ગીતા ૨–૭૨).

દેવવ્રત (બ્રહ્મચર્યવ્રતધારી) ભીષ્મનું પતન થતાં યુદ્ધ બંધ પડયું. કૌરવો અને પાંડવો એમને વીંટળાઈ વળ્યા. પગે લાગીને ઊભા રહ્યા. ભીષ્મે એમનું સ્વાગત કર્યું અને પોતે શરશય્યા ઉપર સૂતા હોઈ તેને યોગ્ય ઉપધાન (ઓશિકું) માગ્યું. રાજાઓ કોમળ ઓશિકાં લાવ્યા. એટલે એમણે કંઈક મલકીને 'આ ઓશિકાં વીરશય્યાને અયોગ્ય છે' કહી અસ્વીકાર કર્યો અને અર્જુનને યોગ્ય ઓશિકું મૂકવા આજ્ઞા કરી. અર્જુને ત્રણ તીક્ષ્ણ બાણોથી એમના મસ્તકને ઊંચું લીધું. (૬-૧૧૫-૧ થી ૪૬)

પછી ભીષ્મને પ્રણામ કરી પાંડવો પોતાની છાવણીએ આવ્યા અને આનંદથી આરામ કરવા માંડયા. એ વખતે શ્રીકૃષ્ણે ધર્મપુત્ર યુધિષ્ઠિરને અભિનન્દન આપ્યાં : 'કૌરવ્ય ! સદ્ભાગ્યે ભીષ્મને પાડીને તમે જીત્યા છો. એ સત્યપ્રતિજ્ઞ સર્વશસ્ત્રાસ્ત્રવિશારદ મહારથી મનુષ્યોથી અવધ્ય હતા તે સાથે દેવોથી ય અવધ્ય હતા, પણ માત્ર દૃષ્ટિ કરવાથી જ બાળી મૂકનાર તમારી ઘોર દૃષ્ટિ સન્મુખ આવતાં જ એ ભસ્મ થઈ ગયા છે.' (૬-૧૧૫-૪૭ થી ૬૨)

જનાર્દનના અભિનન્દનનો પ્રત્યુત્તર આપતાં નમ્ર ધર્મરાજ બોલ્યા : 'તમારા પ્રસાદથી વિજય અને ક્રોધથી પરાજય થાય છે. ભક્તોને અભયદાતા એવા કૃષ્ણ ! તમે જ અમારું શરણ છો. કેશવ ! જેમના (શરણ) તમે છો એમનો જય થાય એમાં કંઈ આશ્ચર્યજનક નથી. તમે અમને સદા ય સમરાંગણમાં રક્ષો છો અને સદા ય અમારા હિતમાં તત્પર છો, એટલે સંપૂર્ણપણે તમારું શરણ લેવાથી (ભીષ્મ જેવા અવધ્ય મહારથી ઉપર) વિજય મળે એમાં કંઈ આશ્ચર્ય નથી, એમ હું માનું છું !'[૪૦] (૬-૧૧૫-૬૩, ૬૪)

એટલે શ્રીકૃષ્ણ સ્મિત કરીને બોલ્યા : 'પાર્થિવોત્તમ ! તમારા જેવા પુરુષ જ આવું યથાયોગ્ય (નમ્ર) વચન બોલે. त्वय्येव तद्युक्तरूपं वचनं पार्थिवोत्तम ॥' (૬-૧૧૫-૬૫)

બીજે દિવસે પ્રભાતમાં (૧૧મા દિવસે) પાંડવ-કૌરવો પિતામહને વન્દન કરવા આવ્યા. શસ્ત્રાસ્ત્રોના ઘા અને શરીરમાં ખૂંપેલાં બાણોની વેદનાની અસહ્ય બળતરને ધૈર્યથી સહન કરતા ભીષ્મે પાણી માગ્યું. ક્ષત્રિયો વિવિધ પ્રકારની ભોજનની વાનગીઓ અને શીતલ જળકુમ્ભો લાવ્યા ! દિવ્યભાવમાં પ્રવેશેલા ભીષ્મે આ માનુષી ભોગો નકારીને આગલા દિવસની જેમ અર્જુનને પ્રીતિથી બોલાવી પાણી માગ્યું. અર્જુને પર્જન્યાસ્ત્રનો પ્રયોગ કરી, બાણથી જમીનને વીંધીને નિર્મળ, શીતલ જળધારાથી કુરુશ્રેષ્ઠ ભીષ્મને તૃપ્ત કર્યા.[૪૧] અર્જુનનું આ અતિમાનુષ કર્મ જોઈને કૌરવો ટાઢમાં થરથરતી ગાયોની જેમ ધ્રૂજી ઊઠયા. ભીષ્મ જાણે અર્જુનનું બહુમાન કરતા હોય એમ બોલ્યા : 'મહાબાહો ! તું આવું કર્મ કરે એમાં કંઈ આશ્ચર્ય નથી. નારદે તને

---

૪૦ तव प्रसादाद्विजयः क्रोधात्तव पराजयः ।
त्वं हि नः शरणं कृष्ण भक्तानामभयंकरः ॥ ૬-૧૧૫-૬૩.
अनाश्चर्यो जयस्तेषां येषां त्वमसि केशव ।
रक्षिता समरे नित्यं नित्यं चापि हिते रतः ।
सर्वथा त्वां समासाद्य नाश्चर्यमिति मे मतिः ॥ ૬-૧૧૫-૬૪.

૪૧ ૬-૧૧૬-૨૨ થી ૨૫.

અમાપ તેજવાળા પૂર્વર્ષિ (= નર) તરીકે વર્ણવ્યો છે. જે કર્મ કરવાની દેવોની મદદ લઈને દેવેન્દ્ર પણ હામ ભીડી શકે નહિ, તેવું મહાન કર્મ તું **વાસુદેવની સહાયથી** કરીશ...તું જગતના ધનુર્ધરોમાં એક્કો છે, જગતના મનુષ્યોમાં શ્રેષ્ઠ છે...મેં, વિદુરે, દ્રોણે, (જામદગ્ન્ય) રામે, જનાર્દને અને સંજયે દુર્યોધનને વારંવાર ઘણુંયે કહ્યું, પરન્તુ વિપરીત બુદ્ધિવાળા તથા ભાન ભૂલેલાની જેમ એણે મારાં (અને બીજા કોઈનાં) વચનોને માન્યાં નહિ...' (૬-૧૧૬-૧ થી ૩૫). પછી દુર્યોધનને હજુ પણ સંધિ કરી લેવા સમજાવ્યો : 'રાજન્ ! હજુ સમજ. મન્યુ (ઈર્ષા) મૂકી દે. અર્જુને અમૃત જેવી સુગન્ધવાળી શીતલ જળધારા ઉત્પન્ન કરી તે જોઈ ને? આવું પરાક્રમ કરનાર જગતમાં બીજો કોઈ નથી. સર્વ દેવોનાં સર્વ દિવ્યાસ્ત્રોનું જ્ઞાન જગતમાં કેવળ ધનંજય અને દેવકીપુત્ર શ્રીકૃષ્ણને છે. બીજા કોઈને ય નથી. માટે બાપુ ! જ્યાં સુધી મહાબાહુ શ્રીકૃષ્ણ (અહીં મળેલી આ) કૌરવોની સભામાં સ્વાધીન છે (અને અર્જુનના સારથિ તરીકે રથ ઉપર તેના આજ્ઞાવર્તી થઈને બેઠા નથી) ત્યાં સુધીમાં અર્જુન જોડે સુલેહ કરી લે. પાંડવોને અર્ધું રાજ્ય સોંપી દે. મારા અવસાનની સાથે (યુદ્ધનું પણ અવસાન થાઓ અને) પ્રજાઓમાં તથા રાજાઓમાં પણ શાન્તિ થાઓ...ઇ.' (૬-૧૧૬-૩૬ થી ૫૧)

ત્યારપછી સૌ રાજાઓ પોતપોતાના તંબૂમાં ગયા. એટલે પુરુષશ્રેષ્ઠ રાધેય કર્ણ, ડરતાં ડરતાં ઉતાવળે ભીષ્મ પાસે આવ્યો. દર્ભશય્યા ઉપર સૂતેલા કાર્તિકેયની જેમ[૪૨] શરશય્યા ઉપર સૂતેલા ભીષ્મને જોયા. ગદ્ગદ કંઠે એમના ચરણમાં પડ્યો, બોલ્યો : 'કુરુશ્રેષ્ઠ ! હંમેશાં તમારી આંખ આગળ રહેનારો, નિર્દોષ હોવા છતાં તમારો દુશ્મન એવો હું રાધેય.' (૬-૧૧૭-૧ થી ૫)

ભીષ્મે ધીમે ધીમે આંખો ઉઘાડી. ચોકીદારોને દૂર કાઢ્યા. એક હાથથી પિતા જેમ પુત્રને ભેટે એમ ભેટ્યા અને સ્નેહથી એને એનો જન્મવૃત્તાંત કહ્યો. આ વાત પોતે, નારદ, કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ અને શ્રીકૃષ્ણ પાસેથી પણ પોતે જાણેલી : તેથી એ રાધેય નહિ પણ કૌન્તેય હતો તે સમજાવ્યું. પરાક્રમમાં એ અર્જુન અને શ્રીકૃષ્ણની તોલે આવે એવો છે વગેરે કહીને સહોદર ભાઈ એ પાંડવો સાથે સુલેહ કરવા અને પોતાના મૃત્યુ સાથે વૈરને સમાપ્ત કરવા સમજાવ્યો.

---

'આદિપર્વ'માં ભીષ્મપતન અંગેની ધૃતરાષ્ટ્રની ઉક્તિઓ જુઓ : (૧) ભીષ્મે અસંખ્ય મહારથીઓ સંહાર્યા, પણ તેમાં કોઈ પાંડવ હણાયો નહિ, તેથી સંજય ! મને જયની આશા રહી નહિ. ૧-૧-૧૨૫. (૨) અત્યંત શૂરવીર ભીષ્મને, અર્જુને શિખંડીને મોખરે રાખીને હણ્યા તેથી સંજય !... ૧-૧-૧૨૬. (૩) ભીષ્મ બાણપથારી ઉપર પોઢ્યા તેથી સંજય !...૧-૧-૧૨૭. (૪) (શરશય્યા ઉપર) પોઢેલા ભીષ્મે અર્જુન પાસે પાણી માગ્યું અને અર્જુને ભૂમિ ભેદીને એમને તૃપ્ત કર્યા. તેથી સંજય !...૧-૧-૧૨૮.

૪૨ स ददर्श महात्मानं शरतल्पगतं तदा ।
जन्मशय्यागतं देवं कार्त्तिकेयमिव प्रभुम् ॥ ६-११७-३.

કાર્ત્તિકેયનો શરસ્તમ્બ (દર્ભના ઝુંબડા) ઉપર જન્મ થયેલો. તેથી એમની જન્મશય્યા તે શરશય્યા. કાર્ત્તિકેયજન્મની કથા જુઓ મ. ભા. 'શલ્યપર્વ' અ. ૪૩.

કાર્ત્તિકેયના જન્મની કથાનાં અનેક રૂપાંતર મ.ભા.માં મળે છે. બ્રહ્માંડ અને વાયુપુરાણમાં પણ એમની જન્મકથા છે.

કર્ણ પોતે કુન્તીપુત્ર છે અને વૈર ન કરવું જોઈએ એ વાત સાથે સંમત થયો, પરંતુ દુર્યોધનનું દીધેલું ઐશ્વર્ય ભોગવ્યું હોઈ પોતે દુર્યોધનને માટે સર્વસ્વ ઓવારી નાખ્યાનો નિર્ણય કર્યો છે એમ જણાવી કંઈક **અસહાયપણે** તથા ગર્વિષ્ઠ મનોવૃત્તિ યુક્ત નમ્રતાથી ઉમેર્યું : 'મેં પાંડવોને સદા કોપાવ્યા છે અને જે અવશ્યભાવિ છે તેને હું અટકાવી શકું એમ નથી. દૈવને પુરુષાર્થથી દૂર કરવાની હામ કોણ ભીડી શકે?...હું બરાબર જાણું છું કે પાંડવો અને વાસુદેવ અન્ય પુરુષોથી જિતાય એમ નથી; છતાં હું એમને જીતવાનો ઉમંગ રાખું છું. માટે પિતાજી! મને યુદ્ધ કરવાની અનુજ્ઞા આપો. ક્રોધ અથવા ચપળતાને લીધે હું આપને જે કંઈ અ-શબ્દો બોલ્યો હોઉં કે અવળું આચરણ કર્યું હોય તેની માફી માગું છું![43] (૬-૧૧૭-૬ થી ૨૮)

ભીષ્મે જોયું કે આવું સુ-દારુણ વૈર છોડયું છૂટે એમ નથી. એમણે કર્ણને **નમ્રપણે યુદ્ધ કરવાની** આજ્ઞા આપી : 'કર્ણ! હું તને અનુમતિ આપું છું. સ્વર્ગની કામનાથી યુદ્ધ કર. મન્યુરહિત (દુર્ગુણમાત્રથી રહિત) થઈને, આડાઈ છોડીને, તારી શક્તિ અને ઉમંગ મુજબ, સજ્જનોનું સચ્ચારિત્ર્ય પાળીને, તારા રાજાનું (યુદ્ધ—)કર્મ કર. તું જે ઇચ્છે છે તે (સ્વર્ગ) તને મળો એવી મારી શુભેચ્છા છે. તને નિઃસંશય ક્ષાત્રધર્મ મુજબ જીતેલા લોકો મળશે જ. બલ અને પરાક્રમનો આધાર લઈને (અસૂયા અને અભિમાનનો નહિ) નિરહંકારીપણે યુદ્ધ કર. કારણ કે ક્ષત્રિયને માટે યુદ્ધથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ નથી. મેં તો બહુ લાંબા કાળ સુધી સુલેહ-શાન્તિ માટે મહેનત કરી પણ કરી શકયો નહિ. બાકી જ્યાં ધર્મ છે ત્યાં જય છે. यतो धर्मस्ततो जयः ।'[44] (૬-૧૧૭-૨૯ થી ૩૩)

---

૪૩ (૧) 'દ્રોણપર્વ' અ. ૨, ૩માં કર્ણ-ભીષ્મમિલનનું વિસ્તૃત આલેખન કરતું બીજું બયાન છે. એમાં શ્રીકૃષ્ણ અંગે આ પ્રમાણે નિર્દેશ છેઃ કર્ણ કૌરવોના મહારથીઓને કહે છે : 'પાંડવોના દળમાં યમ જેવા નકુલ-સહદેવ, સાત્યકિ તેમ જ દેવકીપુત્ર શ્રીકૃષ્ણ છે. કોઈ કાયર તો એ દળની સામે એક વાર પણ જાય તો, એ કાળના મુખમાંથી પાછો આવે નહિ.' (૭-૨-૧૭). પછી પોતાના સારથિને કહે છે : 'જેમાં...વાસુદેવ, સાત્યકિ અને સૃઞ્જયો છે તે લશ્કરને (મારા વિના બીજા) રાજાઓ જીતી શકે એમ નથી' (૭-૨-૩૧). પિતામહ ભીષ્મ સાથે વાત કરતાં કર્ણે કહ્યું: 'અર્જુન નિઃસંશય ભડકે બળતા અગ્નિ જેવો છે અને શ્રીકૃષ્ણ (ફૂંકાતા) પવન જેવા છે, એમાં કંઈ શંકા નથી. ભારત! પાઞ્ચજન્ય શંખના નિર્ઘોષ અને ગાંડીવના ટંકારને સાંભળીને (આપણાં) બધાં સૈન્યો ત્રાસી જશે.' (૭-૩-૧૭, ૧૮).

૪૪ (૧) अनुजानामि कर्ण त्वां युध्यस्व स्वर्गकाम्यया ॥ ૬-૧૧૭-૨૯ગઘ.

विमन्युर्गतसंरम्भः कुरु कर्म नृपस्य हि ।
यथाशक्ति यथोत्साहं सतां वृत्तेषु वृत्तवान् ॥ ૬-૧૧૭-૩૦.

अहं त्वामनुजानामि यदिच्छसि तदाप्नुहि ।
क्षत्रधर्मजिताँल्लोकान्संप्राप्स्यसि न संशयः ॥ ૬-૧૧૭-૩૧.

युध्यस्व निरहंकारो बलवीर्यव्यपाश्रयः ।
धर्मो हि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ ૬-૧૧૭-૩૨.

ભીષ્મને પ્રણામ કરી કર્ણ દુર્યોધન પાસે ગયો ( ૬-૧૧૭-૩૪ ).

*　　　　　*　　　　　*

ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રના સમગ્ર યુદ્ધ દરમિયાન પાંડવોના મન્ત્રી ( અંતરંગ સલાહકાર ) રહ્યા છે, પરંતુ આ વિભાગમાં તેમનું મન્ત્રી તરીકેનું રૂપ વિશેષ આગળ તરી આવે છે અને કાર્યકુશળ મન્ત્રી તરીકે, યુદ્ધ કરવા વડીલોની અનુમતિ લેવા જતા મૌનધારી ધર્મરાજાનો અભિપ્રાય તેઓ તુરત જ કળી ગયા. આ હકીકત ભીષ્મના ધ્યાનમાં હતી જ, તેથી યુધિષ્ઠિરને આશિષ આપતાં એમણે કહ્યું : ' રાજન્ ! અવશ્ય તારો જ વિજય થશે. કેમ કે હરિ તારા ( યુદ્ધ- )મન્ત્રી છે. '

આ મન્ત્રીનો મન્ત્ર છે : અસૂયા વિના ( ન્યાય માટે ) યુદ્ધ કરવું, ( પ્રજાનું ) રક્ષણ કરવું અને ( કર્મફલાસક્તિ ત્યાગીને થતાં કર્મોરૂપી ) યજ્ઞ કરવો ( ૬-૧૦૩-૯૬ગદ્ય ). એમના સાર્વભૌમ વ્યક્તિત્વમાં આ મન્ત્ર તેના ઉદાત્ત અને સર્વવ્યાપી રહસ્યોથી ભળી ગયો હતો. એટલે ભીષ્મના આક્રમણથી પીડાઈને હતપ્રભ અને વિષાદગ્રસ્ત થયેલા ધર્મરાજાને તથા પુત્ર ઈરાવાનના મૃત્યુથી અને પ્રિય દાદા ભીષ્મ ઉપર આક્રમણ કરવાના કઠોર કર્તવ્યથી શોકમાં પડી ગયેલા મિત્ર અર્જુનને એ ' ક્ષત્રિયોનો સનાતન ધર્મ ' સફળપણે સમજાવી કર્તવ્યપથ ઉપર પુનઃ સ્થિર કરે છે. ભગવદ્‌ગીતામાં ગવાયેલા સનાતન નિયમોનું અહીં આ મન્ત્રદ્વારા મર્યાદિત રૂપમાં અનુશીલન કરવાનો કઠોર દેખાતો છતાં પુષ્પ કરતાં ય સુકોમળ ' ધર્મસંસ્થાપન 'નો સ્ફૂર્તિલો જીવનમન્ત્ર કાર્યાન્વિત થયેલો નજરે પડે છે. આ મન્ત્ર વ્યાપક બનતાં : યુદ્ધની સાથે સુલેહ, આસુરી વૃત્તિઓ સામેના આંતરિક સંઘર્ષની સાથે આત્મપ્રસાદ, પ્રજારક્ષણની સાથે પ્રજાની સમૃદ્ધ ઉન્નતિ, વિશાળ પ્રજાઓના સમૂહ સમી દૈવી વૃત્તિઓના સંરક્ષણની સાથે એ વૃત્તિઓનું વિશ્વવ્યાપી ઊર્ધ્વીકરણ, પરસ્પરને સંતોષ આપતા જાગતિક ઐક્ય અને સમન્વય સાધતા અસૂયા વિનાના ઋજુ કર્મો-

---

युध्यस्व निरहंकारः । સાથે સર૰ युध्यध्वमनहंकाराः °૬-૨૧-૧૧ તથા ' ભીષ્મપર્વ ' અ. ૨૧નો આખો સંદર્ભ, ' ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ ', નોંધ ૧૧ વગેરે; ૬-૧૧૭-૩૧, ૩૨ સાથે સર° ગીતા ૨-૩૧, ૩૨; તેમાં ગીતા ૨-૩૧ગદ્ય જુઓ

धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥

( ૨ ) ' ભીષ્મપર્વ 'ના આ વૃત્તાંતમાં અને ' દ્રોણપર્વ ' અ. ૪ના વૃત્તાંતમાં ભીષ્મ કર્ણના પરાક્રમનું યથાયોગ્ય મૂલ્યાંકન કરી તેને બિરદાવે છે. તેના ઉપર ટીકાકાર પં. નીલકંઠ લખે છે : ' તું સર્વ યોદ્ધાઓમાં અતિરથી છે; પણ તને જો વધુ પડતું માન આપું તો તું પાંડવોને વધુ પીડીશ, એવું મનમાં નિર્ણીત કરીને મેં તને ( અગાઉ ) અર્ધરથીની તુલનામાં મૂક્યો હતો. ' એવો ભીષ્મના વક્તવ્યનો આશય છે.

( ૩ ) કર્ણને યુદ્ધની આજ્ઞા આપતાં સજ્જનસંગતિ માટેનું ભીષ્મનું સુંદર વચન જુઓ :

यौनात्संबन्धकाल्लोके विशिष्टं संगतं सताम् ।
सद्भिः सह नरश्रेष्ठ प्रवदन्ति मनीषिणः ॥ ૭-૪-૧૧.

' નરશ્રેષ્ઠ ! જગતમાં લોહીના સંબંધ કરતાં સજ્જનોની સજ્જનો સાથેની સંગતિ ( સત્સંગ ) ઉત્તમ છે એમ મનીષીઓ કહે છે '.

રૂપી યજ્ઞોની સાથે તેમાંથી કમલપત્ર ઉપરના જલબિન્દુ જેવી નિવૃત્તિ, નિરંતર હરિસ્મરણરૂપી આંતરિક જપયજ્ઞની સાથે એ 'પુરુષોત્તમ'નું અનુદર્શન કરતાં કરતાં સર્વના હિત માટે દીધેલ આત્મબલિદાનરૂપી સર્વોત્તમ યજ્ઞનું જાજ્વલ્યમાન સ્વરૂપ ધારણ કરે છે.[૪૫] કેવળ ક્ષત્રિય વર્ણ નહિ પરંતુ મનુષ્યમાત્રમાં રહેલ અધ્યયન (બ્રાહ્મણ), રક્ષણ (ક્ષત્રિય) અર્જન-પોષણ (વૈશ્ય) અને સેવા (શૂદ્ર) વૃત્તિઓનો સમન્વય કરીને તેને 'નારાયણ' (જીવમાત્રના અધિષ્ઠાન)નો સાક્ષાત્કાર કરવાના પન્થે દોરી જાય છે.

શ્રીકૃષ્ણ પાંડવોના અનન્ય મિત્ર હતા. કારણ કે બન્નેના અર્થ (હેતુ) સમાન છેઃ ધર્મસંસ્થાપન અને સર્વનું કલ્યાણ. અન્યાય, અત્યાચારનું ઉન્મૂલન. એ કોઈ સ્વાર્થી મૈત્રી નથી પણ સમાન સદ્‌હેતુઓને લીધે થયેલી હૃદયની એકતા છે. આ કારણથી ચાબૂક લઈ પોતાને મારવા ધસી આવતા શ્રીકૃષ્ણને મહામના ભીષ્મે આવકાર્યા હતા અને ધર્મરાજને વિજયનો આશીર્વાદ આપેલો. શ્રીકૃષ્ણે મહાભારતના યુદ્ધમાં (સામાન્ય સંયોગોમાં) નિઃશસ્ત્ર રહેવાનું જાહેર કરેલું. તેથી અર્જુન સ્વજનપ્રેમથી મુઝાઈને મૃદુયુદ્ધ કરીને, સ્થિરબુદ્ધિ ખોઈને કર્તવ્યકર્મથી ભ્રષ્ટ થતા હતા, ત્યારે કરેલા કરાર મુજબ, અર્જુનને તારવા (કર્તવ્યનિષ્ઠ બનાવવા) નિર્ભય શ્રીકૃષ્ણ મોટું જોખમ ઉઠાવીને એ ભયાનક રણભૂમિ ઉપર કેવળ ચાબૂક લઈને દોડચા હતા, અને એમ અર્જુનને ચાનક ચઢાવી હતી,[૪૬] અને જો અર્જુન ન જ લડવાના હોય તો તેમની

---

૪૫ સર°

देवेभ्यः कमवृणीत मृत्युं प्रजायै कममृतं नावृणीत ।
बृहस्पतिं यज्ञमकृण्वत ऋषिं प्रियां यमस्तन्वं प्रारिरेचीत् ॥

'ઋગ્વેદ' ૧૦-૧૩-૪ = ફે. 'અથર્વવેદ' ૧૮-૩-૪૧.

યમે દેવો(ના કલ્યાણ) માટે શું સ્વીકાર્યું ? મૃત્યુ. પ્રજાઓ માટે યમે શું ન સ્વીકાર્યું ? અમરપણું. બૃહસ્પતિને યજ્ઞના ઋષિ બનાવ્યા અને (દેવો તથા પ્રજાના હિત અર્થે) પોતાનું પ્રિય શરીર પણ છોડયું. (આત્મબલિદાન આપ્યું.)

દેવો તથા પ્રજાના કલ્યાણ માટે દેહને સમર્પી દેનાર યમ 'મરણધર્મી મનુષ્યોમાં (લોકકલ્યાણાર્થે) પ્રથમ મૃત્યુ પામનાર હતા.' ('અથર્વવેદ' ૧૮-૩-૧૩; જુઓ 'ઋગ્વેદ' ૧૦-૧૪-૨.) સંભવતઃ આ કારણે યમને મૃત્યુના દેવ તરીકે ગણવામાં આવ્યા હશે. 'કઠોપનિષદ્'માં નચિકેતાને શ્રેયસ્‌ના માર્ગે દોરનાર આ યમ જગતકલ્યાણકારી હોય જ એમાં શંકા નથી. શ્રીકૃષ્ણે વેદોનો આ વિશ્વહિતકારી પ્રાચીન યજ્ઞધર્મ નવેસરથી લોકોને શીખવ્યો.

પ્રથમ મૃત્યુ પામનાર યમ એ દરરોજ અસ્ત પામતા સૂર્યનું અથવા દર મહિને અમાસના દિવસે સંપૂર્ણ અસ્ત થતા ચંદ્રનું રૂપક હોઈ શકે એવી ડૉ. વિન્ટર્નિટ્ઝની કલ્પના છે (History of Indian Literature, Vol. I, p. 78). જો એમ હોય તો વૈદિક ઋષિઓએ જગતહિતાર્થે જાત ઘસી નાખતાં દેખાતાં દિવ્ય તત્ત્વોનાં આવાં દર્શનથી યજ્ઞરહસ્ય ખોલ્યું હશે.

૪૬ (૧) સામાન્યતઃ શ્રીકૃષ્ણ ક્રોધે ભરાતા નથી, અને ક્રોધે ભરાય તો તેને સંયમમાં રાખે છે. જ્યારે પાંડવોને વનમાં પહેલી વખત મળવા ગયા ત્યારે શ્રીકૃષ્ણ પ્રથમ વખત જ ખૂબ ક્રોધે ભરાયા હતા (૩-૧૩-૭, ૮). અહીં ભીષ્મ ઉપર ધસતાં પણ શ્રીકૃષ્ણ અત્યંત ક્રોધે ભરાયા છે (૬-૧૦૨-૫૦ થી ૭૦). હિંસક યુદ્ધની આ બલિહારીછે કે જેમાં ભીષ્મ જેવા મહાવ્રતી તો વિપરીત રીતે વર્તી ક્રોધાતુર બને, સાથે

સંમતિથી પોતે સશસ્ત્ર મુકાબલો કરીને ભીષ્મને પાડી દેવાની તૈયારી બતાવી હતીઃ જો કે ખરેખર તો અર્જુન, કે જે અંતઃકરણથી ઇચ્છતા હતા કે શ્રીકૃષ્ણ ઉપર કોઈ માણસ કંઈ આળ ન ચઢાવી જાય, તેમને બરાબર નિષ્ઠાવાન બનાવવા માટે શ્રીકૃષ્ણે કરેલી પ્રબળ આક્રમક પ્રેરણા હતી, અને છેવટે જ્યારે શિખંડીને મોખરે રાખી ભીષ્મ ઉપર મરણાન્તિક આક્રમણ કરવાનું નક્કી થયું ત્યારે અર્જુન દાદાજી ઉપરના પ્યારને કારણે ઢીલા પડી ગયા. એ વખતે મન્ત્રી શ્રીકૃષ્ણની પ્રેરણાથી અર્જુન સનાતન ક્ષાત્રધર્મમાં સ્થિર થયા, કર્ત્તવ્યનિષ્ઠ બન્યા અને ભીષ્મ જેવા અજેય મહારથીને શરશય્યા ઉપર પોઢાડ્યા.

* * *

'તાત (યુધિષ્ઠિર)! અમારા બંનેનો (કૃષ્ણ-અર્જુનનો) પરસ્પર કરાર છે કે અમારે એકબીજાને તારવા. માટે રાજેન્દ્ર! તમે મને હુકમ કરો એટલે હું આપનો રક્ષક બનીશ. પણ પૂર્વે અર્જુને ઉપપ્લવ્યમાં ઉલૂકની આગળ જાહેરાત કરી હતી કે 'હું ગાંગેય ભીષ્મનો વધ કરીશ.' એટલે મારે ધીમાન પાર્થના એ બોલનું પૂરેપૂરું રક્ષણ કરવું જોઈએ. પણ જો અર્જુન જ મને આ કાર્ય કરવા અનુજ્ઞા આપતો હોય તો હું એ કાર્ય નિઃસંશય કરીશ. જો કે ખરેખર તો યુદ્ધનો આ ભાર અર્જુને જ ઉઠાવવાનો છે. સંગ્રામમાં એ પરપુરંજય ભીષ્મને મારશે જ. અર્જુન બરાબર આક્રમણ કરે તો અશક્ય કાર્યો ય પાર પાડે...' (૬-૧૦૩-૩૩ થી).

સ્થૂળ યુદ્ધક્ષેત્રની જેમ આંતરિક યુદ્ધક્ષેત્રના મન્ત્રી શ્રીકૃષ્ણ પણ પ્રબુદ્ધ થવા મથતા જીવ (નર) સાથે પરસ્પરને તારવાનો કરાર કરે છે. પોતે નમ્રતાના મહાસાગર હોઈ, નરને ઊંચે ઉઠાવવા એ જીવની કક્ષાએ નીચે ઊતરે છે, અવતરે છે. એની પ્રતિજ્ઞાનું પાલન કરાવે છે. એ પ્રતિજ્ઞા ન પાળી શકતો હોય તો, પોતે જો કે સાક્ષીભૂત છે, છતાં એનું કાર્ય કરી આપવાની તત્પરતા દાખવે છે. એ સાથે જ આ સંગ્રામનો બોજ ખરેખર તો નરે જ ઉઠાવવાનો છે, અને એમાં એ અશક્ય કાર્યો પાર પાડી (ભૌતિક ક્ષેત્રમાં અજેય ભીષ્મની જેમ) અજેય કામને પણ હણી શકવાના સામર્થ્યવાળો છે એવું ભાન કરાવે છે. કર્ત્તવ્યનિષ્ઠ બનાવે છે અને અજેય શત્રુનો નાશ કરાવે છે. [સર° जहि भीष्मं महाबाहो। ૬-૧૦૩-૯૪ક; સાથે ગીતા ૩-૪૩ગ—जहि शत्रुं महाबाहो।]

---

શ્રીકૃષ્ણ જેવા સ્થિતપ્રજ્ઞ પણ ક્વચિત્ સમતા ખોઈ બેસે છે. કવિ આમ હિંસાની ન્યૂનતા બતાવી પરોક્ષ રીતે શુદ્ધ અહિંસાનો પુરસ્કાર કરે છે. અહિંસક યુદ્ધમાં પણ ક્વચિત્ ગાંધીજી જેવા નરશ્રેષ્ઠ પણ સમતા ખોતા. તે છતાં એ યુદ્ધમાં પરિપૂર્ણ સમતા સાચવવી શક્ય છે તેવી એમને શ્રદ્ધા હતી. આ લેખકને પણ શ્રદ્ધા છે. ઘોર હિંસક યુદ્ધમાં પ્યાર, વિષાદ, કર્ત્તવ્યનિષ્ઠા તથા કર્તવ્યભ્રષ્ટતાની નાજુક માનવીય લાગણીઓની પ્રચંડ ભરતી-ઓટ થાય છે તેનું વેદવ્યાસે સમર્થ શૈલીથી યથાતથ નિદર્શન કરાવ્યું છે.

(૨) અહિંસક મહાસંગ્રામની ચરમ સીમા ઉપર આસુરી તત્ત્વો સાથે લડતાં ગાંધીજીએ જરાક સમતા ખોઈ, જરાક ગુસ્સે થયેલા અને તેનો ભારે પસ્તાવો કર્યો. તે પ્રસંગ નોઆખાલીની એમની વિશ્રુત યાત્રા દરમિયાનનો છે. ગાંધીજીએ મનુબેનની ડાયરીમાં સહી કરતાં આ પ્રમાણે નોંધ કરી છે: '**આલૂનિયા** ૧૮-૨-૪૭. આજે મારું મન ઊકળ્યું. આવી મારી અનાસક્તિ રહી છે. મને મારી ઉપર અણગમો ઊપજ્યો. અહિંસાની કદાચ ખરી પરીક્ષા થવાની. એ પણ વિચારવાજોગ લાગે છે. ઈશ્વરની મહાન કૃપા છે કે મને નભાવી લે છે. તું સો ટકા જાગ્રત થા.—બાપુ.' (આખા પ્રસંગ માટે જુઓ 'એકલો જાને રે', મનુબેન ગાંધી, ૧૯૫૬, પૃ. ૧૪૪ થી ૧૪૮.)

પ્રહ્વ (નમ્ર) અને પુરુષાર્થી નર નરોત્તમ છે—**પૃથિવ્યાં પ્રવરો નૃષુ ।** નમ્ર એટલા માટે કે તે જાણે છે કે વાસુદેવની સહાય વિના 'હું' કંઈ કરી શકતો નથી. પુરુષાર્થી એટલા માટે કે શ્રીકૃષ્ણ સાક્ષીભૂત છે. તે તો કંઈ કરતા નથી. સંગ્રામનો ભાર એમની સહાય નીચે નરે ઉઠાવવાનો છે.

શ્રીકૃષ્ણનો મંત્ર નરોત્તમને સર્જે છે.

* * *

# પરિશિષ્ટ ૧

## શ્રીકૃષ્ણ ચક્ર લઈને ભીષ્મ ઉપર ધસી ગયાની કથા

(જુઓ સંદર્ભ ૬-૫૫-૩૪ થી ૧૦૩ અને નોંધ ૧૦; ૬-૧૦૨-૨૪ થી ૭૮ અને નોંધ ૧૭ થી ૨૧)

### પ્રસંગની વિગત :

ભીષ્મના હલ્લાથી પાંડવસેના ચારે બાજુથી ભાગવા માંડી. ભીષ્મના ભયંકર આક્રમણ સામે અર્જુન મોળું મોળું લડતા હતા. શ્રીકૃષ્ણથી આ સહન ન થયું. એ સુદર્શન ચક્ર લઈને રથમાંથી કૂદી પડ્યા. ભીષ્મ ઉપર ધસ્યા. લોકગુરુ શ્રીકૃષ્ણને ધસી આવતા જોઈને ભીષ્મે એમને પોતાને મારી નાખવા વિનંતી કરી, સ્તુતિ કરી. પણ અર્જુને શ્રીકૃષ્ણને જેમ તેમ કરીને રોકી પાડ્યા. પુત્રો અને ભાઈઓના સોગન ખાઈને કૌરવો સામે દારુણ યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા લીધી. અને શ્રીકૃષ્ણ ફરી રથ ઉપર બેઠા. (૬-૫૫-૩૪ થી ૧૦૩)

આ વસ્તુ અશક્ય જેવી છે. શ્રીકૃષ્ણ સારથિ હતા. તેમના હાથમાં પ્રતોદ (ચાબૂક) હોય, ચક્ર નહિ. એક વિશિષ્ટ અતિરથી ક્ષત્રિય વીર તરીકે, પોતાના મુખ્ય આયુધને તેઓ સાથે રાખતા હોય એમ બની શકે. પરન્તુ તેનો મહાયુદ્ધમાં ઉપયોગ કરી શકાય તે રીતે સુસજ્જ નહિ રાખતા હોય. આ કારણે મહાભારતના યુદ્ધ દરમિયાન જ્યારે એમને લાગ્યું કે, બીજા દિવસના ભીષણ રણસંગ્રામમાં કદાચ ચક્ર વગેરે આયુધોની જરૂર પડશે, ત્યારે શ્રીકૃષ્ણ મધ્યરાત્રિએ ઊઠ્યા અને સારથિ દારુકને પોતાના ગરુડધ્વજ રથને સાવધાનીથી યથાશાસ્ત્ર સજ્જ કરવા કહીને તેમાં કૌમોદકી ગદા, શક્તિ, **ચક્ર,** ધનુષ્ય-બાણ વગેરે મૂકીને તૈયાર ખડા રહેવા આજ્ઞા કરેલી અને સ્પષ્ટ હુકમ કરેલો કે (કટોકટીની ઘડી આવતાં) પાઞ્ચજન્યનો ઋષભ સ્વરથી પરિપૂર્ણ (ચોક્કસ પ્રકારનો આક્રમણનો સંકેત કરતો) નિર્ઘોષ સાંભળે ત્યારે ત્વરાથી શ્રીકૃષ્ણ પાસે પહોંચી જવું.[૪૭] (૭-૫૬-૧૭ થી ૩૯)

---

૪૭ સર૦ ભગદત્તે અર્જુન ઉપર સર્વઘાતી વૈષ્ણવાસ્ત્ર છોડયું. તેને શ્રીકૃષ્ણે અર્જુનની ઢાલ બનીને છાતી ઉપર ઝીલી લીધું. ત્યારે ખિન્ન થઈને અર્જુને એમને ઠપકો આપેલ કે, 'તમે માત્ર અશ્વોના સારથિ થવાની પ્રતિજ્ઞા પાળતા નથી. હું આફતમાં સપડાયો હોઉં કે સામનો કરવા અશક્ત થયો હોઉં તો આમ કરો તે યોગ્ય છે...ઇ.' શ્રીકૃષ્ણે તેનો અર્થવાળો પ્રત્યુત્તર પણ આપેલો. ૭-૨૯-૧૬ થી, ૨૨ થી. એ વસ્તુ બતાવે છે કે શ્રીકૃષ્ણ આમ ચક્ર લઈને ધસી જાય એ અશક્ય છે.

ભાં. ઓ. ઇ.ની મ. ભા.ની વાચનાના 'ભીષ્મપર્વ'ના વિદ્વાન સંપાદક ડૉ. બેલ્વેલકર પણ આ કથાને ક્ષેપક અર્થાત્ પાછળથી ઉમેરાયેલી માને છે, પરન્તુ તે પ્રમાણમાં જૂનું ઉમેરણ હોઈ સમીક્ષિત વાચનાના ચાલુ ધોરણોની સમીક્ષા મુજબ તેને વાચનામાં લેવું પડ્યું છે. તેને ક્ષેપક પૂરવાર કરવા માટે ઉચ્ચતર સમીક્ષાની શુષ્ક ચર્ચામાં ઊતરવું પડતું હોઈ હાલના તબક્કે એ ડહાપણભર્યું નથી એમ જણાવ્યું છે : '...But the discussion is likely to lift us into somewhat giddy heights of Higher Criticism, which the present edition has very wisely decided to keep at an arm's length—at any rate until the edition according to the present plans is completed.'

('ભીષ્મપર્વ,' પ્રસ્તાવના, પૃ. cxxvii)

ડૉ. બેલ્વેલકરે એમના 'Mahābhārata Text—Transmission Problem No. 3,' Annals of B. O. R. I. for 1945, પૃ. ૧૦૬-૧૧૯માં આ વિષયની ચર્ચાવિચારણા કરી છે.

અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણે યુદ્ધમાં પાંડવો તરફથી (સામાન્ય સંયોગોમાં) હથિયાર નહિ ઉપાડવાનું સ્પષ્ટીકરણ કરેલું તેનો ભંગ કર્યાનો આક્ષેપ કરવામાં આવે છે તે તથ્યરહિત છે. 'સભાપર્વ,' ક્ષેપક ૫૩૫, ૫૪૩માંની દ્રૌપદીની પ્રાર્થનાની જેમ આ પ્રસંગ સ્વતંત્ર રીતે રત્ન છે. પણ એનાં અણઘડ વાર્તિક અને અર્થસ્પષ્ટીકરણે હિન્દુ સમાજનાં પ્રમત્ત તત્ત્વોની નબળાઈ વધારવામાં ખૂબ ફાળો આપ્યો છે.

ભક્તિમાર્ગની એ માન્યતા છે કે ભગવાન ભક્તોની કોઈ પણ આશા પૂરે છે. તેના અનુસંધાનમાં પાછળથી એક એવી માન્યતા વિકસેલી જણાય છે કે, શ્રીકૃષ્ણે હથિયાર ન પકડવાની પ્રતિજ્ઞા લીધેલી તે તોડાવવાની ભીષ્મે પ્રતિજ્ઞા લીધેલી ! અને તેને પૂર્ણ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે હાથમાં સુદર્શન ચક્ર લઈને ભીષ્મ ઉપર આક્રમણ કર્યું. અર્થાત્ ભક્તની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પોતાની પ્રતિજ્ઞા તોડી ! આ હેતુનું પ્રતિપાદન કરવા માટે (૬-૫૫-૩૪ થી ૧૦૩) મહાભારતમાં ઉમેરાયેલ જણાય છે. આ સાથે ક્ષેપક ૨૦૫ જુઓ :

ततः प्रतिज्ञां समवाप्य भीष्मः
कृताञ्जलिः स्तुत्यमथाकरोद्वै ।
त्रैविक्रमे यस्य वपुर्बभासे
तथैव दृष्ट्वा तु समुज्ज्वलन्तम् ॥

ત્યારબાદ ભીષ્મે (શ્રીકૃષ્ણને ચક્ર ધારણ કરાવવાની) પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને (બલિને પાતાળમાં ચાંપતાં) ત્રણ પગલાં ભર્યાં ત્યારે એમનું રૂપ જેવું પ્રકાશતું હતું તેવું સમુજ્જ્વલ રૂપ જોઈને, હાથ જોડીને સ્તુતિ કરી.

('ભીષ્મપર્વ,' પૃ. ૭૮૯ ઉપરની સમીક્ષિત નોંધ પણ જુઓ.)

શ્રીમદ્ભાગવતમાં પ્રસ્તુત પ્રસંગનો ભીષ્મના મુખથી આ પ્રમાણે નિર્દેશ કરેલો છે;

स्वनिगममपहाय मत्प्रतिज्ञा—
मृतमधिकमवप्लुतो रथस्थः ।
धृतरथचरणोऽभ्ययाच्चलद्गु—
र्हरिरिव हन्तुमिमं गतोत्तरीयः ॥ 'ભાગવત' ૧-૯-૩૭.

'(આપને શસ્ત્ર લેવડાવવાની) મારી પ્રતિજ્ઞાને પૂરી કરવા માટે પોતાની (શસ્ત્ર ધારણ નહિ કરવાની) પ્રતિજ્ઞાને પડતી મૂકીને, રથમાંથી કૂદીને, હાથમાં રથનું ચક્ર ધારણ કરીને, ઉત્તરીય ફેંકી દઈને, સિંહની જેમ પૃથ્વીને કંપાવતા મારા ઉપર ધસી આવ્યા...તે મુકુંદ (મુક્તિદાતા) ભગવાન મારી ગતિ હજો. स भवतु मे भगवान् गतिर्मुकुन्दः ॥ 'ભાગવત' ૧-૯-૩૮.

*		*		*

# પરિશિષ્ટ ૨

## વિશ્વોપાખ્યાન

(શ્રીકૃષ્ણનું નારાયણ તરીકેનું માહાત્મ્ય, સંદર્ભ ૬-૬૧-૩૦ થી અ. ૬૪).

ભીષ્મ દુર્યોધનને કહે છે: 'ગન્ધમાદન પર્વત ઉપર દેવો અને ઋષિઓ બ્રહ્માજીની ઉપાસના કરતા હતા તેવામાં બ્રહ્માએ આકાશમાં તેજથી ઝળહળતું વિમાન જોયું. બ્રહ્માએ ધ્યાનથી પ્રતીતિ પ્રાપ્ત કરીને એ પરમ પરમેશ્વરને નમસ્કાર કર્યા, અને પછી બ્રહ્મવિદાં વર, પરમ ધર્મવેત્તા, જગતના સર્જક બ્રહ્માજી એમને શરણે જઈને સ્તુતિ કરવા લાગ્યા. વાસુદેવ, મહાદેવ, લોકહિતેરત, યોગપરાવર, આત્મજ, અસંખ્યેયગુણાજેય (અસંખ્ય ગુણોને લીધે અજેય), નિરામય, મહોરગ વગેરે અનેક નામોથી અને બીજી રીતે સ્તુતિ કરી. તેમને ધર્મના સંસ્થાપન, દૈત્યોના વધ એને જગતના રક્ષણ માટે યાદવવંશમાં અવતરવા વીનવ્યા. એ પરમેશ્વરે જ પોતાના આત્માથી સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધને ઉત્પન્ન કર્યા છે, કૃષ્ણરૂપે પોતે જ પોતાને સર્જે છે, વગેરે વચનોથી સ્તવન કર્યું. પાઞ્ચરાત્ર સંપ્રદાયનો આ ચતુર્વ્યૂહ સિદ્ધાંત મહાભારતમાં અહીં પ્રથમ વખત દેખાય છે.) ૬-૬૧-૩૦ થી ૭૦.

ભગવાને બ્રહ્માજીની (આ માનસિક) ઇચ્છા જાણીને સ્વીકારી. અન્તર્ધાન થયા. પછી દેવ-ઋષિ-ગન્ધર્વોના પૂછવાથી બ્રહ્માએ એમને સમજ પાડી કે જેને પરમપદ બ્રહ્મ કહે છે તે, એ ભૂતાત્મા પ્રભુ હતા. તમે જે (કામ-ક્રોધ-લોભરૂપી) દૈત્ય, દાનવ, રાક્ષસોને સંગ્રામમાં મારી નાખ્યા હતા તેઓ મનુષ્યજાતિમાં જન્મ્યા છે. તેમના વધ માટે એ વશી (૧. જિતેન્દ્રિય, ૨. સૌને વશ કરનાર) ભગવાન નરની સાથે મનુષ્ય તરીકે પૃથ્વી ઉપર વિચરશે. સૌ દેવો એકત્ર થઈને પણ એ બન્ને સાવધાન ઋષિઓને સંગ્રામમાં જીતી શકે નહિ. મૂઢ લોકો એ નરનારાયણ ઋષિઓને ઓળખતા નથી. જગત્પતિ એવો હું બ્રહ્મા એમનો આત્મજ (પુત્ર) છું. એ સર્વ લોકના મહેશ્વર વાસુદેવને તમારે પૂજવા જોઈએ. એમને મનુષ્ય માનીને કદી પણ અવગણવા નહિ. એ જ પરમ ગુહ્ય, પરમ પદ, પરમ બ્રહ્મ, પરમ યશ, અક્ષર, અવ્યક્ત, શાશ્વત મહત્

છે...એ જ પરમ તેજ, પરમ સુખ અને પરમ સત્ય છે. માટે આ રીતે તત્ત્વાર્થને જાણીને એ વાસુદેવને સર્વ લોકોએ નમસ્કાર કરવા જોઈએ.' એમ કહીને બ્રહ્મા પોતાના ભવને સિધાવ્યા. ( ૬-૬૨-૧ થી ૨૪ )

ભીષ્મે આ વૃત્તાંત ઋષિઓના સંમેલનમાં તથા જામદગ્ન્ય રામ, માર્કણ્ડેય, વ્યાસ અને નારદ પાસેથી પણ સાંભળ્યું હતું. એમણે આગળ ચાલતાં દુર્યોધનને કહ્યું : 'મેં તથા મુનિઓએ તને વાર્યો હતો કે વાસુદેવ સામે યુદ્ધે ન ચડ. પણ તેં માન્યું જ નહિ, તેથી હું ધારું છું કે તું અંધકારમાં અથડાતો ક્રૂર રાક્ષસ છે...બાકી બીજો કોણ નર-નારાયણનો દ્વેષ કરે ? તેથી હું કહું છું કે રાજન્ ! તમસ્ અને રાગ વિનાના, એ સત્ત્વમય શ્રીકૃષ્ણ જ્યાં છે ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે.[૪૮] એમના માહાત્મ્યયોગથી અને આત્મયોગથી પાંડવોનું ધારણ (= રક્ષણ. સર૦ ગોવર્ધનધારણ એટલે ગોવર્ધનનું રક્ષણ) થાય છે, અને વિજય પણ એમનો જ થશે...સ્વકર્મવડે ચારે વર્ણના સુશીલ જનો એમની સેવાપૂજા કરે છે.[૪૯] દ્વાપરયુગના અંતે અને કલિયુગના પ્રારંભમાં સંકર્ષણે એમની સાત્વત વિધિ અનુસાર સ્તુતિ કરી છે. તે એ જ ભગવાન સર્વ અસુર, મર્ત્યલોક અને સમુદ્રરૂપી મેખલાથી વીંટાયેલી ( સ્વચ્છ અંતઃકરણોરૂપી દ્વારકા ) પુરીઓ અને ( એમાં પોતાના ) માનુષી વાસને પુનઃ પુનઃ સર્જે છે ( વારંવાર અવતાર લે છે ).' ( ૬-૬૨-૨૫ થી ૪૦ )

ભીષ્મના આ વક્તવ્ય પછી દુર્યોધને વાસુદેવપૂજાના આગમ અને પ્રતિષ્ઠા વિશે પ્રશ્ન કર્યો. ભીષ્મે માર્કણ્ડેયનો આધાર ટાંકી સંક્ષેપમાં ( પાઞ્ચરાત્ર ) આગમ કહ્યું અને છેલ્લે સમારોપ કર્યોઃ 'ભારત ! યુધિષ્ઠિર ( વાસુદેવની આ અર્ચનવિધિને ) યથાતથ અને પૂરા હૃદયથી જાણી ગયો છે અને એ ( સર્વ ) યોગોના ઈશ્વર, મહાત્મા કેશવ જગદીશ્વર પ્રભુને શરણે ગયો છે.'[૫૦] ( 'ભીષ્મપર્વ' અ. ૬૩ )

---

૪૮ राजन्सत्त्वमयो ह्येष तमोरागविवर्जितः ।
यतः कृष्णस्ततो धर्मो यतो धर्मस्ततो जयः ॥ ૬-૬૨-૩૪.

૪૯ ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैः शूद्रैश्च कृतलक्षणैः ।
सेव्यतेऽभ्यर्च्यते चैव नित्ययुक्तैः स्वकर्मभिः ॥ ૬-૬૨-૩૮.

સર૦ ગીતા

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥
૬-૪૦-૪૫ ( ગીતા ૧૮-૪૫ ).

૫૦ ( ૧ ) ૬-૬૩-૨માં માર્કણ્ડેયનો આધાર છે. તે સાથે ક્ષેપક ૨૬૬માં રામ જામદગ્ન્ય, નારદ, કૃષ્ણ દ્વૈપાયન, અસિતદેવલ અને વાલખિલ્યોના આધાર છે. 'શાન્તિપર્વ' ૨૦૦-૩, ૪માં ગોવિન્દની અતિ અદ્ભુત કથા કરનાર તરીકે લગભગ અક્ષરશઃ આ આધારો ટાંકેલા છે. એમાં વાલખિલ્યોને બદલે વાલ્મીકિનો નિર્દેશ છે. 'શાન્તિપર્વ'નો ૨૦૦મો અધ્યાય 'ભીષ્મપર્વ'ના અ. ૬૩ સાથે કેટલેક સ્થળે મળતો છે.

વળી આગળ ચાલતાં ભીષ્મે પાઞ્ચરાત્ર સંપ્રદાયના આચાર્યો, નારદ, માર્કણ્ડેય, ભૃગુ, દ્વૈપાયન, અંગિરા, અસિત-દેવલના મતો ટાંક્યા ( ૨૬૩માં સનત્કુમારનું નામ પણ છે. ) અને દુર્યોધનને કેશવ ઉપર પ્રેમ રાખવા પ્રેર્યો. ( ૬-૬૪-૧ થી ૧૦ )

ભીષ્મની વાત સાંભળીને દુર્યોધન કેશવ અને પાંડવોનું બહુમાન કરવા લાગ્યો ( ! ) ( ૬-૬૪-૧૧ ).

એ જોઈને ભીષ્મે ફરીને દુર્યોધનને નર-નારાયણ દેવોની અવજ્ઞા કરવાથી વિનાશ થશે માટે પાંડવો સાથે સુલેહ કરવા દબાણપૂર્વક કહ્યું ( ૬-૬૪-૧૨ થી ૧૮ ). પછી ભીષ્મ અને દુર્યોધન સ્વસ્થાને જઈને નિદ્રાધીન થયા.

---

( ૨ ) 'ભીષ્મપર્વ'ના ત્રેંસઠમા અધ્યાયમાં 'પુરુષસૂક્ત'ની અસર છે. તેમાંનો એક શ્લોક:

मुखतोऽसृजद्ब्राह्मणान्बाहुभ्यां क्षत्रियांस्तथा ।
वैश्यांश्चाप्यूरुतो राजञ्शूद्रान्पद्भ्यां तथैव च ।
तपसा नियतो देवो निधानं सर्वदेहिनाम् ॥ ६-६३-१५.

( જુઓ ૧૨-૨૦૦-૩૧, ૩૨ )

સર°

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

'ઋગ્વેદ' ૧૦-૯૦-૧૨; અથર્વવેદ ૧૯-૬-૬;
'વાજસનેયિસંહિતા' (યજુર્વેદ) ૩૧-૧૧.

# શ્રીકૃષ્ણની રાસલીલા : એક અધ્યયન*

જયન્ત ઠાકર

## પ્રાસ્તાવિક :

ભગવાન્ શ્રીકૃષ્ણની 'રાસલીલા' તો અતિપ્રસિદ્ધ હોઈ સર્વને સુવિદિત છે. તે મહાનુભાવના જીવનના એક અતિ મહત્ત્વના તથા અત્યન્ત રોચક પાર્શ્વને વ્યક્ત કરતી એ 'રાસલીલા'એ જ તેમને 'રાસેશ્વર' બનાવી દીધા છે. તેની તેમના જીવન સાથેની ઓતપ્રોતતા–તન્મયતા–એટલી ઉત્કટ છે કે શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં ભલે 'રાસલીલા'નું ચિત્ર આપણા માનસપટ પર દર વખતે ઉપસ્થિત ન થતું હોય, તથાપિ 'રાસલીલા' એ શબ્દના ઉચ્ચાર સાથે તો અનિવાર્ય રીતે "એક એક ગોપી વચ્ચે નાથને રે..." એવી રીતે ભક્તકવિ **દયારામે** આલેખેલ મનોરમ ચિત્રમાં વિહરી રહેલ તે અનુપમ 'રાસેશ્વર'નું સ્મરણ થયા વિના રહેતું નથી. હજારો વર્ષોથી ભારતીય જીવનને આનન્દોન્મેષ, પ્રેરણા તેમ જ ઉદ્બોધન પૂરાં પાડનાર આ વિશિષ્ટ પ્રકારની લીલાએ વિવિધ યુગના ભિન્ન ભિન્ન ભારતીય ભાષાઓના કવિઓની પ્રતિભાને ઉત્તેજી છે અને તેમની લેખિનીને ઉત્તમ પ્રકારનો ખોરાક પૂરો પાડી એ સર્વ ભાષાઓની સમૃદ્ધિમાં ઠીક ઠીક ફાળો આપ્યો છે.

એ 'રાસલીલા' છે શું ? સમાજજીવન પર કે વ્યક્તિ તેમ જ સમષ્ટિ બંનેના માનસ પર તે આટલી પકડ શા માટે જમાવી શકી છે ? આવા પ્રશ્નો સામાન્ય વિચારકની કુતૂહલબુદ્ધિમાં ઉદ્ભવે છે. સામાન્ય રીતે 'રાસેશ્વર' ભગવાન્ શ્રીકૃષ્ણની વ્રજની ગોપીઓ સાથેની નૃત્યગીત-વાદ્યપૂર્વકની સુલલિત શૃંગારવિલાસક્રીડા તરીકે તેને ઓળખાવવામાં આવે છે. પુરાણાદિ સાહિત્યમાંના તેના વર્ણનવિભ્રમને અનુલક્ષીને તેના વિષે થોડો વિમર્શ કરવાનો અહીં એક નમ્ર યત્ન કરવામાં આવ્યો છે.

## લીલા :

જગત્નાં સૃષ્ટિ, સ્થિતિ તથા લયના કારણભૂત ભગવાન્નું કેવળ આત્માનન્દ માટેનું સાહજિક ખેલન કે રમણ તેમની 'લીલા' તરીકે ઓળખાય છે. 'लियं लाति इति लीला' એમ સામાન્ય રીતે 'लीला' શબ્દને સમજાવી શકાય: 'જેનાથી દૂર જવાનું મન થાય જ નહિ', 'જેમાં તન્મય બની જવાય' અને 'જેમાં આલિંગન પ્રાપ્ત કરાય' એવા અર્થો આ વ્યુત્પત્તિ આપે છે. ઈશ્વરની આ 'લીલા' બે પ્રકારની હોઈ શકે—પ્રકટ તથા અપ્રકટ, વ્યક્ત તથા અવ્યક્ત. બાહ્ય તેમ જ આન્તર ઇન્દ્રિયોને અગમ્ય એવી અપ્રકટ કે અવ્યક્ત 'લીલા' તો, સ્વાભાવિક રીતે જ, અહીં અપ્રસ્તુત છે. 'રાસલીલા' એક પ્રધાન પ્રકટ–વ્યક્ત–લીલા છે.

---

* વડોદરાની સંસ્કૃત વિદ્વત્સભાના આશ્રયે તા. ૧૪–૧૦–૧૯૬૨ના રોજ શરત્પૂર્ણિમાની સાંજે સંસ્કૃતમાં અપાયેલા વ્યાખ્યાનનો કિંચિત્ વિસ્તાર.

## ‘રાસ’નો અર્થ :

આ ‘રાસ’ શબ્દની વ્યુત્પત્તિ વિષે કંઈક મતભેદ પ્રવર્તે છે. કોઈ પણ પ્રકારનો નાનો-મોટો શબ્દ કરવાના તથા ગાવાના અર્થમાં સંસ્કૃતમાં પ્રથમગણના પરસ્મૈપદી ધાતુ ‘रस्’નો પ્રયોગ થાય છે. વૈદિક સાહિત્યમાં પ્રશંસા કરવાના અર્થમાં પણ તે પ્રયોજાયો છે. ‘રાસ’ની પ્રાથમિક ભૂમિકાથી જ તેમાં ઉદ્‌ગાન થતું હોવાથી આ ધાતુ તેના મૂળમાં હોઈ શકે. તે જ રીતે દશમા ગણના ઉભયપદી સકર્મક ધાતુ તરીકે ‘रस्’ ‘ગમવું’, ‘ઇન્દ્રિયો વડે અનુભવવું’ એવો અર્થ ધરાવે છે. સ્વાભાવિક રીતે જ, આ અર્થ પણ ‘रास’માં સમાયેલો છે. બીજી બાજુ, પ્રથમગણનો આત્મનેપદી ધાતુ ‘रास्’ સર્વ પ્રકારનો મોટો અવાજ કરવાના અર્થમાં વપરાય છે. આ ‘रस्’ તેમ જ ‘रास्’ ધાતુને ‘ભાવે’ અગર ‘અધિકરણે’ घञ् પ્રત્યય લગાડીને ‘रास’ શબ્દ સાધી શકાય. આ અર્થોની દૃષ્ટિએ તો ‘रस्’ અને ‘रास्’ બેઉ ધાતુઓને ‘रास’ શબ્દના મૂળ તરીકે લેખી શકાય. તદુપરાંત, ‘रस’ શબ્દ ‘પ્રેમ, પ્રેમોર્મિ; આનન્દ; સાર, સત્ત્વ, તત્ત્વ, અને સૌન્દર્ય’નો અર્થ દર્શાવે છે. પરમાત્મતત્ત્વને માટે પણ એ શબ્દ ઉપનિષદોમાં પ્રયોજાયો છે. આ અર્થો ‘रास’ શબ્દને ‘रस’માંથી ઉદ્‌ભવેલો ગણવા લલચાવે છે; પરંતુ સદ્‌ગત સાક્ષરશ્રી **ડોલરરાય માંકડ**નો મત એવો છે કે ‘रास’ શબ્દને √‘रस्’ કે ‘रस’માંથી નહિ પરન્તુ √‘रास्’માંથી જ વ્યુત્પન્ન થયેલો ગણવો જોઈએ, અને એ રીતે તે શબ્દને અત્યન્ત પ્રાથમિક અવસ્થાના—સંગીત તથા કલાત્મક હાવભાવના વાસ્તવિક વિકાસ પૂર્વેની અવસ્થાના—વન્ય પ્રકારના કહી શકાય તેવા નૃત્યનો નિદર્શક લેખવો જોઈએ.[૧] રાસક્રીડા વિષેના જે અતિપ્રાચીન ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તેમાંથી તે એક નિર્ઘોષયુક્ત શુદ્ધ લોકનૃત્ય તરીકે ઊપસી આવે છે એ દૃષ્ટિએ આ વિધાન બરાબર ગણાય. પરન્તુ √‘रास्’નો પ્રયોગ પ્રાયઃ ગર્દભના અવાજ માટે જ કરવામાં આવે છે અને તેમાંથી જ ‘ગર્દભ’નો પર્યાય ‘रासभ’ શબ્દ પણ વ્યુત્પન્ન થયેલો છે. આથી ‘रास’ શબ્દને √‘रास्’માંથી જ વ્યુત્પન્ન થયેલો માનવામાં ઔચિત્ય લાગતું નથી, વિશેષતઃ જ્યારે તેને શ્રીકૃષ્ણની જીવનલીલામાં સમાવવામાં આવે છે ત્યારે. વળી તેથી સ્થૂલતા-જડતા ઊભી થતી લાગે છે.

બીજી બાજુ ‘રાસલીલા’ જેમાં ઉત્કૃષ્ટ કોટિને પામી છે તે શ્રીમદ્**ભાગવત**મહાપુરાણના પ્રસિદ્ધ ટીકાકારોમાં પણ તેને ‘रस’ સાથે સંયોજવામાં ઐકમત્ય પ્રવર્તે છે.[૨] વળી શ્રુતિ પણ કહે છે કે:—

---

૧ વિશેષત : જુઓ તેમના અંગ્રેજી પુસ્તક ‘ધ ટાઈપ્સ ઑફ સંસ્કૃત ડ્રામા’નું પૃ. ૧૪૩ :

“Very often on account of similarity of sound, रास is connected with the word रस and is even derived from it. But this derivation is not scientific......रास is thus not to be derived from रस but from रास् a root which means to cry aloud, which may refer to the very primitive form of this dance When the proportion of artistic movements and music may not have been still realised and when it must have been practised as a wild dance.”

૨ ભાગવતપુરાણના દશમ સ્કન્ધના તેત્રીસમા અધ્યાયના બીજા શ્લોકમાં આવતા ‘रासक्रीडाम्’ શબ્દનો તથા ત્રીજા શ્લોકમાં આવતા ‘रासोत्सव’ શબ્દનો અર્થ સમજાવતાં ટીકાકારો ‘रास’ ને ‘रस’ સાથે જ સંયોજે છે. ઉ. ત. :

"रसो वै सः, रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति"[3]

—આ રસ–પરબ્રહ્મ–ની પ્રાપ્તિ અર્થે પ્રયોજાતી ચિદાનન્દરસમય વિશિષ્ટ ક્રીડા તે જ 'રાસ'. જે ક્રીડામાં એકનો એક 'રસ' અનેક 'રસ' રૂપ થઈને અનન્તાનન્ત 'રસ'નું

---

(क) શ્રી વલ્લભાચાર્ય :

"रसस्याभिव्यक्तिर्यस्मादिति रसप्रादुर्भावार्थमेव हि नृत्यं रासे। क्रीडा लीला। स्वस्य क्रीडायां मनसो रसस्योद्गमः नृत्ये। देहस्य कामस्तु भोक्तृनिष्ठ इति स्वप्राधान्यम्। समाजेनापि रस उत्पद्यत इत्येकवचनम्। तदा हीक्षुरसवद् भक्तिरसवद्वा कामरसोऽप्युत्पद्यते।"

—સુબોધિની, ૧૦. ૩૩. ૨.

વળી : "सर्वेषामेव गुणभावाद् रसप्राधान्याद् रासोत्सवः..."

—સુબોધિની, ૧૦. ૩૩. ૩.

(ख) શ્રી સનાતનગોસ્વામી :

"रासः परमरसकदम्बमय इति श्लेषार्थं स एवोत्सवः क्रीडा विशेषरूपः..."

—બૃહત્તોષિણી, ૧૦. ૩૩. ૨.

(ग) શ્રી વિશ્વનાથ ચક્રવર્તી :

"नृत्यगीतचुम्बनालिङ्गनादीनां रसानां समूहो रासस्तन्मयी या क्रीडा ताम्।"

—સારાર્થદર્શિની, ૧૦. ૩૩. ૨.

(घ) શ્રી રામનારાયણ :

"...रसानां समूहो वा रासः रससमूहानिर्भाविकां वा क्रीडां यद्वा रसशब्दाभिधेय-सर्वलोकसुखानां बिम्बभूततया तत्समूहात्मकः स्वयं कृष्ण एव रासः। रसो वै स इति श्रुत्या चोर एव चौर इतिवद् रस एव रासो वा स्वयं स्वस्वरूपात्मिकामेव क्रीडामारभत।"

—ભાવભાવવિભાવિકા, ૧૦. ૩૩. ૨.

વળી, "रासः परमरससमूहः स एवोत्सवः परमसुखरूपः।"

—ભાવભાવવિભાવિકા, ૧૦. ૩૩. ૩.

(च) ધનપતિસૂરિ :

"रसानां समूहो रासस्तस्य क्रीडेति तद्व्युत्पत्तिः। एतदर्थमेव...रसो वै स इति श्रुत्या रस आनन्दरूपः परमात्मा तदीयां तदाविर्भावकरीं क्रीडां श्रुतिप्रतिपाद्यतालक्षणां लीलामारभत।"

—ગૂઢાર્થદીપિકા, ૧૦. ૩૩. ૨.

(छ) જીવગોસ્વામી :

"रासः परमरसकदम्बमय इति यौगिकार्थः। स एवोत्सवः क्रीडाविशेषरूपः सुखमयः।"

—વૈષ્ણવતોષિણી, ૧૦. ૩૩. ૩.

(ज) કિશોરીપ્રસાદ વિદ્વાંસ્ :

"रासः प्राग्लक्षितः क्रीडाविशेषः यद्वा रसकदम्बमयः कश्चिद्विलक्षणो व्रजलीलाविशेषः यद्वा रसो मुख्यरसः शुद्धः प्रेमा स एव रासः तद्रूपो य उत्सवः।"

—વિશુદ્ધરસદીપિકા, ૧૦. ૩૩. ૩.

3 તૈત્તિરીય ઉપનિષદ્, ૨. ૭.

આસ્વાદન કરે છે, અર્થાત્ જેમાં એક 'રસ' 'રસ'સમૂહરૂપે પ્રકટ થઈને પોતે જ આસ્વાદ-આસ્વાદક-લીલા-ધામ-આલમ્બન-ઉદ્દીપન આદિ સ્વરૂપે ક્રીડન કરે છે, તેવી ક્રીડા તે જ 'રાસક્રીડા-રાસલીલા'.

શ્રી **માંકડ** 'रास'ને 'लास्य' નૃત્ય સાથે જોડે છે એટલું જ નહિ, પરન્તુ તે બન્નેમાં તેઓ અભેદ જુએ છે.[૪] સંસ્કૃતમાં 'र्' અને 'ल्'નો અભેદ હોઈ 'रास' કે 'लास' તથા 'लास्य' વચ્ચે અભેદ નિરૂપી શકાય. વળી 'રાસ'માં લાસ્યનૃત્ય જ છે, તે લાલિત્યસભર હોય છે. ટૂંકમાં, 'રાસ' એ એક અતિ રોચક પ્રકારનું લાસ્યનૃત્ય ગણી શકાય.

શ્રીમદ્**ભાગવત**મહાપુરાણના પ્રસિદ્ધ ટીકાકારો શ્રી **શ્રીધરસ્વામી**, શ્રી **રામનારાયણ**, શ્રી **શુકદેવ** અને શ્રી **વલ્લભાચાર્ય** 'રાસ'ને બહુ નર્તકીયુક્ત નૃત્યવિશેષ તરીકે ઓળખાવે છે; જ્યારે શ્રી **વિશ્વનાથ ચક્રવર્તી** તેને નૃત્ય, ગીત, ચુમ્બન, આલિંગન, આદિ રસોના સમૂહ તરીકે સમજાવે છે.[૫] શ્રી **સનાતનગોસ્વામી** 'रासोत्सव' શબ્દ સમજાવતાં એક સ્થળે 'रासः परमरसकदम्बमयो व्यापारविशेषः' એમ સંક્ષેપમાં જણાવે છે અને અન્યત્ર તેને પ્રેમરસના પરિપાકરૂપ વિલાસમય ક્રીડા કહે છે.[૬] **ભક્તિરસામૃતસિન્ધુ**માં શૃંગારરસને ઉજ્જ્વલ અને શ્રેષ્ઠ ગણ્યો છે, અને શ્રી **સનાતનગોસ્વામી** તેને જ 'परमरस' કહે છે.

---

૪ જુઓ તેમનું ઉપરનિર્દિષ્ટ પુસ્તક, પૃ. ૧૪૩-૪.

૫ શ્રી શ્રીધરસ્વામી :

"रासो नाम बहुनर्त्तकीयुक्तो नृत्यविशेषः ।"

—શ્રીમદ્ભાગવતભાવાર્થદીપિકા, ૧૦. ૩૩. ૨.

શ્રી રામનારાયણ :

"बहुनर्त्तकीनृत्यविशेषो रासः ।"

—શ્રીમદ્ભાગવતભાવભાવવિભાવિકા ૧૦. ૩૩. ૨.

શ્રી શુકદેવ :

"रासो नाम बहुनर्त्तकीयुक्तो नृत्यविशेषः ।
स एव हल्लीश इति युगान्तरे प्रसिद्धः ।"

—શ્રીમદ્ભાગવતસિદ્ધાન્તપ્રદીપ, ૧૦. ૩૩. ૨.

શ્રી વલ્લભાચાર્ય :

"बहुनर्त्तकीयुक्तो नृत्यविशेषो रासः ।"

—શ્રીમદ્ભાગવતસુબોધિની, ૧૦. ૩૩. ૨.

શ્રી વીરરાઘવાચાર્ય :

"रासो नामानेकनर्त्तकनर्त्तकीयुक्तो नृत्यविशेषः ।"

—શ્રીમદ્ભાગવતચન્દ્રચન્દ્રિકા, ૧૦. ૩૩. ૨.

૬ "रासः प्रेमरसपरिपाकविलासविशेषात्मकः क्रीडाविशेषः ।"

અને "रासः परमरसकदम्बमय इति श्लेषार्थः स एवोत्सवः क्रीडाविशेषरूपः ।"

—શ્રી સનાતનગોસ્વામીકૃત શ્રીમદ્ભાગવતબૃહત્તોષિણી, ૧૦. ૩૩. ૨.

'રાસ'નાં શાસ્ત્રીય લક્ષણો અનુસાર નટોએ જેમને ગળે હાથ દીધો છે તેવી નર્તકીઓ પરસ્પરના હાથમાં હાથ રાખીને વર્તુલાકારે નૃત્ય કરે તેને 'રાસ' કહેવાય.[૭] આગળ જતાં નર્તકોની સંખ્યા પણ નિશ્ચિત કરવામાં આવી છે; તે અનુસાર આઠ, સોળ કે બત્રીસ નર્તકો અથવા નર્તકીઓ ગોળાકારે ફરે તે નૃત્યને 'રાસક' કહેવાય.[૮]

---

૭ શ્રી સનાતનગોસ્વામી, શ્રી જીવગોસ્વામી, શ્રીધનપતિસૂરિ વગેરે ટીકાકારોએ આ પ્રમાણે "રાસક્રીડા"નું લક્ષણ આપ્યું છે:

"नटैर्गृहीतकण्ठीनामन्योऽन्यात्तकरश्रियाम् ।
नर्त्तकीनां भवेद्रासो मण्डलीभूय नर्त्तनम् ॥

—જુઓ શ્રીમદ્‌ભાગવત, ૧૦. ૩૩. ૨. પરની તેઓની ટીકાઓ.

શ્રી સનાતનગોસ્વામી, શ્રી જીવગોસ્વામી તથા શ્રી કિશોરીપ્રસાદ વિદ્વાંસ શ્રી કૃષ્ણની રાસલીલાનું પરાશરકૃત વર્ણન આ પ્રમાણે આપે છે:

रासमण्डलिबन्धोऽपि कृष्णपार्श्वमनुज्झता ।
गोपीजनेन नैवाभूदेकस्थानस्थिरात्मना ॥
हस्ते प्रगृह्य चैकैकां गोपिकां रासमण्डलीम् ।
चकार तत्करस्पर्शनिमीलितदृशं हरिः ॥
ततः प्रववृते रासश्चलद्वलयनिःस्वनः ।
अनुयातशरत्काव्यगेयगीतिरनुक्रमात् ॥

—જુઓ શ્રીમદ્‌ભાગવતબૃહત્તોષિણી, ૧૦. ૩૩. ૨;
—શ્રીમદ્‌ભાગવતે વૈષ્ણવતોષિણી, ૧૦. ૩૩. ૩;
—વિશુદ્ધરસદીપિકા, ૧૦. ૩૩. ૩.

શ્રી બિલ્વમંગળકૃત લાલિત્યસભર લક્ષણ પણ શ્રી સનાતનગોસ્વામી તેમ જ શ્રી જીવગોસ્વામી ઉદ્ધૃત કરે છે:

अङ्गनामङ्गनामन्तरा माधवो माधवं माधवं चान्तरेणाङ्गना ।
इत्थमाकल्पिते मण्डले मध्यगः सञ्जगौ वेणुना देवकीनन्दनः ॥

શ્રી વિજયધ્વજતીર્થ તે ક્રીડાને આ પ્રમાણે સમજાવે છે:

समतलमतृणप्रदेशे वितस्तिमात्रोन्नतशङ्कुं संस्थाप्य तत्परितः सर्वैः स्वपादमवष्टभ्य वृत्ताकारेण स्थित्वैकस्या वामहस्तमन्यस्या निकटवर्त्तिन्या दक्षिणपाणिना संगृह्य स्वशक्त्यावष्टंभेन वर्तुलाकारभ्रमणं चक्रवत्क्रिया रासक्रीडा ।

—જુઓ શ્રીમદ્‌ભાગવતપદરત્નાવલી, ૧૦. ૩૩. ૨.

૮ अष्टौ षोडश द्वात्रिंशद्यत्र नृत्यन्ति नायकाः ।
पिण्डीबन्धानुसारेण तन्नृत्तं रासकं स्मृतम् ॥

—દશરથ ઓઝા તથા દશરથ શર્મા: रास और रासान्वयी काव्य, નાગરી પ્રચારિણી સભા, વારાણસી, પૃ. ૧૧ (પ્રસ્તાવના).

## રાસલીલાની કથા :

શ્રીકૃષ્ણની અતિપ્રસિદ્ધ 'રાસલીલા'ની મૂળ કથાને સંક્ષેપમાં આ પ્રમાણે નિરૂપી શકાય :

'સોળે કળાએ ખીલેલો પૂર્ણચન્દ્ર, મનોરમ વનરાજિ, ઇત્યાદિ પ્રકૃતિસૌન્દર્યથી ઉત્તેજિત થયેલા શ્રીકૃષ્ણને શરત્પૂર્ણિમાની પ્રશસ્ય રજનીમાં રમણ કરવાની ઇચ્છા જાગી. આથી મસ્ત બની તેઓ વૃન્દાવનમાં જઈ ઊભા અને પોતાની મુરલીના મોહક સૂર છેડવા લાગ્યા. આ અલૌકિક મસ્તીભર્યા બંસીના નાદથી અત્યન્ત વિહ્વળ બનેલી વ્રજની ગોપિકાઓ કશા જ અવરોધોને ગણ્યા વિના મદારીના વાદ્યથી આકર્ષાતા સર્પોની જેમ તે સૂર તરફ ખેંચાઈ ગઈ. સમુચિત પ્રશ્નોત્તરી દ્વારા તેઓની ઉત્કણ્ઠાની ખાતરી કરીને શ્રીકૃષ્ણ તેમની સાથે ગીતપૂર્વક મણ્ડલનૃત્ય આદિ પદ્ધતિએ રાસક્રીડા કરવા લાગ્યા.

ભગવાને કરેલ આવા સમ્માનને કારણે આ ગોપીઓના મનમાં ગર્વ ઉદ્ભવ્યો. આથી તેમની આવી પતનશીલ સ્થિતિને પામી જઈને રાસેશ્વર એકદમ અદૃશ્ય થઈ ગયા. આ રીતે રસમાં ભંગ પડતાં તેમને અહીંતહીં ઢૂંઢતી બાવરી બની ગયેલી વ્રજનારીઓ શ્રીકૃષ્ણ સાથેના રમણનાં સંસ્મરણો વડે અત્યન્ત આર્ત્ત બની જતાં નિર્ગર્વ થઈ, થાકીને, વિરહવિલાપની ઉત્કટતાને દર્શાવતી પ્રાર્થના કરવા લાગી. તેમણે પુનઃ પ્રાપ્ત કરેલી નિર્મળતાથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ પુનઃ પ્રકટ થયા અને પુનઃ તેમની સાથે રાસ રમવા લાગ્યા. આ ખેલમાં રાત્રિ વીતતાં બ્રાહ્મમુહૂર્તે રાસેશ્વરની આજ્ઞાથી સર્વ નારીઓ પોતપોતાને ઘેર પાછી ફરી.'

## સમયનિર્દેશ :

સામાન્ય માન્યતા એવી છે કે શ્રીકૃષ્ણની આ 'રાસલીલા' શરત્પૂર્ણિમાની રાત્રિએ રમાઈ. શરદ્ ઋતુમાં બે પૂર્ણિમા આવે : આશ્વિન શુક્લ પૂર્ણિમા અને કાર્તિક શુક્લ પૂર્ણિમા. તેમાં આશ્વિનની પૂર્ણિમા વિશેષતઃ શરત્પૂર્ણિમા તરીકે પ્રસિદ્ધ પામેલી છે, અને તે જ રાત્રિને, સામાન્ય માન્યતા મુજબ, રાસક્રીડાનું સૌભાગ્ય સાંપડયું છે. પરન્તુ એવો કોઈ સ્પષ્ટ નિર્દેશ પ્રાચીન ગ્રન્થોમાં મળતો નથી. ત્યાં કેવળ પ્રકૃતિવર્ણન દ્વારા જ સમયનિર્દેશ કરાયો છે.[૯] માત્ર **બ્રહ્મવૈવર્ત** પુરાણમાં તિથિનો ઉલ્લેખ છે; તો ત્યાં ઋતુ કે માસનું નામ ન આપતાં માત્ર 'શુક્લપક્ષની ત્રયોદશીની રાત્રે પૂર્ણ ચન્દ્રોદયે' એવા શબ્દો પ્રયોજેલા છે:

---

૯ ઉ. ત. જુઓ :

(૧) कृष्णस्तु यौवनं दृष्ट्वा निशि चन्द्रमसो वनम् ।
शारदीं च निशां रम्यां मनश्चक्रे रतिं प्रति ॥

—હરિવંશ, ૨. ૨૦. ૧૫.

(૨) कृष्णस्तु विमलं व्योम शरच्चन्द्रस्य चन्द्रिकाम् ।
तथा कुमुदिनीं फुल्लाभामोदितदिगन्तराम् ॥
वनराजीं तथा कूजद्भृङ्गमालामनोरमाम् ।
विलोक्य सह गोपीभिर्मनश्चक्रे रतिं प्रति ॥

—બ્રહ્મપુરાણ, અધ્યાય ૧૮૯, શ્લોક ૧૪-૧૫.

"एकदा श्रीहरिर्नक्तं वनं वृन्दावनं ययौ ।
शुभे शुक्लत्रयोदश्यां पूर्णे चन्द्रोदये मुने ॥" (૪. ૨૮. ૬)

હિન્દી **વિશ્વકોશ**માં જણાવ્યું છે કે : "भागवतके मतसे कार्तिककी पूर्णिमाके दिन रास होती है और ब्रह्मवैवर्त्तपुराणके मतसे मधु मासकी शुक्ला त्रयोदशीको" પુસ્તક ૧૯, પૃ. ૫૮૪ अ.). અહીં 'મધુ માસ' અર્થાત્ ચૈત્ર માસનો ઉલ્લેખ છે તે **બ્રહ્મવૈવર્ત્ત** પુરાણમાં જડતો નથી. '**ભાગવત**ના મત પ્રમાણે કાર્તિકી પૂર્ણિમાએ રાસલીલા થયેલી' એવું જે વિધાન અહીં કરાયું છે તે વિષે આપણે જોઈ ગયા કે શરદ ઋતુની એ પૂર્ણિમા છે, એટલે કાર્તિકી પૂર્ણિમા પણ શરત્પૂર્ણિમા એ અર્થથી લેખાય. ઉત્તર ભારતમાં પ્રચલિત પદ્ધતિ પ્રમાણેના પૂર્ણિમાન્ત માસ અનુસાર માત્ર કૃષ્ણ પક્ષમાં જ માસનું નામ બદલાય, શુક્લ પક્ષમાં નહિ. એટલે આપણી શ્રાવણ વદ આઠમ તે ગણના પ્રમાણે ભાદ્રપદ વદ અષ્ટમી થાય, પરન્તુ આશ્વિન શુક્લ પૂર્ણિમા કાર્તિક શુક્લપૂર્ણિમા ન ગણાય. આથી માત્ર એક પરંપરા પ્રમાણે કાર્તિકમાં રાસક્રીડા થઈ હતી એટલો જ અર્થ ઘટાવી શકાય. **ભાગવત** તો પાદટીપ ૯માં આપેલા ઉદ્ધરણ અનુસાર માસ કે તિથિની સ્પષ્ટતા કરતું જ નથી. અહીં 'મધુ માસ'નો જે ઉલ્લેખ થયો છે તે અંગે એ નોંધવું રસપ્રદ થશે કે બારમા શતકના પ્રસિદ્ધ સંસ્કૃત કવિ **જયદેવે** તેમના गीतगोविन्द काव्यમાં વસન્તઋતુમાં જ પોતાના કૃષ્ણ-રાધાના પ્રણયના પ્રધાન વસ્તુને નિયોજેલ છે.

## એકશ્લોકી આલેખન :

બારમા શતકમાં થઈ ગયેલ પ્રસિદ્ધ ભક્તકવિ **લીલાશુક બિલ્વમંગલે** શ્રીકૃષ્ણની 'રાસલીલા'નું વર્ણન અત્યન્ત સરસ અને હૃદયંગમ રીતે આ પ્રમાણે કર્યું છે :

---

વિષ્ણુપુરાણમાં પણ બે-ત્રણ નજીવા પાઠભેદો સાથે આ જ શબ્દો છે—અંશ ૫, અધ્યાય ૧૩, શ્લોકો ૧૪-૧૫.

(३) भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥

तदोडुराजः ककुभः करैर्मुखं प्राच्या विलिम्पन्नरुणेन शन्तमैः ।
स चर्षणीनामुदगाच्छुचो मृजन् प्रियः प्रियाया इव दीर्घदर्शनः ॥

दृष्ट्वा कुमुद्वन्तमखण्डमण्डलं रमाननाभं नवकुंकुमारुणम् ।
वनं च तत्कोमलगोभिरञ्जितं जगौ कलं वामदृशां मनोहरम् ॥

—શ્રીમદ્ભાગવત, ૧૦. ૨૯. ૧-૩.

આમ, હરિવંશ ચન્દ્રમાના યૌવનનો તથા રમ્ય શારદી નિશાનો નિર્દેશ કરે છે, જે બન્ને નિર્દેશો શરદ્‌ઋતુની પૂર્ણિમાનો અર્થ સૂચવે છે. બ્રહ્મપુરાણ-વિષ્ણુપુરાણ શરદ્‌ચન્દ્રની ચન્દ્રિકા તથા ફુલ્લ કુમુદિનીની વાત કરે છે તે પણ શરદ્‌પૂર્ણિમાનું સૂચન કરે છે. ભાગવત શરદ્‌ની ઉત્ફુલ્લ મલ્લિકાવાળી રાત્રિઓ, ચન્દ્રકિરણોવડે લિંપાતું પૂર્વદિશાનું મુખ અને અખણ્ડમણ્ડલ કુમુદ્વાન્‌ને પ્રયોજે છે તે પણ શરદ્‌પૂર્ણિમાનો અર્થ આપી શકે છે.

> " अङ्गनामङ्गनामन्तरा माधवो माधवं माधवं चान्तरेणाङ्गना ।
> इत्थमाकल्पिते मण्डले मध्यगः सञ्जगौ वेणुना देवकीनन्दनः ॥ "[૧૦]

આ નાનકડો શ્લોક તેમાં સિદ્ધ થયેલ શબ્દ તથા અર્થની અદ્ભુત સમ્પૃક્તિને કારણે આપણા માનસપટ પર એ અનુપમ લીલાનું તાદૃશ ચિત્ર ખડું કરી દે છે: બે-બે ગોપી વચ્ચે એક-એક માધવ અને તે જ પ્રમાણે બે-બે માધવ વચ્ચે એક-એક ગોપી—એમ ગોપી-માધવ-ગોપી-માધવ એ પ્રમાણે વર્તુલ બનાવી રાસમાં ઘૂમી રહ્યા છે અને વળી તે વર્તુલની મધ્યમાં ઊભા રહેલા દેવકીનન્દન શ્રીકૃષ્ણ પોતાની લાક્ષણિક ઢબે બંસીના સૂર રેલાવી રહ્યા છે. 'મા-ધવ' એટલે લક્ષ્મીના પતિ અને 'દેવકીનન્દન' એટલે માતા દેવકીનો લાડકો પુત્ર. આ અતિસુંદર લાલિત્યપૂર્ણ શ્લોકમાં શ્રીકૃષ્ણ માટે 'માધવ' અને 'દેવકીનન્દન' એ બેઉ શબ્દોનો સાથે ઉપયોગ કરાયો છે. આ બે શબ્દોનો ઉપયોગ એક રમ્ય અને રોચક અનુમાન કરવા પ્રેરે છે. રાસેશ્વર શ્રીકૃષ્ણે અનેક રૂપ ધારણ કરીને ગોપીઓને રીઝવી. દરેક ગોપીને પોતાના સાન્નિધ્યનો લાભ આપતાં ઘૂમતાં જે રૂપો હતાં તે 'મા-ધવ'નાં; જ્યારે વચ્ચે વિરાજતા હતા મુરલીધારી 'દેવકી-નન્દન'. પ્રથમ શબ્દના ઉચ્ચાર સાથે નવયુવાન વયના શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે; જ્યારે બીજો શબ્દ શ્રવણગોચર થતાં જ દેવકી માતાનો નાનકડો નન્દન આપણી દૃષ્ટિ સમક્ષ ખડો થઈ જાય છે! આપણે હવે પછી જોઈશું તેમ, 'રાસલીલા'ના પ્રસંગે શ્રીકૃષ્ણ માત્ર કિશોર વયના જ હતા તેવા સ્પષ્ટ પૌરાણિક ઉલ્લેખો છે. તેને આધારે આ શ્લોકમાંના વર્ણન પરથી સમજી શકાય છે કે વચમાં રહેલું મુરલીધારી સ્વરૂપ તે અસલ કિશોર શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને રાસમાં ઘૂમતાં સ્વરૂપો તે ગોપીઓને રીઝવવા માટે ધારણ કરેલ મોહક તરુણ સ્વરૂપો.

**મહાભારત**ના પ્રખ્યાત ટીકાકાર **નીલકણ્ઠ હરિવંશ**ના દ્વિતીય પર્વના વીસમા અધ્યાયના પચીસમા શ્લોક પરની પોતાની ટીકામાં 'રાસલીલા'નું અધિકૃત આલેખન કરનારી નિમ્નલિખિત 'શ્રુતિ' ઉદ્ધૃત કરે છે:

> " पद्या वस्ते पुरुरूपा वपूंष्यूर्ध्वा तस्थौ त्र्यविं रेरिहाणा ।
> ऋतस्य सद्म विचरामि विद्वान् महद्देवानामसुरत्वमेकम् ॥ "

અર્થાત્-(શ્રીકૃષ્ણની) એક અભિસરણ કરવાયોગ્ય મૂર્તિ અનેક રૂપ ધારણ કરે છે અને એક સ્વરૂપ ગોપીઓના સમ્પર્ક વિના અળગું ઊભું રહ્યું છે, જે બંને બાજુ તથા સામેથી એમ ત્રણે પ્રકારે આવતી દૃષ્ટિને નિજમાં સમાવી લે છે. આવી ઋતના-ધર્મના-સદ્મરૂપ મૂર્તિનું ચિન્તન કરતો હું વિચરું છું—જે ઋતુનું સદ્મ દેવોનું એક (અને અદ્વિતીય) મહાન્ તેજ છે.[૧૧]

---

૧૦ જુઓ લીલાશુકબિલ્વમંગલરચિત **कृष्णकर्णामृतम्**, આશ્વાસ ૨, શ્લોક ૩૫. પાદટીપ ૭માં જણાવ્યા પ્રમાણે આ અતિલલિત શ્લોક શ્રી સનાતનગોસ્વામી તથા શ્રી જીવગોસ્વામી જેવા શ્રીમદ્-ભાગવતના ખ્યાતનામ ટીકાકારોએ પણ પોતાની ટીકામાં ઉદ્ધૃત કરેલો છે. જુઓ ભાગવત સ્કન્ધ ૧૦, અધ્યાય ૩૩, શ્લોક ૨ ઉપરની તેઓની ટીકાઓ બૃહત્તોષિણી તથા વૈષ્ણવતોષિણી.

૧૧ આ શ્રુતિના અર્થને શબ્દોના વિશ્લેષણ દ્વારા **નીલકણ્ઠ** આ પ્રમાણે સ્ફુટ કરે છે:

એ જ રીતે શ્રી **જીવગોસ્વામી**એ શ્રીમદ્**ભાગવત**મહાપુરાણ પરની પોતાની પ્રસિદ્ધ વ્યાખ્યા '**વૈષ્ણવતોષિણી**'માં આ રાસનું સમ્પૂર્ણ ચિત્ર એક જ હૃદયંગમ શ્લોકમાં આલેખેલું છે :

"वंशीसञ्जल्पितमनुरतं राधयाऽन्तर्द्धिकेलिः प्रादुर्भूयासनमधिपटं प्रश्नकूटोत्तरं च ।
नृत्योल्लासः पुनरपि रहः क्रीडनं वारिखेला कृष्णारण्ये विहरणमिति श्रीमती रासलीला ॥"[१२]

અર્થાત્—વંશીના સૂર, તેથી ગોપીઓનો અનુરાગ, પ્રધાન ગોપિકા રાધાથી સંતાકૂકડી રમવું, પછી છેવટે પ્રકટ થવું, કૂટપ્રશ્નોત્તરી અને પરિણામે સમૂહનૃત્યનો ઉત્સવ, ફરી રહસ્યરમત, જલક્રીડા અને કૃષ્ણરૂપે અરણ્યમાં વિહાર—એનું નામ શ્રીમતી—ભવ્ય—રાસલીલા.[૧૩]

---

पद्मा पत्तुमभिसारिणीभिर्गोपीभिरभिसस्तुिं योग्या कृष्णमूर्तिः । पुरुरूपा बहुरूपा । वपूंषि बहूनि । वस्ते परिधत्ते बहुधात्वं गतेत्यर्थः । तथापि अन्या ऊर्ध्वा गोपीसम्पर्कं विना तस्थौ स्थिता मध्ये इति शेषः । कीदृशी ? त्र्यर्विं त्रीन् देशान् पार्श्वद्वयं पुरस्ताच्च अवति प्रकाशते इति त्र्यविः त्रेधाभूतां दृष्टिं रेरिहाणा गिलन्ती उक्तरूपे रासमण्डले हि एकैकस्या गोप्या उभयतः कृष्णद्वयं पुरस्तादेकः सर्वसाधारणां त्रिधाभूतामपि दृष्टिं प्रदेशत्रयस्थः कार्त्स्न्येन गिलति ततोऽन्यत्र नापैतीत्यर्थः । सा मूर्तिर्ऋतस्य धर्मस्य सद्मभूता तामनुचिन्त्य विचरामि त्वद्वियुक्ता सती ।

૧૨ જુઓ શ્રીમદ્ભાગવત પુરાણ પરની શ્રી જીવગોસ્વામીકૃત વૈષ્ણવતોષિણી ટીકા; ભાગવતના દશમ સ્કન્ધના ૩૩મા અધ્યાયના ૨૭મા શ્લોક પરની ટીકાના પ્રારમ્ભમાં જ, રાસલીલાના વર્ણનની સમાપ્તિ થતાં, તેનું સમગ્રાવલોકન નિદર્શતો આ શ્લોક મૂકેલો છે. તે જ સ્થળે શ્રી કિશોરીપ્રસાદ વિદ્વાને પોતાની ટીકા વિશુદ્ધરસદીપિકામાં સંગ્રહશ્લોક તરીકે આ શ્લોક ઉદ્ધૃત કરેલો છે. આ શ્લોક શ્રી જીવગોસ્વામીરચિત સંગ્રહશ્લોક છે કે તેમણે પણ કોઈ પ્રાચીન શ્લોક ઉતાર્યો છે એ સ્પષ્ટ થતું નથી.

૧૩ બારમા શતકમાં થઈ ગયેલ કવિ જયદેવે તેના પ્રસિદ્ધ ઊર્મિકાવ્ય 'ગીતગોવિન્દ'માં તેનું શબ્દચિત્ર આ રીતે દોર્યું છે :

" करतलतालतरलवलयावलि-कलितकलस्वनवंशे ।
रासरसे सहनृत्यपरा हरिणा युवतिः प्रशशंसे ॥
श्लिष्यति कामपि चुम्बति कामपि कामपि रमयति रामाम् ।
पश्यति सस्मितचारुतरामपरामनुगच्छति वामाम् ॥ १. ७-८.

( નિર્ણયસાગરની ઈ. સ. ૧૯૩૭ની આવૃત્તિ, પૃ. ૩૨–૩૩ ).

ભક્તકવિ દયારામે દોરેલું ચિત્ર આ પ્રમાણે છે :

"હાવાં આવો આપણ સહુ મળી રે રમીએ રૂડેરો રાસ.
એક એક ગોપી વચ્ચે નાથને રે નિરખે રૂડી પેરે પાસ.
માંહોમાંહે ભરાવી બાથને રે કહો કેમ જઈએ ઘેર ?
વચમાં લીધા વળી નાથને રે, રૂપ જુએ રૂડી પેર.
વિમાસે શ્યામ ને શ્યામની રે, ઉરની ત્રુટી છે માળ.
વાધી શરદપૂનમની રાતડી રે કીધી શ્રી રે ગોપાળ."

## ‘ હરિવંશ ’માં :

સાહિત્યક્ષેત્રે ‘રાસલીલા’નાં સર્વપ્રથમ દર્શન **મહાભારત**ના પરિશિષ્ટ **હરિવંશ**માં થાય છે ( પર્વ ૨, અધ્યાય ૨૦ ). ત્યાં તેને માટે ‘ हल्लीस ’ શબ્દ યોજાયો છે. આ દ્વિતીય પર્વના વીસમા અધ્યાયનું નામ જ ‘ हल्लीसक्रीडन ’ આપવામાં આવ્યું છે. પાંત્રીસ શ્લોકના આ અધ્યાયમાં ‘ हल्लीस ’નું સાદું સરળ વર્ણન કરવામાં આવ્યું છે, જે સ્વાભાવિક રીતે જ પ્રારંભિક અવસ્થા દર્શાવે છે. અહીં ગોપીઓને ભાવનિસ્પન્દ મધુર ગીત ગાતી તથા દામોદરપરાયણ બનીને વ્રજમાં આનંદપૂર્વક ચરતી આલેખી છે, અને છાણ તેમ જ ધૂળથી ખરડાયેલા દેહવાળી એ વરાંગનાઓને હાથણીઓ જેમ પ્રમત્ત હાથીને વીંટી વળીને રમણ કરે તેમ શ્રીકૃષ્ણને વીંટી રહેલી ચીતરી છે.[૧૪] વર્તુલાકારે ફરતી અને ગાતી આ ગોપીઓ મધ્યે વિરાજતા શ્રીકૃષ્ણનું પ્રીણન કરે છે તથા તેમનાં નૃત્ય, ગીત, વિલાસ, સ્મિત અને વીક્ષિતોનું અનુકરણ કર્યા કરે છે; અને આ રીતે ગોપીઓનાં ચક્રવાલોથી અલંકૃત થયેલ શ્રીકૃષ્ણ શરદૃઋતુની ચન્દ્રયુક્ત રાત્રીઓમાં સુખ તથા મુદાનો અનુભવ કરતા હતા. આવું સરળ વર્ણન અહીં પ્રાપ્ત થાય છે.[૧૫] પ્રસિદ્ધ ટીકાકાર **નીલકણ્ઠ** આ ‘ હલ્લીસક્રીડન ’ અધ્યાયની પોતાની ટીકામાં ‘ रासक्रीडा ’ તથા ‘ रासगोष्ठी ’ શબ્દોનો પ્રયોગ કરી આ વર્ણન રાસનું જ છે તેવી સ્પષ્ટતા કરે છે.[૧૬]

‘ **હરિવંશ** ’માંનું આ સાદું અને આડમ્બરરહિત સ્વાભાવિક પ્રાકૃતિક–લાગતું–વર્ણન ‘ રાસલીલા ’ની પ્રાથમિક, વાસ્તવિક, મૂલભૂત ભૂમિકાનાં દર્શન કરાવે છે, પરન્તુ સમય જતાં આ વર્ણનો અધિકાધિક અલંકૃત, વિસ્તૃત અને જટિલ બનતાં ગયાં છે.

---

૧૪ भावनिस्पन्दमधुरं गायन्त्यस्ता वराङ्गनाः ।
व्रजं गताः सुखं चेरुर्दामोदरपरायणाः ॥
करीषपांसुदिग्धाङ्गयस्ताः कृष्णमनुवव्रिरे ।
रमयन्त्यो यथा नागं सम्प्रमत्तं करेणवः ॥

—હરિવંશ, પર્વ **૨**, અધ્યાય **૨૦**, શ્લોક ૨૯-૩૦.

૧૫ एवं सकृष्णो गोपीनां चक्रवालैरलङ्कृतः ।
शारदीषु सचन्द्रासु निशासु मुमुदे सुखी ॥

—એ જ, શ્લોક ૩૫.

૧૬ रासक्रीडायां तिरोहिते कृष्णे इदं वाक्यम् ।

હરિવંશ પર્વ **૨**, અધ્યાય **૨૦**, શ્લોક **૨૫** થી **૨૮** પરની નીલકણ્ઠની ટીકા.

चक्रवालैर्मण्डलैर्हल्लीसकक्रीडनमेकस्य पुंसो बहुभिः स्त्रीभिः क्रीडनं सैव **रासक्रीडा** गोपीनां मण्डलीनृत्यबन्धे **हल्लीसकं** विदुरिती कोशात् । तल्लक्षणं तु ॥

पृथुं सुवृत्तं मसृणं वितस्ति मात्रोन्नतं कौविनिखन्यशङ्कुम् ।
आक्रम्य पद्भ्यामितरेतरं तु हस्तैर्भ्रमोऽयं खलु **रासगोष्ठी** ॥

—એ જ, **૨૦. ૩૫** પરની નીલકણ્ઠની ટીકા.

## 'બ્રહ્મપુરાણ'માં :

હવે આપણે '**બ્રહ્મપુરાણ**'માંના 'રાસલીલા'ના આલેખન પર નજર ફેરવી લઈએ. ત્યાં ખાસ કરીને અધ્યાય ૧૮૯ના શ્લોક ૧૪ થી ૪૫માં રાસવર્ણન આપેલું છે, જે દરમિયાન 'रासारम्भरसोत्सुकः' (૨૧ ख), 'रासगोष्ठीभिः' (૩૧ ग) અને 'रासमण्डल' (૩૨ क, ૩૩ ख) એ શબ્દો સવિશેષ ધ્યાન ખેંચે છે. આ પુરાણ જણાવે છે કે વિમલ વ્યોમ, શરદ્‌ના ચન્દ્રની જ્યોત્સ્ના, દિશાઓને મુદાથી ભરી દેનાર પ્રફુલ્લ કુમુદિની તેમ જ જેમાં ભ્રમરમાળા ગુંજી રહી હતી તેવી મનોરમ વનરાજિને નિહાળીને ગોપીઓ સાથે રમણની ઇચ્છા થતાં વ્રતી અને કમળ જેવા ચરણવાળા શ્રીકૃષ્ણ **બલરામની સાથે** વનિતાઓને મુગ્ધ કરનાર અત્યન્ત મધુર નામગાન કરવા લાગ્યા.[૧૭] ગોપીવૃન્દ ખેંચાઈ આવ્યું. માધવે બધી ગોપીઓનો વિવિધ પ્રકારે અનુનય કર્યો: કોઈને પ્રિય આલાપો વડે રીઝવી, તો કોઈને ભ્રૂભંગયુક્ત વીક્ષણ વડે, તો બીજી કેટલીકને વળી કરસ્પર્શથી. પછી ઉદારચરિત હરિ તે પ્રસન્નચિત્ત ગોપીઓ સાથે આદરપૂર્વક **રાસગોષ્ઠી** રમવા લાગ્યા. દરેકનો હસ્ત ગ્રહીને કરસ્પર્શના પુલકનથી બીડેલાં નેત્રોવાળી ગોપિકાઓનું રાસમણ્ડલ બનાવી દીધું; અને પછી તો ~~चलद्वलय~~—વર્તુલાકારે ફરવાનું તથા સાથે શરદ્ઋતુની કાવ્ય-ગીતિઓની રમઝટ પણ ચાલી. શ્રીકૃષ્ણ તાર સ્વરે શરચ્ચન્દ્ર તથા કૌમુદી અને કુમુદાકરનાં ગાન ગાવા લાગ્યા; જ્યારે ગોપીઓ દ્વિગુણ ઉત્સાહથી "साधु कृष्ण ! साधु कृष्ण !" એમ લલકારવા લાગી.[૧૮] આ ક્રીડા દરમિયાન પરસ્પરના સ્કન્ધ પર બાહુલતાનું સ્થાપન, ચુમ્બન તથા પરિરમ્ભ

---

૧૭ कृष्णस्तु विमलं व्योम शरच्चन्द्रस्य चन्द्रिकाम् ।
तथा कुमुदिनीं फुल्लामामोदितदिगन्तराम् ॥
वनराजीं तथा कूजद्भृङ्गमालां मनोरमाम् ।
विलोक्य सह गोपीभिर्मनश्चक्रे रतिं प्रति ॥
सह रामेण मधुरमतीव वनिताप्रियम् ।
जगौ कमलपादोऽसौ नाम तत्र कृतव्रतः ॥

—બ્રહ્મપુરાણ, ૧૮૯. ૧૪-૧૬.

૧૮ ताभिः प्रसन्नचित्ताभिर्गोपीभिः सह सादरम् ।
रराम रासगोष्ठीभिरुदारचरितो हरिः ॥ ३१ ॥

रासमण्डलबद्धोऽपि कृष्णपार्श्वमनूद्गतः ।
गोपीजनो न चैवाभूदेकस्थानस्थिरात्मना ॥ ३२ ॥

हस्ते प्रगृह्य चैकैकां गोपिकां रासमण्डलम् ।
चकार च करस्पर्शनिमीलितदृशं हरिः ॥ ३३ ॥

ततः प्रववृते रम्या चलद्वलयनिस्वनैः ।
अनुयातशरत्काव्यगेयगीतिरनुक्रमात् ॥ ३४ ॥

कृष्णः शरच्चन्द्रमसं कौमुदीकुमुदाकरम् ।
जगौ गोपीजनस्त्वेकं कृष्णनाम पुनः पुनः ॥ ३५ ॥

* *

(=આલિંગન) પણ પ્રયોજાયાં. હરિનું અનુગમન કરતી ગોપાંગનાઓ અનુલોમ તેમ જ પ્રતિલોમ પદ્ધતિએ તેમને વીંટી રહી. કૃષ્ણ દૂર જતાં કોઈ તેમનાં પગલાં નિરખવા લાગી, તો કોઈ ગોપિકા ભ્રૂભંગ દ્વારા નેત્રરૂપી ભૃંગદ્વય વડે તે પ્રિયના મુખપંકજનું પાન કરવા લાગી, તો કોઈ વળી ધ્યાનસ્થ બની ગઈ! **કિશોર વયના** તે અમેયાત્માએ પણ તેઓની સાથે રમણ કરીને તેમના અહિતનો નાશ કર્યો. વસ્તુતઃ તો એ ઈશ્વર હોઈ તેમના પતિઓમાં, તે સ્ત્રીઓમાં, અરે! પ્રાણીમાત્રમાં--જેમ પૃથ્વી, પાણી, તે જ, વાયુ અને આકાશ એ પંચમહાભૂતો સમસ્તભૂતદેહોમાં રહેલાં છે તેમ—સર્વવ્યાપી આત્મસ્વરૂપે વિલસી રહ્યો છે![૧૯]

અહીં વર્ણન પ્રમાણમાં વિસ્તૃત બને છે. '**બ્રહ્મપુરાણ**'ના આ વર્ણનમાં ત્રણ મુદ્દા મહત્ત્વપૂર્ણ છે: એક તો એ કે 'રાસલીલા'ના રમણ વખતે શ્રીકૃષ્ણ માત્ર કિશોર વયના હતા તેવું વિધાન અહીં પ્રાપ્ત થાય છે.[૨૦] બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે અહીં ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે રાસ માટે વનમાં નીકળ્યા ત્યારે શ્રીકૃષ્ણ એકલા ન હતા પણ તેમની સાથે બલરામ પણ હતા![૨૧] ત્રીજી અને સૌથી વધારે મહત્ત્વની વાત તો છે અન્તિમ બે શ્લોકોમાં રજૂ થયેલી વિશિષ્ટ દૃષ્ટિ, જેમાં શ્રીકૃષ્ણને ઈશ્વર તથા સર્વવ્યાપી પરમાત્મા તરીકે નિરૂપી

---

रासगेयं जगौ कृष्णो यावत्तारतरध्वनिः ।
साधु कृष्णेति कृष्णेति तावत्ता द्विगुणं जगुः ॥ ३९ ॥

—એ જ, અધ્યાય ૧૮૯.

૧૯ सोऽपि कैशोरकवया मानयन्मधुसूदनः ।
रेमे ताभिरमेयात्मा क्षपासु क्षपिताहितः ॥ ४३ ॥

तद्भर्तृषु तथा तासु सर्वभूतेषु चेश्वरः ।
आत्मस्वरूपरूपोऽसौ व्याप्य सर्वमवस्थितः ॥ ४४ ॥

यथा समस्तभूतेषु नभोऽग्निः पृथिवी जलम् ।
वायुश्चात्मा तथैवासौ व्याप्य सर्वमवस्थितः ॥ ४५ ॥

—એ જ, અધ્યાય ૧૮૯.

૨૦ જુઓ ઉપર પાદટીપ ૧૯માંનો ૪૩મો શ્લોક.

અહીં આવેલો '**मानयन्**' શબ્દની સાથે ગુજરાતી 'માણવું'ને સરખાવવા જેવો છે. કદાચ અહીં 'ગોપીઓની ઇચ્છાને માન આપતો' એવો અર્થ ઘટાવીએ, તોપણ શ્લોક ૨૧માં '**मानयामास**' આવે છે તે જુઓ:

गोपीपरिवृतो रात्रिं शरच्चन्द्रमनोरमाम् ।
**मानयामास** गोविन्दो रासारम्भरसोत्सुकः ॥

આ સ્થળે શરચ્ચન્દ્રમનોરમા રાત્રિને 'માન આપ્યું' એવો અર્થ લેવા કરતાં તેવી રાત્રિને 'માણી' એવો અર્થ લેવો તે જ વધારે ઉચિત લાગે છે; અને આ અર્થને 'गोपीपरिवृतः' તથા 'रासारम्भरसोत्सुकः' એ બેઉ વિશેષણો પુષ્ટિ અર્પે છે.

૨૧ જુઓ પાદટીપ ૧૭માં ઉતારેલ શ્લોક ૧૯નું પ્રથમ ચરણ.

'રાસલીલા'ના ભૌતિક અર્થનું ખણ્ડન કર્યું છે.[22] 'રાસલીલા'નો સ્થૂલ અર્થ લેવા સામેનો આ સર્વ પ્રથમ ચેતવણીનો સૂર ગણાય. આ ઉપરાંત આગળના રાસવર્ણનમાં જે અરિષ્ટનેમિનો પ્રસંગ આલેખેલો છે તે જાણે નાટકીય રીતે રજૂ થયો છે—આજનાં નાટકો તથા ચલચિત્રોની પૂર્વભૂમિકા લેખે જે પ્રાચીન તત્ત્વોનો ઉલ્લેખ થાય છે તેમાં આની પણ ગણતરી કરવી જોઈએ. આ આખા પ્રસંગના આલેખનમાં છેક સુધી રોચકતા સચવાઈ છે.

## 'વિષ્ણુપુરાણ'માં :

**વિષ્ણુપુરાણ**(અંશ ૫, અધ્યાય **૧૩**)માં પણ વિસ્તૃત રાસવર્ણન આપેલું છે, જે દરમિયાન 'रासारम्भरसोत्सुकः' (२३ घ), 'ररास रासगोष्ठीः' (४८ ग), 'रासमण्डलबन्धः' (४९ क) તથા 'ततः प्रववृते रासः' (५१ क) એ પ્રયોગો ખાસ ધ્યાન ખેંચનારા છે. કથાવસ્તુ તેમ જ વર્ણન **બ્રહ્મપુરાણ** અને **વિષ્ણુપુરાણ**માં એકસરખાં જ છે. બહુધા શબ્દો પણ એ જ વપરાયા છે! તેથી જ્યાં શબ્દો જુદા છે ત્યાં પાઠભેદ ગણીએ તો તે અનુચિત નહીં લેખાય, પરંતુ કેટલેક સ્થળે માત્ર સહેજ પાઠાન્તર થતાં અર્થ તદ્દન બદલાઈ જાય અગર તો વિરુદ્ધ અર્થ ઊભો થાય એવા પ્રસંગો પણ બને. એવા સંયોગોમાં માત્ર પાઠભેદ ન માનતાં પરમ્પરાનો ભેદ માનવો જોઈએ. એવો મહત્ત્વનો ભેદ અહીં પણ જોવા મળે છે.

## 'બ્રહ્મપુરાણ' અને 'વિષ્ણુપુરાણ'ની તુલના :

**બ્રહ્મપુરાણ** કહે છે :

"**सह रामेण** मधुरमतीव वनिताप्रियम् ।
जगौ कमलपादोऽसौ **नाम** तत्र कृतव्रतः ॥" १६

જ્યારે **વિષ્ણુપુરાણ**માં તે જ વસ્તુ આ **પ્રમાણે** રજૂ થઈ છે :

**विना रामेण** मधुरमतीव वनिताप्रियम् ।
जगौ कलपदं शौरिस्तारमन्द्रकृतक्रमम् ॥" १६

અહીં સાચો પાઠ કયો હશે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કથાવસ્તુ અને કાવ્યપ્રતિભા એ બન્નેને લક્ષ્યમાં રાખી વિચારતાં જણાય છે કે **વિષ્ણુપુરાણ**નો પાઠ મૂળપાઠ હોવો જોઈએ. **બ્રહ્મપુરાણ** કહે છે કે ભાઈ બલરામની સાથે શ્રીકૃષ્ણ બંસી વગાડવા લાગ્યા; જ્યારે **વિષ્ણુપુરાણ** અનુસાર બલરામ વિના. બીજી બધી ક્રીડાઓમાં બન્ને ભાઈઓ સાથે જ રહેતા, એટલે આ ક્રીડા માટે પણ બન્ને સાથે જ હોય એવું પ્રથમ દૃષ્ટિએ જણાય. પરન્તુ આ પછીના 'રાસલીલા'ના લંબા વર્ણનમાં ક્યાંય બલરામનો ઉલ્લેખ સરખો પણ જોવા મળતો નથી, 'सह रामेण' કહેનાર **બ્રહ્મપુરાણ**માં પણ નહિ. આ ક્રીડા વિશિષ્ટ પ્રકારની કૃષ્ણની જ લીલા ગણાઈ છે, જ્યાં બીજા પુરુષને પણ અવકાશ નથી. આથી આ માટે શ્રીકૃષ્ણ એકલા જ વૃન્દાવનમાં વિહર્યા એમ કહેવું તે જ ઉચિત છે અને વાસ્તવિક છે. જો 'सह रामेण' એવો પાઠ મૂળપાઠ તરીકે સ્વીકારાય, તો આ રીતે ઔચિત્યનો ભંગ થવાનો ભય છે. વળી ત્રીજા અને ચોથા

---

૨૨ જુઓ પાદટીપ ૧૯માંના શ્લોક ૪૪-૪૫.

ચરણમાંના વર્ણન મુજબ 'વ્રતધારી અથવા રાસનું જેણે વ્રત લીધું છે તેવા કમળ જેવા ચરણવાળા શ્રીકૃષ્ણ ત્યાં ખરેખર ગાવા લાગ્યા' એવા કથન કરતાં 'તાર અને મન્દ્ર સ્વરના ઉચિત ક્રમ સાચવીને શૌરિ શ્રીકૃષ્ણ મધુર વાણીમાં ગાવા લાગ્યા' એવું વિધાન વધારે ચમત્કૃતિયુક્ત અને પ્રસંગોચિત લાગે છે. **બ્રહ્મપુરાણ**માંનો 'कमलपादः' એ સમાસ પણ અસાધારણ છે.

આ બે પુરાણોમાંનાં બીજાં કેટલાંક પાઠાન્તરોનો સંક્ષિપ્ત વિમર્શ પણ અહીં કરી લઈએ તો તે અસ્થાને નહીં જ ગણાય. **વિષ્ણુપુરાણ**ની વાચનાના ૪૮મા શ્લોકનું ત્રીજું ચરણ છે: '**ररास** रासगोष्ठीभिः'; જ્યારે **બ્રહ્મપુરાણ**ની વાચનામાંના ૩૧મા શ્લોકનું ત્રીજું ચરણ છે: '**रराम** रासगोष्ठीभिः'. સન્દર્ભમાં બંને પાઠ ચાલી શકે છે; પરંતુ '**ररास**' શબ્દ પછી આવતા 'रास'ની સાથે નમક કરવાની ચેષ્ટા કરે છે અને રાસની રમઝટનો, તેથી ઊભા થતા મીઠા મોટા સ્વરનો ખ્યાલ આપે છે; જ્યારે 'रराम' તો તદ્દન સરળ રીતે અને આડમ્બર વિના જણાવી દે છે કે 'રાસ રમ્યા'. જો કે **બ્રહ્મપુરાણ**નો પાઠ આડમ્બર રહિત હોવાથી તેને વધારે જૂનો પાઠ ગણવાનું મન થાય; તથાપિ **વિષ્ણુપુરાણ**નો 'ररास' પાઠ તેની ચમત્કૃતિથી આપણને આકર્ષે છે.

તે પછીનો શ્લોક આ પ્રમાણે છે:

"रासमण्डलबन्धोऽपि कृष्णपार्श्वमनुज्झता ।
गोपीजनेन नैवाभूदेकस्थानस्थिरात्मना ॥" ૪૯ **વિ૦પુ૦**

અને

"रासमण्डलबद्धोऽपि कृष्णपार्श्वमनूद्‌गता ।
गोपीजनो न चैवाभूदेकस्थानस्थिरात्मना ॥" ૩૨ **બ્ર૦પુ૦**

દેખીતી રીતે જ **વિ૦પુ૦**નો પાઠ વધારે સ્વાભાવિક હોઈ ગ્રાહ્ય છે. તેમાં અર્થની સ્પષ્ટતા પણ છે, જ્યારે **બ્ર૦પુ૦**માં અર્થની એટલી સ્પષ્ટતા નથી. 'कृष्णपार्श्वमनूद्गता' તો ભૂલ જ છે, કદાચ 'नूद्गतः' હોય. આ શબ્દ તો **વિ૦પુ૦**વાળા શ્લોક પર અણસમજુ લહિયાનો હાથ ફરી ગયો છે તેવું માનવા જ પ્રેરે છે.

વળી તે પછી જુઓ:

"हस्तेन गृह्य चैकैकां गोपीनां रासमण्डले ।
चकार तत्करस्पर्शनिमीलितदृशं हरिः ॥
ततः प्रववृते रासश्चलद्वलयनिस्वनः ।
अनुयातशरत्काव्यगेयगीतिरनुक्रमात् ॥" ૫૦-૫૧ **વિ૦પુ૦**

તે સાથે સરખાવો:

"हस्ते प्रगृह्य चैकैकां गोपिकां रासमण्डलम् ।
चकार च करस्पर्शनिमीलितदृशं हरिः ॥
ततः प्रववृते रम्या चलद्वलयनिस्वनैः ।
अनुयातशरत्काव्यगेयगीतिरनुक्रमाम् ॥" ૩૩-૩૪ **બ્ર૦પુ૦**

અહીં **વિ૦પુ૦**ની વાચનામાંનો 'गृह्य' શબ્દ વ્યાકરણની દૃષ્ટિએ ખૂંચે એવો છે, એ ભૂલ **બ્ર૦પુ૦**ની વાચનામાં સુધારી લેવાઈ છે; પરંતુ તે સાથે જ **બ્ર૦પુ૦**ની વાચનામાંનો અન્તિમ શબ્દ '**अनुक्रमाम्**' એ પણ સ્પષ્ટ રીતે જ ખોટો છે. **વિ૦પુ૦**ના પાઠ અનુસાર ત્યાં પણ '**अनुक्रमात्**' જ હોવું જોઈએ એવું તરત જ સમજાય છે. ત્યાં 'रास' શબ્દ નથી તથાપિ સંકલના બરાબર છે. **પ્રથમ** દૃષ્ટિએ **વિ૦પુ૦**ના 'रासमण्डले' કરતાં **બ્ર૦પુ૦**નું 'रासमण्डलम्' વધારે સારો પ્રયોગ છે એવું લાગે છે, કેમ કે તે 'चकार'ને સ્પષ્ટ કર્મ અર્પે છે. પરંતુ **બ્ર૦પુ૦**માં '°दृशं' 'रासमण्डलम्'નું વિશેષણ બની રચનાને ભલે સરળ બનાવે, છતાં **વિષ્ણુપુરાણ**માં '**तत्करस्पर्शनिमीलितदृशं**' સ્વતંત્ર રહી 'चकार' સાથે યોજાઈ એક સુન્દર ચમત્કૃતિ સર્જે છે, જે અર્થ તે જ હોવા છતાં **બ્ર૦પુ૦**ની વાચનામાંની શબ્દયોજનામાંથી ઉદ્ભવતી નથી. આ હકીકત **વિ૦પુ૦**ના આ ૫૦મા શ્લોક પરની '**વિષ્ણુચિત્તીય**' ટીકા સ્પષ્ટ કરે છે:

"हरिरेकां हस्तेन गृह्णाति, सा तस्य करस्पर्शसुखनिमीलिताक्षी भवति, तामन्यस्याः स्वकरस्पर्शपरवशायाः हस्तेन हस्तं योजयति, एवं चापरस्याः तादृश्या हस्तेनेति। हरिहस्तस्पर्श-सुखवशात्कृष्णेन गृहीतहस्ताऽहमेवेति सर्वासां बुद्धिमुत्पादयन्नेकमूर्तिरेव हरिरगृहीतहस्त एव रासमण्डले चकार। हरिरेवमेताभिः रासमण्डलं बबन्धेति रासवित्सम्प्रदायः। अन्ये तु द्वयोर्द्वयोर्मध्ये हरिरेकैकमूर्त्ति-रातस्थावित्याहुः ॥"

આ રસસભર વિવરણ સુન્દર ચિત્રનું આલેખન કરે છે: શ્રીહરિ એક ગોપીનો હાથ પકડે છે એટલે અનુપમ સ્પર્શસુખથી તેની આંખો મિચાઈ જાય છે. બીજીનાં નેત્રો પણ સ્પર્શસુખના જાદુથી બિડાઈ જાય છે. આ પ્રમાણે સર્વ ગોપીઓને નિજકરસ્પર્શથી પરવશ બનાવીને દરેકને પરસ્પરનો હાથ હાથમાં આપીને ગોપીઓને કૃષ્ણ આબાદ રીતે બનાવે છે! કેમ કે તેથી 'કૃષ્ણે મારો જ હાથ પકડ્યો છે, બીજી કોઈનો નહિ' તેવી દૃઢ માન્યતા તે દરેકના મનમાં ઉદ્ભવે છે. આ પ્રકારે કોઈનો યે હાથ પકડ્યા વિના કૃષ્ણે માત્ર એક જ મૂર્તિ ધારણ કરીને અનેક રૂપો લઈને નહિ—રાસમણ્ડલ રચ્યું.—ટીકાકાર જણાવે છે કે આ અર્થ 'રાસલીલા'ના જાણકારોની પરંપરા પ્રમાણેનો છે; જ્યારે બીજા તો બે-બે ગોપી વચ્ચે એક-એક કૃષ્ણ રહે છે તેવું કહે છે.

## 'રાસ'ની બે પરમ્પરાઓ:

આ રીતે અહીં આપણને 'રાસ'ની બે પરમ્પરાઓ જોવા મળે છે: એક તો **લીલાશુક બિલ્વમંગલ**ના '**अङ्गनामङ्गनामन्तरा माधवः**' એ શ્લોકથી તથા ભક્તકવિ **દયારામ**ની 'એક એક ગોપી વચ્ચે નાથ ને રે' એ કડીથી જેને આલેખવામાં આવી છે તે અતિપ્રસિદ્ધ રીત, જેમાં શ્રીકૃષ્ણ '**निर्माणचित्तान्यस्मितामात्रात्**' (**પાતઞ્જલ યોગસૂત્ર**, ૪.૪) એ યોગદર્શનના સિદ્ધાન્ત અનુસાર માધવ તરીકેનાં અનેક રૂપો ધારણ કરે છે અને તદુપરાન્ત રાસમણ્ડલની મધ્યમાં રહેલા દેવકીનન્દનનું એક અસલ સ્વરૂપ યોજે છે; જ્યારે બીજી પરમ્પરા પ્રમાણે શ્રીકૃષ્ણની અનેક રૂપો ધારણ કરવાની અલૌકિકતાને સ્થાન નથી, સર્વ ગોપીઓને એક સાથે એક જ સ્વરૂપ વડે સંતોષ આપવાનું યુક્તિનૈપુણ્ય તે દાખવી શકે છે. પ્રથમ પરમ્પરામાં ચમત્કાર છે, અદ્ભુત રસ છે; શ્રીકૃષ્ણનો ઈશ્વરભાવ, તેમનું મહાયોગેશ્વરત્વ, તેમાં વ્યક્ત થાય છે. દ્વિતીય પરમ્પરામાંથી ઊપસી આવતું ચિત્ર તદ્દન વાસ્તવિક છે, સ્વાભાવિક છે, માનવસહજ છે, સામાન્યબુદ્ધિગમ્ય છે.

## સમાધાનકારી બે શ્લોકો :

શ્રીકૃષ્ણને સર્વવ્યાપી ઈશ્વર તરીકે નિરૂપતા અન્તિમ બે શ્લોકો પણ '**બ્રહ્મપુરાણ**' તેમ જ '**વિષ્ણુપુરાણ**'માં સમાન છે: **બ્ર૦પુ૦** ૪૪–૪૫ તથા **વિ૦પુ૦** ૬૧–૬૨. તેમાં માત્ર એક સ્થળે પાઠભેદ મળે છે. **બ્ર૦પુ૦**ના ૪૪મા શ્લોકનું અન્તિમ ચરણ છે 'व्याप्य सर्वमवस्थितः' અને ૪૫મા શ્લોકનું અન્તિમ ચરણ પણ તે જ રાખેલું છે; જ્યારે **વિ૦પુ૦**માં આ બંને ચરણો ભિન્ન છે. ૬૨મા શ્લોકનું અન્તિમ ચરણ તો ત્યાં પણ 'व्याप्य सर्वमवस्थितः' તે જ રાખેલું છે, પરંતુ ૬૧મામાં થોડો ફેરફાર થયો છે. તે છે: 'व्यापी वायुरिव स्थितः' **વિ૦પુ૦**માં આ રીતે **બ્ર૦પુ૦**માં આવતી બંને શ્લોકોના અન્તમાની એકવિધતા દૂર કરાઈ છે, તો 'વાયુ'ની ઉપમા ૬૨મા શ્લોકમાં પણ આવે છે અને તે જ આ ૬૧મામાં પણ મૂકી છે એ ખામી આગળ ધરી શકાય; પરંતુ આ શંકાનું નિરસન એમ કહીને કરી શકાય કે પ્રથમ શ્લોકમાં વાયુની વ્યાપકતા કવિને ઇશ્વરની સર્વવ્યાપિતા માટે એક સહજ ઉપમાન પૂરું પાડે છે, અને એ રીતે ચિન્તન આગળ વધતાં કવિના મનમાં પ્રકાશ પડે છે કે એકલો વાયુ જ શા માટે? આ માનવદેહાદિ સર્વ જાગતિક વસ્તુઓ પાંચે મૂળ તત્ત્વોની–પંચમહાભૂતોની જ બનેલી છે ને? તેથી તે પાંચેની વ્યાપકતા સરખી ગણાય અને આ દૃષ્ટિ કવિને પછીના શ્લોકમાં તે પાંચેનો સ્પષ્ટ ઉલ્લેખ કરી આત્માની સર્વવ્યાપિતા સમજાવવા પ્રેરે છે. તેને વિશ્વાસ છે કે આ બીજી ઉપમાથી પ્રથમ ઉપમા કરતાં વધારે સચોટ રીતે પોતાની વાત તે રજૂ કરી શક્યા છે. એટલે આમાં કવિની કલ્પનાના વિકાસને લક્ષ્યમાં લેતાં પુનરુક્તિદોષ દૂર થઈ જાય છે. પરંતુ આનો અર્થ એ પણ નથી કે **બ્ર૦પુ૦**માં બેઉ શ્લોકમાં અન્તિમ ચરણ શબ્દશઃ એક જ છે તે દોષ ગણવો જોઈએ, કારણ કે પોતાને થયેલું દર્શન ભારપૂર્વક અને ચોટદાર રીતે વ્યક્ત કરવાની પ્રાચીન ઋષિઓની આવી પદ્ધતિ તો સુપ્રસિદ્ધ છે. વિશેષતઃ આત્માનું દર્શન કરાવતાં **ઉપનિષદો**ના ઋષિઓ આવી રીત અપનાવે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણની રાસક્રીડાનું ઔચિત્ય દર્શાવતા આ સમાધાનકારી શ્લોકો પરની પોતાની વ્યાખ્યામાં શ્રી. **શ્રીધરસ્વામી** આવું સમાધાન અહીં રજૂ કરવાની આવશ્યક્તા સંક્ષેપમાં આ રીતે સમજાવે છે :

'ननु धर्मस्थापनायावतीर्णो भगवान् कथं गोपाङ्गनाः पापे प्रवर्त्तयन् स्वयमपि पापं चकारेत्य-त्राह—तद्भर्तृष्विति । न तावद् गोपीनां पापमस्ति स्वभक्ताहितक्षपणस्य तस्य तद्दोषक्षपणेऽतिसमर्थत्वात् । न च तस्य दोषः तद्भर्त्रादिसर्वव्यापिपरमात्मात्मरूपत्वात् ॥'

અર્થાત્–કોઈ શંકા ઉઠાવે કે ધર્મનું સંસ્થાપન કરવા માટે જ જેમણે અવતાર લીધો છે તેવા ભગવાન્‌ને વળી આ શું સૂઝ્યું કે ગોપીઓને પણ પાપમાં પ્રવર્ત્તમાન કરી અને પોતે પણ પાપ આચર્યું? પરંતુ શ્રીકૃષ્ણની બાબતમાં આવો સંશય અસ્થાને છે. તેનાં બે કારણો છે: (૧) પ્રથમ તો ગોપીઓને તેનો દોષ નથી લાગતો, કેમ કે પોતાના ભક્તોના અહિતનો નાશ કરવા માટે ભગવાન્ અત્યન્ત સમર્થ છે. (૨) બીજું એ કે તેમને પોતાને પણ તેનો દોષ લાગતો નથી, કારણ કે તે પોતે તો ગોપીઓના પતિઓનો પણ જેમાં સમાવેશ થઈ જાય છે તેના સર્વમાં વ્યાપીને રહેલા પરમ આત્મા રૂપે જ વિલસી રહ્યા છે ને!

ટૂંકમાં **શ્રીધરસ્વામી** સમજાવે છે તે પ્રમાણે શ્રીકૃષ્ણની રાસલીલા પરસ્ત્રીઓ સાથેની ક્રીડા હોવાથી સદોષ ગણાય, પરંતુ તેમના સર્વવ્યાપી ઇશ્વરભાવના પ્રભાવથી તેનો દોષ બેઉ પક્ષોને નડતો નથી! આ કંઈ બહુ સારું સમાધાન ન ગણાય! પરંતુ આવો પ્રશ્ન ઉદ્દભવ્યો શા માટે? આ પ્રશ્નની પૂર્વભૂમિકા મળે છે **વિ૦પુ૦**ના શ્લોક ૫૮–૫૯માં જે **બ્ર૦પુ૦**ની વાચનામાં મળતા નથી.

> 'स तथा सह गोपीभी ररास मधुसूदनः ।
> यथाब्दकोटिप्रतिमः क्षणस्तेन विनाऽभवत् ॥ ५८
>
> ता वार्यमाणाः पतिभिः पितृभिर्भ्रातृभिस्तथा ।
> कृष्णं गोपाङ्गना रात्रौ रमयन्ति रतिप्रियाः ॥' ५९

અર્થાત્–ભગવાન્ એવા રસપૂર્વક ગોપીઓ સાથે રાસ રમ્યા કે તેમના વિયોગની એક ક્ષણ પણ ગોપીઓને માટે કરોડ વર્ષ સમી વસમી બની ગઈ; અને આને પરિણામે પતિઓ, પિતાઓ તથા ભાઈઓએ નિવારવા છતાં તેઓ રતિપ્રિયા બનીને કૃષ્ણને રાત્રે રમાડવા લાગી.

ગોપીઓના ભાવની ઉત્કટતા, તેમની તન્મયતાનો, સ્થૂલ દૃષ્ટિએ વિચાર કરતાં ઉપરિનિર્દિષ્ટ પ્રશ્ન ઉદ્દભવે છે અને તેથી તેનો નિરાસ કરવા માટેની દૃષ્ટિ પેલા બે શ્લોકોમાં આપવામાં આવી છે. **શ્રીધરસ્વામી**એ તો સ્થૂલ દૃષ્ટિએ જ તેનો અર્થ કરી બતાવ્યો છે; પરંતુ તેમાં સૂક્ષ્મ દૃષ્ટિ રહેલી છે તેનો વિચાર આપણે આગળ કરીશું.

**'ભાગવત મહાપુરાણ'માં :**

**ભાગવત** મહાપુરાણમાં રાસલીલા ઉત્કૃષ્ટ કોટિની અને પરિપૂર્ણ બની ગઈ છે. તેના દશમ સ્કન્ધના અધ્યાય ૨૯ થી ૩૩ 'રાસપંચાધ્યાયી' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે અને તે ભગવાન્ના પંચપ્રાણ ગણાયા છે. યોગ્ય રીતે જ **ભાગવત** શ્રેષ્ઠ પુરાણ ગણાય છે, અને તે સૌથી વધારે પ્રચાર પામેલું હોઈ સ્થળે સ્થળે તેનાં પારાયણો થાય છે; અને દશમ સ્કન્ધના આ વિભાગની કથા પ્રસંગે તો વકતા તેમ જ ભાવુક શ્રોતાઓ સર્વ રસતરબોળ થઈ જાય છે. વળી એ આખું વર્ણન અધિકાધિક માધુર્ય તથા ચમત્કૃતિયુક્ત છે. આથી **ભાગવત**ની આ 'રાસપંચાધ્યાયી'માંના વર્ણનને પણ મહત્ત્વની વિગતો રહી ન જાય તેવા સંક્ષેપમાં જોઈ લેવું આપણે માટે જરૂરી છે:

પૂર્વ દિશાના મુખને લાલાસથી લીંપતાં ચન્દ્રકિરણો, ખીલેલી મલ્લિકાઓ તથા અખણ્ડમણ્ડલ, રમાના મુખના જેવી આભાવાળા, નવકુંકુમારુણ કુમુદ્દવાન્‌ને નીરખીને અને કોમળ કિરણોથી અંજિત વનને નિહાળીને યોગમાયાયુક્ત ભગવાન્‌ને રમણની ઇચ્છા થઈ. વનમાં જઈ મનોહર સ્વરે તે ગાવા લાગ્યા. એ ગાનથી ગોપીઓ ખેંચાઈ આવી. પતિ, પિતા, ભાઈ, બન્ધુઓ વડે વાર્યા છતાં ગોવિન્દે અપહરેલ આત્માવાળી તે મોહિત નારીઓ અટકી નહિ. કેટલીક ઘરમાં પુરાઈ રહેલીઓએ નેત્રો બીડી કૃષ્ણનું ધ્યાન ધર્યું. જારબુદ્ધિએ પણ પરમાત્માને સંગત થયેલી તે નારીઓ પ્રક્ષીણબન્ધન બની. મધુર વાણીથી તેઓનું સ્વાગત કરી શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા :

"હું તમારું શું પ્રિય કરું? વ્રજ તો અનામય છે ને? કેમ આવ્યા છો? ઘોરસત્ત્વનિષેવિત

ઘોર રજનિમાં અહીં ન રહેવું જોઈએ, તેથી પાછાં ચાલ્યાં જાઓ. ત્યાં બધાં તમને શોધતાં હશે. ચન્દ્ર ખીલ્યો છે, વન કુસુમિત થયું છે અને યમુનાના અનિલથી પર્ણો હાલે છે. હે સતીઓ, તમે જલદી જઈ પતિસેવા કરો અને બાળકોને દૂધ પાઓ. મારા તરફ સ્નેહ રાખી આવ્યાં છો ? તો તે ઉપપન્ન છે, કેમ કે प्रीयन्ते मयि जन्तवः—સર્વ પ્રાણીઓ મારા પર પ્રેમ રાખે છે. હે કલ્યાણીઓ ! નિષ્કપટ પતિસુશ્રૂષા તથા તેના બન્ધુઓ અને પ્રજાનું પોષણ તે જ સ્ત્રીધર્મ છે. ગમે તેવો હોય તોય લોકોપ્સુઓ વડે તે હાતવ્ય નથી. કુલસ્ત્રીનું ઉપપતિત્વ બહુ ખરાબ ગણાય છે. મારા પ્રત્યેનો ખરો ભાવ તો શ્રવણ, દર્શન, ધ્યાન અને અનુકીર્તનથી હોય, સન્નિકર્ષથી નહિ. તેથી પાછાં ફરો.''

આ વચનો વડે વિષણ્ણ થયેલી ગોપીઓના બિમ્બાધર સુકાયા, તેઓ ચરણ વડે ભૂમિ ખોતરવા લાગી, અને કાજળમિશ્રિત અશ્રુ સારીને સંરમ્ભગદ્ગદ ગિરાથી ઉત્તર આપવા લાગી.

''અમને ન ત્યજો. મુમુક્ષુઓને આદિપુરુષ સ્વીકારે છે તેમ સર્વસ્વ ત્યજનાર અમને સ્વીકારો. તમારી વાત સાચી છે, પરંતુ प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा—ખરેખર આપ તો દેહધારીઓના પ્રેષ્ઠ બન્ધુ એવા આત્મા છો. એ આર્ત્તિદોથી શું ? હે આત્મન્ ! હે પરમેશ્વર ! અમારી આશાને ન છેદો. અમે તો ડગલું યે ખસવાની નથી. નહિ તો, હે સખા, અમે ધ્યાન દ્વારા તમારી પદપદવી પામીશું. સ્પષ્ટ રીતે જ દેવલોકના રક્ષક આદિપુરુષની જેમ તમે વ્રજનાં ભય અને આર્ત્તિને હરનારા છો. તેથી હે આર્ત્તબન્ધુ ! અમ કિંકરીઓનાં તપ્ત સ્તનો તથા શિર પર કરકમળ મૂકો.''

આત્મારામ યોગેશ્વરેશ્વરે તેમનું વિક્લવિત સુણી હાસ્ય તેમ જ દયાપૂર્વક તે પ્રિયેક્ષણોત્ફુલ્લમુખીઓને કાલિન્દીના કર્પૂરસમ સિકતાવાળા પુલિન પર અનેક પ્રકારે રમણ કરાવ્યું, ત્યારે તે ઉડુગણથી વિંટળાયેલા ચન્દ્રસમા શોભવા લાગ્યા. તેઓ ઉદ્ગાન કરવા લાગ્યા અને તેમનાં ગાન ગોપીઓ ગાવા લાગી, પરંતુ આમ મહાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ પાસેથી માન મેળવી માનિની ગોપીઓ ભૂમિ પરની સર્વ સ્ત્રીઓમાં પોતાને અભ્યધિક માનવા માંડી અને તેઓના આ સૌભાગ્યમદ તેમ જ પ્રણયમાનને શમાવવાના ઉદ્દેશથી કૃપા કરવાની ઇચ્છાવાળા કેશવ અન્તર્ધાન થઈ ગયા.

યૂથપતિને ન જોતાં કરિણીઓ જેવી વ્યાકુળ થાય તેવી વ્યાકુળ બનેલી ગોપીઓ તેમનાં ચેષ્ટિતોનું અનુકરણ કરવા લાગી, '' असावहम्–असौ अहम् ''—તે હું છું—એમ પરસ્પરને કહેવા લાગી, તેમનું જ ગાન કરતી ઢૂંઢતી ઢૂંઢતી અશ્વત્થ આદિને, કુરબક આદિને, તુલસીને, માલતી વગેરેને તેમ જ આંબા વગેરેને કૃષ્ણની માહિતી પૂછવા લાગી. હરિણીને પ્રશ્ન કર્યો : '' પ્રિયાની સાથે શ્રીકૃષ્ણને તેં જોયા ?''[૨૩] વૃક્ષોને પણ એવું જ પૂછ્યું; '' પ્રિયાના ખભા પર હાથ મૂકેલા રામાનુજ તમારા પ્રણામને અભિનન્દતા ગયા ?''[૨૪]

---

૨૩ अप्येणपत्न्युपगतः प्रिययेह गात्रैस्तन्वन् दृशां सखि सुनिर्वृतिमच्युतो वः ।
कान्ताङ्गसङ्गकुचकुङ्कुमरञ्जितायाः कुन्दस्रजः कुलपतेरिह वाति गन्धः ॥
—ભાગવત મહાપુરાણ, ૧૦. ૩૦. ૧૧.

૨૪ बाहुं प्रियांस उपाधाय गृहीतपद्मो रामानुजस्तुलसिकालिकुलैर्मदान्धैः ।
अन्वीयमान इह वस्तरवः प्रणामं किं वाभिनन्दति चरन् प्रणयावलोकैः ॥
—એ જ, ૧૦. ૩૦. ૧૨.

આગળ વધતાં તે સંતપ્ત નારીઓએ પ્રભુનાં પગલાં તો નિહાળ્યાં; પરન્તુ, અરે, તે તો કોઈ સ્ત્રીનાં [ वध्वाः ] પગલાં સાથે સમ્પૃક્ત હતાં! આથી સ્વાભાવિક રીતે જ તેઓની આર્તિ વધી ગઈ: "તેણે આરાધ્યા હશે!...અહીં તેણીનાં પગલાં નથી તેથી તૃણ પગમાં ન વાગે તે માટે પ્રભુએ તેને ઊંચકી લીધી હશે......અને આ રહ્યાં તેના ભારને લીધે તેમનાં વધારે ઊંડા પગલાં... અને અહીં અર્ધાં પગલાં જ છે તેથી તેણી માટે તેમણે પુષ્પો ચૂંટ્યાં હશે..." આમ વિચેતસ બનેલી વનિતાઓ વનમાં વિચરવા લાગી.

બીજી બાજુ, કૃષ્ણસંગમાં રહેલી પેલી ગોપીને અભિમાન થઈ આવ્યું. તેથી કૃષ્ણ અન્તર્ધાન થઈ ગયા. અનુતાપ કરતી તે આ ગોપીઓને જડી. તેની માનાપમાનની વાતથી સર્વ વિસ્મિત થઈ. ચન્દ્રિકાનું તેજ હતું ત્યાં સુધી તો પ્રભુને ઢૂંઢયા, પરંતુ અન્ધકાર ગહન થતાં તેઓ પાછી વળી કાલિન્દીતીરે તન્મનસ્ક, તદાલાપ, તદ્વિચેષ્ટિત તથા તદાત્મિકા બનીને તદ્ગુણો ગાવા લાગી.

તે વિરહઘેલી ગોપીઓનું આ આક્રન્દ ૧૯ શ્લોકોની ઉત્કટ પ્રાર્થનામય ઉત્તમ કવિતા બની ગઈ. તેઓ કરગરવા લાગી: "અમે તો તમારામાં જ પ્રાણ ધરી રહી છીએ [ त्वयि धृतासवः ] અમે તો તમારી અશુલ્ક દાસીઓ છીએ. કાલીયદમન આદિ દ્વારા તમે અમારું રક્ષણ કર્યું છે. તમે માત્ર ગોપિકાનન્દન ન રહેતાં પ્રાણીમાત્રના અન્તરાત્મારૂપ બની ગયા છો..."[૨૫]

આમ ગાતી અને પ્રલાપ કરતી ગોપીઓ રડવા લાગી અને મન્મથમન્મથ ભગવાન્ શૌરિ પ્રકટ થયા અને જાણે તેઓનાં ખોળિયામાં નવા પ્રાણનો સંચાર થયો. કોઈએ હાથ પકડી લીધો, કોઈએ બાહુ સ્કન્ધે ધર્યો...અને પેલી એક તો ભ્રુકુટિ ચડાવી દાંતથી ઓઠ પીસીને પ્રણયકોપ દર્શાવતી જાણે કટાક્ષોથી મારવા લાગી.[૨૬] બીજી તો સન્તો જેમ તેમના ચરણને સેવતાં ધરાય નહિ તેમ અનિમિષ નયનો વડે મુખકમળને સેવતી ધરાતી ન હતી. નેત્રદ્વારા હૃદયમાં બેસાડી નેત્રો બંધ કરી આનન્દથી પુલકિત થયેલી એક ગોપી યોગીની જેમ આનન્દસમ્પ્લુત બની ગઈ. પ્રાજ્ઞને મેળવી લોકો દુઃખ ભૂલે તેમ ગોપીઓએ વિરહ ત્યજ્યો અને આનન્દી ગોપીઓથી વીંટળાયેલા ભગવાન્ શક્તિઓથી વીંટળાયેલા પુરુષની જેમ શોભવા લાગ્યા.[૨૭] શરચ્ચન્દ્રનાં કિરણોએ અન્ધકારને દૂર કરતાં કૃષ્ણા(=કાલિન્દી)એ તરંગહસ્તથી જ્યાં કોમલ રેતી વિસ્તારી રાખી હતી તે પુલિન પર પરમાત્મદર્શન વડે મનોરથાન્ત પામેલી શ્રુતિઓ જેવી તે બધીએ કુચકુંકુમાંકિત ઉત્તરીયો

---

૨૫ न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान् सात्वतां कुले ॥

—એજ, ૧૦. ૩૧. ૪.

૨૬ एका भ्रुकुटिमाबध्य प्रेमसंरम्भविह्वला ।
घ्नतीवैक्षत् कटाक्षेपैः संदष्टदशनच्छदा ॥

—એજ, ૧૦. ૩૨. ૬.

૨૭ ताभिर्विधूतशोकाभिर्भगवानच्युतो वृतः ।
व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा ॥

—એજ, ૧૦. ૩૨. ૧૦.

પાથરી આસન રચ્યું અને યોગેશ્વરોના અન્તઃકરણમાં કલ્પિત આસનવાળા ભગવાન્ ઈશ્વર ગોપીઓની પરિષદ્ વિષે બેઠા. પછી ઈષત્કુપિત ગોપીઓએ માર્મિક પ્રશ્ન કર્યો :—

"કેટલાક પ્રેમ કરનારને પ્રેમ કરે છે, કેટલાક પ્રેમ નહીં કરનારને પણ પ્રેમ કરે છે. તો કેટલાક વળી તે ઉભયને પ્રેમ કરતાં નથી. તો એ અમને સમજાવો."

ભગવાન્ કહે : "પરસ્પર પ્રેમ કરનાર પરમ સ્વાર્થી છે, તેમાં નથી સૌહૃદ કે નથી ધર્મ. પ્રેમ ન કરનારને પણ પ્રેમ કરનાર માબાપ સમાન છે. તેમાં નિરપવાદ ધર્મ અને સૌહૃદ છે. ભજનારને કે ન ભજનારને કોઈને પ્રેમ ન કરનાર તો આત્મારામ આપ્તકામ અકૃતજ્ઞ અને ગુરુદ્રોહી છે, પરંતુ હું પ્રેમ કરનાર પ્રાણીઓને પણ પ્રેમ કરતો નથી તે તો અનુવૃત્તિવૃત્તિ અર્થે તેમનાં ચિત્ત મારી શોધમાં જ એકતાન રહે તે માટે—જેમ નિર્ધન માણસ મળેલું ધન નષ્ટ થતાં તેની જ ચિન્તામાં ડૂબેલો રહે અને અન્યત્ર તેનું મન લાગે જ નહિ તેમ. તમારી વૃત્તિ મારામાં જ લાગી રહે તે હેતુથી જ હું અદૃશ્ય થયેલો, માટે અસૂયા ન કરશો, દેવોનું આયુષ્ય મેળવીને પણ હું તમારા પ્રેમનો પ્રતિકાર ન કરી શકું. તમે મારે માટે સર્વસ્વ ત્યજી આવી છો એ તમારું સૌજન્ય છે."

ભગવાનની આ સુપેશલ વાણી સાંભળીને ગોપીઓએ વિરહતાપ છોડ્યો, અને ગોવિન્દે અન્યોન્યના બાહુઓથી બંધાયેલ પ્રેમાળ સ્ત્રીરત્નોની સાથે રાસક્રીડા આરંભી. એ રાસોત્સવમાં યોગેશ્વર કૃષ્ણ બે બે ગોપી વચ્ચે પ્રવેશ્યા અને તેમને કણ્ઠથી પકડી પોતાની નજીક લાવવા લાગ્યા. તેમાં વલયો, નૂપુરો તથા કિંકિણીઓનો તુમુલ શબ્દ ઊઠ્યો. હૈમમણિમધ્યે મહામરકતની જેમ ભગવાન્ દેવકીસુત ત્યાં અત્યન્ત શોભવા લાગ્યા, અને એ કૃષ્ણવધૂઓ પણ કૃષ્ણગાન ગાતી મેઘચક્રમાંની વીજળીસમી શોભી ઊઠી. તેમના ગીતથી જગત્ વ્યાપ્ત થયું.

થાક લાગતાં એકે બંસીધરના સ્કન્ધને બાહુથી પકડ્યો, બીજીએ તેમના બાહુને ચૂમ્યો. ત્રીજીએ લમણે લમણો અઢેલ્યો, ચોથીએ તેમના શિવ હાથને સ્તન પર મૂક્યો. લક્ષ્મીના એકાન્ત-વલ્લભ અચ્યુતને કાન્તરૂપે મેળવી તેમના હાથ પોતાના ગળામાં વળગાડેલી ગોપીઓ તદ્‌ગુણ ગાતી ભ્રમરગાયક રાસગોષ્ઠીમાં વિહરવા લાગી.

આવી રીતે પરિષ્વંગ, કરાભિમર્શ, સ્નિગ્ધેક્ષણ, ઉદ્દામવિલાસ અને હાસ વડે રમાના ઈશ પોતાનાં પ્રતિબિમ્બોમાં વિભ્રમ અનુભવતા અર્ભકની જેમ વ્રજસુન્દરીઓ સાથે રમ્યા.[૨૮] જેમાં નારીઓનાં કેશ, દુકૂલ, કુચપટ્ટિકા અને અલંકારો અસ્તવ્યસ્ત થઈ ગયાં, એવા કૃષ્ણ-વિક્રીડિતને જોતાં ખેચર સ્ત્રીઓ કામાર્દિત બની મોહ પામી અને શશાંક તથા તારાગણ પણ વિસ્મિત થયા. જેટલી ગોપીઓ હતી તેટલાં રૂપ લઈને પોતે આત્મારામ હોવા છતાં તે ભગવાન્

---

૨૮ एवं परिष्वंगकराभिमर्शस्निग्धेक्षणोद्दामविलासहासैः ।
रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥

—એ જ, ૧૦. ૩૩. ૧૭.

લીલાપૂર્વક રમ્યા.[૨૯] અતિવિહારથી શ્રાન્ત થયેલી ગોપીઓનાં વદનો પર કરુણામય ભગવાને પોતાનો શન્તમ કર ફેરવ્યો. નખસ્પર્શથી પ્રમુદિત થઈને તેઓ સુધિતહાસનિરીક્ષણ વડે તેમના માટે માન ધારણ કરતી તે ઋષભનાં પુણ્યકર્મોનાં ગાન ગાવા લાગી.

ત્યાર બાદ શ્રમનું અપોહન કરવા જળમાં પ્રવેશી જલક્રીડા કરવા લાગ્યા. પછી ઉપવન-લીલા આચરી.

જેમનામાં અબલાગણ અનુરત હતો તથા જેમણે સુરતભાવને નિજમાં જ અવરોધી લીધેલો હતો તેવા તે સત્યકામ શ્રીકૃષ્ણે શરદ્ઋતુનાં કાવ્યકથારસના આશ્રયવાળી અને ચન્દ્ર-જ્યોત્સ્નાથી વિરાજિત નિશાઓને આવી રીતે સેવી.[૩૦]

આ પ્રમાણેનું "રાસલીલા"નું વર્ણન શ્રીમદ્ **ભાગવત**માં મળે છે. તેના કેટલાક વિલક્ષણ મુદ્દાઓ લક્ષમાં લેવા જોઈએ :

(૧) પ્રથમ તો શ્રીકૃષ્ણ ગોપીઓને પાછી ફરી જવા સમજાવતાં તેમના સ્ત્રીધર્મનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. અને સાથે જ કહી નાખે છે કે તેમના તરફનું આકર્ષણ સ્વાભાવિક છે, કેમ કે प्रीयन्ते मयि जन्तवः—સર્વ પ્રાણીઓ તેમના તરફ પ્રેમ રાખે છે. [૩૧] તેમના આ કથનમાંથી આપણને રાસમણ્ડલને સ્થૂલ અર્થમાં ન લેતાં એક આદર્શ રૂપક તરીકે ઘટાવવા માટેનો સુન્દર મુદ્દો મળી જાય છે; અને તે પ્રસંગનું તેમનું અન્તિમ વચન પણ આ દૃષ્ટિ માટે પુષ્ટિદાયક છે : "મારા પ્રત્યેનો ભાવ જેટલો શ્રવણ, દર્શન, ધ્યાન અને અનુકીર્તનથી વ્યક્ત થઈ શકે તેટલો સન્નિકર્ષથી નહિ !"[૩૨] ગોપીઓનો ઉત્તર પણ આધ્યાત્મિક દૃષ્ટિનો પોષક છે, કેમ કે તે મુમુક્ષુઓને સ્વીકારનાર આદિપુરુષની વાત કરે છે, પોતાને સર્વ વિષયો ત્યજીને પ્રભુના પાદમૂલે પહોંચેલ ભક્તો ગણાવે છે, કૃષ્ણને દેહધારીઓના પ્રેષ્ઠ બન્ધુ આત્મા તરીકે લેખે છે, 'આત્મન્ !' અને 'પરમેશ્વર !' એવાં સમ્બોધનો પ્રયોજે છે અને અન્તે ધ્યાન દ્વારા પણ તેની પદપદવીને પ્રાપ્ત

---

૨૯ कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।
रेमे स भगवांस्ताभिरात्मारामोऽपि लीलया ॥

—એ જ, ૧૦. ૩૩. ૨૦.

૩૦ एवं शशाङ्कांशुविराजिता निशाः स सत्यकामोऽनुरताबलागणः ।
सिषेव आत्मन्यवरुद्धसौरतः सर्वाः शरत्काव्यकथारसाश्रयाः ॥

—એ જ, ૧૦. ૩૩. ૨૬.

૩૧ अथवा मदभिस्नेहाद् भवत्यो यन्त्रिताशयाः ।
आगता ह्युपपन्नं वः प्रीयन्ते मयि जन्तवः ॥

—એ જ, ૧૦. ૨૯. ૨૩.

૩૨ श्रवणाद् दर्शनाद् ध्यानान्मयि भावोऽनुकीर्त्तनात् ।
न तथा सन्निकर्षेण प्रतियात ततो गृहान् ॥

—એ જ, ૧૦. ૨૯. ૨૭.

કરવાનો પોતાનો અડગ નિશ્ચય જાહેર કરે છે.[૩૩] શ્રીકૃષ્ણ અન્તર્ધાન થતાં ગોપીઓ વ્યાકુળ બનીને તેમનાં ચેષ્ટિતોનું અનુકરણ કરતી પરસ્પરને ‘असौ अहम् तु’ ‘असौ अहम् तु’—‘તે હું છું,’ ‘તે હું છું’ એમ કહેવા લાગે છે તે વર્ણન પણ ગોપી અને કૃષ્ણ વચ્ચેના—આત્મા અને પરમાત્મા વચ્ચેના—અભેદ સમ્બન્ધનો નિર્દેશ કરે છે.[૩૪] સ્વાભાવિક રીતે જ આની સાથે ‘अहं ब्रह्माऽस्मि’ અને ‘तत्त्वमसि’ જેવાં **ઉપનિષદો**ના મહાવાક્યોને સરખાવવાની વૃત્તિ થઈ આવે છે.

(૨) બીજું મહત્ત્વનું તત્ત્વ છે પેલી વિશિષ્ટ ગોપીનો સંગ. તે એકલીને જ સાથે રાખી. તેને ગર્વ થતાં તેનાથી પણ કૃષ્ણ અદૃશ્ય રહ્યા. આ ગોપી તે રાધા જ હોય. તેનો નામનિર્દેશ હજી સુધી આવ્યો નથી. આ પછી એ પાત્ર એટલું બધું ખીલ્યું છે કે કૃષ્ણની સાથે રાધાનું નામ જોડાઈ ગયું છે એટલું જ નહિ, પણ મન્દિરોમાં પણ તે ભગવાનની સંગિની બનીને રહી શકી છે. તે આદર્શ જીવાત્માનું પ્રતીક છે. બીજી ગોપીઓ રહી જાય છે ત્યારે તે એકલી જ કૃષ્ણની સાથે રહી શકે છે તે તે જીવાત્માની તન્મયતાની ભાવનાની ઉત્કટતા દર્શાવે છે, અને તેની આ સાધના પણ નિર્વિઘ્ન રહી શકતી નથી. તેને પોતાની સુભગતાનો દર્પ થઈ આવે છે, અને પાછાં પડળ તેનાં ચર્મચક્ષુઓને વીંટી વળે છે. આમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જાળી પણ પરમાત્મદર્શનમાં અવરોધરૂપ રહી શકે છે. જ્યાં નિર્ભેળ પવિત્રતા હોય ત્યાં જ પ્રભુની પ્રાપ્તિ શકય બને છે. જ્યારે અજ્ઞાનનું પડળ દૂર થાય છે ત્યારે જ ‘**તે**’નાં દર્શન થાય છે—સાક્ષાત્કાર અનુભવાય છે. તે પહેલાંની ભૂમિકા વિલાપની છે. **ભાગવત**ના દશમસ્કન્ધના એકત્રીશમાં અધ્યાયના માત્ર ૧૯ શ્લોકોમાં ગોપીઓએ પોતાની જે વિરહવ્યથા વ્યક્ત કરી છે, જે ભયંકર આક્રન્દ કરી મૂક્યું છે, તે એક ઉત્તમ કવિતાનો નમૂનો પૂરો પાડે છે. અશ્રુ સાથે આ કવિતાનો સુભગ સંગમ ચિદાત્માના સર્વ મળને ધોવાનું ઉત્તમ સાધન છે. ખૂબ રડીને, પોતાની ભૂલોને સંભારીને, પોતાના મૂળ સ્વરૂપને સમજવાનો ને સમ્પાદિત કરવાનો એ એક વિરલ, ઉત્કટ તથા સચોટ પ્રયત્ન છે, જે કદી નિષ્ફળ ન જાય. કૃષ્ણના પ્રકટ થયા પછી જે એક ગોપી ‘ભૃકુટિ ચડાવી દાંતથી ઓઠ પીસીને કટાક્ષતાડન કરવા લાગી’ તે પણ રાધાનું જ વિશિષ્ટ પાત્ર (૧૦. ૩૨. ૬).

—અને આ પછી જે અનુપમ ઉત્સાહપૂર્વકની રાસલીલા પ્રવર્તી તે માટે કવિ કહે છે :

‘एवं परिष्वंग–कराभिमर्श–स्निग्धेक्षणोद्दामविलास–हासैः ।
रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥’ ૧૦-૩૩-૧૭.

---

૩૩ પરમાત્મામાં ભળી જવાની આત્માની આરઝુને વ્યક્ત કરતાં એ વચનો જુઓ :

मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं संत्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।
भक्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान् देवो यथाऽऽदिपुरुषो भजते मुमुक्षून् ॥
—એ જ, ૧૦. ૨૯. ૩૧.

प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा ॥ ३२ घ
नो चेद्वयं विरहजाग्न्युपयुक्तदेहा ध्यानेन याम पदयोः पदवीं सखे ते ॥ ३५गघ ૪૦

३४ गतिस्मितप्रेक्षणभाषणादिषु प्रियाः प्रियस्य प्रतिरूढमूर्तयः ।
असावहंत्वित्यबलास्तदात्मिका न्यवेदिषुः कृष्णविहारविभ्रमाः ॥
—એ જ, ૧૦. ૩૦. ૩.

અર્થાત્—'આ પ્રમાણે પરિષ્વંગ, કરાભિમર્શ, સ્નિગ્ધ ઈક્ષણ, ઉદ્દામ વિલાસ અને હાસપૂર્વક રમાના ઈશ વ્રજની સુન્દરીઓ સાથે રમ્યા—પોતાનાં પ્રતિબિમ્બોમાં વિભ્રમ અનુભવતા બાલકની જેમ.' આમાંથી બે મુદ્દા નોંધવા યોગ્ય છે: (૧) એક તો અહીં ભગવાનને 'અર્ભક' સાથે સરખાવ્યા છે, જેથી કિશોરાવસ્થામાં જ રાસલીલા થઈ હોવાના આગળ ચર્ચાયેલા મુદ્દાને પુષ્ટિ મળતી લાગે છે. (૨) બીજો છે પ્રતિબિમ્બ-વિભ્રમ. બાળક પોતાનાં પ્રતિબિમ્બો ચારે બાજુ પડતાં જોતો હોય અને એમાં અટવાઈ જાય, તેમ શ્રીકૃષ્ણ આ ગોપીઓમાં અટવાયા. આમ કહીને ઋષિએ ગોપીઓને પ્રતિબિમ્બરૂપ ગણી છે, અને શ્રીકૃષ્ણને મૂળ બિમ્બ તરીકે માન્યા છે. આ જીવલોક તો પરમાત્મતત્ત્વના પ્રતિબિમ્બરૂપ જ છે, અને આ પ્રતિબિમ્બો બિમ્બમાં ભળી જવા માગે છે. આ જ ભાવના આના મૂળમાં છે, રાસલીલા તે તે જ છે.

'निशाः' એવું બહુવચન પ્રયોજાયું હોવાથી માત્ર એક જ રાત્રિની આ વાત નહીં હોય પરન્તુ શરદૃઋતુની અનેક રાત્રિઓ રાસલીલાથી સુભગ બની હશે એમ માનવું જોઈએ. નિશા તે અજ્ઞાનનો અન્ધકાર છે. તેને ભેદવામાં મદદરૂપ છે શરચ્ચન્દ્રની જ્યોત્સ્ના. એકવાર એ પડદો છેદાઈ જાય, અવિદ્યાનો એ અધ્યાસ દૂર થાય, એટલે ચિરન્તન રાસલીલા વિલસી રહે—આત્મપરમાત્મ-મિલનનો ઉત્સવ વિસ્તરી રહે.

## 'ભાગવત'નું સમાધાન :

**શુકદેવજી**એ જ્યારે આવું રાસલીલાનું નિરૂપણ કર્યું, ત્યારે રાજા **પરીક્ષિત**ના મનમાં તદ્દન વાસ્તવિક અને આપણા જેવા સર્વના મનમાં ઉદ્ભવે તેવી શંકા ઉદ્ભવી, અને તે શંકા તેણે **શુકદેવજી** સમક્ષ રજૂ પણ કરી :

"ભગવાન્ જગદીશ્વરે ધર્મના સંસ્થાપન માટે અને અધર્મના પ્રશમન માટે કૃષ્ણાવતાર લીધેલો. તે તો ધર્મના સેતુઓનાં વક્તા, કર્તા તથા અભિરક્ષિતા ગણાય. તો હે બ્રહ્મન્! એ આપ્તકામ યદુપતિએ આ પરદારાભિમર્શન રૂપી ધર્મવિરુદ્ધનું જુગુપ્સિત આચરણ કેમ કર્યું? એમાં એમનો શો હેતુ હશે? હે સુવ્રત! અમારી આ શંકાનું નિવારણ કરો."[૩૫]

**શુકદેવજી** રાજાની ભૂમિકાને બરાબર સમજે છે અને તેથી એ દૃષ્ટિએ જ એ આ પ્રશ્નનો ઉત્તર આપે છે :

"જેમ અગ્નિ સર્વભક્ષી હોવા છતાં (પોતાનું પાવકત્વ ગુમાવતો નથી), તેમ તેજસ્વી ઈશ્વરોને ધર્મવ્યતિક્રમ કે સાહસનો દોષ સ્પર્શતો નથી, પરંતુ જેનામાં તેવો ઈશ્વરભાવ ન હોય

---

૩૫ संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।
अवतीर्णो हि भगवानंशेन जगदीश्वरः ॥
स कथं धर्मसेतूनां वक्ता कर्ताभिरक्षिता ।
प्रतीपमाचरद्ब्रह्मन् ! परदाराभिमर्शनम् ॥
आप्तकामो यदुपतिः कृतवान् वै जुगुप्सितम् ।
किमभिप्राय एतं नः संशयं छिन्धि सुव्रत ॥

—એ જ, ૧૦. ૩૩. ૨૭-૨૯.

તેણે તો આવા આચરણનો વિચાર સરખો પણ ન કરવો જોઈએ. એમ થતાં મૂઢતાથી તે વિનાશને જ પામે છે. કાલકૂટ વિષને તો રુદ્ર જ પચાવી શકે. બીજાની એ તાકાત ન હોઈ શકે. ઈશ્વરભાવયુક્ત વ્યક્તિઓની વાણી સત્ય હોય છે. ક્વચિત્ તેમનું આચરણ પણ તેવા પ્રકારનું હોય છે. તેવાઓનું જે આચરણ તેમની વાણીને અનુરૂપ હોય, તેને જ બુદ્ધિમાન્ માણસે પોતાના આચરણમાં ઉતારવું જોઈએ (બીજું નહિ). હે રાજન્! એવાઓનાં શુભાશુભ આચરણથી તેમને કોઈ સ્વાર્થ યા અનર્થ સાધવાનાં હોતાં નથી, કેમ કે તેમનામાં અહંકાર વસતો નથી. તો પછી તિર્યંચો, મર્ત્યો તથા દેવો એમ પ્રાણી માત્રના ઈશિતા( એવા ભગવાન્ કૃષ્ણ )નાં આવાં ઈશ્વરકર્મોને શુભાશુભ સમ્બન્ધ શો? યોગના પ્રભાવથી જેમણે સર્વ કર્મનાં બન્ધન ફગાવી દીધેલાં છે તેવા મુનિઓ પણ જેના ચરણની સેવાથી તૃપ્ત થઈને સ્વૈરવિહાર કરતા છતાં બંધાતા નથી, તેવા સ્વેચ્છાથી શરીર ધારણ કરનાર( ભગવાન )ને વળી બન્ધન કેવાં? તે તો ગોપીઓ તથા તેમના પતિઓ સહિત સર્વ દેહધારીઓનાં અન્તરમાં ચરનારો અધ્યક્ષ છે, જે આવી ક્રીડાઓ વડે જ દેહધારી બન્યો છે. પ્રાણીઓ પ્રત્યેના અનુગ્રહથી જ તેણે મનુષ્યદેહ ધારણ કર્યો છે અને એવી ક્રીડાઓ કરે છે, જેના શ્રવણમાત્રથી ( મનુષ્ય ) તન્મય બની જાય. વળી તેની માયા વડે મોહિત થયેલા વ્રજવાસી ગોપો પણ પોતપોતાની પત્નીઓના સાન્નિધ્યનો જ અનુભવ કરતા હોવાથી તેની અસૂયા કરવાનો તેમને માટે અવકાશ ન હતો.”[૩૬]

---

૩૬ धर्मव्यतिक्रमो दृष्ट ईश्वराणां च साहसम् ।
तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजो यथा ॥
नैतत्समाचरेज्जातु मनसापि ह्यनीश्वरः ।
विनश्यत्याचरन् मौढ्याद् यथारुद्रोऽब्धिजं विषम् ॥
ईश्वराणां वचः सत्यं तथैवाचरितं क्वचित् ।
तेषां यत्स्ववचोयुक्तं बुद्धिमांस्तत्समाचरेत् ॥
कुशलाचरितेनैषामिह स्वार्थो न विद्यते ।
विपर्ययेण वानर्थो निरहङ्कारिणां प्रभो ॥
किमुताखिलसत्त्वानां तिर्यङ्मर्त्यदिवौकसाम् ।
ईशितुश्चेशितव्यानां कुशलाकुशलान्वयः ॥
यत्पादपङ्कजपरागनिषेवतृप्ता योगप्रभावविधुताखिलकर्मबन्धाः ।
स्वैरं चरन्ति मुनयोऽपि न नह्यमानास्तस्येच्छयाऽऽत्तवपुषः कुत एव बन्धः ॥
गोपीनां तत्पतीनां च सर्वेषामेव देहिनाम् ।
योऽन्तश्चरति सोऽध्यक्षः क्रीडनेनेह देहभाक् ॥
अनुग्रहाय भूतानां मानुषं देहमास्थितः ।
भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ॥
नासूयन् खलु कृष्णाय मोहितास्तस्य मायया ।
मन्यमानाः स्वपार्श्वस्थान् स्वान् स्वान् दारान् व्रजौकसः ॥

—એ જ, ૧૦. ૩૩. ૩૦-૩૮.

આમ, પરીક્ષિત રાજાએ સ્થૂલ દષ્ટિ જ સ્વીકારી છે, તેવું જ તેનું ગજું હતું; અને તેની તે કક્ષાને યોગ્ય ઉત્તર **શુકદેવજી** આપે છે. તેમાં શ્રીકૃષ્ણના ઈશ્વરભાવ પર જ ભાર મૂકવામાં આવ્યો છે. ઈશ્વર હોવાથી તેમનામાં અહંકાર ન રહેવાથી તેમનાં આવાં ઈશ્વરકર્મોનાં શુભાશુભ ફલોને અવકાશ નથી. જે ઈશ્વર ન હોય તે તેમાં પડ્યો, તો સર્વનાશ નોતરે. એટલે તેમની લીલાનું આપણાથી અનુકરણ ન કરાય તેવી ચેતવણી **શુક** ઉચ્ચારે છે. તે તેમને સર્વાન્તર્યામી કહે છે. એથી તેમની માયાના પ્રતાપે ગોપાલોને પોતાની પત્નીઓના સાન્નિધ્યનો જ અનુભવ થતો હતો. અન્યત્ર કહેવાયું છે તેમ. શ્રીકૃષ્ણ ગોપી બની તેમને ઘેર તે કાળે રહ્યા હતા!—આ રીતે લોકોત્તરભાવ વડે જ આ લીલાને **શુક** ઘટાવે છે. સ્થૂલ દૃષ્ટિએ વિચારવાનું હોય, તો આ એક જ સમાધાન રહે છે! અને આવો જ પ્રયત્ન **બ્રહ્મપુરાણ** તથા **વિષ્ણુપુરાણ**માં પણ કરાયો છે તે આપણે જોઈ ગયા છીએ.

**'પદ્મપુરાણ'માં :**

'**પદ્મપુરાણ**'ના પાતાલખણ્ડના ૭૭મા અધ્યાયમાં 'રાસલીલા'નું વર્ણન આપેલું છે. આ વર્ણન અધિક કાવ્યમય છે. ત્યાં કૃષ્ણને કરોડો ગોપીઓથી આવૃત થયેલા કહ્યા છે.[૩૭] ગંગા પરા શક્તિ છે. તેના પર આનન્દકાનન–આનન્દવન–છે. તે વિવિધ પ્રકારનાં સુકુસુમોના આમોદ-યુક્ત સમીર વડે સુગન્ધિત થયેલું છે, કાલિન્દીનાં દિવ્ય તરંગોના સંગથી શીતલ બન્યું છે. તે **સનકા**દિક ભાગવત મહર્ષિઓ વડે સંસૃષ્ટ છે. આહ્લાદપૂર્વક મધુર સ્વર કરતાં ગોવૃન્દોથી તે શોભી રહ્યું છે. રમણીય સ્રજોથી શોભતાં બાળકો ત્યાં નૃત્ય કરી રહ્યાં છે. ત્યાં વિવિધ પ્રકારના રત્ન-પ્રવાલોથી આઢ્ય અને નાના પ્રકારના મણિફલોથી ઉજ્જ્વલ શ્રીમાન્ જામ્બૂનદપરિચ્છદ કલ્પતરુ છે, જેની નીચે રત્નદીધિતિદીપિતા રત્નવેદી છે. તે વેદી ઉપર ત્રયીમય ઉત્તમ રત્નસિંહાસન છે. તેના ઉપર વિરાજે છે ત્રિગુણાતીત અવ્યય જગન્નાથ—કોટિચન્દ્રપ્રતીકાશ, કોટિભાસ્કરભાસ્વર, કોટિકન્દર્પલાવણ્ય, દશે દિશાઓને પ્રકાશિત કરી મૂકતા, ત્રણ નેત્ર તથા બે ભુજાઓવાળા તપ્ત-સુવર્ણની પ્રભાવાળા, ગૌર, સુદામા—સુન્દર કંદોરાવાળા અને અંગનાઓ વડે આલિંગાતા, તેનું જ બ્રહ્માદિકો અને સનકાદિકો ધ્યાન ધરે છે, તે જ ભક્તાધીન છે. વારંવાર ચુમ્બન કરતી, હસતી અને આલિંગતી ગોપીદેહમાં રહેલી કોટિકોટિ શ્રુતિઓ વડે તે વીંટળાયેલા છે.[૩૮] તે સર્વ શ્રુતિઓ મધ્યે તપ્તસુવર્ણસમ પ્રભાવાળી, તેજસ્વિની, સર્વ દિશાઓને વિદ્યુદુજ્જ્વલ કરી મૂકતી જે ભગવતી દેવી છે તે જ '**પ્રધાન**' છે, જેણે આ સર્વ સર્જન કરેલું છે. તે જ સૃષ્ટિ, સ્થિતિ અને અન્તરૂપ છે, તે જ વિદ્યા, અવિદ્યા, પરા અને ત્રયીરૂપ છે, શક્તિરૂપ છે, માયારૂપ છે, ચિન્મયી છે. તે વૃન્દાવનેશ્વરીનું નામ રાધા છે.[૩૯] તે હરિના દક્ષિણ પાર્શ્વે વિરાજે છે, અને આ

---

૩૭ सारे वृन्दावने कृष्णं गोपीकोटिभिरावृतम् ।

—પદ્મપુરાણ, પાતાલખણ્ડ, અધ્યાય ૭૭, શ્લોક ૩ કખ.

૩૮ अवाप्तगोपीदेहाभिः श्रुतिभिः कोटिकोटिभिः ॥

—પદ્મ. પાતાલ. ૭૭. ૧૨ ગઘ

૩૯ प्रधानं या भगवती यया सर्वमिदं ततम् ॥

—એ જ, ૧૪ ગઘ

કૃષ્ણ બે જ હાથવાળા છે, ચતુર્ભુજ કદી નહિ.[૪૦] તે એક ગોપી સાથે સદા પરિક્રીડન કરે છે. ગોવિન્દ એક પુરુષ છે, બ્રહ્માદિ સર્વ સ્ત્રીઓ છે. વૃન્દાવનેશ્વર તથા રાધા તે જ આદ્ય પુરુષ–પ્રકૃતિ છે. વૃન્દાવનેશ્વર સિવાય બીજું બધું આ પ્રકૃતિની વિકૃતિ રૂપ જ છે. ત્રિગુણાદિ સર્વ આ વૃન્દાવન-વિહારીનો પ્રપંચ છે. રાધિકા સમી નારી નથી ને કૃષ્ણ સમાન પુરુષ નથી, વય કિશોરાવસ્થાથી અધિક નથી.[૪૧]

આ પહેલાં ૭૫મા અધ્યાયમાં રાસલીલાનું રહસ્ય શ્રીકૃષ્ણને મુખે જ કહેવાયું છે. દેવર્ષિ નારદ વૃન્દાવન-રહસ્યના જિજ્ઞાસુ બનીને જાય છે અને ત્યાં અમૃતસરમાં સ્નાન કરતાં જ સ્ત્રી બની જાય છે તથા શ્રીકૃષ્ણ સાથે એક વર્ષ પર્યન્ત રમણ કરે છે, એવી વિગત ત્યાં આપવામાં આવી છે. તે પછી કૃષ્ણ નારદજીને રહસ્ય જણાવે છે :

"આ ગોપીઓ તો યોગિનીઓ છે, તે મારા પરાયણ દેવતાઓ છે.[૪૨] મારું આ દેવરૂપક વન પાંચ યોજનનો વિસ્તાર ધરાવે છે. આ કાલિન્દી તો પરમ અમૃતવાહિની સુષુમ્ણા છે, જેમાં દેવો તેમ જ પ્રાણીમાત્ર સૂક્ષ્મ રૂપે રહેલાં છે.[૪૩] સર્વવ્યાપી એવો હું આ વનને કદી

---

सृष्टिस्थित्यन्तरूपा या विद्याऽविद्या त्रयी परा ।
स्वरूपा शक्तिरूपा च मायारूपा च चिन्मयी ॥ १५
वृन्दावनेश्वरी नाम्ना राधा धात्राऽनुकारणात् । १७कख

અહીં 'રાધિકા' અને 'સુરાસરસિકા' શબ્દો પણ પ્રયોજાયા છે :
राधिका चित्ररेखा च चन्द्रा मदनसुन्दरी । २०कख
सुवर्णमालिनी शान्ता सुरासरसिका तथा । २२कख

४० भुजद्वयवृतः कृष्णो न कदाचिच्चतुर्भुजः ॥ —એ જ, ४६गघ

४१ गोप्यैकया वृतस्तत्र परिक्रीडति सर्वदा ।
गोविन्द एव पुरुषो ब्रह्मा(द्याः) स्त्रिय एव च ॥ —એ જ, ४७
तत एव स्वभावोऽयं प्रकृतेर्भाव ईश्वरः ।
पुरुषप्रकृती चाऽऽद्यौ राधावृन्दावनेश्वरौ ।
प्रकृतेर्विकृतं सर्वं विना वृन्दावनेश्वरम् ॥ ४७
त्रिगुणादिप्रपञ्चोऽयं वृन्दावनविहारिणः ।
ऊर्मीवाब्धेस्तरंगस्य यथाऽब्धिर्नैव जायते ॥ ५०
न राधिकासमा नारी न कृष्णसदृशः पुमान् ।
वयः परं न कैशोरात्स्वभावः प्रकृतेः परः ॥ ५१

४२ अत्र या गोपपत्न्यश्च निवसन्ति ममाऽलये ॥ ८गघ
योगिन्यस्तास्तु एवं हि मम देवाः परायणाः । १०कख —એ જ, અધ્યાય ७५.

४३ पञ्चयोजनमेवं हि वनं मे देवरूपकम् ॥ १०गघ
कालिन्दीयं सुषुम्ना या परमामृतवाहिनी ।
यत्र देवाश्च भूतानि वर्तन्ते सूक्ष्मरूपतः ॥ —એ જ ११

ત્યજીશ નહિ અને યુગે યુગે મારો આવિર્ભાવ તથા તિરોભાવ અહીં થયા કરશે.[૪૪] આ સ્થાન તેજોમય હોઈ ચર્મચક્ષુઓને અદૃશ્ય છે. આ વૃન્દાવન મારા પ્રભાવનું રહસ્ય છે.[૪૫] લલિતાદેવી તથા રાધિકા નામથી જે ઓળખાય છે તે પણ હું જ છું અને નિત્ય કામકલાત્મક વાસુદેવ પણ હું જ છું. સ્ત્રીસ્વરૂપે પણ સાચે જ હું છું; હું સનાતન યોષિત્ છું. વળી લલિતાદેવી જ કૃષ્ણદેહે પુરુષરૂપે વિહરે છે. આમ અમારા બંનેમાં કશું અન્તર નથી. હે નારદ! આ સાચું છે, સાચું જ છે."[૪૬]

આ રીતે **પદ્મપુરાણ**માં કેટલાંક રૂપકો આપ્યાં છે. ભગવાનના સિંહાસનને ત્રયીમય—ત્રણ વેદમય કહ્યું છે, એ સૂચક છે. વેદ અર્થાત્ જ્ઞાન એ જ જગન્નાથનું આસન બની જાય છે—જ્ઞાન પર જ તેમનું સ્થાન નિર્ભર છે. અહીં પણ ગોપીઓને શ્રુતિઓ કહી છે. પુરુષ એક અને અદ્વિતીય છે તેવું પણ સ્પષ્ટ વિધાન કર્યું છે. રાધાને 'પ્રધાન' કહી છે, જે શબ્દ સાંખ્યદર્શનમાં પ્રકૃતિતત્ત્વ માટે પ્રયોજાયો છે. કૃષ્ણ અને રાધા તે પુરુષ-પ્રકૃતિ. બાકી સર્વ તે આ પ્રધાન-પ્રકૃતિ-ની વિકૃતિરૂપ કહ્યું છે. કિશોરાવસ્થાથી વધારે વય નથી તેવું વિધાન પણ સૂચક છે. શ્રીકૃષ્ણના મુખે જ કેટલીક મહત્ત્વની વાત કહેવાઈ છે. કૃષ્ણ અને રાધામાં ભેદ નથી, એકતા છે એવી સ્પષ્ટતા સહેજ પણ ગૂંચ વિના તેમણે અહીં કરી છે, આમ આ લીલા એ પરમાત્માનો નિજનો જ વિલાસ ગણાય.

### 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં :

હવે **બ્ર૦વૈવર્તપુરાણ**માંની વસ્તુનો વિચાર કરીએ. આ પુરાણના કૃષ્ણજન્મખણ્ડના ૧૭મા અધ્યાયમાં 'રાસલીલા'ની પૂર્વ તૈયારી રૂપે જ જેને ગણાય એવા નગરનિર્માણ તથા મણ્ડલનિર્માણની વિગતો આપી છે. વિશ્વકર્માએ પાંચ યોજન વિસ્તારવાળું નગર રચ્યું. તેમાં ગોપાલોનો આશ્રમ, રાધાનાં માતા-પિતા વૃષભાન અને કલાવતીનાં આલયો ઇત્યાદિની પણ વિશિષ્ટ રૂપે રચના કરાઈ. દરેકના ભવન પર દરેકનું નામ પણ કોતર્યું. વૃન્દાવનમાં રાસમણ્ડલનું નિર્માણ કર્યું—એક યોજનના આયામવાળું, મણિપ્રાકારયુક્ત, મણિમય વેદિકાઓ સાથે નવ કરોડ તો તેમાં શૃંગારાર્હ મણ્ડપો બંધાયા. રાસસ્થલની રચના પછી તેની મધ્યમાં તે બેની ક્રીડા અર્થે ચાર વેદિકાઓથી આવૃત એવો સુંદર રત્નમણ્ડપ બનાવ્યો, જેને મનોહર નવ દ્વાર અને નવ કપાટ હતાં.

---

૪૪ सर्वतो व्यापकश्चाहं न त्यक्ष्यामि वनं क्वचित् ।
आविर्भावस्तिरोभावो भवेदत्र युगे युगे ॥ —એ જ, ૧૨

૪૫ तेजोमयमिदं स्थानामदृश्यं चर्मचक्षुषाम् ।
रहस्यं मे प्रभावस्य वृन्दावनं युगे युगे ॥ —એ જ, ૧૩

૪૬ अहं च ललितादेवी राधिका या च गीयते ॥ ૪૪ગધ
अहं च वासुदेवाख्यो नित्यं कामकलात्मकः ।
सत्यं योषित्स्वरूपोऽहं योषिच्चाहं सनातनी ॥ ૪૫
अहं च ललितादेवी पुंरूपा कृष्णविग्रहा ।
आवयोरन्तरं नास्ति सत्यं सत्यं हि नारद ॥ —એ જ, ૪૬

૨૭મા અધ્યાયમાં 'રાસલીલા'નું આલેખન છે. અહીં તેનું અત્યન્ત વિસ્તૃત વર્ણન છે. **'હરિવંશ'**માં તદ્દન સ્વાભાવિક જણાતી 'રાસલીલા' **'બ્ર૦વૈવર્ત'**માં તેના વિકાસની ચરમ સીમાએ પહોંચી ગણાય. રાધિકાની ૩૩ સખીઓનાં નામ પણ અહીં મળે છે, જે દરેક હજારો આલિઓ સાથે 'રાસલીલા'માં જોડાય છે. આ અધ્યાયના પ્રથમ સત્તર શ્લોકોમાં રત્ન-પ્રદીપો, ક્રીડાસરોવરો આદિથી આવૃત રાસમણ્ડલનું રોચક આલેખન કરેલું છે, જેથી આકર્ષાઈને શ્રીકૃષ્ણે કૌતુકપૂર્વક મુરલીરવ કર્યો.[૪૭] આ નાદથી ખેંચાઈ આવી રાધિકા તથા તેની ૩૩ વયસ્યાઓ અને પછીથી (અન્ય) ગોપીઓ. રાધિકાની વયસ્યા સુશીલા ૧૬,૦૦૦ સખીઓ સાથે આવી. ચન્દ્રમુખી સાથે પણ તેની ૧૬,૦૦૦ સખીઓ આવી. માધવી સાથે તેની ૧૧,૦૦૦ આલીઓ, કદમ્બમાલા સાથે ૧૩,૦૦૦ સખીઓ, કુન્તી સાથે ૧૦,૦૦૦ વયસ્યાઓ, યમુના સાથે ૧૪,૦૦૦ અનુગાઓ—એમ તેત્રીસે સાથે તેમની આલીઓ—વયસ્યાઓ—સખીઓ—અનુગાઓનાં ઝૂંડનાં ઝૂંડ વૃન્દાવનમાં ઊતરી આવ્યાં. યોગેશ્વર શ્રીકૃષ્ણે અનેક મૂર્તિઓ ધારણ કરીને[૪૮] તે સર્વને 'રાસલીલા' રમાડી, અને એ રીતે તે રાસમણ્ડલ પૂર્ણ રાસથી સભર બન્યું.[૪૯] પછી તો એ જ પ્રક્રિયાઃ શ્રીકૃષ્ણનું તિરોધાન અને આ નારીઓનું આક્રન્દ, જે દરમ્યાન તેઓ દેહત્યાગ કરવા પણ ઉદ્યત બની જાય છે અને, આ ઉત્કટતાને પરિણામે શ્રીકૃષ્ણ દૃષ્ટિગોચર બને છે. પછી 'રાસલીલા', જલક્રીડા અને વનક્રીડા પ્રવર્તે છે.

(અપૂર્ણ)

---

૪૭　चकार तत्र कुतुकाद्विनोदमुरलीरवम् ।

—બ્રહ્મવૈવર્તપુરાણ, શ્રીકૃષ્ણજન્મખણ્ડ, અધ્યાય ૨૭, શ્લોક ૧૮કખ.

૪૮　बहुमूर्तीः संविधाय योगिनां परमो गुरुः ॥

—એ જ, ૨૭-૧૦૨ગઘ.

# મૈત્રકરાજા શીલાદિત્ય ૧લાનું આંબળાસ દાનપત્ર

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પુષ્પકાંત વિ. ધોળકિયા

જૂનાગઢ જિલ્લાના તલાળા તાલુકાના આંબળાસ ગામની પાસે આવેલા આલીદ્રાના ટીંબામાંથી ગયે વર્ષે ત્રણ પ્રાચીન તામ્રપત્ર મળેલાં, જે દ્વિતીય લેખક દ્વારા પ્રભાસ પાટણ મ્યુઝિયમને પ્રાપ્ત થયાં છે. આ ગામ ગિરના ઉચ્ચ પ્રદેશમાં ને તલાળાથી દક્ષિણે લગભગ આઠ કિ.મી.ના અંતરે આવેલું છે.

આ ત્રણમાંનું એક દાનપત્ર વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન ૧લાનું અને વલભી સંવત ૨૦૮ (ઈ. સ. ૫૨૬)નું છે.[૧] આ બીજું દાનપત્ર એ જ વંશનું છે. ત્રીજું દાનપત્ર જયદ્રથ(સૈન્ધવ) વંશના રાજા અહિવર્માનું છે.[૨]

આ દાનપત્રશાસન તાંબાના બે પતરાંની અંદરની બાજુ પર કોતરેલું છે. પતરાંની લંબાઈ ૨૦.૫ સે.મી. અને પહોળાઈ ૨૭ સે.મી. છે. પહેલા પતરાના નીચલા ભાગમાં અને બીજા પતરાના ઉપરના ભાગમાં ૦.૫ સે.મી.ના વ્યાસનાં બબ્બે કાણાં પાડેલાં છે ને તેમાં એકેક કડી લગાવેલ છે. એક કડી સાદી છે, જ્યારે બીજી કડીના સાંધા પર રાજમુદ્રાની છાપ લગાવેલી છે. કડી તાંબાના સળિયાની વાળેલી છે ને એ સળિયાનો વ્યાસ ૨.૬ સે.મી. છે. સાદી કડી વૃત્તાકાર છે ને તેનો વ્યાસ ૨.૬ સે.મી. છે. મુદ્રાંકનવાળી કડી લંબગોળ લેવાયેલી છે. તેની લંબાઈ ૧૦.૨ સે.મી. અને પહોળાઈ ૪ સે.મી. છે. એમાં છેડાના ગુંચળામાં લગાવેલ મુદ્રાંકનની લંબાઈ ૫.૫ સે.મી. અને પહોળાઈ ૪.૫ સે.મી. છે. બન્ને પતરાંનું કડીઓ સાથેનું વજન ૩.૩ કિલોગ્રામ છે.

લાંબી બાજુની સમાંતર લીટીઓમાં પતરાં પર લખાણ કોતરેલું છે. દરેક પતરા પર ૨૦–૨૦ લીટી છે. દરેક લીટીમાં સરેરાશ ૩૩ જેટલા અક્ષરની પહોળાઈ ૦.૫ સે.મી. અને ઊંચાઈ ૦.૫ થી ૧.૫ સે.મી. છે.

આ દાનપત્રશાસનના લેખનું લિપ્યંતર તથા અર્થઘટન પ્રથમ લેખકે કરેલ છે. અક્ષરો પશ્ચિમ ભારતના અભિલેખોમાં પ્રયોજાયેલી પશ્ચિમી લિપિના છે. ને એ મૈત્રક વંશનાં અન્ય તામ્રશાસનોની લિપિના અક્ષરોને મળતા આવે છે.[૩]

લેખની ભાષા સંસ્કૃત છે. રાજાઓની પ્રશસ્તિનાં વાક્ય ઉચ્ચ શૈલીના ગદ્યમાં રચેલાં છે, જેમાં લાંબા સમાસ અને વિવિધ અલંકારોની પ્રચુરતા રહેલી છે. લેખનો પછીનો ભાગ રૂઢ

---

૧ "સ્વાધ્યાય", પુ. ૭, પૃ. ૨૩૫–૨૩૯માં પ્રકાશિત.

૨ જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ, પુ. ૧૯, પૃ. ૨૭૯–૮૫માં પ્રકાશિત.

૩ આ લિપિના વાગતવાર પરિચય માટે જુઓ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૨, પૃ. ૫૬૬–૬૯ અને મૈત્રકકાલીન લિપિનું કોષ્ટક.

દસ્તાવેજી ગદ્યમાં લખાયો છે. એમાં દાનના અનુપાલનથી મળતા પુણ્ય તથા તેના ઉચ્છેદથી લાગતા પાપ વિશેના ત્રણ શ્લોક ટાંકવામાં આવ્યા છે.

**અક્ષર વિન્યાસની** બાબતમાં કેટલાંક લક્ષણ નોંધપાત્ર છે. (૧). અનુસ્વારને બદલે અનુનાસિક પ્રયોજવાની અભિરુચિ, જેમકે **स्कन्ध, सम्पन्न, मण्डल** (પં. ૧), **रञ्जन** (પં. ૬), **सम्पद्, शशाङ्क** (પં. ૭), **आनन्दित** (પં. ૯), **सन्तान** (પં. ૧૧), **गाम्भीर्य्य** (પં. ૨૦), **द्राङ्गिक** (પં. ૨૪), **गन्ध** (પં. ૨૮), **सोद्रङ्ग** (પં. ૨૯), **सङ्ग** (પં. ૩૨), વગેરે. (૨) शની પહેલાં અનુસ્વારને બદલે પ્રયોજાતો ङ्, જેમકે **वङ्श** (પં. ૩ અને ૩૪), (૩) સંયુક્તાક્ષરોમાં र्ની પહેલાં આવતા અલ્પપ્રાણ વ્યંજનને બેવડાવવાની અભિરુચિ જેમકે **आर्ज्जव** (પં. ૨), **भटार्क्क** (પં. ૩), **मार्ग्ग** (પં. ૬), **कार्य्य** (પં. ૯), **धर्म्म** (પં. ૧૪), **सर्व्वं** (પં. ૧૯), **कीर्त्ति** (પં. ૨૨), **चतुर्द्दिगभ्यागत** (પં. ૨૬), **वर्ज्जित** (પં. ૩૧), **चन्द्रार्क्कार्ण्णव पर्व्वत** (પં. ૩૨) વગેરે. (૪) સંયુક્તાક્ષરોમાં र्ની પહેલાં આવતા મહાપ્રાણ વ્યંજનની આગળ તેનો અલ્પપ્રાણ વ્યંજન ઉમેરવાની રુચિ જેમ કે, **अन्वर्त्थ** (પં. ૭), **धनुर्द्धरः** (પં. ૧૩), **नरेन्द्रैर्द्धनानि** (પં. ૩૭) વગેરે. (૫) पની પૂર્વ આવતા વિસર્ગને સ્થાને ક્યારેક ઉપધ્માનીયનો પ્રયોગ જેમ કે **प्रमोद परममाहेश्वरः** (પં. ૧૦), પરંતુ कની પહેલાં જિહ્વામૂલીયનો પ્રયોગ ન કરતાં વિસર્ગને યથાતથ રાખવામાં આવ્યો છે, જેમ કે **शीलादित्यः कुशली** (પં. ૨૩), (૬) ઉષ્માક્ષરો પહેલાં આવતા વિસર્ગને સ્થાને તેનો ઉષ્માક્ષર મૂકવાની રુચિ, જેમ કે **गुणैस्सहज** (પં. ૧૨), **सर्व्वतस्सुभाषित** (પં. ૧૯), **वस्संविदितं** (પં. ૨૫) વગેરે. (૭) શ્લોકોને અંતે આવતા म्ને બદલે અનુસ્વારનો યોગ, જેમ કે **फलं** (પં. ૩૬). (૮) વિરામ ચિહ્નોનો અલ્પ ઉપયોગ—પંક્તિ નં. ૧ થી ૩૫માં એક પણ વિરામ-ચિહ્ન પ્રયોજાયું નથી. છેલ્લી પાંચ પંક્તિઓમાં જ પ્રયોજાયાં છે અને (૯) અવગ્રહના ચિહ્નોનો અભાવ, જેમ કે **हृदयोपि** (પં. ૨૧), **दायोनुमतव्य** (પં. ૩૫).

લેખ એકંદરે કાળજીથી લખાયો છે. ભૂલોનું પ્રમાણ થોડું છે. દા. ત. **सपत्न**ને બદલે **सम्पन्न** (પં. ૧), **सत्त्व**ને બદલે **सत्व** (પં. ૫), વિસર્ગનો લોપ (પં. ૯, ૧૩), **ध्या.**ને બદલે **द्धया** (પં. ૧૬), **उज्जवल**ને બદલે **उज्वल** (પં. ૨૨) અને અક્ષરનો લોપ (પં. ૨૯).

રાજમુદ્રાની છાપ લંબગોળ છે. એના ઉપલા ભાગમાં બેઠેલા નંદીની આકૃતિ છે ને નીચલા ભાગમાં **श्री भटक्कः** એવું લખાણ છે. મૈત્રક વંશના સર્વ રાજાઓની મુદ્રાઓમાં આ જ લખાણ હોય છે. ભટક્ક (ભટાર્ક) એ આ રાજવંશનો સ્થાપક છે.

દાનશાસન ૐ **स्वस्ति** એ મંગલવાચક પદથી શરૂ થાય છે. રાજાએ આ શાસન ભદ્રેશ્વરમાં રહેલા વિજયસ્કન્ધાવાર(છાવણી)માંથી ફરમાવેલું છે. રાજા મૈત્રક કુળનો હતો. (પં. ૧). એ કુળના શ્રી ભટાર્કમાંથી જે રાજવંશ થયો (પં. ૩), તેમાં આગળ જતાં ગૃહસેન (પં. ૩–૧૦), તેનો પુત્ર ધરસેન (પં. ૧૦–૧૬) અને તેનો પુત્ર શીલાદિત્ય-ધર્માદિત્ય (પં. ૧૬-૨૩) નામે રાજાઓ થયા, જેમની પ્રશસ્તિ આ વંશનાં અન્ય દાનશાસનો પ્રમાણે અહીં આપવામાં આવી છે. **ધર્માદિત્ય-શીલાદિત્ય** એ આ દાનનો દાતા છે. એ આ દાનશાસન આયુક્તક, વિનિયુક્તક, મહત્તર શૌલ્કિક, ચૌરોદ્ધરણિક, ચાટ, ભટ, કુમારાદિત્ય આદિ સંબંધકર્તા અધિકારી-ઓને ફરમાવ્યું છે (પં. ૨૪). દાન દેવાનો હેતુ માતાપિતાના પુણ્યના આપ્યાયન(અભિવૃદ્ધિ)નો હતો. (પં. ૨૫-૨૬).

આ દાન કુબેરનગરના તળપદમાં **આવેલા** ને યશોનંદિએ કરાવેલા **ભટ્ટ(?) વિહારને** અર્પણ કરેલું છે, (પં. ૨૬). દાનનું પ્રયોજન તેમાં નિવાસ કરતા અને ચારે દિશાઓમાંથી આવેલા ભિક્ષુઓના સંઘના ચીવર (વસ્ત્ર), પિંડપાત (ભિક્ષા), શયન, આસન અને ભૈષજના ઉપયોગ માટે, ભગવાનો(બુદ્ધ)ની પૂજા સ્નપન ગંધ પુષ્પ માલ્ય દીપ તેલ વગેરે ચાલુ રાખવા માટે અને વિહારના જીર્ણશીર્ણ ભાગના સમારકામ માટે જોગવાઈ કરવાનું હતું. (પં. ૨૬-૨૮).

દાનમાં કુબેરનગરના વિષયમાં આવેલા **મધ્યન્તિકાપદ્ર** નામે ગામ આપવામાં આવેલું! (પં. ૨૯). આ ગ્રામદાનની સાથે તેના વિવિધ અધિકાર જણાવવામાં આવ્યા છે (પં. ૩૦-૩૨). આ દાન ભૂમિચ્છિદ્ર ન્યાયે શાશ્વતકાળ માટે ભોગવવાનું છે ને એ ધર્મદાયમાં દેવ અગ્રહારની રૂએ ભોગવટાનો હક્ક મળે છે. આ હક્ક ભોગવવામાં કોઈ રૂકાવટ ન કરે ને ભાવિ રાજાઓ ઐશ્વર્યો અનિત્ય છે, માનુષ્ય અસ્થિર છે ને ભૂમિદાનનું ફળ સામાન્ય છે એવું સમજી એને અનુમોદન આપી એનું અનુપાલન કરે એવો અનુરોધ કરવામાં આવ્યો છે (પં. ૩૩-૩૫).

પછી વેદવ્યાસ વ્યાસે કહેલા ત્રણ શ્લોક ઉદાહૃત કરવામાં આવ્યા છે :

बहुभिर्वसुधा भुक्ता,० यानीह दारिद्र्य भयान्नरेन्द्रै० અને षष्टिं वर्षसहस्राणि. (પં. ૩૫-૩૯).

દાનશાસનનો દૂતક અધિકારી **ખરગ્રહ** છે (પં. ૩૯), દાનશાસન સન્ધિવિગ્રહ અધિકારી દિવિરપતિ વનભટ્ટિએ લખ્યું છે (પં. ૩૯). દાનની મિતિ સંવત ૨૯૦ની શ્રાવણ બહુલ (કૃષ્ણ) ૧૦ છે (પં. ૪૦). લેખને અંતે રાજાના સ્વહસ્ત (દસ્કત) આપેલા છે.

દાન દેનાર રાજા વલભીના મૈત્રકવંશનો **શીલાદિત્ય ૧લો છે,** જે ધર્માદિત્ય તરીકે પણ ઓળખાતો. એ ભટાર્કના પૌત્ર ગુહસેનનો પૌત્ર અને ધરસેન રજાનો પુત્ર હતો. આ અગાઉ શીલાદિત્ય ૧લાનાં ૧૧ દાનશાસન મળ્યાં છે, જેમાંનાં ચાર સં. ૨૮૬નાં, બે સં. ૨૮૭નાં, ત્રણ સં. ૨૯૦નાં, એક સં. ૨૯૧નું અને એક સં. ૨૯૨નું છે.[૪] એમાંનાં ૨૯૦નાં ત્રણેય દાનશાસન ભાદ્રપદ માસનાં છે, જ્યારે આ દાનશાસન એ વર્ષના શ્રાવણ માસનું છે. આથી આ દાનશાસન શીલાદિત્ય ૧લાના જ્ઞાત દાનશાસનોમાં કાળક્રમે સાતમું ગણાય.

આ રાજાનાં ઘણાંખરાં દાનશાસન રાજધાની વલભીમાંથી ફરમાવેલાં છે. એમાંનું સં. ૨૯૦ની ભાદ્રપદ કૃષ્ણ ૭નું દાનપત્ર વલભીના પ્રદ્વાર પાસે આવેલા ભદ્રેશ્વરમાં રહેલી વિજય-છાવણીમાંથી ફરમાવેલું છે.[૫] આથી આ દાનશાસનમાં શાસનસ્થાન તરીકે જે ભદ્રેશ્વરનો ઉલ્લેખ આવે છે તે વલભીના પ્રદ્વાર પાસે આવેલા ભદ્રેશ્વરનો અર્થાત્ ભદ્રેશ્વર નામે શિવાલયની આસપાસ આવેલા વિસ્તારનો હોવો જોઈએ. આ બે દાનશાસનો પરથી રાજાની લશ્કરી છાવણી એ સ્થળે ઓછામાં ઓછી લગભગ એક મહિના સુધી રહી હોવાનું માલૂમ પડે છે.

શીલાદિત્ય ૧લાનાં ત્રણ ભૂમિદાન બ્રાહ્મણોને, બે ભૂમિદાન દેવાલયોને અને પાંચ ભૂમિદાન બૌદ્ધ વિહારને અપાયાં હોવાનું જાણવામાં આવેલું.[૬] બૌદ્ધ વિહારને અપાયેલું આ ભૂમિદાન

૪ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૧, પરિશિષ્ટ ૧–૨, લેખ નં. ૩૪ થી ૪૪.

૫ ગિ. વ. આચાર્ય, ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૧ અને ૩, લેખ નં. ૫૯.

૬ એક દાનશાસનની વીગતો જ્ઞાત નથી.



મૈત્રક રાજા શીલાદિત્ય ૧લાનું આંબળાસ દાનપત્ર—તામ્રપત્ર ૧લું



મૈત્રક રાજા શીલાદિત્ય ૧લાનું આંબળાસ દાનપત્ર—તામ્રપત્ર ૨જું



મૈત્રકરાજા શીલાદિત્ય ૧લાનું આંબળાસ દાનપત્ર—બે તામ્રપત્રને જોડતું સીલ

અગાઉની પાંચની સંખ્યામાં એકનો ઉમેરો કરે છે. રાજા પોતે પરમમાહેશ્વર હતો, છતાં બૌદ્ધ ધર્મને ઘણું પ્રોત્સાહન આપતો....ચીની મહાશ્રવણ યુ અન શ્વાંગે પણ આ રાજાને બૌદ્ધ ધર્મ વિશે પરમ અનુરાગ હોવાનું જણાવ્યું છે.[૭] મૈત્રકવંશનાં જ્ઞાતપૂર્વ દાનશાસનો પરથી તેર બૌદ્ધ વિહારોની માહિતી મળેલી.[૮] આંબળાસમાંથી આ દાનપત્રની સાથે મળેલા સં. ૨૦૮ના દાનપત્ર પરથી આમલકવસતિ( આંબળાસ )માં આવેલ બૌદ્ધ વિહારને વિશે જાણવા મળેલું. આ દાનશાસન પરથી વળી કુબેરનગરમાં આવેલા એક બૌદ્ધ વિહાર વિશે માહિતી મળે છે.[૯] આ વિહારમાં ભિક્ષુઓ વસતા હતા. કુબેરનગરનો ઉલ્લેખ અહિવર્માના આંબળાસ દાનશાસનમાં પણ આવે છે. પ્રાચીન કુબેરનગર એ હાલનું કોડીનાર હોવાનું સૂચિત થયું છે, પરંતુ કોડીનારનું સંસ્કૃત નામ તો "કોટિનગર" હતું.[૧૦] આથી એ અમરેલી જિલ્લાના ધારી તાલુકાનું કુબડા હોય એ વિશેષ સંભવિત છે. આ વિહાર યશોનંદિ નામે કોઈ વ્યક્તિએ કરાવ્યો હતો. તેના નામની આગળ તેનો કાંઈ વિશેષ પરિચય આપવામાં આવ્યો નથી, તેથી તે ભિક્ષુ કરતાં ઉપાસક હોવાનો સંભવ છે. વિહારનું નામ "ભટ્ટ વિહાર" જેવું વંચાય છે. તે નામનું તાત્પર્ય જાણવા મળ્યું નથી.

કુબેરનગર વિષય( જિલ્લા )નું વડું મથક હતું. અહિવર્માનું દાનશાસન આ નગરમાંથી ફરમાવેલું છે. આ વિષયમાં આવેલા મધ્યન્તિકાપદનો સંતોષકારક સ્થળનિર્ણય મળ્યો નથી.

દાનને લગતા જે ત્રણ શ્લોક ટાંકવામાં આવ્યા છે તે બાબતમાં શીલાદિત્ય ૧લાના રાજ્યકાળથી એ વંશનાં સર્વ દાનશાસનોમાં એ ત્રણ શ્લોકને એ જ ક્રમે ટાંકવામાં આવ્યા છે, એ અહીં નોંધપાત્ર છે.[૧૧]

---

૭ આ વિશે એ પોતાના પ્રવાસગ્રંથ "સિયુકી"માં નોંધે છે :—"એ ચારે પ્રકારનાં પ્રાણીઓ પ્રતિ ભાવ રાખતો ને એમનું રક્ષણ કરતો. એ ત્રિરત્ન તરફ ઊંડો આદર દર્શાવતો. જન્મથી માંડીને મૃત્યુ પર્યંત એનું મુખ કોપથી કલુષિત થયું નહોતું તેમ એના હાથે કોઈ જીવને કાંઈ ઈજા થઈ નહોતી. પાણી પીતાં કોઈ જંતુની હિંસા ન થાય એ ભયમાં એ એના હાથી ને ઘોડાને પીવાનું પાણી પણ ગાળીને અપાવતો. એનામાં આવી મૈત્રી અને કરુણા હતી. એના રાજ્યનાં પચાસેક જેટલાં વર્ષ દરમિયાન રાની પશુઓ મનુષ્યો સાથે હળીમળી જતાં ને લોકો એમને મારતાઝૂડતા નહીં. એણે પોતાના મહાલયની બાજુમાં એક વિહાર બંધાવેલો હતો. તેમાં એણે શિલ્પીઓની તમામ નિપુણતા ઠાલવી હતી. એને એની શોભા માટે દરેક પ્રકારનાં આભૂષણ વાપર્યાં હતાં. એમાં એણે સાત લોકનાથ બુદ્ધોની પ્રતિમાઓ સ્થાપી હતી. દર વર્ષે એ 'મોક્ષ પરિષદ' બોલાવતો ને એમાં ચારે દિશાના ભિક્ષુઓને તેડાવતો. એમાં એ એમને ચાર દ્રવ્યોનું ધર્મદાન દેતો. વળી એ ધર્મસેવા દરમિયાન વપરાતાં ત્રણ ચીવરોનું દાન દેતો ને એમને સાત પ્રકારનાં અદ્‌ભુત રત્નો આપતો. (બીલ, રૅકૉર્ડ્ઝ, પુ. ૨, પૃ. ૨૬૧-૬૨)

૮ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૬-૪૦૫.

૯ આ દાનપત્રની સાથે મળેલા અહિવર્માના દાનપત્ર પરથી, ઉદ્‌ભેદમાં આવેલા એક ભિક્ષુણી વિહાર વિશે જાણવા મળે છે.

૧૦ ડી. બી. ડિસકળકર, "ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ", ન્યૂ ઇન્ડિયન ઍન્ટિક્વરી, પુ. ૧, પૃ. ૭૩૩.

૧૧ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, પૃ. ૩૪૭.

શીલાદિત્યનાં દાનશાસનોના દૂતક તરીકે જ્ઞાતપૂર્વ દાનશાસનોમાં સં. ૨૯૦થી ખરગ્રહનું નામ આવે છે. તે રીતે આ દાનશાસનમાં પણ તે જ નામ આવેલું છે. આ ખરગ્રહની પહેલાં "રાજપુત્ર" જેવું પરિચય–પદ આપેલું નથી, પરંતુ એ સ્પષ્ટતઃ શીલાદિત્યનો નાનો ભાઈ ખરગ્રહ છે, જેને શીલાદિત્યે પોતાનો ઉત્તરાધિકારી નીમેલો.[૧૨] શીલાદિત્યનાં અન્ય સર્વ દાન-શાસનોની જેમ આ દાનશાસન પણ વત્રભટ્ટિએ લખ્યું છે. એ પ્રાયઃ સ્કન્દ ભટનો પુત્ર હતો, જે શીલાદિત્યના પુરોગામીઓના સમયમાં એ અધિકાર સંભાળતો. સ્કન્દ ભટની જેમ વત્રભટ્ટિ પણ સન્ધિ–વિગ્રહ ખાતાનો વડો અધિકારી તેમ જ દિવિરપતિ હતો. 'દિવિર' એ ઈરાની ભાષાનો શબ્દ છે, જેનો અર્થ લિપિકર (લહિયો) થાય છે. અહીં રાજશાસનનું લખાણ ઘડનારનો અર્થ ઉદ્દિષ્ટ છે. દિવિરપતિ એટલે રાજ્યના સર્વે દિવિરોનો ઉપરી.[૧૩]

દાનશાસનની મિતિમાં જણાવેલું વર્ષ ૨૯૦ એ વલભી સંવતનું છે, જેનો આરંભ ઈ. સ. ૩૧૮થી ગણાતો.[૧૪] આ સંવતનાં વર્ષ કાર્તિકાદિ હતાં, જ્યારે તેના માસ પૂર્ણિમાન્ત[૧૫] હતા. એ ગણતરીએ વલભી સંવતનું વર્ષ ૨૯૦ ઈ. સ. ૬૦૮ના ઑક્ટોબરની ૧૫મી એ શરૂ થયું ને ઈ. સ. ૬૦૯ની ઑક્ટોબરની ૪થીએ પૂરું થયું. એમાં પૂર્ણિમાન્ત શ્રાવણ માસ ઈ. સ ૬૦૯ ની ૨૩મી જૂનથી ૨૨મી જુલાઈ સુધી હતો. એ પરથી એ વર્ષના પૂર્ણિમાન્ત શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અર્થાત્ અમાન્ત આષાઢ માસના કૃષ્ણપક્ષની દશમી તિથિ તા. ૨જી જુલાઈ ૬૦૯ના અરસામાં આવે.

મૈત્રક રાજાઓ "સ્વહસ્ત"માં પોતાનું નામ લખતા નહિ, આથી એ દરેક રાજાના હસ્તાક્ષરોના મરોડનું મહત્ત્વ રહેલું હતું.

આમ વલભીના મૈત્રક વંશનું આ એક વધુ તામ્રશાસન પ્રકાશમાં આવ્યું છે. એમાંથી રાજકીય ઇતિહાસમાં ખાસ વિશેષ જાણવા મળતું નથી, પરંતુ કુબેરનગરના એક બૌદ્ધ વિહાર વિશે નવી માહિતી પ્રાપ્ત થાય છે.

આ અભિલેખના પ્રકાશન માટે પરવાનગી આપવા બદલ ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ મ્યુઝિયમ્સના આભારી છીએ.

## પતરું ૧લું

१ ॐ स्वस्ति विजयस्कन्धावाराद्भद्रेश्वरवासकात्प्रसभप्रणतामित्राणां मैत्रकाणामतुलबलसम्पन्न (सपत्न) मण्ड–

२ लाभोगसंसक्तप्रहारशतलब्धप्रतापात्प्रतापोपनतदानमानार्ज्जवोपार्जितानुरागादनुरक्तमौ–

---

૧૨ એજન, પૃ. ૮૨ અને ૮૫.

૧૩ એજન, પૃ. ૫૧૪.

૧૪ એજન, પૃ. ૫૭૧–૫૭૭.

૧૫ એજન, પૃ. ૫૭૭–૫૮૫.

३ लभृतश्रेणीबलावाप्तराज्यश्रियः परममाहेश्वरश्रीभटार्क्कादव्यवच्छिन्नराजवङ्शान्मातापितृच-
४ रणारविन्दप्रणतिप्रविधौताशेषकल्मषः शैशवात्प्रभृति खड्गद्वितीयबाहुरेव समदप-
५ रगजघटास्फोटनप्रकाशितसत्व( त्त्व ) निकषस्तत्प्रभावप्रणतारातिचूडारत्नप्रभासंस-
६ क्तपादनखरश्मिसंहतिस्सकलस्मृतिप्रणीतमार्ग्गसम्यक्परिपालनप्रजाहृदयरञ्ज-
७ नान्वर्थराजशब्दः रूपकान्तिस्थैर्य्यधैर्य्यगाम्भीर्य्यबुद्धिसम्पद्भिः स्मरशशाङ्काद्रिराजोद-
८ धित्रिदशगुरुधनेशानतिशयानः शरणागताभयप्रदानपरतया तृणवदपास्ता-
९ शेषस्वकार्य्यफल [ : ] प्रार्थनाधिकार्थप्रदानानन्दितविद्वत्सुहृत्प्रणयिहृदयः पादचा-
१० रीव सकलभुवनमण्डलाभोगप्रमोदपरममाहेश्वरः श्रीगुहसेनस्तस्य सुतस्त-
११ त्पादनखमयूखसन्तानविसृतजाह्नवीजलौघप्रक्षालिताशेषकल्मषः प्रणयिशत-
१२ सहस्रोपजीव्यमानसम्पद्रूपलोभादिवाश्रितस्सरभसमाभिगामिकैर्ग्गुणैस्सह-
१३ जशक्तिशिक्षाविशेषविस्मापिताखिलधनुर्द्धर [ : ] प्रथमनरपतिसमतिसृष्टानामनु-
१४ पालयिता धर्म्मदायानामपाकर्त्ता प्रजोपघातकारिणामुपप्लवानां दर्शयिता श्री-
१५ सरस्वत्योरेकाधिवासस्य संहतारातिपक्षलक्ष्मीपरिभोगदक्षविक्रमो विक्रमोप-
१६ संप्राप्तविमलपार्थिवश्रीः परममाहेश्वरः श्रीधरसेनस्तस्य सुतस्तत्पादानुद्धया( ध्या )-
१७ तस्सकल जगदानन्दनात्यद्भुतगुणसमुदयस्थगितसमग्रदिङ्मण्डल[ : ] समरशतवि-
१८ जयशोभासनाथमण्डलाग्रद्युतिभासुरतरान्सपीठोद्व्ढगुरुमनोरथ महाभा-
१९ रस्सर्व्वविद्यापरावरविभागाधिगमविमलमतिरपि सर्व्वतस्सुभाषित-
२० लवेनापि सुखोपपादनीयपरितोषः समग्रलोकागाधगाम्भी-

## પતરું ૨જું

२१ र्य्यहृदयो[ ऽ ]पि सुचरितातिशयसुव्यक्तपरमकल्याणस्वभावः खिलीभूतकृतयुग-
२२ नृपतिपथविशोधनाधिगतोदग्रकीर्त्तिर्द्धर्म्मानुपरोधोज्व( ज्ज्व )लतरीकृतार्थसुखसम्प-
२३ दुपसेवानिरूढधर्म्मादित्यद्वितीयनामा परममाहेश्वरः श्रीशीलादित्यः कुशली सर्व्वानेवा-
२४ युक्तकविनियुक्तकद्राङ्गिकमहत्तरशौल्किकचौरोद्धरणिकचाटभटकुमारामात्यादीनन्यां-
२५ श्च यथासंबध्यमानकान् समाज्ञापयत्यस्तु वस्संविदितं यथा मया मातापित्रोः पुण्या-
२६ प्यायनाय कुबेरनगरस्वतलनिविष्टयशोनन्दिकारित भट्ट( ? )विहारे तन्निवासिचतुर्दिगभ्या-
२७ गतार्य्यभिक्षुसङ्घस्य च चीवरपिण्डपातशयनासनग्लानप्रत्ययभैषज्यपरिष्कारोपयो-
२८ गाय भगवतां च पूजास्नपनगन्धपुष्पमाल्यदीपतैलाद्यव्यवच्छित्तये विहारस्य च
२९ खण्डस्फुटितप्रतिसंस्काराय कुबेरनगरविषयान्तर्ग्ग[ त ]मदयन्तिकापद्र ग्रामस्सोद्रङ्गः
३० सोपरिकरः सवातभूतप्रत्यायः सधान्यहिरण्यादेयः सदशापराधः सोत्पद्यमान-

३१ विष्ट( ष्टिक )स्सर्व्वराजकीयानामहस्तप्रक्षेपणीयः पूर्व्वप्रत्तब्रह्मदेयवर्ज्जितः भूमिच्छिद्र-

३२ न्यायेनाचन्द्रार्क्कार्ण्णवक्षितिसरित्पर्व्वतसमकालीनः विहारसङ्घोपभोग्यः धर्म्मदायो

३३ निसृष्टः यतो देवाग्रहारस्थित्या भुज्यमानको न कैश्चिद्व्यासेधे वर्त्तितव्यमागामिभद्रनृप-

३४ तिभिरप्यस्मद्वङ्शजैरन्यैर्व्वानित्यान्यैश्वर्य्याण्यस्थिरं मानुष्यं सामान्यं च भूमिदानफल-

३५ मवगच्छद्भिरयमस्मद्दायो[ ऽ ]नुमन्तव्यः पालयितव्यश्चेत्युक्तं च भगवता वेदव्यासेन व्या-

३६ सेन ॥ बहुभिर्व्वसुधा युक्ता राजभिः सगरादिभिः [।] यस्य यस्य यदा भूमिस्तस्य
तस्य तदा फलं[ ॥ ]

३७ यानीह दारिद्र्यभयान्नरेन्द्रैर्द्धनानि धर्म्मायतनीकृतानि [।] निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम

३८ साधुः पुनराददीत ॥ षष्टिं वर्षसहस्राणि स्वर्ग्गे मोदति भूमिदः [।] आच्छेत्ता चानुमन्ता
च तान्येव नरके

३९ वसेदिति । दूतकश्चात्र श्रीखरग्रहः ॥ लिखितं सन्धिविग्रहाधिकृतदिविरपतिवत्रभट्टिना ॥

४० सं २०० ९० श्रावण बहुल १० ॥ स्वहस्तो मम

# તીર્થધામ લોટેશ્વર

સુરેશચન્દ્ર કનૈયાલાલ દવે

બહુજનસુખાય અને બહુજનહિતાયની ભાવના આપણા દેશમાં પ્રાચીન કાળથી જ લોકોના હૃદયમાં ઊંડું સ્થાન પામેલી છે. સ્વપરાક્રમથી પ્રાપ્ત કરેલું પોતાનું દ્રવ્ય લોકહિતનાં જ કાર્યોમાં વપરાય એ હેતુથી જળાશયો, ધર્મશાળાઓ, પંખીઓ માટેની પરબડીઓ અને અન્ય પ્રકારનાં આશ્રયસ્થાનો બંધાવવામાં આવતાં હતાં. વિશેષ કરીને આવાં સ્થાનો ધાર્મિક સ્થળોએ બંધાતાં જેથી ત્યાં યાત્રા માટે આવેલા માનવો તેનો સદુપયોગ કરી શકે. આવાં સ્થળોમાં પૂર્તકાર્યો કરવાની પ્રથા વેદકાળ જેટલી જ પ્રાચીન છે એમ યજુર્વેદ સંહિતાના એક અગ્નિસૂક્તમાં આવતા ઇષ્ટાપૂર્ત શબ્દ ઉપરથી માની શકાય.

આ બધામાં જળાશયોનું મહત્ત્વ વધુ છે, કારણ કે તે ગરમી અને મુસાફરીના થાકથી શ્રમિત મુસાફરને વધુ શાંતિ બક્ષે છે. કૂવા અને સરોવરો કરતાં વાવો અને કુંડો પોતાના વિશિષ્ટ સ્થાપત્ય અને સાથે બનાવી શકાતી સગવડતાઓને કારણે વિશેષ આરામ આપી શકે છે. ગુજરાતમાં વાવો તેનું આગવું વૈશિષ્ટ્ય ધરાવે છે. તેનું શિલ્પસ્થાપત્ય અને બાંધણી ઊંચા પ્રકારનાં હતાં એમ આજે મળી આવતી વાવો ઉપરથી જાણી શકાય છે. વાવો ઉપરાંત કુંડો પણ બાંધવાની પ્રથા આપણે ત્યાં હતી અને તેનું મહત્ત્વ પણ હતું એમ આજે તીર્થક્ષેત્રોમાં દેવમન્દિરો આગળ બાંધવામાં આવેલા કુંડો ઉપરથી જાણવા મળે છે.

બનાસકાંઠા જિલ્લાના રાધનપુર તાલુકાના મુજપુર વિભાગનું લોટેશ્વર તીર્થ ત્યાંના સ્થળ-માહાત્મ્ય ઉપરાંત ત્યાં બાંધવામાં આવેલા કુંડને કારણે વિશેષ જાણીતું છે. આ ગામ ત્રકોદ લોટી તરીકે ઓળખાય છે અને તે રાધનપુરથી ૨૧ માઈલ દૂર આવેલું છે. લોટેશ્વર અથવા લોહેશ્વર એ પુરાણપ્રસિદ્ધ અને પુણ્યપવિત્ર ધર્મારણ્ય નામથી ઓળખાતા પવિત્ર ક્ષેત્રમાં આવેલું છે. આ ક્ષેત્રની તથા સ્થળની ઉત્પત્તિના ઇતિહાસને આલેખતી વિવિધ આખ્યાયિકાઓ સ્કંદપુરાણના ધર્મારણ્યમાં, માર્કણ્ડેય પુરાણના સરસ્વતી માહાત્મ્યમાં અને સરસ્વતી પુરાણમાં આવેલી છે. માર્કણ્ડેય પુરાણના જણાવ્યા પ્રમાણે આ જગ્યાએ પહેલાં માર્કણ્ડેય ઋષિનો આશ્રમ હતો. તેની જ પાસે અરણ્યમાં લોહકૂટ (રક્તાક્ષ) નામે એક બળવાન અને દુષ્ટ અસુર નિવાસ કરતો હતો. તેણે ભગવાન શૂલપાણિને પ્રસન્ન કરીને સમર્થ અને અજય બનવાનું વરદાન મેળવ્યું હતું. પછીથી તે અસુર તે પ્રદેશના સર્વ મુનિઓને અતિશય ત્રાસ આપવા લાગ્યો. આ ત્રાસ દૂર કરવા માર્કણ્ડેય મુનિએ મહાન તપશ્ચર્યા આદરી. તે સમયે અયોધ્યામાં ભગવાન રામચંદ્ર રાજ્ય કરતા હતા. તેઓ આ તપસ્વી મુનિની તપશ્ચર્યા જોઈ ત્યાં આવ્યા અને તે અસુર સાથે યુદ્ધ આદર્યું. શંકરના પ્રભાવને કારણે આ લોહકૂટ યુદ્ધમાં વિજયી બનતો જતો હતો. ભોજનનો સમય થતાં બન્નેયે યુદ્ધ બંધ કર્યું. શંકરનો પ્રભાવ જાણીને રામચંદ્રે શિવનું આરાધન કર્યું. લોહાસુર તો શિવભક્ત હતો. તેથી તેણે હંમેશ મુજબ પોતાનો લોહદંડ ઊભો કરી શિવનું આરાધન શરૂ કર્યું. પોતાના

શત્રુ રામચંદ્ર પણ શિવનું આરાધન કરે છે તે જાણી લોહાસુર અતિ પ્રસન્ન થયો અને રામને વરદાન માગવાનું કહેતાં રામે તેના આત્મબલિદાનની માગણી કરી જે નિશાચરે સ્વીકારી. તે જ સમયે અસુરના લોહદંડમાંથી ભગવાન શંકર આવિર્ભાવ પામ્યા અને તેઓ લોહેશ્વર અથવા લોટેશ્વર તરીકે પ્રસિદ્ધ થયા. આ સ્થળની વિશિષ્ટતા, ત્યાં કરવામાં આવતાં શ્રાદ્ધ આદિ કર્મોનાં ફળોની ચર્ચા પુરાણકારે યમ અને ચિત્રગુપ્તના સંવાદ દ્વારા ત્યાર પછી વિસ્તારથી કરી છે.

બીજા પુરાણકારોએ વાર્તામાં થોડાક ફેરફારો કર્યા છે. ધર્મારણ્યમાં લોહાસુરને બલિના સો પુત્રોમાંનો એક હોવાનું જણાવ્યું છે. તે લોહાસુરે શંકરને પ્રસન્ન કરી અમરત્વ પ્રાપ્ત કરી ઇન્દ્રની સામે યુદ્ધ કર્યું અને ત્યાર બાદ તેણે ધર્મારણ્યમાં સુંદર નગર બનાવ્યું તે લોહદ્યા અથવા લોટી કે લોટેશ્વર. આ લોહાસુરને દેવોએ બ્રહ્માના સૂચન પ્રમાણે વિષ્ણુની મદદ લઈને હરાવ્યો હતો. હાલના લોટેશ્વરમાં આવેલ ગંગવો કુંડ અને સીતા તળાવડીને પૌરાણિક મહત્ત્વ આપતી કથા પણ આ જ પુરાણમાં આપવામાં આવી છે. એક બીજી પૌરાણિક આખ્યાયિકા પ્રમાણે જ્યારે જ્યારે યુદ્ધમાં રામચંદ્ર રાક્ષસને મારતા હતા ત્યારે ત્યારે તેના શરીરના ટુકડાઓ આપમેળે ભેગા થતા અને તે સજીવન થતો. તેથી રામચંદ્રે શિવની આરાધના કરી તેના શરીરના ટુકડાઓ વચ્ચે શિવલિંગની સ્થાપના કરી તેમને એક થતા અટકાવ્યા અને આમ અસુર મરાયો. આ પ્રમાણે સ્થપાયેલ શિવજીનું સ્થાન તે લોહેશ્વર અથવા લોટેશ્વર.

આ આખ્યાયિકાઓ ઉપરાંત બીજી પણ લોકોક્તિ છે કે જ્યારે પાંડવો વનવાસ માટે નીકળ્યા હતા ત્યારે ધર્માત્મા યુધિષ્ઠિરને શિવનું પૂજન કર્યા સિવાય ભોજન ન કરવાનો નિયમ હતો. જ્યારે તેઓ ફરતા ફરતા આ ક્ષેત્રમાં આવ્યા ત્યારે શિવલિંગ ન મળતાં ભીમે યુક્તિ શોધી કાઢી. એક લોટી અથવા લોટો ઊંધો વાળી તેના ઉપર માટી વગેરે ચઢાવી શિવલિંગ તૈયાર કરી પોતાની અનુજ તરીકેની ફરજ અદા કરી. તે લોટાના બનાવેલા લિંગમાં આવિર્ભાવ પામેલા ભગવાન શિવે તે સ્થાન કાયમ રાખ્યું અને તે લોટેશ્વર.

આજે આ ક્ષેત્રમાં ફાગણ વદ ૧૩થી ત્રણ દિવસ મોટો મેળો ભરાય છે અને આજુબાજુના હજારો શ્રદ્ધાળુ યાત્રિકો તે લોકમેળામાં ભાગ લેવા આવે છે. ભૂતપ્રેતના વળગાડવાળાઓની સંખ્યા વિશેષ હોય છે. તેમાં ભૂતપ્રેતના વળગાડને દૂર કરવા વળગાડવાળા માણસને પ્રથમ તેલ તલાવડીમાં અથવા સીતા તલાવડી નામના ખાબોચિયામાં નવરાવી પછી ત્યાં આવેલા ગંગવા કુંડમાં નવરાવે છે. ત્યાર પછી મહાદેવજીના દર્શન કરી તેને મુકામ ઉપર લઈ જાય છે એટલે જે વળગાડ હોય તે ભૂતપ્રેત તેના શરીરમાં પ્રવેશ્યું એમ માનવામાં આવે છે. સાંજના ફરીથી મહાદેવજીના દર્શન કરાવી તેને મુકામ ઉપર લઈ જાય છે અને સાથે મંદિરમાંથી એક દીવો પ્રકટાવી લાવવામાં આવે છે. આથી ભૂતપ્રેત જાગ્રત થાય છે એમ માનવામાં આવે છે. પછી થાળી, ડેકલું વગેરે વગાડે છે અને વળગાડવાળો માણસ ખૂબ ધૂણે છે. ધૂણતાં ધૂણતાં ભગવાન શિવની–લોટેશ્વરની કૃપાથી જે તે ભૂતપ્રેત તેના શરીરમાંથી કાયમી વિદાય લે છે. એક વર્ષે જો દૂર ન થાય તો ત્રણ વર્ષ સુધી આ ક્રિયા ચાલુ રાખવામાં આવે છે. આ ઉપરાંત અહીં માતૃગયા તથા પિતૃગયા બન્ને કરી શકાય એવાં પુરાણોનાં વચનોથી શ્રદ્ધાળુ માણસો ત્યાં શ્રાદ્ધાદિ ક્રિયાઓ દ્વારા પોતાના પિતૃઓને તૃપ્ત કરી સુખી થવાનો પ્રયત્ન કરે છે.

આ સ્થળના ધાર્મિક મહત્ત્વ ઉપરાંત તેની વિશેષતા ત્યાં આવેલા ગંગવા કુંડને લીધે છે. આ ગંગવા કુંડનું કલાવિધાન પ્રાચીન શિલ્પશાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણેનું અનોખું છે. શિલ્પ-શાસ્ત્રના અનન્ય ગ્રન્થ 'અપરાજિત પૃચ્છા'ના ચુંમોતેરમા અધ્યાયમાં કુંડો અને તેના પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. ભદ્રક, સુભદ્રક, નંદા અને પરિઘ એમ ચાર પ્રકારના કુંડો છે. આ પ્રકારના કલાવિધાનની ચર્ચા કરતાં શિલ્પાચાર્ય જણાવે છે કે સમચોરસ કુંડ એ ભદ્રક, અને અનેક ભદ્રોવાળા કુંડને સુભદ્રક કહેવામાં આવે છે. ભદ્રો ઉપરાંત સમાન્તર પ્રતિભદ્રો હોય તે નંદા અને મધ્યમાં ભીટ બનાવી બનાવવામાં આવેલા ભદ્રકોવાળા કુંડને પરિઘ કહેવામાં આવે છે. આમાં પરિઘ પ્રકારનો કુંડ બધામાં શ્રેષ્ઠ છે. વિશેષમાં તેમાં જણાવ્યું છે કે પરિઘ કુંડો ચાર દ્વારવાળા બનાવી તેમાં ઉપર ગવાક્ષો (ગોખ) તથા આવવાજવાનાં દ્વારો બનાવવાં. તેના કર્ણો ઉપર ચોકીઓ બનાવવી, અને પટ્ટશાલિકાઓ રચી મધ્યમાં ભીટ રચવું અને તેમાં મધ્યમાં જલશાયી અથવા વરાહનું સ્થાન કલ્પવું. ભદ્રોમાં એકાદશ રુદ્રો અને દ્વારો ઉપર દુર્વાસા, નારદ વગેરે વિવિધ ગણનાયકોનાં સ્થાન કલ્પવાં. આ ઉપરાંત ક્ષેત્રપાલ, ભૈરવ, ઉમા-મહેશ્વર, કૃષ્ણ, શંકર, દંડપાણિ, કાત્યાયની, ચંડિકા, ભલ્લસ્વામી, સૂર્ય, હરિહર પિતામહ, ચંદ્રાદિત્ય પિતામહ, અગ્નિ અને અન્ય દિક્‌પાલો અને માતૃકાઓ, ચાર સમુદ્રો તથા અન્ય દેવોની પ્રતિમાઓ બનાવી મૂકવી. તે કુંડની મધ્યમાં પુણ્ય પવિત્ર વારાણસી ક્ષેત્રની કલ્પના કરી ગંગાજીનું સ્થાપન કરવું એમ જણાવી ગંગાની વિશિષ્ટતા અને ગંગાસ્થાન અને સ્નાનનું ફળ દર્શાવવામાં આવ્યું છે. આમ આ પરિઘ પ્રકારના કુંડમાં અદ્‌ભુત કલાવિધાનની રચનાનું સંયોજન કરેલું જણાઈ આવે છે. ગંગાજીના સ્થાપનને કારણે તે લોકોમાં ગંગવા તરીકે ઓળખાતો હશે એમ લાગે છે. લોટેશ્વરનો આ કુંડ શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ પરિઘ પ્રકારનો છે. તેમાં ચારે બાજુ ચાર કુંડો અને મધ્યમાં વારાણસીની કલ્પનાવાળો ગંગાજીનો કુંડ છે. શ્રી. બર્જેસ સાહેબે આ કુંડનું વર્ણન 'આર્કિયોલૉજિકલ સર્વે ઑફ નોર્ધન ઇન્ડિયા' નામના ગ્રન્થમાં કર્યું છે અને તેનો પ્લાન પણ એક પ્લેટમાં દર્શાવ્યો છે. આ કુંડમાં મધ્યમાં ભીટો, ખૂણા ઉપર કર્ણો અને ભદ્રો બનાવી, ચારે કુંડોની રચના એકબીજાને અનુરૂપ બનાવી છે. તદુપરાંત ભીટો અને કર્ણો ઉપર દેવદેવીઓની પ્રતિમાઓ પણ કંડારવામાં આવી છે. મધ્યમાં આવેલા કુંડમાં ગંગાજીની કલ્પના કરવામાં આવી છે. લોહાસુરની ઇચ્છા મુજબ ભગવાન શંકર તથા રામચંદ્રે આ કુંડમાં ગંગાજીની સ્થાપના કરી હતી. વળી શિલ્પાચાર્ય પણ ગંગાજીનું સ્થાપન કરવાનું જણાવે છે. આમ પુરાણ અને શિલ્પ-શાસ્ત્રનાં સૂચનોનો સમન્વય ગંગાજીના સ્થાપન દ્વારા સાધવામાં આવ્યો છે. આ કુંડો લાંબા-પહોળા આશરે પાંચ હાથ અને ઊંડા સાત હાથ મનાય છે. સંવત ૧૯૨૫માં શ્રી. ઉમેદશંકર નામની વ્યક્તિએ ફરીથી બનાવ્યો હોવાનો ઉલ્લેખ છે, આથી તેનું કલાવિધાન પ્રાચીન ન ગણાવી શકાય પરંતુ નવી રચના પણ પ્રાચીન કુંડના નમૂના ઉપર જ કરવામાં આવી છે એ ચોક્કસ છે. આ કુંડ ગુજરાતના કુંડોમાંનો એક અસામાન્ય છે એ નિર્વિવાદ છે.

પૌરાણિક અને લૌકિક હકીકતો તપાસ્યા બાદ જો ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીશું તો ઈ. સ. ૧૬૩૬ થી ૪૦માં લોટેશ્વરની પાસે આવેલા ચંદુર ગામના નાડોદા પટેલ કરમશી રથવી તે વખતના ગુજરાતના સૂબા આઝમખાનનાં વસૂલાત ખાતાના કારભારી હતા. તેમણે આ દેવાલયને કિલ્લો કરાવ્યો હતો અને તેને ચારે ખૂણે હનુમાન, આરાસુરી અંબાજી માતા, માર્કણ્ડેય ઋષિનો

આશ્રમ અને અન્નપૂર્ણા માતાનાં મંદિરો બંધાવ્યાં હતાં, અને ગંગવો કુંડ કરાવ્યો હતો. ઔરંગઝેબે સત્તા ધારણ કર્યા બાદ આઝમખાનના સમયમાં બંધાયેલાં આ દેવળોને તોડી નાખવામાં આવ્યાં હતાં અને ત્યાંની મૂર્તિઓ ખંડિત કરી હતી. 'લોટેશ્વર માહાત્મ્ય' નામના નાટકના કર્તાએ આ પાંચે દેવાલય, કુંડ અને કોટ કરમશી સ્થવીએ સંવત ૧૬૬૫માં બનાવ્યાનું નોંધ્યું છે પણ તેનો કોઈ મજબૂત આધાર મળતો નથી. એટલે કરમશીએ તે ચોક્કસ ક્યારે બંધાવ્યું હશે એ જાણી શકાતું નથી. સંવત ૧૯૦૨ થી ૧૯૦૭ સુધીમાં ઉમેદશંકર નામના એક ભાવિકે તે દેવળનો જીર્ણોદ્ધાર કર્યો હતો. સંવત ૧૯૨૫માં ગંગવા કુંડને પણ ફરીથી બનાવી તેને પાંચ વિભાગવાળો બનાવવામાં આવ્યો હતો. આજે તો આ લોટેશ્વરનું સ્થાન ભાવિક ભક્તોને માટે યાત્રાનું ધામ બન્યું છે પણ ત્યાં યાત્રાળુઓ માટેની સગવડોનો અભાવ જોવા મળે છે.

## સંદર્ભ ગ્રંથો


૧ રાધનપુર ડિરેક્ટરી.

૨ આર્કિયોલૉજિકલ સર્વે ઑફ નોર્ધર્ન ગુજરાત.

૩ અપરાજિત પૃચ્છા.

૪ માર્કણ્ડેય પુરાણ.

૫ સ્કંદ પુરાણ.

૬ ધર્મારણ્ય.

# આરાસણના બે જૈન પ્રતિમાલેખોની વિશેષ-વાચના

**મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી**

આરાસણ—સામ્પ્રત કુમ્ભારિઆ—નાં વિખ્યાત આરસી જૈન મન્દિરોમાં કોઈ મોટો પ્રશસ્તિલેખ મોજૂદ નથી; પણ ત્યાં મળી આવેલા સંખ્યાબંધ પ્રતિમાલેખોમાંના કોઈ કોઈ ઐતિહાસિક દૃષ્ટિએ,[1] કે કલા-ઇતિહાસ અને જૈન શિલ્પ-સ્થાપત્ય-પ્રતિમાદિવિધાનના અભ્યાસના અનુલક્ષમાં મૂલ્યમય બની રહે છે.

આરાસણનાં પાંચ જિનમન્દિરોના કેટલાક પ્રતિમાલેખોની વાચના એની કંઈક વિગતે નિરીક્ષા કરનાર પુરાન્વેષક સદ્ગત ડા. દત્તાત્રય રામકૃષ્ણ ભાણ્ડારકરે કરી હતી.[2] તે પછી મુનિશ્રી જિનવિજયજી અને (સ્વ.) મોહનલાલ દલિચંદ દેસાઈએ ત્યાંના ઉપલબ્ધ હતા તે તમામ લેખો વાંચી નકલ કરી લીધેલી જેમાંના કેટલાક મુનિજીએ તેમના "પ્રાચીન જૈન શિલાલેખ સંગ્રહ" ભાગ બીજામાં[3] પ્રકાશિત કરેલા. (સ્વ.) મુનિશ્રી જયન્તવિજયજીએ પોતાના "અર્બુદાચલ પ્રદક્ષિણા જૈન લેખ સન્દોહ"માં લગભગ એ જ લેખો પુનઃસંકલિત કર્યા છે.[4] છેલ્લે મુનિશ્રી વિશાલવિજયજીએ કુમ્ભારિઆનાં મન્દિરોના પરિચયાર્થે લખેલી પુસ્તિકા "શ્રી આરાસણ તીર્થ અપરનામ શ્રી કુમ્ભારિઆજી તીર્થ"માં કુમ્ભારિઆનાં મન્દિરોના મુનિશ્રી જિનવિજયજી પાસે રહેલા અપ્રકાશિત સવાસો ઉપરાંતના પ્રતિમાદિ લેખોની વાચના પ્રકાશનાર્થે મળી જતાં તેને તેમાં સઙ્ગૃહિતમાં કર્યા છે.[5]

સન ૧૯૬૨માં કુમ્ભારિઆનાં મન્દિરોનાં સર્વેક્ષણ દરમિયાન મહત્ત્વના માની શકાય તેવા કેટલાક પ્રતિમાલેખોનું પુનર્વાચન અમે હાથ ધરેલું તે પૈકીના બેની અમે કરેલી વાચના અહીં રજૂ

---

૧ જેમકે શાન્તિ-જિનાલયમાં રહેલો સં. ૧૦૮૭/ઈ. સ. ૧૦૩૧નો ભીમદેવનું શાસન ત્યાં પ્રવર્તમાન હોવાનું પ્રગટ કરતો લેખ; નેમિનાથના મન્દિરનો કુમારપાલની આજ્ઞાથી સં. ૧૨૦૬/ઈ. સ. ૧૧૫૦માં કક્કુદાચાર્યે પ્રતિષ્ઠાવેલ પ્રતિમાનો લેખ, ઇત્યાદિ.

૨ *Progress Report of the Archaeological Survey of India, Western Circle*, 1905–6, pp. 40–46. ભણ્ડારકરનીયે પહેલાં અગ્રચારિ સંશોધક જેમ્સ ફાર્બસે કુમ્ભારિઆની મુલાકાત લઈ ત્યાંનાં મન્દિરો પર ટીપ્પણો કરેલી.

૩ આ લેખ લખતી વેળાએ પ્રસ્તુત પુસ્તક સન્દર્ભાર્થે લભ્ય નથી બન્યું એટલે તેનું પ્રકાશન સ્થાન અને વર્ષ આપી શક્યા નથી.

૪ [આબુભાગ], ભાવનગર વિ. સં. ૨૦૦૫.

૫ યશોવિજય જૈન ગ્રન્થમાળા, ભાવનગર ૧૯૬૧. કુમ્ભારિઆનાં મન્દિરો પર લખનાર બે સામ્પ્રતકાલીન લેખકો (સ્વ.) શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે અને પં. અંબાલાલ પ્રેમચંદ શાહે શિલાલેખો બાબતમાં ચર્ચા કરી નથી.

કરી તે પર, અને તેના અર્થગર્ભ ભાગના આધારે કુમ્ભારિઆનાં જિનાલયોની કેટલીક સમસ્યા પર આનુષઙ્ગિક ચર્ચા કરીશું. બન્ને લેખો સારી રીતે ઘસાઈ ગયેલા હોઈ સમ્પૂર્ણ વાચના કે તદ્દન અક્ષરશુદ્ધ વાચના તો થઈ શકે તેમ નથી.

**૧.** ત્યાંનાં મહાવીર સ્વામીના મન્દિરના મૂલનાયકની પ્રતિમાના પબાસણ પરના લેખની વાચના મુનિશ્રી વિશાલવિજયજી એવં પૂર્વાચાર્યોએ નીચે મુજબ આપી છે:[૬]

ॐ ॥ संवत् ११९८ फाल्गुन सुदि ९ सोमे। आरासणाभिधानस्थाने तीर्थाधिपस्य प्रतिमा कारिता......

મૂળનાયકની ગાદી પર તે લેખ તપાસી જોતાં મુનિજીએ આપ્યો છે તેવો સળંગસૂત્રી પાદ દેખાયો નહીં. લેખ એથી લાંબો છે. અમે તે લેખ પર મહેનત લઈ થોડા વિશેષ અક્ષરો બેસાડ્યા છે. લેખમાં કઈ જગ્યાએ શું ખુટે છે તે પણ અમે વિશોધેલ પાઠમાં બતાવીશું :

+ (व) त + ११ (२?) ८ फाल्गुन सुदि ९ सोमे आरासणाभिधाने स्थाने तीर्थाधिपस्य **वीरस्य** प्रतिमा [+] + + + + **राज्ये** कारिता + + + + + **ज रा** [ज] **गच्छे श्री......**

આ શોધન કરેલ વાચનાથી આરાસણના પ્રસ્તુત મન્દિરના મૂલનાયક 'મહાવીર સ્વામી' હોવાનું સુનિશ્ચિત બને છે. પ્રતિષ્ઠાના વર્ષના બીજા અને ત્રીજા આંકડા વચ્ચે સ્હેજ જગ્યા છુટી ગઈ હોવાનું સ્મરણ છે. ત્રીજો આંકડો '૧' ને બદલે '૨' વંચાતો હોવાનું અમને લાગ્યું છે. (જો એમ હોય તો આ મન્દિરનો કાળ મનાયો છે તેથી દશ સાલ અર્વાચીન ગણવો જોઈએ; પણ આ મુદ્દા પર અહીં આગળ ઉપર ચર્ચા કરી નિર્ણય લેવા પ્રયત્ન કરીશું.) શાસનકર્તા રાજવીનું નામ વાંચી શકયા નથી. જો લેખ સં. ૧૧૨૮નો હશે તો કદાચ 'કર્ણદેવ' અને સં. ૧૧૧૮નો હોય તો ત્યાં 'ભીમદેવ' હોવાની શકયતા અપેક્ષિત છે. અહીંના શાન્તિનાથ જિનાલયની પહેલી દેવકુલિકામાં સં. ૧૦૮૭/ઈ. સ. ૧૦૩૧માં 'ભીમભૂપ' એટલે કે સોલંકીરાજ ભીમદેવ પ્રથમના શાસનનો ઉલ્લેખ છે જ.[૭]

**૨.** મુનિશ્રી વિજયજીએ એમના સઙ્કલનમાં "શાંતિનાથના મંદિરમાં અષ્ટાપદ તીર્થના-પદશિલ્પ પરનો લેખ" એમ કહી નીચે મુજબ તદ્દ લેખની વાચના આપી છે :[૮]

सं. १२६६ फाल्गुन सुदि १० बुद्धे (धे) प्राग्वाट...भार्या पद्मिन्याः पंचपुत्राः श्रे. जक्षदेव-बोपदेव-वस्तिग-बोपदेक-सोमाल्यां कुटुंब श्रेश्रोर्थं अष्टापदतीर्थं कारितं प्रतिष्ठितं श्री धर्मघोष सूरिभिः ॥

આ લેખ અંગે તપાસ કરતાં તે કોઈ 'પદશિલ્પ' પર નહીં પણ તદ્દ જિનાલયની જગતી પર અગ્નિકોણે સ્થિત દ્વિદ્વારયુકત 'કર્ણપ્રસાદ'માં સ્થાપિત કરેલ 'અષ્ટાપદ'ની આરસી રચનાના (ચિત્ર ક્રમાંક ૧) શિરોભાગે રહેલા ચતુર્મુખ પ્રતિમાની મણ્ડપિકાના છાદનની ગોળ 'મુખપટ્ટી' પર ફરતો કોરેલો જોવામાં આવ્યો.

---

૬ વિશાલવિજયજી, પૃ. ૪૩.

૭ એજન પૃ. ૧૩૮-૧૩૯.

૮ એજન પૃ. ૧૪૯, લેખાઙ્ક [૨૮-૧૪૮].

પ્રસ્તુત લેખનું પુનર્વાચન કરતાં થોડા વિશેષ શબ્દો ઉકેલી ઉમેરી શકાયા છે.

सं १२६६ (फागुल ? फाल्गुन) सुदि १० बु (द्वे ? घे) प्रागवाट [जा ? भा ?] वड भार्या पद्मीन्याः पंचपुत्राः श्रे. जक्षदेव-बोपदेव-वस्तिग-(**रदबोप ?**)-**श्री कलस** (**प्रमुपः ?**) बोपदेव (सोताया ?) कुटुंबश्रेयोर्थं (**समय ? नाभेय ?**) **प्रासादतं** अष्टापदतीर्थं कारितं प्रतिष्ठितं श्री धर्मघोष सूरिभिः ॥

આ નવી વાચનાથી 'અષ્ટાપદ' કરાવનાર કુટુમ્બના મોવડી—પદ્મીનીના પતિ—શ્રેષ્ઠી 'જાવડ' કે 'ભાવડ'(?)ની વિશેષ હકીકત મળે છે. બીજું એની પ્રતિષ્ઠા મોટે ભાગે 'નાભેટા'ના પ્રાસાદમાં થયાનું સૂચન મળે છે. પદ્મીનીનાં પાંચ પુત્રોનાં નામોવાળા ભાગમાં જે વધારાનો ભાગ મળે છે તેનો અર્થ સંદિગ્ધ છે. વાચના જોઈએ તેવી શુદ્ધ નથી.

હવે મહાવીર સ્વામીની પ્રતિમાના લેખથી ઉપસ્થિત થતા સૂચિતાર્થનો વિચાર કરીએ. પ્રસ્તુત ચર્ચા મુનિશ્રી વિશાલવિજયજીનાં કેટલાંક અવલોકનોની પશ્ચાદ્ભૂમાં કરીશું. મુનિશ્રીના કથન અનુસાર "આ મંદિર મંત્રી વિમળશાહે બંધાવેલું હશે અને તે વખતે તેમાં મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી હશે. પાછળથી ઋષભદેવને બદલે શ્રી મહાવીર સ્વામીને સ્થાપન કર્યા હશે એમ લાગે છે."[૯]

"વળી, સં. ૧૪૯૯ની આસપાસમાં થયેલા શ્રી. મેહ કવિએ રચેલા 'રાણકપુર સ્તવન'માં આ પ્રકારે ઉલ્લેખ કરેલો છે—

"સેત્રુંજે સામીય સેત્રુંજે સામીય પ્રથમ જિણંદનાદ,
સોપાર સિરિ મંડણો એ, વિમલ મંત્રીસર બુદ્ધિ થાપીઅ.
ઈડરગઢ આરાસણિ કુલપાક મહિમા નિવાસી."

એટલે મંત્રી વિમલશાહે આરાસણમાં શ્રી આદીશ્વર ભ.નું મંદિર બંધાવેલું એમ સ્પષ્ટ થાય છે પણ આજે આરાસણમાં મૂ. ના. આદીશ્વર ભ.નું કોઈ મંદિર નથી. અનુમાન છે કે ભ. મહાવીર સ્વામીના મંદિર તરીકે ઓળખાતા મંદિરમાં મૂળનાયકનો ફેરફાર થતાં મૂળનાયક શ્રી. આદીશ્વર ભ.ના બદલે ભ. મહાવીર સ્વામી ભ.ની પ્રતિમા સ્થાપન કરી હશે.[૧૦]

---

૯ એજન પૃ. ૪૩.

૧૦ એજન પૃ. ૧૬૬-૬૭.

કવિ મેહના 'રાણિગપુર–ચતુર્મુખ–પ્રાસાદ સ્તવન'માંથી મુનિજીએ જે ગાથા વિમલમન્ત્રીએ આરાસણમાં બંધાવેલ મન્દિરના પ્રમાણરૂપે ઉદ્ધૃત કરી છે તે અવતરણ અને અર્થઘટન અમને બરોબર નથી લાગતું. પહેલી વાત તો એ છે કે ગાથાના બીજા ચરણના પાછલા હિસ્સાની મુનિશ્રીએ 'વિમલમંત્રી-સર બુદ્ધિ થાપીએ' એવી જે વાચના આપી છે તેને સ્થાને પં. અંબાલાલ પ્રેમચંદ શાહે 'વિમલમંત્રી-અ(સ)ર બુદ્ધિ થાપીએ;' એવું વચન આપ્યું છે: (જુઓ એમનું "રાણકપુરની પંચતીર્થી", ભાવનગર, વિ. સં. ૨૦૧૨, પૃ. ૮૩.) આ વાચના પણ દોષયુક્ત છે. ખરી વાચના 'વિમલમંત્રી **અરબુદિ** થાપીઅ'; એટલે કે વિમલમન્ત્રીએ **અર્બુદ**—આબુ—પર (આદિશ્વર) સ્થાપ્યા એવું કવિ કહેવા માગે છે. ગાથા ફરીને આ પ્રમાણે વાંચવાથી અર્થ બરોબર બેસશે: આખી ગાથા અહીં ટાંકવાથી વાત સ્પષ્ટ થશે.

"અહીંનું શ્રી નેમિનાથ ભગવંતનું દેરાસર તેમ જ શ્રી મહાવીરસ્વામી ભગવંતનું દેરાસર, જે આદીશ્વર ભગવાનનું મંદિર હશે તે બંને મંદિરો વિમલશાહે બંધાવેલાં હોવાં જોઈએ. શ્રેષ્ઠિ પાસિલે શ્રી નેમિનાથ ભ.ના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હશે, એ વિશે આગળ જણાવીશું."[११]

"શ્રી જિનહર્ષગણિ, પોતાના 'વસ્તુપાલચરિત્ર'માં જણાવે છે કે—

"प्रासादं जगदाह्लादं प्रासादादम्बिकोद्भवात् ।
समुद्धृत्य नगोत्तुङ्गं नेमिनः स्वामिनः पुनः ॥
पुण्यात्मा पासलिर्मन्त्री चित्रप्राचिकृतापरः
व्यधादारासण क्षोणीधरं रैवतदैवतम् ॥

—દેવોને પણ આશ્ચર્ય પમાડનાર પુણ્યાત્મા પાસલિ મંત્રીએ અંબિકાદેવીના પ્રાસાદથી જગતને આનંદ આપનાર તથા પર્વત સમાન ઉન્નત એવા શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યનો ઉદ્ધાર કરાવીને આરાસણ પર્વતને રૈવતાચલ જેવો બનાવી દીધો.

આ હકીકતથી જણાય છે કે, શ્રી નેમિનાથ ભ. ના દેરાસરનો પાસલિ (પાસિલ) મંત્રીએ જીર્ણોદ્ધાર કરાવ્યો. જો એમ હોય તો આ મંદિર ખૂબ પુરાણું હોવું જોઈએ. સંભવતઃ વિમલ મંત્રીએ આ મંદિર બંધાવ્યું હશે."[૧૨]

વિમલશાહે આરાસણમાં મન્દિર બંધાવેલું અને તે આદિનાથનું હતું એવા ઉત્તર મધ્ય-કાલીન સાહિત્યમાંથી મળી આવતા પ્રમાણો પણ મુનિશ્રીએ એકત્ર કર્યા છે. એમનું તદ્વિષયક કથન મહત્ત્વનું હોઈ તેને યથાતથા અહીં ઉટંકીશું :

---

શેત્રુંજ સામિય શેત્રુંજ સામિય પ્રથમ જિણનાહ,
સોપારા સિરિ મંડણઓ, વિમલમંત્રી અરબુદિ થાપીઅ,
ઈડરગઢિ આરાસણિ કુલ્યપાકિ મહિમા નિવારીઅ,
વિંધ્યાચલગિરિ તલહટ્ટીઅ નિતુ નિતુ નવલાનાદ,
રાણિગપુરિ થિર થાપ્પીઉ ચતુરમુખ્ખ પ્રાસાદ. ૧૭

કવિ કહે છે કે સોપાર્ક અને શ્રી પુરમણ્ડન એ શત્રુઞ્જયના સ્વામી પ્રથમ જિનનાથ (આદિશ્વર ઋષભદેવ)ને વિમલમન્ત્રીએ અર્બુદે સ્થાપ્યા; વળી ઈડરગઢ (કુમારપાળ નિર્મિત પ્રથમાર્હત), આરાસણ, (કર્ણાટદેશમાં) કુલપાકમાં જેનો મહિમા વસે છે, ને વિન્ધ્યાચળની તળેટીમાં નિત્ય નિત્ય નવા નાદથી (જેનો મહિમા ગવાય છે ? વિસ્તરે છે ? તેને) રાણકપુરમાં સ્થિર ચતુર્મુખ પ્રાસાદ (શ્રેષ્ઠીધરણે) સ્થાપ્યો. આમાં વિમલમન્ત્રીએ અર્બુદ પર ઋષભદેવનું મન્દિર બંધાવ્યાની વાત છે પણ આરાસણમાં તો આદિનાથનું મન્દિર હતું એટલો જ સંકેત કરેલો છે. વિમલમન્ત્રીને એના કારાપક કહ્યા નથી.

૧૧ એજન પૃ. ૧૧.

૧૨ એજન પૃ. ૨૦. વિમલમન્ત્રીએ આરાસણમાં નેમિનાથનું મન્દિર બંધાવ્યાનું કોઈ જ પ્રમાણ નથી. મુનિશ્રીએ પણ પુસ્તકને અન્તે આપેલ 'સુધારા-વધારા' (પૃ. ૧૬૫)માં આગલી ભૂલ સુધારી લીધી છે.



કુંભારિયાના શાન્તિજિનાલયના કર્ણપ્રાસાદના ‘અષ્ટાપદ’
(સં. ૧૨૬૬-ઈ. સ. ૧૨૧૦)નું દૃશ્ય
—પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્યનાં સૌજન્યથી
(આ ચિત્રની સમજુતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ)

"...શ્રી શીલવિજયજી પોતાની 'તીર્થમાલા'માં નોંધે છે કે—

"આરાસણિ છિ વિમલવિહાર, અંબાદેવી ભુવન ઉદાર."

(જુઓ, પ્રાચીન તીર્થમાલા, ભા. ૧, પૃ. ૧૦૩, કડીઃ ૩૧)

શ્રી સૌભાગ્યવિજયજીએ સં. ૧૭૫૦માં રચેલી 'તીર્થમાલા'માં પણ જણાવ્યું છે કે—

"આરાસણ આબૂગઢેં જે નર ચઢેંરે, વિમલવસી વિસતાર."

વળી, ખીમાકૃત 'ચૈત્ય-પરિપાટી' ગાથાઃ ૧૭માં જણાવ્યું છે કે—

"આરાસણિ અરબદ શિરે, વંદુ વિમલવિહાર."

('જૈનયુગ,' પુસ્તકઃ ૪, અંકઃ ૬-૮, પૃ. ૨૫૨)

'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય,' સર્ગઃ ૨૧, શ્લો. ૬૦ની ટીકામાં પણ એ જ વાતનું સમર્થન મળે છે કે—

'अपि पुनः आरासणपुरे श्रीविमलमन्त्रिकारितप्रासादेषु'[૧૩]

મુનિરાજશ્રી વિશાલવિજયજીએ રજૂ કરેલ પ્રમાણો પરથી આરાસણમાં મન્ત્રીશ્વર વિમલ નિર્માપિત, કદાચ યુગાદિદેવનું મન્દિર હતું તેમ માનવામાં હરકત જેવું નથી. પણ મહાવીર-સ્વામીનું મન્દિર તે જ વિમલમન્ત્રીનું મન્દિર અને તેમાં મૂળે ઋષભદેવની સ્થાપના હતી તેમ માની શકાય તેમ નથી. કારણોમાંઃ (૧) વિમલમન્ત્રીના બંધાવેલ મન્દિરમાં મોટે ભાગે આદીશ્વર પ્રતિષ્ઠિત હતા જ્યારે અહીં પહેલેથી જ મહાવીર છે. મૂળ નાયકની પ્રતિમાના લેખમાં તેને "તીર્થાધિપ"ની મૂર્તિ કહેલી હોઈ પ્રસ્તુત મન્દિર તેને જ માટે બંધાઈ તેમાં તેની પ્રતિષ્ઠા થઈ. પ્રતિમાનાં પરિકર અને પબાસણ પણ મોટાં અને જાજરમાન છે, મૂલનાયકની મૂર્તિને હોઈ શકે તેવાં છે. "તીર્થાધિપ" શબ્દમાં પ્રતિમાનું અધિનાયકપણું તેમ જ મૌલિકત્વ પણ સૂચિત થઈ જાય છે. (૨) વિમલમન્ત્રીની ઈ. સ. ૧૦૭૨ કે ૧૦૬૨ સુધીની વિદ્યમાનતા હતી કે કેમ તેને વિષે આપણે કશું જાણતા નથી; (૩) મુનિજી કહે છે તેમ ઘડીભર માની લઈએ કે મૂલનાયક પાછળથી બદલાયા હોય; પણ મન્દિરનું વાસ્તુગર્ભ રૂપકામ તપાસતાં એ મન્દિર જિન મહાવીરના માટે જ બંધાયું હોવાનાં પ્રમાણો સ્પષ્ટ દેખાય છે. તેમાં એક તો છે 'ગૂઢમણ્ડપ'ની 'દ્વારશાખા'ના 'ઉત્તરઙ્ગ' (ઓતરંગ)માં મધ્ય 'રથિકા'માં પદ્માસનસ્થ જિનમાતાની ડાબી બાજુએ ઊભેલ હરિણમુખી 'નેગમેષ'ની મૂર્તિ. 'હરિણગમેષી દેવતા'એ મહાવીર માતાના ઉદરમાં હતા ત્યારે ગર્ભહરણ કરી સ્થાનાન્તર કરેલ તે કથા સુવિદિત છે અને અન્ય કોઈ તીર્થંકરના સંબંધમાં તે કહેવાઈ નથી. એ જ પ્રમાણે 'રઙ્ગમણ્ડપ'ના 'વિતાન'માં 'નાયિકાઓ'ના સ્થાનના 'વિદ્યાધરો'માં 'ત્રિક' (છ ચોકી)ના મધ્યભાગ—પ્રાસાદના મધ્યસૂત્ર—ની આજુબાજુના 'વિદ્યાધરો'ને બદલે પણ આકાશચારી 'નેગમેષ'ના રૂપ અંકિત કરેલાં છે. આવા સૂચક સ્થળે વીરજિન અનુલક્ષીદેવનાં રૂપ વાસ્તુભૂષામાં કરવાનો સૂચિતાર્થ એટલો જ છે કે આ મન્દિર મહાવીરનું છે તેનો બાંધનારને ખ્યાલ છે અને તેથી વીરજિન-નિદર્શક સંકેતો તેણે યોગ્ય સ્થળે ગોઠવી દીધાં છે. ત્રીજું, દેવકુલિકાઓની પ્રતિમાઓમાંથી એક

૧૩ એજન પૃ. ૬૪.

સં. ૧૧૪૭/ઈ. સ. ૧૦૯૧ના લેખવાળી પ્રતિમાની પ્રતિષ્ઠા 'વીરનાથના મન્દિરમાં' કરવામાં આવી તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે.[૧૪] તદુપરાન્ત તે જ મન્દિરની દેવકુલિકાઓમાં સં. ૧૧૪૬ અને સં. ૧૧૪૭ના લેખમાં મન્દિરને 'સઙ્ઘચૈત્ય'–સઙ્ઘે કરાવેલ ચૈત્ય–કહ્યું છે;[૧૫] વિમલમંત્રીનું કરાવેલ હોત તો 'વિમલસત્તિકાયાં' એમ કહ્યું હોત.

તો પછી વિમલવસહીવાળું આદિનાથનું મન્દિર અહીંનાં પાંચ મન્દિરમાંથી કયું? મોટું નેમિનાથનું મન્દિર તો પાસિલ મન્ત્રીએ ઈ. સ. ૧૧૩૪-૩૭ આસપાસ કરાવેલું અને તેની પ્રતિષ્ઠા વાદિ દેવસૂરિએ કરાવ્યાનાં સ્પષ્ટ પ્રમાણો છે.[૧૬] બાકી રહ્યાં પાર્શ્વનાથ, શાન્તિનાથ અને સમ્ભવનાથ. પણ તેમાં એકેમાં વર્તમાને આદિનાથ મૂળનાયક નથી. ચૌદમા શતકના ઉત્તરાર્ધમાં આવેલા યાત્રિકોએ અહીંના ચૈત્યોમાંથી 'ઋષભ,' 'વીર,' 'પાર્શ્વ' અને 'નેમિ'નો ઉલ્લેખ કર્યો છે પણ 'શાન્તિ' કે 'સમ્ભવ'નો નહીં. એ બંને મન્દિરોની શૈલી ચૌદમા શતકથી પ્રાચીન છે—સમ્ભવનાથની ૧૩મા શતકનો પૂર્વાર્ધ અને શાન્તિનાથનું ૧૧મા શતકનું છેલ્લું ચરણ. આથી પ્રસ્તુત યાત્રિકોના આવ્યા બાદ આ મન્દિરો બંધાવ્યાં હશે એવી અટકળ ખુલાસા માટે કરી શકાય તેમ નથી. આથી એ બેમાંથી એક મૂળે આદિનાથનું હોવાની અને એથી વિમલનું મન્દિર હોવાની શક્યતા છે (સમ્ભવનાથનું મન્દિર ૧૩મા શતકનું હોઈ તેની સંભાવના અલબત્ત નીકળી જાય છે).

આ અંગે એ યાદ દેવડાવીએ કે શાન્તિનાથ જિનાલયના 'અષ્ટાપદ'ના લેખમાં એની પ્રતિષ્ઠા 'નાભેય પ્રાસાદ'માં કરવામાં આવી તેવો (અમે) સંસ્કારેલ વાચનામાં ધ્વનિ ઊઠે છે. પણ વધારે ચોક્કસ પૂરાવાઓ એ મન્દિરમાંથી જ અન્યત્ર મળી રહે છે: જેમ કે ત્યાંની એક દેવકુલિકાના સં. ૧૧૪૮/ઈ. સ. ૧૦૯૨ના લેખમાં પ્રતિમાની પ્રતિષ્ઠા 'શ્રીમદ્ આદિજિનાલય' વિષે સર્વદેવાચાર્ય દ્વારા થઈ એવો ઉલ્લેખ કરે છે.[૧૭] એક સંવત્ નષ્ટ થયેલ પણ એ જ આચાર્યે પ્રતિષ્ઠાવેલ બીજી એક પ્રતિમામાં પણ 'રિષભાલય'માં તેની સ્થાપના થયાનો ઉલ્લેખ છે.[૧૮]

શાન્તિનાથનું મન્દિર મૂળ ઋષભદેવનું હતું તેવું સાબિત કરનાર વાસ્તવાઙ્ગમાં કોરેલ રૂપનાં બે પ્રમાણો મન્દિર અન્તર્ગત મોજૂદ છે. 'ત્રિક'ના અલઙ્કૃત સ્તમ્ભોમાં જે જોડી ગૂઢ-મણ્ડપની બરોબર સંમુખ આવે છે તેની જઙ્ઘામાં આદિજિનની યક્ષી 'ચક્રેશ્વરી'ની પ્રતિમા કંડારેલી છે. એ જ પ્રમાણે રઙ્ગમણ્ડપ અને ભમતીને જોડતી છતોમાંથી એક વાયવ્યની છતમાં 'ગોમુખ' યક્ષ અને 'ચક્રેશ્વરી'ની છત વચ્ચોવચ્ચ મોટી પ્રતિમાઓ કંડારેલી છે. આથી આ મન્દિર યુગાદિદેવનું હોવાનું નિશ્ચિત થાય છે.[૧૯]

---

૧૪ એજન પૃ. ૧૨૪-૧૨૫, લેખાઙ્ક [૧૪-૭૭].

૧૫ એજન પૃ. ૧૨૨-૧૨૩, લેખાઙ્ક [૧૧-૭૪], તથા પૃ. ૧૨૩-૧૨૪, લેખાઙ્ક [૧૩-૭૬].

૧૬ એજન પૃ. ૧૮-૨૧.

૧૭ એજન પૃ. ૧૪૭-૧૪૮ લેખાઙ્ક [૩૦-૧૫૦],

૧૮ એજન પૃ. ૧૫૦, લેખાઙ્ક [૩૦-૧૫૦].

૧૯ મુનિરાજ શ્રી વિશાલવિજયજીએ પ્રસ્તુત મન્દિર ઋષભદેવનું હોવાની ધારણા અગાઉ ચર્ચેલ બે પ્રતિમાલેખોને આધારે કરી છે: (પૃ. ૫૫.); પણ તેના કારયિતા વિષે ટીકા કરતાં કહે છે કે "ચોથું શ્રી શાંતિનાથ ભગવંતનું દેરાસર કોણે બંધાવ્યું તે જાણવામાં આવ્યું નથી." (પૃ. ૧૨).

છતાં આ મન્દિર વિમલમન્ત્રીએ જ બંધાવ્યું હતું કે કેમ તે વાત સ્પષ્ટ નથી બનતી. આ મન્દિરની ભમતીની ગોખલીઓમાંની ઘણીખરી એના પર ખોદાયેલા લેખો પરથી સં. ૧૧૩૭/ઈ. સ. ૧૦૮૧માં બની હોવાનું જણાય છે.[૨૦] એ જ પ્રમાણે 'મૂલપ્રાસાદ' અને 'ગૂઢમણ્ડપ'ની શૈલી પણ મહાવીર જિનાલયથી થોડી અર્વાચીન જણાય છે. ટૂંકમાં આ આખુંયે મન્દિર 'રઙ્ગ-મણ્ડપ' અને 'ભ્રમન્તિકા' સાથે ઈ. સ. ૧૦૮૧માં તૈયાર થયું હોવાનો શૈલીની દૃષ્ટિએ અંદાજ કાઢી શકાય છે. આથી આ સ્થાપત્ય વિમલમન્ત્રીના સમયનું નહીં, એમના પછીની પેઢીનું ઠરે છે. તો આ વિસંવાદનો ઉકેલ કેવી રીતે લાવવો ?

બન્યું છે એવું કે આ મન્દિરમાં ત્રણ પ્રતિમાલેખો એવા છે કે જેની મિતિ મહાવીર જિનાલયના પ્રાચીનતર શિલાલેખોથી પણ જૂની છે. આરાસણના જૂનામાં જૂના પ્રતિમાલેખો આ મન્દિરમાં છે. એક છે સં. ૧૦૮૭/ઈ. સ. ૧૦૩૧નો, જેનો અગાઉ ઉલ્લેખ થઈ ગયો છે; ને બીજા બે છે સં. ૧૧૧૦/ઈ. સ. ૧૦૫૪ની સાલના.[૨૧] આથી આરાસણમાં ચોક્કસ કોઈ પ્રાચીન મન્દિર—વિમલમન્ત્રીના કાળનું—હતું જ તેમાં શંકા નથી. અમે આ મન્દિરના સ્થાપત્યનું ખૂબ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યા બાદ એક વસ્તુ જોઈ શક્યા કે મૂલપ્રાસાદની બારશાખા આખા મન્દિરની કારિગરીથી જુદી પડી આવે છે અને બાકીના કામથી વધારે પ્રાચીન લાગે છે. એટલું જ નહીં, તેની પ્રતિહારિણીઓની કંડારકલા મહાવીર જિનાલયની સમકક્ષ પ્રતિમાઓ તુલનામાં વધારે પુરાણી છે અને કલોત્કૃષ્ટતા મોઢેરાના સં. ૧૦૮૩/ઈ. સ. ૧૦૨૭માં બંધાયેલા મુખ્ય પ્રાસાદની કલાને મળતી આવે છે. આનો અર્થ એ થયો કે મન્દિરને સ્થાને યા આટલામાં ઈ.સ. ૧૦૩૧ની સાલમાં કે સ્હેજ જ અગાઉ બંધાયેલું મન્દિર હશે તેને દૂર કરી નવું વિસ્તૃત, વર્તમાન મન્દિર ઈ. સ. ૧૦૮૧માં બનાવ્યું. નવા મન્દિરમાં જૂની મૂર્તિઓ પધરાવીને જૂની દ્વારશાખ ગોઠવી. એ મન્દિર ઋષભનું હશે તે બાબત યાદ રાખી નવા મન્દિરમાં પણ જિન ઋષભનાં શાસનના યક્ષયક્ષી-ઓનાં રૂપ કાઢવામાં આવ્યાં. એટલે જો મૂળ મન્દિર ઋષભદેવનું હોય અને ઈ. સ. ૧૦૩૧માં કે સ્હેજ પૂર્વે બંધાયું હોય તો તે મધ્યકાલીન લેખકોએ કહેલું દણ્ડનાયક વિમલે આરાસણમાં બંધાવેલ 'રિસહેસર'નું ? મન્દિર હોવાની પૂરી સમ્ભાવના છે.[૨૨] આમ આ લેખના કેન્દ્રમાં

૨૦ સં. ૧૧૩૮નું વર્ષ ધરાવતા ચૌદેક જેટલા લેખો છે. જુઓ વિશાલવિજયજી, પૃ. ૧૪૦–૧૪૪.

૨૧ વિશાલવિજયજી, પૃ. ૧૩૯, લેખાઙ્ક [૨–૧૨૨] અને પૃ. ૧૪૦, લેખાઙ્ક [૩–૧૩૩].

૨૨ શાન્તિનાથ મન્દિરના મૂળનાયકની પ્રતિમા પર તો સં. ૧૩૪નો લેખ છે અને તેમાં તેની પ્રતિષ્ઠા "મહાવીર ચૈત્ય"માં કરાવવામાં આવેલી તેવો ઉલ્લેખ છે: (વિશાલવિજયજી, પૃ. ૧૪૯, લેખાઙ્ક [૨૯–૧૪૯].) આથી એ પબાસણ મહાવીરસ્વામીના મન્દિરમાંથી કોઈ દેવકુલિકામાંથી ઉઠાવી અહીં પછીથી મૂલનાયકની નવી મૂર્તિ નીચે સ્થાપી દીધું હશે. પબાસણ પણ નાનું છે અને મૂલનાયકની મૂર્તિને યોગ્ય એવું શોભાયમાન નથી. ઉપરકથિત બે પ્રતિમાલેખોના આધારે મુનિવર્યશ્રી વિશાલવિજયજી યોગ્ય રીતે જ અવલોકે છે કે "...સં. ૧૧૪૮ પછીના કોઈ સમયે અહીંના મૂલનાયકમાં ફેરફાર થયો હશે." (પૃ. ૫૫) અમને લાગે છે આ ઘટના સત્તરમી સદીમાં વિજયદેવસૂરિના હાથે થયેલ પુનઃપ્રતિષ્ઠા સમયે બની હોય; કે કદિક તે કાળથી પણ મોડું બન્યું હોય. તેરમા શતકના અન્તે થયેલ ખોફનાક મુસ્લિમ આક્રમણમાં આ દેવાલયોની મૂર્તિઓ ભાંગવામાં આવેલી અને આરાસણનો નાશ થયો. તે પછી સદીઓ સુધી એ ઉજ્જડ રહેલું અને સત્તરમી સદીમાં તેનાં મન્દિરોના ઇતિહાસનું, અધિનાયકો કોણ હતા તે વાતનું પૂર્ણતયા વિસ્મરણ થઈ ચૂક્યું હશે.

ચર્ચેલ બે શિલાલેખો કુમ્ભારિઆનાં મન્દિર-સમુદાયનાં બે મહત્ત્વપૂર્ણ મન્દિરોના નિર્માણકાળ અને પ્રતિષ્ઠિત દેવના પ્રશ્નને અજવાળી નિર્ણયો બાંધવામાં સહાયભૂત બને છે.[૨૩]

* * *

## પરિશિષ્ટ

આ લેખમાં ચર્ચેલ સં. ૧૨૬૬ના લેખવાળી ' અષ્ટાપદ 'ની રચના વિષે થોડું અહીં અવલોકીશું. જૈન દન્તકથાના આ શાશ્વતા પહાડ પર ભરતચક્રીએ શ્રી યુગાદિદેવનું ચતુર્મુખ મન્દિર બંધાવ્યાની જૈન અનુશ્રુતિઓ છે.[૨૪] પછીથી એના પ્રતીક રૂપના પૂજનનો પ્રચાર થયો ને મધ્યકાળે ' અષ્ટાપદ તીર્થના પ્રાસાદો ' બંધાયાનાં કે તેનું અસ્તિત્વ બતાવતા ઉત્કીર્ણ લેખોનાં અને વાઙ્મયનાં ઠીક સંખ્યામાં પ્રમાણો મળી આવે છે.

(૧) દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોત્તનસૂરિના સુપ્રસિદ્ધ ગ્રન્થ " કુવલયમાલા કહા " (સં. ૮૩૫/ ઈ. સ. ૭૭૯ )માં વીરાચાર્યે જબાલિપુરમાં કરાવેલ ઋષભદેવના મન્દિરને ' અટ્ઠાવય ' કહ્યું છે; પણ તે શબ્દ ત્યાં વિશેષણરૂપે છે, ઉપમારૂપે છે કે તેથી ' અષ્ટાપદાવતાર ' વિવક્ષિત છે તે તદ્દન

---

૨૩ સામ્પ્રત લેખમાં અમે અગાઉ વચન આપેલું કે મહાવીરસ્વામીના મૂલનાયકના સિંહાસનના લેખનું વર્ષ સં. ૧૧૨૮ છે કે સં. ૧૧૧૮ તેના વિષે ચર્ચા કરીશું. મન્દિરના તમામ ભાગો ( કેટલાક સામ્ભોના અપવાદ સિવાય ) એકકાલિક છે અને મૂલનાયકની પ્રતિષ્ઠાનું વર્ષ એ મન્દિરના બાંધકામની પૂર્ણાહુતિનું વર્ષ બની રહે છે. બીજી વાત એ છે કે ઈ. સ. ૧૧૬૪માં ભીમદેવનું શાસન પૂરું થાય છે અને તેના અનુગામી કર્ણદેવનું રાજ્યશાસન શરૂ થાય છે. આથી આ લેખ સં. ૧૧૨૮નો છે કે સં. ૧૧૧૮-નો તેનો નિર્ણય કરવો જરૂરી બની રહે છે.

આ અંગે જે નિર્ણય હાલ પૂરતો અમે કરીએ છીએ તે નીચેના મુદ્દાઓ પર નિર્ભર છે.

(૧) મન્દિરના ગૂઢમણ્ડપમાં ગર્ભગૃહના દ્વારની આજુબાજુ ઊભી કરેલી બે કાયોત્સર્ગ પ્રતિમામાં સં. ૧૧૧૮ વંચાય છે. (વિશાલવિજયજી, પૃ. ૩૭.) તેના પ્રતિહારો અને ગર્ભગૃહમાં મહાવીરસ્વામીના પરિકરના પ્રતિહારોની શૈલી એક જ છે. ( મન્દિરમાં એક બીજો ખણ્ડિત લેખ સં. ૧૧૧૯/ઈ. સ. ૧૧૬૩-નો પણ છે. )

(૨) મન્દિરમાં જ્યાં જ્યાં રૂપકામ કરેલું છે તે સઘળું ભીમદેવના અન્તિમ વર્ષનું જણાય છે. કર્ણદેવના સમયનાં જડ બની જતા રૂપકામમાં અને અહીંના રૂપકામમાં ફર્ક છે.

(૩) મન્દિરનાં વિતાનો શાન્તિનાથનાં ઈ. સ. ૧૦૮૧નાં વિતાનો કરતાં ઠીક ઠીક જૂનાં લાગે છે. જો મહાવીરજિનાલયને ઈ. સ. ૧૦૭૨નું માનીયે તો શાન્તિનાથથી એ માત્ર નવ જ વર્ષ પુરાણું ઠરે. જ્યારે શૈલીભેદ એક પેઢી જેટલો જણાય છે.

આ બધા મુદ્દાઓ ધ્યાનમાં લઈ અમને લાગે છે કે અગાઉના વિદ્વાનોએ જે સં. ૧૧૧૮ની સાલ વાંચી છે તેને હાલ તો માન્ય રાખવી ઠીક લાગે છે.

૨૪ *See* Umakant Premanand Shah, *Studies in Jaina Art*, Banaras 1955, pp. 116-117 તેમજ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા, **દીપાર્ણવ**, પાલિતાણા ૧૯૬૦, પૃ. ૪૫૯-૪૬૨.

સ્પષ્ટ નથી.[૨૫] જો છેલ્લી કહી તે વાત હોય તોપણ તે મન્દિરમાં ખરેખર ‘ અષ્ટાપદ ’ની રચના હતી કે કેમ તે કહી શકાય તેમ નથી. કોઈ પણ આદિનાથના મન્દિરને ‘ અષ્ટાપદાવતાર ’ કે ‘ શત્રુઞ્જયાવતાર ’ કહી શકાય કેમ કે એ બંને પર્વતો પર યુગાદિ દેવનાં આદિમ મન્દિરો બંધાયેલાની માન્યતા અને એથી એ જૈન પરમ્પરામાં પરમ મહિમ્ન મનાયા છે.

(૨) વસ્તુપાલે ખંભાતના શાલિગ જિનાલયની પરિધીમાં રહેલ અષ્ટાપદનો લક્ષ્મીધરના શ્રેયાર્થે ઉદ્ધાર કરાવેલો.[૨૬] ‘ શાલિગ વસહિકા ’માં આચાર્ય હેમચન્દ્રસૂરિની દીક્ષાનો પ્રસંગ બન્યો છે.[૨૭] એ કારણસર એ મન્દિર અને એથી કદાચ એના ઉત્સંગમાં રહેલ ‘ અષ્ટાપદ ’ પણ ઓછામાં ઓછું ૧૧મી શતાબ્દીમાં ક્યારેક બની ગયા હશે.

(૩) આબુના દેલવાડા ગ્રામની લુણવસહીના વરહુડીયા કુટુમ્બના સં. ૧૨૯૬ / ઈ. સ. ૧૨૪૦ના વર્ષના લેખમાં જાબાલિપુરના સુવર્ણગિરિના પાર્શ્વનાથ ચૈત્ય ( કુમાર વિહાર : સં. ૧૨૨૨ / ઈ. સ. ૧૧૬૬ )ની જગતી પરના ‘ અષ્ટાપદ ’માં બે ખત્તક કરાવ્યાનો ઉલ્લેખ છે.[૨૮]

(૪) મન્ત્રીશ્વર વસ્તુપાલે ચારેક જુદે જુદે સ્થળે અષ્ટાપદનાં મન્દિર કે મણ્ડપો કરાવ્યાના ઉલ્લેખો મળે છે. એક તો ગિરનાર પર ‘ વસ્તુપાલ વિહાર ’ સાથે સંલગ્ન અષ્ટાપદ તીર્થનો સં. ૧૨૮૮/ઈ. સ. ૧૨૩૨માં દ્વિતીય પત્ની સોખુકાના શ્રેયાર્થે કરાવેલ મણ્ડપ;[૨૯] બીજું શત્રુઞ્જય પર સ્વનિર્માપિત શકુનિચૈત્ય( ભૃગુપુરાવતારના મન્દિર )ની પાછળ સ્વર્ગીય બન્ધુ મલ્લદેવના શ્રેયાર્થે કરાવેલું ઉત્તુઙ્ગતોરણ સહિતનું અષ્ટાપદનું મન્દિર;[૩૦] ત્રીજું પ્રભાસપાટણમાં પુરાતન ચન્દ્રપ્રભ સદનના અન્તભાગે કરાવેલ અષ્ટાપદતીર્થનું આયતન;[૩૧] ને ચોથું અણહિલપાટણના વીરાચાર્ય જિનાગારમાં પોતે નિર્માવેલ ગજશાલામાં કરાવેલ અષ્ટાપદાવતારનું ઉન્નત ચૈત્ય.[૩૨]

(૫) સમરાશાએ શત્રુઞ્જયના સં. ૧૩૭૧ / ઈ. સ. ૧૩૧૫ના જીર્ણોદ્ધાર વખતે ત્યાં અષ્ટાપદનું નવીન ચૈત્ય કરાવેલું.[૩૩] આ પછી પણ ‘ અષ્ટાપદ ’ની રચના જૈન મન્દિરોમાં કરાવાતી હોવાનાં દૃષ્ટાન્તો છે. જેની વિગતોમાં અહીં નહીં ઊતરીએ.

---

૨૫ મૂળ ગાથા માટે જુઓ, પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, “ જૈનતીર્થ સર્વસંગ્રહ ”, ભાગ પહેલો, ખંડ બીજો, અમદાવાદ, ૧૯૫૩, પૃ. ૧૮૮.

૨૬ જિનહર્ષકૃત **વસ્તુપાલ ચરિત્ર**( સં. ૧૪૯૭ / ઈ. સ. ૧૪૪૧ )માં એ ઉલ્લેખ છે.

૨૭ આ ઘટના અગિયારમા શતકનાં અન્તિમ વર્ષોમાં બનેલી.

૨૮ મુનિરાજશ્રી જયન્તવિજયજી, “ શ્રી અર્બુદ—પ્રાચીન...જૈન—લેખસંદોહ ( આબુ—ભાગ બીજો ) ”, ઉજ્જૈન વિ. સં. ૧૯૯૪, લેખાઙ્ક ૩૫૨, પૃ. ૧૪૬.

૨૯ આ વાતનો ઉલ્લેખ ત્યાંના વસ્તુપાલના છયે મોટા શિલાપ્રશસ્તિલેખમાં કહી છે.

૩૦ **વસ્તુપાલચરિત્ર**માં કહેલ છે.

૩૧ **પ્રબન્ધચિન્તામણિ** ( વસ્તુપાલ પ્રબન્ધ ) તેમજ **વસ્તુપાલચરિત્ર**માં એ ઉલ્લેખ છે.

૩૨ **વસ્તુપાલચરિત્ર.** વસ્તુપાલનાં નિર્માણકાર્યો વિષે અમે આ અગાઉ **સ્વાધ્યાય,** પુ. ૪, અંક ૩માં અમારા “ વસ્તુપાલ તેજપાલની કીર્તનાત્મક પ્રવૃત્તિઓ ” નામક લેખમાં એ વિષય પર સવિસ્તર ચર્ચા કરી ગયા છીએ.

૩૩ કક્કસૂરિ રચિત “ નાભિનન્દનજિનોદ્ધાર પ્રબન્ધ ” ( સં. ૧૩૯૩ / ઈ. સ. ૧૩૩૭ )માં આદીશ્વરની દક્ષિણે ચોવાસ જિનયુક્ત નવીન અષ્ટાપદ કરાવ્યાનો ઉલ્લેખ છે : ( જુઓ પં. લાલચંદ ગાંધી, “ શત્રુંજયનો ઉદ્ધારક સમરસિંહ ”, **જૈનયુગ,** પુસ્તક ૧, પોષ અંક ૫, પૃ. ૧૮૫. )

હવે 'અષ્ટાપદ'નું સ્થૂળ સ્વરૂપ કેવું હોય તે વિષે જોઈએ તો 'વૃક્ષાર્ણવ' (૧૫મી શતાબ્દી) નામક વાસ્તુગ્રન્થમાં થોડી માહિતી મળે છે.[૩૪] પણ એ પાછલા કાળમાં અનુસરાતું સ્વરૂપ છે. ઉપર દાખલા ટાંકયા તે મધ્યકાલીન 'અષ્ટાપદ' રચનાઓ, ગિરનારની બાદ કરો તો, સર્વથા નષ્ટ થઈ ગઈ છે. ગિરનારમાં પણ દુર્ભાગ્યે વીસ વરસ પહેલાં આરસ જડીને તેની રચનાને બરબાદ કરી નાખી છે. એટલે હવે બચવામાં તો ફક્ત આ કુમ્ભારિઆવાળો નમૂનો જ ગણાય. આ અનાયાસે પ્રાપ્ત થયેલી વિરલતાને કારણે તેનું મૂલ્ય સ્વાભાવિક રીતે જ ઘણું રહે છે. વળી તે વસ્તુપાલના સમયની રચનાઓ કરતાં વીસ-બાવીસ વર્ષ અગાઉનો નમૂનો (સં. ૧૨૬૬/ઈ. સ. ૧૨૧૦) હોઈ તેના મૂલ્યમાં સ્હેજે વધારો થઈ જાય છે.

પ્રસ્તુત અષ્ટાપદ (જુઓ ચિત્ર)ની માંડણી એક અતિભઙ્ગી પીઠિકા પર કરેલી છે. તેનાં અઙ્ગોમાં ક્રમમાં સૌ પહેલાં જગતી, તેમાં આઠ પગથિયાં ચોદિશાએ કોરેલાં છે જે તેના 'અષ્ટાપદ' નામની સાર્થકતા સૂચવી જાય છે. પગથિયામાં નીચે ડાબીજમણી બાજુએ પ્રતિહારોનાં ઝીણેરાં રૂપ કાઢેલાં છે. એ પછી જંઘાનો થર લીધો છે તેમાં ચારે દિશાના ત્રણ ત્રણ મળી કુલ ૧૨ જિનની પદ્માસ્થનસ્થ પ્રતિમાઓ છેડે પ્રતિહારો સાથે કંડારી તે પછી ઉપર સંકોચન કરી થોડો નાનો પણ એવો ને એવો બીજો થર લીધો છે; તેમાં એ જ પ્રમાણે બાર જિન કર્યા છે. આથી અષ્ટાપદમાં જરૂરી એવો ચોવીસ જિનની ગોઠવણીનો હિસાબ મળી રહે છે. તેના પર ગોળ ત્રિગડાના ગઢની સાદી રચના કરી ચતુર્મુખ સમવસરણસ્થ આદિનાથની પ્રતિમા સ્થાપી છે. મથાળે માંડવી કરી છે જેના પરના લેખની વાત અહીં ચર્ચી ગયા છીએ.

વાસ્તુગ્રન્થ "વૃક્ષાર્ણવ"માં ૨૪ જિનનો વિન્યાસક્રમ નોખો બતાવ્યો છે. ત્યાં પૂર્વ દિશાએ બે જિનાલય, દક્ષિણે ચાર, પશ્ચિમે આઠ અને ઉત્તરે દશ એમ મળીને ૨૪ જિનાલયો કરવાનાં કહ્યાં છે.[૩૫] પ્રભાસપાટણમાં ૧૭મી શતાબ્દીમાં બનેલા અષ્ટાપદપ્રાસાદના ગર્ભગૃહની દિવાલ પર એ જાતની રચના છે.[૩૬] કુમ્ભારિઆવાળું દૃષ્ટાન્ત વધારે પ્રાચીન પ્રથાનું દ્યોતક હોય કે પછી વેગળી પ્રથાનું સન્તાન હોય તેમ બને. પણ 'અષ્ટાપદ'ના એક માત્ર જૂના અવશેષ તરીકે તેનું સ્થાન જૈન પ્રતિમાવિધાન અને પ્રતીકોમાં મહત્ત્વપૂર્ણ બની જાય છે.

---

૩૪ **વૃક્ષાર્ણવ**નો આ પાઠ **દીપાર્ણવ**ના 'ઉત્તરાર્ધ'માં સમાવેલો છે. જુઓ સોમપુરા, પૃ. ૪૬૨-૪૬૬.

૩૫ એજન.

૩૬ આની વિસ્તૃત ચર્ચા અમે અમારા "પ્રભાસપાટણનાં પ્રાચીન જૈન મન્દિરો" **સ્વાધ્યાય,** પુ. ૩, અંક ૩માં કરી ગયા છીએ.

# મારા સ્વાધ્યાયની વાનગી

**કલ્યાણરાય ન. જોષી**

અમદાવાદની સને ૧૯૨૦ની સાહિત્ય પરિષદની બેઠકમાં ઇતિહાસ વિભાગના પ્રમુખ-સ્થાનેથી શ્રી. બળવંતરાય ઠાકોરે આપેલા વ્યાખ્યાનમાં ગુજરાતના ઇતિહાસના પ્રર્યેષકો વિષેના પેરેગ્રાફમાં નામીચા પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનો ઉલ્લેખ કર્યો છે. તે ઉલ્લેખમાં શ્રી. ગિરજાશંકર શામળજી ભટ્ટ—અમરેલીવાળાનું નામ નિર્દિષ્ટ થયું છે; પરંતુ શ્રી ઠાકોરે ભાઈ ગિરિજાશંકર ભટ્ટને પંડિત ભગવાનલાલના કારકુન કે રસોઈયા તરીકે એ લેખમાં ઓળખાવ્યા છે—એ યથોચિત થયું નથી. શ્રી. ગિરિજાશંકર ભટ્ટ અમરેલીના વતની પ્રશ્નોરા બ્રાહ્મણ હતા. જ્યારે એમણે પંડિત ભગવાનલાલના સંશોધન અંગેના પ્રવાસમાં મદદનીશ તરીકે કામ કર્યું હતું ત્યારે તે ધારી ગામની તાલુકા સ્કૂલના "આજમ સ્કૂલ માસ્તર" હતા. ઈ. સ. ૧૮૮૦ પછીનાં પાંચ વરસ સુધી એમણે કરેલા પ્રવાસોની નોંધવહીઓમાં અનેક ગામોના ઐતિહાસિક શિલાલેખો અને તામ્રપત્રોના ઉતારા જોવા મળે છે. શ્રી. ગિરિજાશંકર ભટ્ટની નોંધવહીઓ મને અમરેલીમાંથી એમનાં પુત્ર શ્રી. કૃષ્ણપ્રસાદ વૈદ્યને ત્યાંથી મળેલી છે. શ્રી. કૃષ્ણપ્રસાદ અમરેલીમાં સારા શહેરી તરીકે અને વૈદ્ય તરીકે જાણીતા હતા. 'મારો એમની સાથેનો પરિચય સને ૧૯૦૪થી થયો હતો. મુંબઈની ગુજરાતી નાટક મંડળીના કવિ સ્વ. મૂળશંકર મુલાણીને ઘેર એ મુંબઈ આવતા ત્યારે હું ત્યાંની હાઈસ્કૂલ અને કૉલેજમાં ભણતો હતો. કવિતાઓ લખવી, સંસ્કૃત શૃંગારી કાવ્યો વાંચવાં, દેશના ઉદ્ધારની વાતો કરવી અને શિષ્ટ જનોનાં ભાષણો સાંભળવા એ એ જમાનાના સમજુ વિદ્યાર્થીવર્ગની મુખ્ય પ્રવૃત્તિઓ હતી. અમારી એ મૈત્રી સ્વચ્છ મનોરાજ્યના આનન્દપ્રમોદના લહાવા લેવા માટેની હતી. પાછળથી સને ૧૯૨૮માં હું ઉત્તર ગુજરાતની રાજધાની સમા પાટણ શહેરની હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે કામ કરવા ગયો ત્યારે શ્રી. કૃષ્ણપ્રસાદ ગિરિજાશંકર વૈદ્ય પાટણની આયુર્વેદિક કૉલેજમાં વૈદકના પ્રાધ્યાપક તરીકે ઉમદા સેવા આપી રહ્યા હતા. ત્યાં અમારી મૈત્રીએ નક્કર સ્વરૂપ ધારણ કર્યું. મારા પાટણનિવાસ દરમ્યાન શ્રી. બળવંતરાય ઠાકોર સાક્ષરી દૃષ્ટિથી સંશોધન કરવા અને ગુજરાતી સમજુ જનો પાસે દેશકાળની વાતો કરવા મારા મહેમાન તરીકે ઓચિન્તા મારે ઘેર આવી રહ્યા હતા. ત્યારે મેં માન્યું હતું કે શ્રી. બળવંતરાય ઠાકોર ભાઈ કૃષ્ણપ્રસાદ સાથે એમના પિતાશ્રી ગિરિજાશંકર ભટ્ટ વિષે કંઈક વાતો કરશે; પણ એવું કંઈ બન્યું નહિ. મેં એકથી વધારે વાર ભાઈ કૃષ્ણપ્રસાદને એમના પિતાશ્રીના જીવનની વાતો જણાવવા કહ્યું હતું, પરંતુ સંસ્કૃત ભાષાનો ઠીક ઠીક અભ્યાસ એમણે કર્યો હતો—એટલું જ એમની પાસેથી હું એમના પિતા વિષે જાણી શકયો. પછી સને ૧૯૩૧માં હું અમરેલી હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે ગયો ત્યારે ભાઈ કૃષ્ણપ્રસાદને ફરીથી એમના સ્વર્ગસ્થ પિતાશ્રીનાં પુસ્તકો ઘરમાં હોય તો તે બતાવવા કહ્યું. ત્યારે બહુ જ હસતાં હસતાં એમણે મને એમના ઘર પરના મેડામાં એક ખૂણે મૂકી રાખેલો એક કોથળો બતાવ્યો. મેં તે જોયો અને તરત જ મને પ્રતીતિ

થઈ કે શ્રી. ગિરિજાશંકર ભટ્ટ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીના સાચા સાગરીત હતા. ભાઈ કૃષ્ણ-પ્રસાદના ઘરમાં વૈદું ઠીક વિકસ્યું હતું, તેથી એ ભાઈ મારી પાસે અનેક વાર કહેતા કે, વૈદકના નુસખાની નોંધો સિવાય કોઈ પુસ્તક એમના પિતાશ્રી મૂકી ગયા નહોતા—તેમને કોઈને—પેલા કોથળામાં ભરી મૂકેલા કાગળોની બહુ કિંમત નહોતી. એ વખતે એ કોથળામાંથી—એક ચોપડો પ્રવાસની ડાયરીનો મેં કાઢ્યો અને તે મેં વાંચવા માગી લીધો.

એમના પ્રવાસની આ નોંધવહી બહુ કીમતી સામગ્રીથી ભરપૂર છે. હું તો તેને અંગ્રેજ સંશોધકોનાં પુસ્તકો જેટલી કીમતી ગણું છું. સને ૧૮૨૦માં કર્નલ ટૉડે—Travels in Western India—નામનું પુસ્તક લખ્યું છે—તે પુરાતત્ત્વના પર્યેષકોને બહુ ઉપયોગી નીવડ્યું છે—તેવા જ પ્રકારની નોંધ શ્રી ગિરિજાશંકરે—તેમના પ્રવાસમાંથી મળેલી હકીકત વિષે કરેલી છે.

પછી સને ૧૯૪૬માં રાજકોટ મુકામે શ્રી રામનારાયણ પાઠકના પ્રમુખપણા નીચે સાહિત્ય પરિષદની બેઠક ભરાઈ ત્યારે હું એ સમિતિનો મુખ્ય મંત્રી હતો. રાજકોટમાં સૌરાષ્ટ્રની કીમતી ચીજોનું પ્રદર્શન આ પરિષદ અંગે ભરવાની યોજના થઈ. મારી નજર અમરેલીમાં શ્રીકૃષ્ણપ્રસાદ વૈદ્યને ઘેર મેડા ઉપર ખૂણામાં પડી રહેલા કોથળા તરફ ઢળી. મેં રાજકોટથી મારા સહમંત્રી કવિશ્રી ત્રિભુવન ગૌરીશંકરને અમરેલી મોકલ્યા. તેમને મળી શક્યું-તેટલું સાહિત્ય તેઓ અમરેલીથી શ્રી કૃષ્ણપ્રસાદ વૈદ્યને ત્યાંથી લાવ્યા. તે બધી ચીજો પ્રદર્શનમાં મૂકવામાં આવી. સામાન્ય રીતે બને છે તેમ તેમાંથી કેટલીક ચીજો જે તે સાક્ષરે, કે સાક્ષર યુવાને આગવી કરી લીધી. થોડી નોટબુકો અને થોડા છૂટા કાગળો રહ્યા તે મેં મારી પાસે રાખ્યા. થોડા શ્રી વીરાણી હાઈસ્કૂલના ઓરડામાં મૂકી દીધા.

## અમરેલીના પનોતા બ્રાહ્મણપુત્ર અદ્‌ભુત કાર્યકર શ્રી. ગિરિજાશંકર ભટ્ટ

મારી પુરાતત્ત્વ પ્રત્યેની અભિમુખતા સને ૧૯૨૫ પછી વિકસવા લાગી હતી; પાટણ શહેરના મારા નિવાસે એ દૃષ્ટિ ઠીક ઠીક વિકસાવી. તેથી હું મારી પોતાની જન્મભૂમિ દ્વારકાના પુરાતત્ત્વનો એકનિષ્ઠ પર્યેષક બની રહ્યો છું. ભાઈ ગિરિજાશંકરને સંશોધનના કામ માટે કોણે ખોળી કાઢ્યા તે હું જાણી શક્યો નથી, પણ એમના રહ્યા સહ્યા કાગળીઆ મારી પાસે છે તે પરથી જાણી શક્યો છું કે—મુંબઈના મોટા સમાજસુધારક અને ઇતિહાસના કામમાં રસ લેનારા દક્ષિણી ગૃહસ્થ ડૉ. ભાઉ દાજીએ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીને શોધી કાઢ્યા હતા. ડૉ. ભાઉ દાજીએ મુંબઈ સરકાર પાસે પંડિત ભગવાનલાલને ઘણા વિદ્વાન પંડિત તરીકે રજૂ કર્યા હતા; અને જુનાગઢના અશોકના શિલાલેખની લિપિની શોધ પંડિત ભગવાનલાલે કર્યા પછી—એમની સેવા દેશના હિતની દૃષ્ટિએ લેવાવી જોઈએ એવી ખાસ ભલામણ મુંબઈ સરકારને ડૉ. ભાઉ દાજીએ કરી હતી. શ્રી ગિરિજાશંકર ભટ્ટના કેટલાક કાગળીઆમાં—એક અમૂલ્ય કાગળ મારા જોવામાં આવ્યો. તે મુંબઈના સેક્રેટરીએટમાંથી મિ. વેડર્નબર્નની સહીવાળો છે.

એ પત્ર મધ્ય હિન્દ, રાજસ્થાન અને ઇતર દેશના પોલિટિકલ અંગ્રેજ અમલદારને સંબોધીને લખાયો છે અને શ્રી ભગવાનલાલ પંડિત—સંશોધનના કામે જ્યાં જાય તેમને સારી સગવડ રાજ્ય તરફથી મળે એવી ભલામણ તેમાં થયેલી છે.

શ્રી ભગવાનલાલ પ્રવાસે નીકળતા ત્યારે શ્રી ગિરિજાશંકર શામળજી ભટ્ટને સાથે રાખતા હતા એવું સાક્ષર શ્રી બળવંતરાય ઠાકોરે અમદાવાદથી સાહિત્ય પરિષદની બેઠકના ઇતિહાસવિષયના અધ્યક્ષ તરીકેના ભાષણમાં જણાવ્યું છે. વળી ભાઈ ગિરિજાશંકર પ્રશ્નોરા નાગર હોવાથી પંડિત ભગવાનલાલના પરિચયમાં સ્વાભાવિક રીતે ખેંચાઈ આવ્યા હશે. એ રીતે આશરે સને ૧૮૭૧–૭૨થી શ્રી ગિરિજાશંકર પંડિત ભગવાનલાલ સાથે કામ કરવા લાગ્યા હતા. કદાચ સને ૧૮૬૪ થી પણ તે સહકારી બન્યા હોય. અનેક પ્રવાસો તેમણે ખેડ્યા હતા અને અશોકના લેખોની લિપિ માટે અનેક અટકળો તેમણે બન્નેએ સાથે રહી બાંધી હશે. શ્રી ગિરિજાશંકરના જૂના કાગળોના પોટલામાં એક કાગળ એવો મળ્યો છે—કે જેના ઉપર આમ લખ્યું છે :

Ashok Inscription ( Girinar ) ... ... ...
Vovels ... ... ... ... ... ...
... ... ... ... ... ... ... ...
Consonants. ... ... ... ...

આ રીતે જણાય છે કે શ્રી ગિરિજાશંકરે બ્રાહ્મી લિપિનું બંધારણ નક્કી કરવામાં પંડિત ભગવાનલાલ સાથે ઘણું કામ કર્યું હતું. એ લિપિના પરિચયથી પહેલાં તો ભારતમાંથી મળી આવતા જૂના સિક્કા પર મુદ્રિત થયેલા લેખો ઉકેલવાનું કામ પંડિત ભગવાનલાલે કર્યું હતું. શ્રી ગિરિજાશંકરના ફાટેલા ચીથરાં જેવા કાગળોમાંથી એક ભાવનગર પોસ્ટ ઑફિસની પાર્સલની પહોંચ મને સાંપડી છે. તે પાર્સલમાં સૌથી વધારે પ્રાચીન સિક્કાઓ શ્રી ગિરિજાશંકરે મુમ્બઇ વસતા પંડિત ભગવાનલાલને મોકલ્યા હતા. એ ટપાલખાતાની પહોંચની નકલ આ પ્રમાણે છે :

પહેલી બાજુ

Receipt for an Insured Article to be cut off returned to sender

No. Rs. A.

| | |
|---|---|
| Postage paid | 0 – 12 |
| Insurance fee | 0 – 4 |
| Total | 1 – 0 |

Value insured Rs. One hundred only

N. Mody.

Paer. Bhavnagar 10 Nov. '85

બીજી બાજુ

Receipt for an insured Parcel Addressed to Bhagvanlal Indrajee Pandit, Bombay.

Of the Declared value of Rs. 100-00

આ રીતે શ્રી ગિરિજાશંકરે ભારતમાંથી—ખાસ કરીને પશ્ચિમ ભારતમાંથી અનેક અસલી સિક્કાઓનો સંગ્રહ પંડિત ભગવાનલાલને મેળવી આપવામાં મદદ કરી હતી. વળી વલ્લભી

રાજાઓના અને સૈન્ધવ રાજાઓના સમયના તામ્રપત્રો—દાનપત્રો—બ્રાહ્મી લિપિમાં લખાયેલાં જેમ જેમ મળતાં ગયાં તેમ તેમ તે લેખોનું લિપ્યન્તર લખી આપવામાં પણ શ્રી ગિરિજાશંકરે તે કામના પુરાતત્ત્વના અભ્યાસી યુરોપિયન સ્કૉલરોને તથા ભારતીય પંડિતોને મદદ કરી હતી. એમના કાગળીઆના સંગ્રહમાં ધીણકીના જાઈકદેવ રાજાનું શાસનપત્ર તેના પોતાના અક્ષરે લખાયેલું મળે છે. વળી વલ્લભી રાજાનું એક તામ્રપત્ર ઉકેલી આપવા માટે મુંબઈના વિદ્વાન મહારાષ્ટ્રીઅન પંડિત રાવસાહેબ વિશ્વનાથ નારાયણ માંડલિક તરફથી શ્રી ગિરિજાશંકર તરફ મોકલવામાં આવ્યું હતું. તે શાસનપત્ર ઉકેલી મુંબઈ મોકલ્યાની નોંધ એમના દફતરમાંથી મળેલા કાગળો પર આ પ્રમાણે લખાઈ છે:

["રાવસાહેબ વિશ્વનાથ નારાયણ માંડલિકે વાંચવાને મોકલેલા તામ્રપત્રનું અક્ષરાન્તર તા. ૬ માર્ચ ૧૮૭૪ના રોજ નકલ કીધી છે."] આ તામ્રપત્ર સાથે બીજાં બે મેળવી રાવસાહેબ માંડલિકે સને ૧૮૭૫ના એપ્રિલ માસની ૧૦મી તારીખે મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીની બેઠકમાં રજૂ કર્યાં હતા. તેનો ઉલ્લેખ એ સોસાયટીના છપાયેલા જર્નલમાં નીચેના શબ્દોથી થયો છે:

Art. IX Three Walabhi Copper-plates, with remarks, By the Hon'ble Rao Saheb Vishwanath Narayan Mandalik—Vice President.—P.P. 331-365.

આ જર્નલની તા. ૧૩-૧-'૭૬ની પ્રૂફકૉપિ પૂરેપૂરી શ્રી ગિરિજાશંકરના દફતરમાં સંઘરાયેલી છે. શ્રી ગિરિજાશંકરે જે તામ્રપત્ર ઉકેલી મુમ્બાઈ મોકલ્યું હતું તે આખું ઉપલા જર્નલમાં ત્રીજા તામ્રપત્ર તરીકે છપાયેલ છે.

બ્રાહ્મી લિપિના અનેક ઉતારા અને બ્રાહ્મી લિપિમાં મુદ્રિત થયેલા અનેક સિક્કાની છાપ—Rubbing—વાળા કાગળોના કકડા શ્રી ગિરિજાશંકરે સાચવી રાખ્યા હતા. એમના સહકારથી શ્રી ભગવાનલાલ પંડિતે પશ્ચિમ ભારતના ક્ષત્રપો અને મહાક્ષત્રપોના સિક્કાઓનું અનુસન્ધાન કરી એ રાજાઓની સમગ્ર વંશાવળિ સાધી હતી. એમના કાળમાં એ મોટી સિદ્ધિ ગણાતી હતી. ડૉ. ભંડારકરે પંડિત ભગવાનલાલની કામગીરીનો ઉપયોગ કરી ક્ષત્રપ રાજા વિશે થોડું વધારે અજવાળું પાડયું હતું. આ વંશાવળિ શ્રી ગિરિજાશંકરના હસ્તાક્ષરે લખાયેલી છે. તે અહીં ઉતારી છે.

## શ્રી ગિરિજાશંકરની નોંધ પ્રમાણે

"ડૉક્ટર પીટર્સનને મુંબઈ મોકલેલી ક્ષત્રપ વંશની વંશાવળિ—(સિક્કાઓ ઉપરથી રચાયેલી)":

૧ નહપાન ઈસ્વી પહેલાં ૬૦ અથવા ૭૦

૨ અજાણ્યો રાજા સિક્કા—મોકલ્યા છે

૩ સાયમોટિક

૪ ચષ્ટન, સાયમોટિકનો દીકરો; ઈસ્વી. પહેલા ૧૦ અથવા ૨૦
૫ જયડામા, ચષ્ટનનો દીકરો
૬ જીવદામા દામાશ્રીનો પુત્ર—ઈસ્વી. ૩૮
૭ રૂદ્રદામા, જયદામાનો દીકરો
૮ રૂદ્રસિંહ, રૂદ્રદામાનો પુત્ર—ઈસ્વી. ૪૫, ૪૭
૯ રૂદ્રશાહ, રૂદ્રસિંહનો દીકરો
૧૦ શ્રી શાહ, રૂદ્રશાહનો પુત્ર
૧૧ સંઘદામા, રૂદ્રશાહનો પુત્ર
૧૨ દામાશાહ, રૂદ્રસિંહનો પુત્ર
૧૩ યશદામા, દામાશાહનો દીકરો
૧૪ દમજટશ્રી, રૂદ્રશાહનો પુત્ર—ઈસ્વી. ૯૭
૧૫ વીરદામા, દામાશાહનો પુત્ર
૧૬ ઈશ્વિરદત્ત
૧૭ શ્રી જટશાહ, દામાશાહનો પુત્ર—ઈસ્વી. ૧૧૫
૧૮ દામજટશ્રી, દામાશાહનો પુત્ર
૧૯ રૂદ્રશાહ, રૂદ્રદામાનો પુત્ર—ઈસ્વી. ૧૩૧-૧૪૧
૨૦ વિશ્વસિંહ, રૂદ્રશાહનો પુત્ર—ઈસ્વી. ૧૪૩
૨૧ આટ્રીદામા, રૂદ્રશાહનો પુત્ર—ઈસ્વી. ૧૫૩-૧૫૭
૨૨ વિશ્વશાહ, આટ્રીદામાનો પુત્ર—ઈસ્વી. ૧૬૦-૧૬૮
૨૩ રૂદ્રસિંહ સ્વામી, જીવનદામાનો પુત્ર—ઈસ્વી. ૧૭૩ અથવા ૨૧૩
૨૪ યશદામા, રૂદ્રશાહનો પુત્ર
૨૫ સ્વામી રૂદ્રશાહ, સ્વામી રૂદ્રદામાનો પુત્ર—ઈસ્વી. ૨૨૩,-૨૩૫
૨૬ સ્વામી રૂદ્રશાહ, સ્વામી સત્સશાહનો પુત્ર

(આ કાગળની પાછલી બાજુએ ઉપરનાં નામો— અંગ્રેજીમાં લખાયાં છે.)

શ્રી. ગિરિજાશંકર સરકાર તરફથી ગુજરાત, રાજસ્થાન, મેવાડ, માળવા અને સૌરાષ્ટ્રનાં તથા ગુજરાતનાં અનેક પ્રાચીન સ્થળોએ ફરતા હતા; અને જ્યાંથી ઉપલબ્ધ થાય ત્યાંથી શિલાલેખોના અને તામ્રપત્રોના ઉતારા પોતાની વહીમાં ઉતારી લેતા હતા. કેટલેક સ્થળેથી લેખની છબી જેવા રૂપની છાપ—Rubbing—પણ કાગળ ઉપર પાડી લેતા હતા. તેમાંના અગત્યના લેખો જે તે વખતે અમદાવાદના "બુદ્ધિપ્રકાશ"માં લોકશિક્ષણની દષ્ટિથી તે પ્રકટ કરાવતા હતા. એવું એમના એક કાગળિયાના એક કાગળ પરના ઉતારા પરથી સમજી શકાય છે,

(શ્રી. ગિરિજાશંકરની વહી પરથી ઉતારો)

## છપાઈ ગયેલા લેખોની નોંધ

| બુદ્ધિપ્રકાશ | પુસ્તક | અંક | સને | ક્યાંનો લેખ |
|---|---|---|---|---|
| ,, | ૨૭ | ૮ | ૧૮૮૦ | કર્ણાવતીનો ખંડિત |
| ,, | ૨૭ | ૮ | ૧૮૮૦ | જયસિંહદેવનો દોહદનો |
| ,, | ૨૮ | ૧૧ | ૧૮૮૧ | વનરાજનું તામ્રપત્ર |
| ,, | ૨૮ | ૧૧ | ૧૮૮૧ | ખંભાતનું તામ્રપત્ર |
| ,, | ૨૯ | ૩ | ૧૮૮૨ | વનરાજનો લેખ |
| ,, | ૩૦ | ૪ | ૧૮૮૩ | નડિયાદની વાવનો લેખ |
| ,, | ૩૧ | ૫ | ૧૮૮૪ | અંબાજી, સિદ્ધપુરના લેખો |
| ,, | ૩૧ | ૯ | ૧૮૮૪ | નવસારીનું નીત્ય વર્ષનું તામ્રપત્ર—પતરાંજ |
| ,, | ૩૧ | ૧૧ | ૧૮૮૪ | માંગરોલની સોઢલી વાવનો લેખ વગેરે |

(શ્રી. ગિરિજાશંકર શિલાલેખોના ઉતારા ભાવનગરની કચેરીએ મોકલતા હતા એવું નીચે આપેલી એમની નોંધ પરથી જણાય છે.)

અશાઢ શુદી ૧૫ બુધે તા. ૨૧-૭-૮૦ ભાવનગર મોકલવાના લેખોની યાદી.

## લેખનું નામ—રતનપુરના લેખો

૧ પ્રતિમાનો, ૨ પેલા સ્તંભનો, ૩ અને ૪ બીજા સામસામા સ્તંભના બે, ૫ છેલ્લા સ્તંભનો, ૬ રતનપુર ખીમત ગયેલા સ્તંભનો ૭ રતનપુરના શિવાલયનો ૮ સંવત વિનાનો. ૯ થરાદનો, ૧૦ ખીમતની પ્રતિમાનો ૧૧, ૧૨, વાવ ગામના બે ૧૩ રતનપુરના ગરાસીઆ દેવડાના વખતનો, ૧૪ ધરણીધર ઢીમા નાગનો, ૧૫ ધરણીધરમાં દત્તાત્રેયની પાદુકાનો. કુલ ૧૫.

મારી સમજ એવી થાય છે કે શ્રી. ગિરિજાશંકરને બે પ્રકારની કામગીરી કરવાની હતી. (૧) શ્રી. ડૉ. ભાઉદાજીના મદદનીશ તરીકે. શ્રી. ભગવાનલાલ પંડિતની સહાયથી મુંબઈ સરકાર માટે જૂના લેખો અને તામ્રપત્રો મેળવવાનું કામ અને (૨) ભાવનગરના કૅપ્ટન બાર્ટન સાહેબની પ્રેરણાથી ભાવનગર રાજ્ય વાસ્તે ઉત્કીર્ણ લેખો મેળવવાનું કામ તથા ભાવનગરના મહારાજાના ગોહેલ વંશના ઇતિહાસને લગતી સામગ્રી મેવાડ-મારવાડમાંથી મેળવવાનું કામ. આ બધાં કામો માટે શ્રી. ગિરિજાશંકરે વ્યાપક પ્રવાસ ખેડ્યો હતો એ એમની વહીઓમાંનાં લખાણો પરથી સ્પષ્ટ થાય છે.

એમણે પોતાનું કામ પાર પાડવા જે સ્થળોની મુલાકાત લીધી હતી, તેમાંનાં મુખ્ય સ્થળોનાં નામ અત્રે આપવામાં આવે છે.

ખંભાત, નગરા, અમદાવાદ, દાદાહરિની વાવ, કર્ણાવતી, આબુ, અંબાજી, ગિરિનાર, જૂનાગઢ, કેશોદ, ઉના, દેલવાડા, વેરાવલ, પ્રભાસ પાટણ, સૂત્રાપાડા, કોડીનાર, માંગરોલ, ચોરવાડ, માધવપુર, આજક, પાતા, ગોસા, નવી બન્દર, પોરબન્દર, વીસાવાડા, મીયાંણી, મોઢવાડા, કાંટેલા, ઘુમલી, ભાણવડ, ઝરણાવાળી ગોપ, જામવાળી, બીલેશ્વર, ખંભાલીઆ, રાવલ, બાંડોડી, ગઢકા, પીંડારા, બેટ, અરાંભડા, ધીણુકી, દ્વારકા, ઘોરીંજા, ધ્રેવાડ, રાસંગપર, ધોળીવાવ, અમરેલી, બીલખા, વળા (વલ્લભીપુર), પાલીતાણા, વઢવાણ, ઉજ્જેન, મંડોર, પુષ્કર, કોટા, ઉદેપુર, એકલિંગી, નાથદ્વારા, ચિતોડ, આમેર, સિરોઈ, સાદડી, શ્રીમાલ (ભીનમાલ), જેસલમેર,...મથુરા—ગયા, વગેરે સ્થળોનાં નામો એમની વહીઓમાં જોવાને મળે છે. એ સ્થળોએ જ્યાં જ્યાં કોતરાયેલા લેખો તેમને મળ્યા છે, ત્યાં ત્યાંથી ઉતારા કરી લેવામાં આવ્યા છે અને જ્યાં લેખો તેમના જોવામાં આવ્યા છે પણ જેના ઉતારા કરી શકાયા નથી, તેની નોંધ પણ એમના પુસ્તકમાં મળે છે.

લેખોનાં સ્થળ બતાવવામાં એમની ચોકસાઈ કોઈ પણ વિદ્વાનને ગમી જાય તેવી છે. ગિરિનાર પરના શિલાલેખનું એમણે સાંકળિયું ઉતાર્યું છે તે એમના લેખ પ્રમાણે અત્રે આપવા જેવું છે.

## ગિરનારના લેખોનું સાંકળિયું

(१) वस्तुपाल तेजपाल प्रासाद प्रथम पश्चिम द्वार शाखोपरि, (२) तत्रैव द्वितीय पश्चिमद्वारशाखोपरि, (३) तत्रैव उत्तरद्वारशाखोपरि, (४) तत्रैत पूर्वद्वारशाखोपरि द्वितीय पश्चिमद्वार सम्मुखद्वारे उत्तर समिपे, (५) तत्रैव द्वितीय पूर्वद्वारशाखोपरि प्रथम पश्चिमद्वार सम्मुख द्वारे दक्षिण समिपे, (६) तत्रैव दक्षिणद्वारशाखोपरि, (७) नेमिनाथ देहलीद्वार पार्श्व भित्तौ, (८) हस्तिपद समिपे देवालय भित्तौ पूर्वद्वारि, (९) नेमिनाथ देवालयोत्तर द्वार समिपे स्तंभे १३३८, (१०) तत्रैव पश्चिम स्तंभे १३३३, (११) नेमिनाथ देवालय दक्षिणद्वार समि पांगणे पश्चिम तो लघु देवालयभित्तौः, (१२) तत्रैव पति स्तंभे १४८५, (१३) तत्रैव देहली द्वारस्य पूर्व पार्श्वे भित्तौ १४९६ (१४) नेमिनाथदेवालयस्योत्तरद्वारसमिपांगणादुतर तो घटिघटक. देवमंदिरगमनाय द्वारमस्ति तत्राछादिते देहली सदृशे नाने पूर्वभितौ, (१५) तत्रैव स्तंभे, (१६) तत्रैव पश्चिम भित्तौ दक्षिणतः, (१७) तत्रैव उत्तरतः, (१८) गिरिनारदेवालयमंडले भूमौ, (१९) सप्तसंख्यांक लेखतोऽग्नि कोणे (२०) नेमिनाथ प्रथमदेहलीद्वार तः पूर्वे, (२१) वस्तुपालदेवालयउत्तरतः, (२२) तत्रैव दक्षिणतः (२३) तत्रैव पार्श्वनाथ मूर्तितलभागे, (२४) सग्राम सुवर्णकार देवालये मूर्तितलभागे, (२५) प्रसतिकामपार्या, (२६) तत्रैवाग्रपाषाण प्रस्तरे, (२७) पारावखनितः उपरि, (२८) पारावतखन्यां प्रथमः, (२९) तत्रैव द्वितीयः, (३०) तत्रैन तृतीयः, (३१) हस्ति प्रस्तरस्य, (३२) भवनाग्रमंडपे, (३३) उपरिदुर्ग समिपतः, (३४) पर्वत राजुल वेजुल गुहातः, (३५) रेवती कुंडे द्वौ, (३६) नृसिंहपुस्त-शालायां पतित-शिलायां, (३७) स्थलानुपलब्धिः, (३८) उपरिदुर्गे पूर्वभित्तौ, (३९) तयै व पूर्वभित्तौ.

અંક ૮માં હસ્તિપદ છે. તે સ્થળને આજે 'હાથીપગુ' કહેવાય છે. ત્યાં મજાનું જળાશય છે.

શ્રી ગિરિજાશંકરની ઝીણવટભરી દૃષ્ટિ એમણે કરેલા ઉતારામાં આપેલી વિગત પરથી જણાઈ આવે છે. અહીં બીજા એક-બે ઉતારા મૂકયા છે; કે તે પરથી એમની ચોકસાઈ જાણી શકાય છે; તેમજ તેમની વિદ્વત્તા પણ જણાઈ આવે છે.

આ ઉતારામાં ઇતિહાસના રજકણો પર તરવરે છે. તેથી આ દેશનો ઇતિહાસ નવેસરથી લખવાના કોડ સેવનાર લેખકોને આ ઉતારા કામના થઈ પડે એ હેતુથી પણ આ લેખમાં તેનો સમાવેશ થયો છે.

ભાઈ ગિરિજાશંકરે શોધી આપેલા ઘણાખરા ઉત્કીર્ણ લેખો "Bhavnagar Inscriptions-" નામના પુસ્તકમાં પ્રકટ થઈ ચૂકયા છે. તે પછી મુંબઈની—ફોર્બસ સભાએ પ્રકટ કરેલા ઉત્કીર્ણ લેખોના ત્રણ મોટા ગ્રન્થોમાં—પણ એમણે શોધેલા કેટલાક લેખો શ્રી ગિરિજાશંકર આચાર્ય તરફથી સંઘરવામાં આવ્યા છે.

[ શ્રી માધુપુરામાં માધવરાયજીના મંદિરથી પૂર્વ બાજુએ ગુંસાઈજી મહારાજના ગોર મેઘજી કરશનજીના ઘરની ઓશરીના ઓરડાને જમણે પડખે દીવાલમાં આ શિલાલેખ છે. તેની નકલ નીચે પ્રમાણે છે :

१ ॥ ह० ॥ उनमः श्री सरस्वत्यै ॥ श्री गणेशाय नमः ॥ पायात्कुमारपालस्य रुक्मिण्या सह माधव
२ दताधीर्दुलभायेन मूर्तिस्थापनहेतवे ॥ १ यः सर्वज्ञो गोपवेषो तिद्दधः कामीयो सौ ब्रह्म
३ यारी प्रसिद्धः । दाता सोथीयो विमुक्तोऽपि बद्धः सर्वव्यापी माधवः साधु वो व्पातु ॥ २ श्रुतिर्य (र्थ)
४ सद्युक्तया जरममरमछायममलेप्रपंच व्यावृत्पाकययति कथं श्विद्य च कितायतो वा यश्वितं न
५ यन पत्रृर्त मधुरिपोस्तदेतर्व्रह्मात्र प्रकटम भवन्मूर्ति मिषलः ॥ यामेये हरिवाद पंकजर
६ जो भक्त्यै जग दुर्लभं त्यत्काम्बा जनकौ सहोदर महोसंवधि बंधूनपि । व्याजाद्या दिशतीव सर्व
७ मनुजा सेव्योहि सर्वात्मना विष्वात्मेत्पस तो विहाय सुहृदः सा रुक्मिणी पातु वः ॥ ४ डिडीरपिं
८ ड परि पांडुर पुष्पगुंछै स्वच्छै महोर्भिनिकरैः स्वकरै प्रपूज्य । रत्नाकरोपि नगरीं घन-
९ घोषणेन नौतीव नित्यमिह माधवराजधानीं ॥ ५ जयति क्षत्रियवंशे ि—तो नृपति मोल्ह——
१० णस्येह । त्रपवलंब्य कराभ्यो विचरति वृद्धः कलौ धर्मः ॥ ६ कुल———र्ध्यं ब्रह्मवित् कश्यः
११ पस्य । नरपति **रयपाल**स्तत्रवीर्यं ड्भुतो भूतकरयुगलधरोयः संयु( गे )या———त्पन्नृद्दश शतं कर ती
१२ क्षोदण्डएतन्नाचित्रं ७ ॥ तस्माज्जझे कुरपालो वदान्यः कश्विद् भूयातत्सद्दश्यो वदान्यः
१३ यस्य द्वार सर्वदा भूपमुख्याः सेवंते ये स्थूल लक्षामनुष्याः । यस्यैवेतपवैत्सदा शतगुणानि
वैराग्ययुक्तं च ब्रह्मज्ञानं विना पिना ॥ यत्पानदभादीयुक्ति श्री मोक्षस्याभि दर्शनात् ॥
१४ यस्याद्वांगे हिमगिरिसुता मूर्ति गंगाति सीता सौ ॥ ]

## રાજાનાં નામો

मोल्हण

।

रथाल

।

कुरपाल

[ પોરબન્દરથી—માધવપુર જતાં રસ્તા ઉપર **પાતા** ગામ આવે છે. મોટરના રસ્તા ઉપરથી જતી વખતે ડાબી બાજુએ—સડકથી જરા દૂર—પાતા ગામ આવતાં પહેલાં—એક ભવ્ય વડલાના ઝાડ નીચે–સરસ જલાશય અને સૂર્યનારાયણનું જૂનું મન્દિર છે—દહેરું ખંડિત છે, છતાં સારી સ્થિતિમાં ઊભું છે—મુખ્ય મન્દિરમાં સૂર્યનારાયણ શ્વેત પાષાણની મૂાત ઊભી. બે હસ્તમાં કમળ છે. શિર પર કિરીટ મુકુટ છે. પગ સાત અશ્વના રથ ઉપર મુકાય છે. અશ્વના મુખ દેખાય છે. બાજુમાં સૂર્યાણીની મૂર્તિ છે. તેના હાથમાં પણ બે કમલ છે. ]—[ આ મૂર્તિના જેવી જ મૂર્તિ—દ્વારકામાં ગોમતી કાંઠે હરિકુંડ પર આવેલા શામળશાના મન્દિરમાં—ચોકમાં ગોખલામાં મુકાયેલી મૂર્તિ જેવી જ છે: તેને ભૂલથી—નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની મૂર્તિ છે એમ ઘણા કહે છે.

આ મન્દિરની બહાર નીકળતાં એક પત્થરની ખાંભીમાં ન ઉકલે એવો લેખ કોતરાયેલો છે—તેમાંના કેટલાક અક્ષર ઉકેલાયા—તે બ્રાહ્મી લિપિના છે—તે પરથી આ સ્થળ ક્ષત્રપ કાળનાં જૂનાં સૂર્યમન્દિરો બંધાયાં—તે કાળનું હોવું જોઈએ.

તા. ૨૧–૫–૭૦ના રોજ મારે પોતાને—ભાઈ છગનાલા સાથે ત્યાં જવાનું બન્યું હતું. પોરબન્દરના—સ્નેહી શ્રી મણિભાઈ વોરા માર્ગદર્શક તરીકે સાથે હતા. ]

શ્રી. ગિરિજાશંકર ભટ્ટ અમરેલીવાળાની નોંધ પરથી નીચેનો ઉતારો **પાતા**ના પુરાતત્ત્વ વિષેનો અહીં મૂકયો છે. આ ઉતારો એમણે ઈ. સ. ૧૮૮૧માં પ્રત્યક્ષ મુલાકાત વખતે કર્યો હતો.

ख

[ " પાતા ગામમાં **ગોમતીજી** વાવ પાસે **રણછોડજી**નું મન્દિર છે. ત્યાંથી મળી આવેલો શિલાલેખ :

१ लिषित ससूपरा
२ वल संवत १५६०
३ गाग कापडिक
४ हा वै भिषमा
५ गिपड महिबा
६ यै हाथ जोडि त्र्प
७ श्री राउभाहोइ
८ दसा सति नही
९ इसि कोही ॥ ]

સંવત ૧૫૬૦માં જ્યાં જ્યાં રણછોડજી ત્યાં ત્યાં ગોમતી હોવી જોઇએ. એ ખ્યાલ રૂઢ થયો હતો.

ग

## पाता गामे

સૂરતના દેરામાં જમણા સ્તંભમાંથી

जोगी

जंगम राउल

जोत राउल

ડાબા સ્તંભમાંથી

रिषि राउल जोगी

त्रिष राउल जोगी

આવો જ લેખ. મૂળ માધવપુરના જૂના માધવરાયના દેરામાં–જમણી બાજુના સ્તંભમાં છે.

जंगम राउल जोगी

जोत राउल जोगी

સંવતવાળો બીજો લેખ જમણા સ્તંભમાં છે. તેની તપાસ કરાવવી.

## પાતા ગામે

(१)

[१ गहिला रावल

२ प्रतित रावल–

२ જમણા સ્તંભમાં

१ छव वदि

२ १५६० संवत

३ सुजाण रावल

४ सप्राण रावल

५ सरुप रावल]

## घ श्री પોરબંદર

મીઠી માંડવી પાસે ઉત્તર તરફની બજારની લાઈનમાં દરબારી દુકાન છે. તેના ઓટલા તળે ખાંભો છે. તેની ઉપર ગાયનું ચિત્ર વાછડાં સુધાં છે. તેની નીચેના લેખની નકલ :—

१ संवत१ ५१५ वर्षे भाद्रपद शुदि १५ अद्य श्री सुदामापुरे——

२ कादि——समस्त राजावली विराजित महाराज श्री विक्रम

३ सिंह कल्याण विजय राज्ये तदा देव पश्चथेजमति महा——

४ स्य नागडसीह समुद्रव्यापारान्परिपंय सति मा

૫ ———वन गते श्री सुराष्ट्रमंडलेश्वर श्री विद्याधर नारायण श्री———

૬ श्वासिंह प्रभृति पंचकुल प्रतिपतौ———महामासियर दप———

૭ ———जयदेवस्य सित कुमा———प्रतिमा———प्रतिमा

૮ ———दा———पाद———समस्त प्रति नि———

૯ ———ग्राम———नसा———

૧૦ ———पवीज———नारापटके ६४ पीजारा

૧૧ ———कल्पयते ६४ पद्म———

૧૨ ———रायकाधि———पाल———या———भपा———सह

૧૩ ———बुहुभिर्वसुधाभुक्ता राजभिः सगरादिभिः

૧૪ यस्य यदा भूमिस्तस्य तत्य तदापले ॥ शुभं भवतु सहाश्री ॥

હાલના પોરબન્દરને સુદામાપુરીનું નામ કોણે અને ક્યારે આપ્યું હશે તે હજુ નક્કી થયું નથી; પરંતુ આ લેખ પરથી ફલિત થાય છે કે સંવત ૧૫૧૫માં "સુદામાપુરી" નામ પ્રચલિત થયું હતું. આ લેખવાળો પત્થર મહાત્મા ગાંધીજીના સ્મૃતિગૃહની રચનાવખતે આડોઅવળો થઈ ગયો હોય.

## "ક્ષત્રપ" શબ્દ ઉપરની નોંધ

( શ્રા ગિરિજાશંકરના—કાગળીઆ પરથી )

પ્રાચીન ઇતિહાસમાં ક્ષત્રપની બે મોટી શાખાઓ છે; એને હું ઉત્તર તરફની અને પશ્ચિમ તરફની કહું છું. ઉત્તર તરફની ઈ. સ.ના પહેલા સૈકામાં હિંદુસ્તાનમાં રાજ્ય કરતી હતી અને તેમનો પ્રદેશ ઉત્તરે હિમાલયની——અને ગંગા અને જમનાના સંગમ સુધી——તેથી પણ વધુ ——તો હતો. આ વંશના સિક્કાનું બંગાલ શ્રી. આખી——પ્રિસેપે પહેલું પહેલું વર્ણન કર્યું. એના લીધે સર એલેકઝેંડર———પત્રમાં ૧૮૫૬માં પ્રસિદ્ધ થયેલા પોતાના બુદ્ધિસ્ટ "  " કરી હતી, અને ફરીને ઇન્દ્રની પ્રાચીન શોધના તેન રી———પણ કહ્યું હતું. મથુરામાં "લાયનકેપિટલ"ને આ વંશને લગતા લેખોથી ભરાઈ ગયેલો છે. તેના શોધે આ વિષય ઉપર વધારે અજવાળું પાડવાને મને શક્તિમાન કર્યો.

ક્ષત્રપની બીજી શાખા ઈ. સ.ના પહેલા સૈકાના છેલ્લા પચ્ચીસ વર્ષથી—તે ચોથા સૈકાના અંત સુધી પશ્ચિમ હિન્દુસ્તાનના મોટા ભાગ ઉપર રાજ્ય ચલાવતી હતી. જે પ્રદેશમાં—સાધારણ રીતે બોલતાં—માલવા, સિંધ, કચ્છ, કાઠીઆવાડ—બાકીનો ગુજરાત અને ઉત્તર કોંકણ આવેલા કહેવાય. આ રાજાઓ ઘણું કરીને—શાહ રાજા તરીકે અથવા સૌરાષ્ટ્રના સત્રપ તરીકે પ્રખ્યાત છે. આમાંના આગલાં નામો—સિંહ—એ નામના ભૂલ ભ——વાંચવાથી પેદા થયેલા છે. અને તે ભૂલ સિક્કાની ભાષામાં ઘણી વખત સ્વર——દેવામાં આવે છે તેથી થયેલી હતી. સૌરાષ્ટ્રના સત્રપ એકબીજા——તે બરાબર લાગુ પડતું નથી. સુસષ્ટ્ર એ આખા રાજ્યનો એક ભાગ છે. અને એ

પણ સંભવિત લાગે છે કે આ પ્રાંતનો સૂબેદાર સત્રપનો હોદ્દો ધારણ કરતો અને આખા રાજ્ય ઉપર રાજ ચલાવવા **મહાન સત્રપ** કહેવાતો; માટે હું આ રાજાઓને પશ્ચિમ તરફના ક્ષત્રપ કહેવાને વધારે ચાહું છું. પ્રિન્સેપ, ન્યુટન, ટૉમસ અને બીજાઓના શ્રમથી ઉત્તર તરફના સત્રપના કરતાં—આ શાખાના સિક્કાઓથી આપણે વધારે માહિતગાર છીએ. પશ્ચિમ ક્ષત્રપમાંનો પહેલો **નહપાન**——સિક્કા ઉપર ક્ષહરાત એવું છે. આ પ્રાકૃત——લાગે છે. જો કે મથુરા ઉપર રાજ્ય કરતા વંશનું નામ——ઉપરના લેખોમાં અને સર કનીંગહામ લેખોમાં સત્ર——ના સિક્કાઓ ઉપર પણ જણાય છે તે——રાજા——લખેલા ત્રાંબાના લેખ ઉપર "છહરાત"——— માલમ પડે છે. નહપાનનું ક્ષહરાત—એવું નામ તે જો———હોય તો———તરફના અને પશ્ચિમ તરફના ક્ષત્રપનો સ———

(અધૂરું ને ફાટી ગયેલું)

(આ ફૂલસ્કેપના આકારના એક અર્ધા કાગળ ઉપર કાગળની એક બાજુએ—પેન્સિલથી અક્ષરે લખાયેલી નોંધ છે. તે કાગળ ઘણે ઠેકાણેથી ઉંદરે કાતરી ખાધો હોય એવી રીતે જ્યાં ત્યાં કાણાવાળો છે.) તેથી અક્ષરો ગયા છે.

## શ્રી. ગિરિજાશંકરે લખેલી બીજી નોંધ—ફાટેલા કાગળ પરથી

"હિન્દુસ્તાનના પ્રાચીન શોધને આભારી છે——૧ બક્ષીસ છે.——૨થી કરેલા અને શરૂ રહેલા——છવીસ વર્ષના——અને તે લેખોના અભ્યાસથી વિચારો——તે આમાં—— ભગવાનલાલ ઇંદ્રજીના છેલ્લા——માંના છે. જો કે——વરસ છવીસ સુધી આ વિષયમાં રોકા—— ૧૮૮૯——તેમનું મરણ હિન્દુસ્તાનમાં પ્રાચીન શોધને ખરેખરી——તે માટે એકેડેમીમાં પ્રોફેસર પીટર્સને, ઇન્ડીયા——બુલરેજર્નલ બૉમ્બે એસીઆટિક સોસાયટીમાં ઝવેરીલાલ ઊમીઆશંકર (યાજ્ઞિક) અને ડૉકટર કોડીન્ગ્ટને આપેલી બક્ષીસો તેમનું માન બતાવી આપે છે... કે જે માનમાં તેઓ એક માણસ તરીકે અને વિદ્વાન તરીકે રહ્યા હતા. ૧૮૮૦ના જાન્યુઆરીમાં સિક્કાઓના સંગ્રહ——બ્રિટિશ મ્યુઝીઅમમાં બક્ષિસ કરેલો તેમનો "લાયન કેપિટલ"નો લેખ આવ્યા પછી પ્રોફેસર પીટર્સને પંડિતના પેપરો મને આપ્યા હતા. એ સંગ્રહના—આ ઘણા કીમતી વધારાનો ટુંક હેવાલ મેં ૧૮૮૯ના ફેબ્રુઆરીમાં રૉયલ એશિયાટિક સોસાયટીની સભામાં પંડિતે પોતે પસંદ કરેલા સિક્કાઓ બતાવીને આપ્યો હતો—છપાવનાર—પ્રસિદ્ધ કરનાર તરીકેનું મારું કામ તદ્દન સહેલું નથી. આ લેખ મી. વિઠ્ઠલજી કેશવજી દ્વીવેદીએ પંડિતના કહેવા પ્રમાણે ગુજરાતીમાં લખ્યો હતો. આ પ્રમાણે લખાયેલા પેપરને પ્રસિદ્ધ કરવા માટે તૈયાર કરવો. તેમાં ફરીને કંઈ ગોઠવવું પડે કે ટુંકું કરવું પડે તે સ્વાભાવિક છે. પણ મને ભરોસો છે હું પંડિતના વિચારો બરાબર બતાવી આપવામાં ફત્તેહ પામ્યો છું. આ વિષયનું તત્ત્વ તદ્દન તેમનું જ છે. અને આ આકાર ઘણે દરજ્જે મારો છે. જે લેખમાં પ્રસિદ્ધ કરવાનું માથે લીધું છે તેનો—આ પેપર માત્ર એક ભાગ છે. બાકીનો જે કે, "લાયન કૅપિટૉલ——ત્રા સહિત ઉત્તર તરફના ક્ષત્રપના સિક્કા અને——તે હું આશા રાખું છું કે પ્રસિદ્ધિને માટે થોડા વખતમાં——ક્ષત્રપ એ શબ્દ ખરેખર પાર્થીઆમાં——માં આવ્યો——મળતો નથી. અને તે લેખોમાં અને સિક્કાઓમાં——છે તે પ્રમાણે તો——ક્ષત્રપનું સંસ્કૃત રૂપ છે. જેનો મુખ્ય અર્થ સે———

જેવો છે. આ કિ——બાદશાહો અમુક પ્રદેશ ઉપર રાજ કરવા મોકલતા——મુખ્યત્વે કરી ——અને કેટલાક દાખલાઓથી એમ જણાય છે——આવા સર——થવાને પૂર્ણ સત્તાવાન થયા.——તેમ છતાં આ શબ્દ——"

A. આ નોંધવાળો ફૂલસ્કેપ સાઈઝના અર્ધા કાગળ ઉપર પેન્સીલથી લખાયેલ છે. તેની દશા પણ જર્જરિત છે. ઉંદરે કાતરી ખાધાના ખાડા જ્યાં ત્યાં પડેલા છે, તેથી ઠેકાણે ઠેકાણે લેખના અક્ષરો મેળવી શકાયા નથી.

B. **ટીપ :**—આ ઉતારામાં શ્રી. વિઠ્ઠલજી કેશવજી દ્વિવેદીનું નામ આવે છે. તે ગૃહસ્થ અમારી જાણના હતા. એઓ કચ્છ ભૂજના વતની—ઔદિચ્ય બ્રાહ્મણ હતા. મુંબઈમાં કૉલેજમાં ભણી ગ્રેજ્યુએટની પદવી તેમણે પ્રાપ્ત કરી હતી, એઓ કૉલેજમાં ભણતા હશે તે વખતે પંડિત ભગવાનલાલના પરિચયમાં આવ્યા હોવા જોઈએ. શ્રી. વિઠ્ઠલજીભાઈએ કચ્છ ભૂજની હાઈસ્કૂલના પ્રિન્સિપાલ તરીકે અને પછી કચ્છ રાજ્યના કેળવણી ખાતાના વડા તરીકે સારી કામગીરી બજાવી હતી. તેમને—વેદના મંત્રોના અર્થ ઉપજાવવામાં બહુ ઊંડો રસ હતો. એમના પૌત્ર, પૌત્રી હાલ કચ્છના શિક્ષણ ક્ષેત્રે સારું કામ કરે છે.

ભાવનગરના મહારાજાના ગોહેલ વંશના ઇતિહાસ માટેની ખોળ કરવાની

## કામગીરીની નોંધ

શ્રી ગિરિજાશંકરની કામ કરવાની ચોકસાઈ અને તેમનું પાંડિત્ય-મુમ્બઈ સરકારના કેટલાક યૂરોપીયન સ્કૉલરોના જાણમાં—શ્રી ડૉક્ટર ભાઉદાજી મારફત અને પ્રોફેસર પીટર્સન મારફત—આવી ગયું હતું. તેથી એમ અનુમાન કરવામાં આવે છે કે. કેપ્ટન બર્ટનની ભલામણથી ગોહેલ વંશનું અસલ સ્થળ શોધવાનું કાર્ય શ્રી ગિરિજાશંકર ભટ્ટને સોંપવામાં આવ્યું હોય.

આ કામ માટે એમણે સીરોઈ, સાદડી, ઉદેપુર, નાથદ્વારા અને તેની આસપાસના ગામડાનો પ્રવાસ ખેડયો હતો. કેટલાક બારોટના કુટુમ્બ સાથે પણ એમણે સમ્પર્ક સાધ્યો હતો. એમની નોંધ વહીઓમાં ગોહિલ વંશને લગતાં જે ટીપ્પણ જોવામાં આવે છે તે પરથી જણાય છે કે આ કામે એમણે ભગીરથ પ્રયાસ કર્યો હતો. એમના પ્રવાસની નોંધવાળી પુસ્તિકા (જે મેં વાંચી છે) જ્યારે હાથ આવશે ત્યારે ઘણી વાતો જાણવા મળશે. અહિં આ કામને લગતા એક બે ઉતારા એમની વહીમાંથી ટાંકી એમની કામ કરવાની રીતનો ખ્યાલ આપવાનું વિચાર્યું છે.

## ગોહેલ વિષે સીરોહી પ્રદેશ

મૂળ ગીરાસનાં ગામો જે હાલ પણ ગોહેલોની શાખા જે **વણોલ** તે નીચે પ્રમાણે ખાય છે.

૧ શેમાણુ ગામ, ૨ કોમથલનું પાદર, ૩ શડોલીયાનું પાદર—તકરારી છે. આ ત્રણે ગામ—સીમાણા વાસના—**વણોલ** ખાય છે.

તેની ઉપર જકાત વગેરેનો કર નવેસરથી નાંખવા ચાહે છે. ને તે બાબતની તકરાર બે વરસથી ચાલે છે. પણ હજી નિરાકરણ થયું નથી—**મજીસર** નગર અથવા **ગોલ** ગામ **વણોલો**ના હાથમાંથી આશરે ૯ પેઢીથી છૂટી ગયું છે—એવું ભાટ લોકો કહે છે.

[ એક ભાટના ચોપડાનો ઉતારો ]

"**ગોલ** ગામના રહેનાર જગો જીવંન—ચુહાણ **પાલીતાણા** દરબારમાં ગયા છે. નોકર રહેવા માટે."

**વણોલ** ગોહેલનું ઘર

| | | |
|---|---|---|
| શેમણીયા વાસમાં ઘર—૩૦૦ | અસાગમાં ઘર—૮ | બેણુપમાં—૧૦ |
| ગોલ ગામમાં—૧૫ . | માયાદર ગામમાં—૪ | |
| બુકણમાં—૨૦ | માડકામાં—૨ | |

સપરીકા ગામમાં ૪ ઘર **ગોહેલો**નાં છે, તે **વણોલ** નથી.

બાપા રાવલને એકસો એક પુત્ર હતા.

૧૦ દક્ષિણ ગયા, ૫ પૂર્વ ગયા, ૫ મારવાડ ગયા, ૨ ગુજરાત ગયા. એમાંથી જેઓ મારવાડ ગયા લખેલ છે તેમણે ખેડનું રાજ કર્યું હશે ને તેના જ વંશજો સૌરાષ્ટ્રમાં આવી રહેલા હશે. એમ અનુમાન થાય છે.

આ પ્રવાસમાં શ્રી. ગિરિજાશંકરે બાપા રાવલની વંશાવલિ મેળવી જણાય છે. બારોટ પાસેથી અને કોઈ પુરોહિત નામના વિદ્વાન પાસેથી—તે અહીં ઉતારી છે.

## બાપા રાવલ-વંશકથા

(૧) વિજયભૂપ—રઘુવંશી, વિજયપુર (વૈરાઢગઢ) વસાવ્યું. તે વિક્રમથી સો વર્ષ પહેલાંના વર્ષમાં ૫૦ વરસની ઉમ્મર.

(૨) **પદ્માદિત્ય**—તેણે નેવું વરસ અને પાંચ માસનું આયુષ્ય ભોગવ્યું. તેણે વૈરાટગઢમાં રાજધાની રાખી હતી.

(૩) સેનાદિત્ય—તેણે નવાણું અને પાંચ માસ જીવન ભોગવ્યું.

(૪) હરાદિત્ય—સત્તાણુ વર્ષ.

(૫) સુયશાદિત્ય—નેવું વરસ.

(૬) સોમાદિત્ય—એકાવન વરસ.

(૭) શિલાદિત્ય—ઓગણસાઠ વરસ જીવ્યા. આરબ શાહરાની સાથે વિજયપુરમાં યુદ્ધ ખેલ્યું. વિજયપુર દક્ષિણમાં રાજ્ય ચલાવ્યું.

(૮) કેશવાદિત્ય—એકસો નવ વરસ જીવ્યા. ગિરિનાર સાથે સંબંધ હતો.

(૯) નાગાદિત્ય—એકસો આઠ વરસ જીવ્યા. નાગદા ગામે રાજધાની સ્થાપી.

(૧૦) ભોગાદિત્ય—નેવું વરસ જીવ્યા.

(૧૧) દેવાદિત્ય—અઠ્યાસી વરસ જીવ્યા. કલીંગની પાસે દેલવાડામાં રાજધાની રાખી.

(૧૨) આશાદિત્ય—છ્યાસી વરસ જીવ્યા. **આહડ** ગામે રાજધાની હતી.

(૧૩) કાલભુજાદિત્ય—આહડમાં રાજધાની હતી. ચિતોડના રાજા પુવારની પુત્રીને પરણ્યા હતા. છન્નુ વરસ જીવ્યા.

(૧૪) ગૃહાદિત્ય (ગુહાદિત્ય)—એકાસી વરસ જીવ્યા. મોટું યુદ્ધ **ધાસા** સ્થળે ખેલ્યા હતા.

(૧૫) **બાપાજી**—વિક્રમ સંવત ૧૯૧માં કુલ હિન્દુસ્તાનનો કબજો કર્યો. ઈરાન વગેરે સ્થળે ચિતોડથી પહેલાં લડાઈ કરી હતી. તે સિવાય **માનમોરી**માં, ચિતોડમાં; **ધાસા**માં સિન્ધ શાહ અર્બ સાથે યુદ્ધો થયાં હતાં. તેમણે ૧૦૧ વરસ આયુષ્ય ભોગવ્યું.

(૧૬) ખુમ્માણ—સંવત ૨૯૨—તેણે ખમણોર નગર વસાવ્યું. માલવામાં જયસિંહ સાથે લડાઈ કરી. ખુરાસાનમાં શાહ ખુરાશાહ સાથે યુદ્ધ કર્યું. તેમણે સાઠ વરસનું આયુષ્ય ભોગવ્યું.

(૧૭) **ગોઈંદ**—સંવત ૩૫૨—તેમણે સૂરસિંહ સામે ગિરનાર અને મોરબીમાં યુદ્ધ કર્યું. સંવત ૩૬૩માં ગોવિન્દપુરમાં રાજધાની સ્થાપી. મારવાડથી દક્ષિણમાં જઈ દિગ્વિજય કર્યો. તે ઓગણચાલીસ વરસ જીવ્યા.

(૧૮) મહેર—સંવત ૩૮૧ પછી મારુ. દેશમાં સોઢલ મારુ સાથે લડાઈ કરી વિજય મેળવ્યો. સિત્તેર વર્ષ જીવ્યા.

(૧૯) **અલુજી**—સંવત ૪૫૧માં ગાદીએ આવ્યા. સિત્તેર વરસ રાજ ભોગવ્યું. ગુજરાતના રાજા સાથે યુદ્ધ થયું હતું.

(૨૦) સીહાજી—સંવત ૫૨૧માં થઈ ગયા. એકતાલીસ વરસ જીવ્યા.

(૨૧) સતિકુમારજી—સં. ૫૬૨માં ગાદીએ આવ્યા. પચ્ચીસ વરસ રાજ કર્યું. અજમેર અને ભંડોર સ્થળે ચડાઈ કરી.

(૨૨) શાલીવાહન—સંવત ૫૮૭માં ગાદીએ આવ્યા. એકત્રીસ વરસ રાજ કર્યું.

(૨૩) નરવાહન—સં. ૬૧૮માં આવ્યા. અઠ્ઠાવીસ વરસ રાજ ભોગવ્યું.

(૨૪) અંબાપ્રસાદ—સં. ૬૬૪માં ગાદીએ આવ્યા. કુરુક્ષેત્ર સુધી રાજ વિસ્તાર્યું. કર્ણપુર, મારૂસ્થળે યુદ્ધ ખેલ્યાં. તે માત્ર પંદર વરસ સુધી રાજ કરી શક્યા.

(૨૫) કીર્તિવર્મા—સં. ૬૯૧માં. માત્ર એકતાલીસ વરસ રાજ ભોગવ્યું.

(૨૬) નરવી—સં. ૭૫૩માં ગાદીએ આવ્યા. ઉજ્જૈન અને અજમેરના રાજા સાથે લડાઈ થઈ. છવ્વીસ વરસ સુધી ગાદી ભોગવી.

(૨૭) ઉત્તમ—સં. ૭૭૯માં આવ્યા; સત્તર વરસ રાજ ભોગવ્યું.

(૨૮) ભૈરવ—સં. ૭૯૬માં માત્ર અગિયાર વરસ જીવ્યા.

(૨૯) કર્ણાદિત્ય—સં. ૮૦૭માં આવ્યા. બત્રીસ વરસ ગાદી ભોગવી. દિલ્હી અને મથુરામાં યુદ્ધખેલ જમાવ્યો. માળવા અને ગુજરાતમાં વિજય મેળવ્યો. તથા ગંગાજમના વચ્ચે રાજ્ય જમાવ્યું.

(૩૦) ભાવસિંહ--સં. ૮૩૯માં આવ્યા. બ્યાસી વરસ જીવ્યા.

(૩૧) ગાત્રસિંહ—સં. ૮૮૦. લગભગ છયાસી વરસ જીવ્યા.

(૩૨) હંસરાજ—સં. ૯૨૬માં આવ્યા. ઉજ્જૈનમાં લડાઈ કરી. તેણે પુરદ્રાટ શહેર વસાવ્યું. યોગરાજને રાજ આપી પોતે સંન્યાસી થયા.

(૩૩) યોગરાજ—સં. ૯૬૧માં રાજ સંભાળ્યું. પાંત્રીસ વરસ ગાદી સંભાળી.

(૩૪) વૈરડ—સં. ૯૯૬માં ગાદી પર આવ્યા. ચાલીસ વરસ સત્તા પર રહ્યા. મરૂકચ્છ, કાન્યકુબ્જ અને જનકપુરને સ્વાધીન કર્યાં.

(૩૫) વૈરીસિંહ—સં. ૧૦૩૬. એમના સમયમાં મહંમદ ગીઝની હિંદમાં આવ્યો. વીસ વરસ રાજ્ય ભોગવ્યું.

(૩૬) તેજસિંહ—સં. ૧૦૬૬.

(૩૭) સમસિંહ—સં. ૧૧૦૬માં ગાદી પર આવ્યા. તેણે ગુજરાતના ભોળા ભીમ સાથે લડાઈ કરી; શહાબુદીન ગોરી હિન્દમાં આવ્યો. દિલ્હીમાં પૃથ્વીસિંઘ અને ગોરીનું યુદ્ધ. સંવત ૧૧૫૮માં લાહોરની રાજધાની સતલજ ઉપર લડાઈ.

(૩૮) રત્નસિંહ—સંવત ૧૧૫૮. એક વરસ રાજ કર્યું. ચિત્તોડમાં લડ્યા.

(૩૯) કરણસિંહ—સં. ૧૧૫૯માં ગાદીએ આવ્યા. આમેર(જયપુર)માં રાજધાની હતી. મોટા પુત્ર મારૂજી ડુંગરપુર ગયા. કુતુબુદ્દીન એ વખતે દિલ્હીનો બાદશાહ હતો.

(૪૦) મહારાણા રાહપજી—સં. ૧૨૦૧. ઈડરમાં રાણા માડેલ સાથે લડ્યા. **સીસોદ** ગામ વસાવ્યું. **સીસોદીઆ** કહેવાયા. રાણા પદવી થઈ ત્યારથી વક્ષુડીવાલ (૧) પુરોહિત થયા.

(૪૧) નરપતજી—સં. ૧૨૬૨. દિલ્હીના ગ્યાસુદિન સાથે લડાઈ થઈ. દિલ્હીનો રાજા ગ્યાસુદીન બલબલ તેણે ત્રણ વરસ રાજ કર્યું.

(૪૨) દિનકરણ—૧૨૯૫, દિલ્હીના મૈજુદીન અલ્લાઉદ્દીન સાથે યુદ્ધ થયું. છેવટે સુલેહ થઈ તેમણે છ વરસ રાજ કર્યું.

(૪૩) જશકરણ—સં. ૧૩૦૧, ભંડોરના જીવનસિંહ સાથે લડાઈ. જાસુદીન મહમદ દિલ્હીનો રાજા હતો. કૌરવવંશી રાજા આમેરના, શિવનંગ ઝાલોરનો જય થયો. દિલ્હી અને ભંડોરની લડાઈમાં. એમણે પાંચ વરસ ગાદી ભોગવી.

(૪૪) નાગપાલ—સં. ૧૩૦૬, માંડુ પરમાર સાથે બુડોહ માલવાની લડાઈ. માંડુ ગામે—કાશ્મીર લાહોરમાં પુલ બાંધ્યો. ગયા ક્ષેત્રમાં. મુસલમાન સામે ગોવધ સારૂં કામ આવ્યા. તેણે માત્ર પાંચ વર્ષ રાજ ચલાવ્યું.

(૪૫) પૂર્ણપાલ—સં. ૧૩૧૧, માલવાના ચડીઆર સાથે લડાઈ અને ગયામાં યવન સાથે લડાઈ—તેણે ચાર વરસ ગાદી ભોગવી.

( ૪૬ ) પૃથીપાલ—સં. ૧૩૧૫—મૈજુદીન સાથે દિલ્હીમાં ઝઘડો તેણે ચાર વરસ રાજ કર્યું.

( ૪૭ ) ભૂવણસિંહ—સં. ૧૩૧૯—ગુજરાતના સોલંકી સાથે લડી વિજય મેળવ્યો. ગ્યાસુદીન, નાસરૂદીન બાદશાહ હતા. ત્રણ વરસ રાજ કર્યું.

( ૪૮ ) ભીમસિંહજી—સં. ૧૩૨૨—ચાર વરસ ગાદી ભોગવી.

( ૪૯ ) જયસિંહજી—સં. ૧૩૨૨ ભંડોરના રાજ સાથે **આનોટ** ગામે લડાઈ. એ આમેરના કુંવર મોનસી રાણાની ચાકરી કરતા હતા. તેનો વહીવટ પાંચ વરસ.

( ૫૦ ) ગડલક્ષ્મણસિંહજી—સં. ૧૩૩૧—દિલ્હીમાં. અલાઉદ્દીન સામે ૧૩૫૯માં ચિતોડના રાણા સાથે રહી લડયા. બાણ માતાજી લાવ્યા. તે લડાઈ પદ્મિની રાણી રતનસિંહ ઉપર થઈ. રાણાની ૨૧ પેઢી ૯૦૦૦૦ આદમી કામ આવ્યા. અઠ્ઠાવીસ વરસ ગાદી ભોગવી.

( ૫૧ ) અજયસિંહજી—સં. ૧૩૫૯—કેલવા બાદશાહી થાણે હોડપુરમાં જય કર્યો. એક જ વરસ રાજ કર્યું.

( ૫૨ ) હમીરસિંહજી—સં. ૧૩૬૧ શીંગોલી ( બાનશી ) ગામે મહમદશાહ ( દિલ્હી ) ( અહમદનગર ) સામે યુદ્ધ. પાદશાહ પકડાયો. નજરાણા લઈ પાદશાહને છોડયો. ચિતોડથી બાદશાહે પોતાના બેટા ખીજરને બોલાવીને **ગડમાલદેવ** સોનગરને સોંપ્યો. તે હારી જોગણી ખપ્પરખડ્ગ લીધો. રામપુરા ત્યાંથી અગ્રાહ છે. એમણે એકસઠ વરસ ગાદી ભોગવી.

( ૫૩ ) ક્ષેમસિંહ—સં. ૧૪૨૧ બુંદીના રાજા સાથે લડાઈ થઈ (મલી ગામે). બુંદીમાં શ્રી કુંવર લક્ષસિંહને ફત્તેહ થઈ. અઢાર વરસ ગાદી ભોગવી.

( ૫૪ ) લક્ષસિંહજી ઉર્ફે લાખાજી—સં. ૧૪૩૯ કાઠિયાવાડમાં યુદ્ધ થયું અને શેરખા સૂબા સાથે લડાઈ. સાંગાનેર પાટણ. બાદશાહથી લીધાં. મોટા કુંવર ચોડાજીનાં રાજીપાથી નાના કુંવર મોકલજીને રાજ આપી—ત્યાંથી સુલુંભર ઠેકાણું ચાલ્યું. ૧૯ પુરુષ થયા. બેગામ સલુભરથી ફૂટ્યા. ( ૧ )

( ૫૫ ) શ્રી મોકલજી—સં. ૧૪૫૪—ફીરોજખાં નાગોર સાથે નાઈ ગામ અને ચીવર ગામમાં યુદ્ધ. દરબારના ૩૦૦૦ કામ આવ્યા. નાગોર હાર્યો. પાંત્રીસ વરસ ગાદી ભોગવી.

( ૫૬ ) કુંભકર્ણજી—સં. ૧૪૮૧. મહમદ માંડુપ સાથે લડાઈ થઈ. માંડુપ પકડાઈને છૂટયો. સં. ૧૪૯૬માં મેદીનીખાં કુતુબુદીન સાથે લડાઈ. કુતુબુદીન હાર્યો. નાગોરમાં મેજીંહલખાં નાગોર સાથે યુદ્ધ. ( ૧ ) આ લડાઈ મહીયા પર સારશત્રુ રાણાની પનાહ માટે થઈ. સં. ૧૫૦૫માં કીર્તિસ્તંભ બનાવ્યો. રાવ રડમલનો હાલ અને માંડુની ખરાબી—ચોડાની સાવધમી ને જોધપુરનું વસવું. સં. ૧૫૧૫ **અચગઢ** બનાવ્યો. નાગોર લીધું. તેણે ચોત્રીસ વરસ રાજ કર્યું. તેમણે નાગોર ઉપરાંત સીરોહી, ગુજરાત, કોમલનેરમાં યુદ્ધ ખેલ્યાં હતાં. સંવત ૧૫૦૯માં મેવાડમાં લડાઈ થઈ હતી. ગુજરાતના યુદ્ધમાં મુખી રામચંદ્ર થઈ આવ્યા હતા. તે માર્યા ગયા.

અમાદુલમુસ્ક મુખી હતો તે ભાગી ગયો. નાગોરથી કમાડ અને હનુમાન મૂર્તિ લાવ્યાં. કોમલ્લ-મેરમા તે છે. તે રાણાએ ૮૪ ગઢ બનાવ્યા. આખરે કુંવરના હાથથી માર્યા ગયા.

(૫૭) ઉદેસિંહજી—સં. ૧૫૨૫ તેણે પાંચ વરસ રાજ ભોગવ્યું. તેમના વખતમાં મેવાડમાં રાયમલ રાણાના ભાઈ સાથે લડાઈ થઈ. મેવાડમાં બદનિયતથી અને ગાફલતાથી ખરાબી થઈ. ઉદેસિંહજીના કુંવરી હસમલસુરજમણીને બાદશાહી ફોજ લઈ ગઈને ગીરાસીઆ ક્ષેત્રમાં ગયા અને તે હાર્યા.

તે રાણાએ એકલિંગીજીનું સ્થાન કરી મંદિર બનાવ્યું. સં. ૧૫૪૫. પૃથ્વીરાજજી જેમલજી સાંગાજી સૂરજમલ ઘરમાં લડાઈ થવાથી મેવાડમાં ખરાબી.

(૫૮) રાયમલજી—સં. ૧૫૩૦ તેના કાળમાં ભાંડુમાં ગ્યાસુદીન સાથે લડાઈ.

(૫૯) સાંગાજી—સં ૧૫૬૫ એમણે ઓગણીસ વરસ ગાદી ભોગવી. તેના તાબે જોધપુર, બુંદી, આબુ તોર, ચંદેરી, કાલપી, ઈડરમાં જય કર્યો.

તેણે બહીલુલ (લોદી). દિલ્હી સામે, મુઝફ્ફર સાથે ગુજરાતમાં ઈડર ગામે યુદ્ધ ખેલ્યાં. સં. ૧૫૭૭માં ડુંગરપુર પાસે લડાઈ કરી મુઝફ્ફરને હરાવી અમદાવાદ લીધું. ૧૫૮૨માં ગુજરાતમાં ઈડર પાસે સિકંદર સાથે યુદ્ધ તથા સં. ૧૫૮૪માં બાબર સાથે બિયાવર ગામે લડાઈ થઈ. એમના કાળમાં બાબર શાહે સિકંદર લોદી પાસેથી દિલ્હી લીધી. ત્યારે ચિતોડ શરણાગત આવ્યું.

(૬૦) **રત્નસિંહજી**—સં. ૧૫૮૫ પાંચ વરસનો ભોગવટો. તે વખતે બહાદુરશાહ ગુજરાતીને દરબાર મળીને ભાંડુના રાજાનો નાશ કર્યો—તે દરબાર ગારૂલ હતા.

(૬૧) **વિક્રમાદિત્યજી**—સં. ૧૫૯૦—તેણે ગુજરાતના બહાદુરશાહ સાથે લડાઈ કરી સં. ૧૫૯૦—ચિતોડમાં યુદ્ધ થયું. દરબાર હાર્યા અને ભાગ્યા. તે બદમિજાજના હતા. તેના ૩૨૦૦૦ રજપૂત માર્યા ગયા. ચિતોડ છૂટું. પછી હુમાયુએ અપાવ્યું તે દરબાર ૧૫૯૨માં દેવલોક થયા અને બનબીર પાસવાને ગાદી ૧૫૯૭ સુધી દબાવી.

(૬૨) **ઉદેસિંહજી** સં. ૧૫૯૮—એના કાળમાં દિલ્હીમાં અકબર હતા. ૧૬૧૬ અને ૧૬૨૪માં લડાઈ થઈ. બનબીરને કાઢીને ગાદી પર બેઠા—દરબાર સાંગાજી પણ મેવાડ ખરાબીમાં રહી—અકબરની લડાઈમાં ૩૦ હજાર આદમી માર્યા ગયા. ઉદેપુરમાં ઉદેસાગર તળાવ બંધાવ્યું. તેણે ઉદેપુર શહેર વસાવ્યું. ત્રીસ વરસ રાજ કર્યું.

(૬૩) **પ્રતાપસિંહજી**—સં. ૧૬૨૮. તેમણે ચોવીસ વરસ દસ માસ રાજ કર્યું. પહેલું યુદ્ધ—ખાન સલીમ શાહજાદા સાથે હવરવલીના ડુંગરમાં હળદીઘાટમાં થયું. દરબાર હાર્યા અને અઢાર હજાર આદમી મુઆ. પચ્ચીસ વરસ સુધી પ્રતાપસિંહજી મારધાડ કરતા રહ્યા. વાવડી લીધું અને નવેસર જાગીર કરી. સં. ૧૬૩૩માં ખાન સલીમના મહાવતખાં ફોજશાહી સામે દેવપુરમાં યુદ્ધ થયું. કોમલમેરમાં અબ્દુલ્લા સાથે સં. ૧૬૪૨માં મેવાડ પર કબજો કરી લીધો ને ઉદેપુરમાં રાજધાની જમાવી.

**અમરસિંહ**—સં. ૧૬૫૩માં ગાદીએ આવ્યા. ત્રેવીસ વરસ ગાદી ભોગવી. સં. ૧૬૬૬માં ઘાટીરામપુરમાં, અબ્દુલા સાથે, ૧૬૬૮માં દેવા મુકામે ખાનખાનાના ભાઈ અબ્દુલ સાથે,

૧૬૭૧માં ખમણોરમાં શાહજાદા પરવેશ સાથે, ૧૬૭૫માં ખુર્રસશહાજહાં સાથે લડાઈ થઈ. છેવટે સુલેહ કરી. શહાજહાંથી મળીને કરણસિંહજી કુંવરને સોંપ્યા. ૨,૦૦૦ સવારથી બાદશાહની ચાકરી કરવા લાગ્યા.

(૬૫) **કરણસિંહજી**—સં. ૧૬૭૬ એમણે આઠ વરસ ગાદી ભોગવી. એમણે સુરત શહેર લુટયું.

(૬૬) **જગતસિંહજી**—સંવત ૧૬૮૪ શહાંજાહાના વખતમાં ઉદેપુરમાં જગતમંદિર બનાવ્યું. તેમણે પચીસ વરસ ભોગવટો કર્યો.

(૬૭) **રાજસિંહજી**—સં. ૧૭૧૦માં ગાદીએ આવ્યા. અઠ્ઠાવીસ વરસ રાજ કર્યું. એમણે દેબારીગરવામાં, સંવત ૧૭૩૬માં અકબરના (?) શાહજાદા આલમગીર સાથે, માલપુરમાં, ચિતોડમાં, મારૂ ગામમાં યુદ્ધ ખેલ્યાં. માલપુર લૂંટયું. અજીતસિંહ મારૂના રાજાની સહાયતા મેળવી તથા આલમગીરની સાથે રઘુના ગઢવીની પુત્રીની સગાઈ કરવા બાબત આલમગીર સાથે લડાઈ થઈ. આ લડાઈમાં ભીમસિંહજીએ ગુજરાતના ખાંન ખુશેલ બાદશાહના નોકર પાસેથી લીધી ને લૂંટી અને દયાપશાએ માળવા લૂંટયું. આ પછી દરબારે આલમગીરથી સુલેહ કરી. રાજસમુદ્ર નામે તળાવ તથા રાજગઢ બનાવ્યાં.

(૬૮) જયસિંહજી—સં. ૧૭૩૮ અઢાર વરસ રાજ કર્યું. દરમ્યાન આલમગીર સાથે ઝઘડો. આ દરબારથી મતીહ નારાજ થઈને પાતશાહ પાસે ગયા અને કુંવર અમરસિંહજીને ગાદી મળી.

(૬૯) **અમરસિંહજી**—સં. ૧૭૫૬ રામપુર ગામે બહાદુરશાહ સાથે લડાઈ થઈ. એમના વખતમાં બાદશાહથી **અહદનામું** થયું. રાજાઓ બાદશાહને બેટી ન આપે એવા કરાર થયા.

(૭૦) **સંગ્રામસિંહજી**—સં. ૧૭૬૭ એમણે માળવામાં પઠાણ સાથે મંડસોરમાં મહમદશાહ દિલ્હીવાળા સાથે ઝઘડો કર્યો હતો. એમના કાળમાં અંગ્રેજ કંપનીનું જોર અને બાદશાહીનો નાશ તથા મરેઠાઓનો નાશ. બિહારીદાસ વકીલ વજીર દરબાર એમણે મુલક આબુ સુધી દબાવ્યો અને જાગીર ૫ લૂટી. તે દરબારે અઢાર લડાઈ લડી હતી. ઓગણત્રીસ વરસ ગાદી ભોગવી.

(૭૧) **જગતસિંહજી**—સં. ૧૭૯૧ એમનો સમ્બન્ધ જયપુરના રાણા સાથે હતો. ૧૭૯૬ પછી મહમદશાહ થયા. એમના સમયમાં રાજાઓ મળી ગયા. મુખ્ય દરબાર થયા. કરાર એવા જે મહમદ ગજનવીને વખતે હતી. પશ્ચિમ ઉત્તર ચંબલ અને ખારી હાંસલ દેવું કબૂલ કર્યું. મેવાડ ઉપર મરેઠાનો કબજો થયો અને માધવસિંહની વાત જેપુરની ગાદી પર મેવાડના મુલકને બદલે મોકલવા રૂ. ૨૫ લાખ પીચેલા તલાવ પર લગાવ્યા.

(૭૨) **પ્રતાપસિંહજી**—સં. ૧૮૦૮ (૭૩) રાજસિંહજી સં. ૧૮૧૨. સુતરણ કોમે સાત વખત મેવાડ પર હુમલા કર્યા. તેથી મેવાડ ખરાબ થયું.

(૭૪) **અરિસિંહજી**—સં. ૧૮૫૭ હોલકરનો મેવાડ પર હલ્લો. એકાવન લાખ રૂપિયા દરબારથી લેવા. વળી રાખસિંહજીનું ફીતુર થયું. કોમેલમેર પર ગાદીએ બેસવું હતું. સીદીયોને સવાકરોડ રૂપિયા આપવા ઠેરાવ્યા.

(૭૫) હમીરસિંહજી સં. ૧૮૨૯; (૭૬) ભીમસિંહજી સં. ૧૮૩૪; (૭૭) જવાનસિંહજી સં. ૧૮૮૪; (૭૮) **સરદારસિંહજી** સં. ૧૮૯૫; (૭૯) સ્વરૂપસિંહજી સં. ૧૮૯૮. ઓગણીસ વરસ ગાદી ભોગવી; (૮૦) શંભુસિંહજી સં. ૧૯૧૮; (૮૧) સજનસિંહજી સં. ૧૯૩૧ વિદ્યમાન.

[આ નોંધ શ્રી. ગિરિજાશંકરે સંવત ૧૯૩૬-૩૭માં લખી છે. એમની નોંધ છેવટ સુધીની જાતમાહિતીથી બારોટ પાસેથી અને લોકકથામાંથી મેળવેલી ગણાય.]

શ્રી. ગિરિજાશંકરને શિલાલેખો અને તામ્રપત્રો મેળવી તેના અધિકૃત ઉતારા કરી લેવાનું કામ પંડિત ભગવાનલાલના સાગરિત તરીકે સને ૧૮૬૪માં કે તેથી પહેલાં સોંપવામાં આવ્યું હશે એવું એમના દફતરમાંથી અવશેષરૂપે મળી આવેલા કાગળો પરથી જણાય છે. એમને કયા પ્રદેશમાં આ કામ માટે ફરવા જવું તે નક્કી કરવામાં બે-ત્રણ દિશાએથી વિચારો થયેલા હોય એવું જણાય છે: (૧) પંડિત ભગવાનલાલ, (૨) ડૉક્ટર ભાઉ દાજી, (૩) રાવસાહેબ વિશ્વનાથ નારાયણ માંડલિક અને (૪) ભાવનગર દરબાર અને ત્યાં વર્ચસ્વ ધરાવનાર કૅપ્ટન બાર્ટન. એક પત્ર સને ૧૮૬૪નો મળ્યો છે. તેનો ઉતારો ટાંકવા જેવો છે.

[શ્રી ગિરિજાશંકરના દફતરમાંના ફાટેલા કાગળ પરથી વાંચી શકાયો તેવો થોડો ઉતારો]

જુન સને ૧૮૬૪——(અનેક લીટીઓ વંચાતી નથી)—નર્મદા ઉતરી ત્યાંથી આશરે ૧ વાગે **નાંદોદ** ગયો. એ વખતે મહારાણાજી સૂતેલ હતા. તેથી ઉતારા આદિનો હૂકમ થાતાં વાર લાગે એમ હતું. એટલામાં મહારાણા સાહેબના સહકારક માન્યકારી બાપુ સાહેબે મુને પોતા પાસે બોલાવ્યો તેથી હું તેની પાસે ગયો. વાતચીત થઈ. તે લાયક માણસ છે. તેણે પોતાને ત્યાં ઉતારો આદિ સર્વ બંદોબસ્ત કરી આપ્યો.——મહારાણાજીના હૂકમથી એક જમાદાર મારી બરદાસ્ત કરવા આવ્યા——દરબારે વારંવાર આવવા જવા ઠીક પડે એવી તજવીજ કરી——ઉતારો આપ્યો. ત્યારબાદ સાંજના આશરે ૫ બજે મુને——બોલાવ્યો, હું ગયો. મહારાણાજી તો—— કચેરીમાં બેત્રણ આરસા—સાંકલ વાલો હીંડોળો લટકતો હતો. મહારાણાજી અંદરના——એક સાંધારણ ગાદી માથે બેઠા હતા. એ મહારાણાજી——હજી છે, તેની પડખે તેની પીતા વૈરીસીંહજી બેઠા હતા. એ વૈરીસીંહજીને **સરકારે** કોઈ કારણોને લીધે પદચ્યુત કરી તેના પુત્રને ગાદીએ બેસારચા છે. હું ઓરડીમાં ગયો ને અમે સામસામી સલામ કીદી ને એક બીજાના ખબર પૂછ્યા. બાદ મહેરબાન કાપટન **બારટન** સાહેબનો પત્ર મહારાણશ્રીના હાથમાં આપ્યો. તે લઈ તેણે ગાદી ઉપર મૂકયો. તે બાદ તેના દક્ષણી કારકુન——નામના હતા. તેને આપ્યો. એટલે તેણે વાંચી દેખાડચો. તે સાંભળ્યા બાદ મેં મારા આવવાનું કારણ વિશેષ ખુલાસાથી સંભળાવ્યું. તે સાંભળી ખુશી થયા. અત્રે દેખાડવા કે——જેવું શું. જે અમારી પાસે તામ્રપટો છે તે પણ દેખાડશું. એ——વાત કરી ત્યાર બાદ હું રજા લઈ ઘેર આવ્યો."

અહીં નમુદ થયેલું ગામ તે હાલનું **રાજપીપલા** સમજાય છે. સને ૧૮૬૪ની રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આ ઉતારામાંથી ઉપલબ્ધ થાય છે. તે કાળમાં પિત્તળની સાંકળનો હીંડોળો એ ભવ્ય રાચરચીલું ગણાતું હતું. દેશી રાજાઓને અંગ્રેજ કંપની સરકાર સાથેના સંબંધના લીધે અંગ્રેજી ભાષાના જ્ઞાનવાળા દક્ષિણ પ્રદેશના બ્રાહ્મણ કે મુંબઈના પારસીને સલાહકાર વકીલ તરીકે રાખવા પડતા હતા.

શ્રી ગિરિજાશંકર ભટ્ટ એમના સમયના સાચા સારસ્વત હતા.

આજથી આશરે સો વરસ પહેલાંના સમયનો વિચાર કરીએ તો શ્રી ગિરિજાશંકરના સારસ્વતપણાનું આપણને દર્શન થઈ શકે. જે કાળમાં લખવાવાંચવાનાં પૂરાં સાધનો વિકસ્યાં નહોતાં; ધૂળી શાળાઓમાં લાકડાની પાટી ઉપર ધૂળ પાથરી વતરણાથી અક્ષરો લખાવીને વર્ણ-માલાનું જ્ઞાન આપવામાં આવતું હતું. સંસ્કૃત ભાષા તો મુખપાઠથી જ શીખવાતી હતી. માત્ર બ્રાહ્મણવાણિયાનાં શહેરી બાળકો ધૂળી નિશાળનો લાભ લેતા હતા. કાગળ, પેન્સિલ, શાહી, વગેરે સામગ્રી તો ગણ્યાગાંઠયાંને ઘરે જ જોવા મળતી હતી. તે સમયમાં ગિરિજાશંકર મોટા પંડિત નહિ હોય. તોપણ એ કાળના એ વિદ્યાવ્યાસંગી તો હતા જ. એમનાં લખાણો પરથી ફલિત થાય છે કે એ કાળમાં બાળબોધ લિપિ (નાગરી લિપિ) એ જ વિદ્વદ્‌માન્ય લિપિ હતી. ગુજરાતી વર્ણમાલા દેશમાં સારી રીતે પ્રચલિત થઈ હતી, છતાં એ લિપિ વાપરનારા લખાણને વિશુદ્ધ રાખવાનો આગ્રહ રાખતા નહોતા. શ્રી ગિરિજાશંકર જ્યારે સંસ્કૃત તામ્રપત્રનો ઉતારો પોતાની નોંધપોથીમાં લખતા ત્યારે જોડણીના નિયમો અને લખાણ-પદ્ધતિના નિયમો તે બરાબર પાળતા હતા, પણ જ્યારે તેમનાં ગુજરાતી લિપિમાં લખાયેલાં લખાણો આપણે જોઈએ છીએ ત્યારે એમના સારસ્વતપણાનું પ્રતિબિમ્બ એ લખાણોમાં વરતાઈ રહેતું નથી. શબ્દો છૂટા પાડી લખવાની રીત, હ્રસ્વદીર્ઘ સ્વરના નિયમને વળગી રહેવાનો આગ્રહ, સ, શ અક્ષરોને ઉચ્ચાર પ્રમાણે લખવાની સમજ, વિરામચિહ્નો પ્રત્યેનો આદર, વગેરે એમણે ગુજરાતી લિપિમાં લખેલાં લખાણોમાં પ્રતિબિમ્બિત થતાં નથી.

એમના કાળમાં તો કાનામાત્રા વગરના બોડિયા અક્ષરોથી વેપારીના ચોપડા લખાતા હતા; તેથી એમણે સળંગ શુદ્ધ ઉચ્ચારવાળું કાના માત્રનો લોપ કર્યા વગરનું લખાણ લખવાનું સ્વીકાર્યું હતું. તે એમનું પંડિતપણું દર્શાવે છે.

એમનો સંસ્કારી જનમંડળ સાથેનો પરિચય એ પોતાના સારસ્વતપણાથી જ સાધી શકયા હતા એ ચોક્કસ વાત છે. યૂરોપીઅન સાહેબો સાથે, ભારતના વિદ્વાન પર્યેષકો સાથે, રાજામહારાજા અને કારભારી સાથે એમણે જે રીતે સમ્પર્ક સાધ્યો હતો તે રીત ખરેખર વિદ્વાનની જ રીત હતી. એમના યુગમાં મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીની બેઠકમાં ક્ષત્રપોના સિક્કાના ઢગલા મૂકી તેને અંગે ઉપજતા નિર્ણયો રજૂ કરવાનું કામ શ્રી. ગિરિજાશંકર જેવા તાલુકા સ્કૂલના માસ્તર કરી જાય એ એમના સારસ્વતપણાની સ્પષ્ટ છાપ ઉપજાવી શકે તેવી બિના છે. ખરેખર, મને ખેદ થાય છે કે એમના પુત્ર ભાઈ કૃષ્ણપ્રસાદ પાસેથી એમના ઘરમાં કચરામાં પડી રહેલો કાગળિયાંનો કોથળો વહેલો હસ્તગત કરી ન લીધો. એમાં નર્યું સોનું-ચાંદી ભર્યું હતું. એ ખેરીઓ પૂરેપૂરો હાથ આવ્યો હોત તો—ધૂળધોયાનો ધંધો કરનાર કોઈ પર્યેષક તેમાંથી સુવર્ણ રજકણો શોધી કાઢત.

શ્રી. ગિરિજાશંકર ખરા સારસ્વત હતા. એમના વંશમાં એમનું સાવસ્વતપણું વારસામાં ઊતર્યા વગર રહ્યું નથી. એમના મોટા પુત્ર નરસિંહપ્રસાદ અમરેલીમાં પંકાયેલા વૈદ્ય હતા. બીજા પુત્ર કૃષ્ણપ્રસાદ તો સાક્ષર સૃષ્ટિમાં જ ફરવાનું પસન્દ કરતા હતા. એમના બે પુત્રો યુનિવર્સિટીની ઊંચી પદવી મેળવી સુખી જીવન અમરેલી બહાર ગાળે છે.

શ્રી. ગિરિજાશંકરના ત્રીજા પુત્ર શ્રીપ્રસાદના પુત્ર ડૉકટર મહેશચન્દ્ર ભટ્ટ અમરેલીના સંસ્કારી શહેરી તરીકે લોકસેવા કરે છે. ભાઈ મહેશચન્દ્ર કે શ્રી. કૃષ્ણપ્રસાદના પુત્રો પોતાના વડવાની જૂની કથાઓ એકઠી કરી લોકો પાસે રજૂ કરે તો મને ખાતરી છે કે લોકોને વાંચવું ગમે એવું ઉપયોગી સાહિત્ય કદાચ બહાર આવી શકે.

મારી પાસે જે વહીઓ છે અને જે ફાટેલાં ચિથરાં જેવાં બેચાર કાગળો છે તે હું દ્વારકામાં, શ્રી. શારદાપીઠ વિદ્યામાળા તરફથી ઊભી થયેલી, ઈન્ડૉલૉજિકલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ નામથી સંસ્થાના હસ્તલેખોના સંગ્રહમાં મૂકી દેવા વિચારી રહ્યો છું.

# વાચક રત્નકીર્તિકૃત પુણ્યરત્નસૂરિ ફાગ

અગરચન્દ નાહટા

ચૌદમી સદીથી જૈન-જૈનેતર વિદ્વાનોએ રચેલાં ફાગુકાવ્યો મળે છે. ૧૮મી સદીના આરંભ સુધીમાં જૈન કવિઓએ સંસ્કૃત, રાજસ્થાની, હિન્દી, ગુજરાતી અને મરાઠીમાં ૧૦૦ કરતાં વધુ ફાગુકાવ્યો રચ્યાં છે જે વિશે ૨૫-૩૦ વર્ષોથી અમારી શોધ ચાલુ છે. આ લેખમાં એક અજ્ઞાત ફાગ પ્રસિદ્ધ કરવામાં આવે છે જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે.

આ પહેલાં મારા વિદ્વાન મિત્ર ડૉ. ભોગીલાલ સાંડેસરાનો ગ્રન્થ "પ્રાચીન ફાગુ-સંગ્રહ" વડોદરાથી પ્રસિદ્ધ થયો છે. એ પછી જેટલાં ફાગુકાવ્યો મળ્યાં છે તે એના બીજા ભાગ તરીકે પ્રગટ થાય તો સારું. ફાગુકાવ્યો વિશે બે-ત્રણ શોધ-પ્રબંધ પણ લખાયા છે.

અહીં પ્રગટ થતા અજ્ઞાત ફાગની એક માત્ર પ્રતિ આચાર્ય વિનયચન્દ્ર જૈન જ્ઞાનભંડાર, જયપુરથી મળી છે. બે પત્રની આ પ્રતિ ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં અર્થાત્ ફાગના રચનાકાળ પછી તુરતમાં લખાયેલી છે. ૨૫ પદ્યની આ કૃતિનું નામ "श्रीपुण्यरत्नसूरिगुरुणां फाग" એવું રાખવામાં આવ્યું છે. અને એના કર્તા ખરતરગચ્છના વાચનાચાર્ય રત્નકીર્તિગણિ છે.

પુણ્યરત્નસૂરિ ખરતરગચ્છના પ્રધાન પટ્ટધરો પૈકી નહોતા પણ સામાન્ય આચાર્યોમાંના એક હતા. આથી ખરતરગચ્છોની પટ્ટાવલીઓમાં એમનો વૃત્તાંત નથી. એ દૃષ્ટિએ આ કૃતિનું ઐતિહાસિક મહત્ત્વ વધે છે.

આ ફાગ અનુસાર, વાગડ દેશમાં નંદગોકુળ ગામમાં શ્રીમાલ ભંડારી ગોત્રીએ ચાહડશાહ નામે શ્રાવક રહેતો હતો. તેનો પુત્ર પૃથ્વીમલ્લ હતો. ખરતરગચ્છના પુનીચંદ મુનિ ત્યાં આવ્યા. પૃથ્વીમલ્લકુમારને તેમણે ધર્મોપદેશ આપ્યો અને વીરમપુરમાં શ્રી. પૂજ્ય જિનચંદ્રસૂરિ પાસે એને સં. ૧૫૨૭માં દીક્ષા અપાવી. શાસ્ત્રોનું અધ્યયન કરી તેઓ વિદ્વાન બન્યા એ પછી સં. ૧૫૪૮માં જિનસમુદ્રસૂરિએ એમને વાચકપદ આપ્યું. ધર્મપ્રચાર કરતાં તેઓ મેવાડ દેશના બહાદરનગરમાં પહોંચ્યા જ્યાં શ્રી પૂજ્ય જિનહંસસૂરિએ એમને આચાર્યપદ આપ્યું. આ પદોત્સવ શ્રીમાલ ભંડારી પાપડગોત્રીએ સંઘવી અઢમલ્લના પુત્ર ડુંગરસિંહે ભારે ઉત્સાહથી કર્યો.

સં. ૧૫૭૧ના માઘ સુદ ૧૩ના દિવસે જિનહંસસૂરિએ સૂરિમંત્ર આપ્યો ત્યાર બાદ પદોત્સવ સમાપ્ત થયો. નવીન આચાર્યનું નામ પુણ્યરત્નસૂરિ રાખવામાં આવ્યું. બહાદર ગામના આદિનાથના મંદિરમાં આ ઉત્સવ થયો હતો.

ત્યાંથી વિહાર કરતાં પુણ્યરત્નસૂરિ બિજાર નગરમાં ગયા. ત્યાં ભંડારી તાલનશાહે પ્રવેશ મહોત્સવ કર્યો. ૫૫ વર્ષની વયે પાંચ દિવસની અનશન આરાધનાપૂર્વક પુણ્યરત્નસૂરિ સ્વર્ગવાસી થયા. એમના સ્વર્ગસ્થાન ઉપર અલાઉલ નગરમાં એમનો સ્તૂપ બનાવવામાં આવ્યો જેની યાત્રા માટે શ્રીસંઘ ઉત્સાહપૂર્વક આવે છે.

ખરતરગચ્છના ઉપાધ્યાય શ્રી પુનમચંદના શિષ્ય વાચનાચાર્ય રત્નકીર્તિએ પ્રેમ અને ભક્તિ-પૂર્વક આ ફાગની રચના કરી છે.

આ ફાગની પ્રાપ્ત હસ્તપ્રત શ્રીમાલવંશના ખારડગોત્રીએ પૃથ્વીમલ્લની લઘુભાર્યા શ્રાવિકા લહુકનના વાચન અને પઠન માટે લખાયેલી છે.

## મૂલ કાવ્ય

सासण सामिणि समरि करि, पणमीय पास जिणंदो ।
**खरतरगछ** गुरू गाइवा, मुज मनि अति आणंदो ॥ १ ॥

अहे '**बागड**' देसि निवेसि, नगर '**नंद गोकुल**' ठाम ।
वावि सरोवर कूववाग, जिणहर अभिराम ।
गढमढ मंदिर पोलि पवर, मुणिवर पोसाल ।
जहिं ववहारिय वसइं, हरषि खेलइं बहु बाल ॥ २ ॥

श्रावक जन जिनभगति करइं, विधि-मारग साधइं ।
तिम तिम धन संतान सयल, परवारिहि वाधइं ॥
तिहनि वसइं **श्रीमालसधर भंडारी** गोत ।
**चाहड** साह सुधन्न सयल, श्रावक गुणि जुत्त ॥ ३ ॥

सुलसा सम गुणि घरणी ता सुरयरूव समाण ।
पूरव दिसि जिम जिणिउ, तेणि नंदण कुलभाण ॥
सकल सुरूप सुतेजवंत, बहुबुद्धि भंडार ।
क्रमि क्रमि '**पृथ्वीमल्ल**', नामि वाधइ सुकुमाल ॥ ४ ॥

सहस अढार सीलंगधार, **खरतर** गच्छ दिनकर ।
सिरि **पुनिचंद** मुणिंद, तिहां आया ते सुहगुरू ।
सुहगुरू आया सुणवि बाल, आणंदिइं वंदइ ।
पढइ गुणइ अति विनइवंत अज्ञान निकंदइ ॥ ५ ॥

भास—कुमरपात्र जाणी करी, सुहगुरू दियइं उपदेस ।
माय बाप मन्नाविया, लेवा संजम रेसि ॥ ६ ॥

अहे तउ गुरू कुमर करेवि, साथि **वीरमपरि** पहुता ॥
श्रीपूज्य श्री**जिनचंद**सूरि, तिणि थानकि हुंता ॥
परिणावी तिणि स गुरि तासु, बेटी संजमसिरि ।
सुभवेलां सिरि ठविउ वास, सूरिमंत्र भणी करि ॥ ७ ॥

आगम छंद पुराण तर्क, व्याकरण विचक्षण ।
जिन-भाषित सिद्धंत तत्त्व, सामुद्रिकलक्षण ॥
बालत्तण लगि सगुण जांण, सोभागी सुन्दर ।
निरति चार चारित्र सहित्त, नांण दसंण मंदिर ॥ ८ ॥

पनरह सयसगवीस वरसि, दीक्षा सुह वासरि ।
अठतालइ **जिनसमूद्रसूरि,** थाप्या वाचकवर ।
पुरि पुरि नयरि विहार करइं, भवियण पडिबोहइं ॥
जिम तारामाहिं चंद तेम, मुणिवरमाहि सोहइं ॥ ९ ॥

इणि अवसरि संसार वर्ग्ग, वंदावण रेसि ॥
पहुता **बहादर** नगर सघर, **मेवातह** देसि ।
तिणि अवसरि श्रीपूज्यराय, **जिणहंस** जईसर ।
आचारिज पद जोगि, ताम, परीख्या मुणिवर ॥ १० ॥

न्याति चउरासीमाहि प्रगट **श्रीमाल** भोवाल ।
**भंडारी** **पापड** प्रसिद्ध, जसु कीर्ति विसाल ।
संघपति श्री **अढमल्ल,** तणा नंदण विख्यात ।
**झाल** ही उरिस गुण, रयण **डुंगर** अति जात ॥ ११ ॥

**भास**—**वेगराज** वलि **पउमदत्त**, मांन दियइं सुलितान ।
अरिहंत देव सुसाधु गुरू, जिन धर्म मांनइं आण ॥ १२ ॥

**अहे** संघपति **डूंगरसीह,** मनिहि उछाह धरेई ।
गुरूपद ठवणइ देसि देसि, कूंकूंत्रीय पठेई ॥
**बहादरपुरवर** नयरमाहि, मिल्या संघ अपार ।
हरषिहि संघपति दान देइ करइ जीमणवार । १३ ॥

वाजइं ढोल मृदंग चंग, नाचइं मृगनयणी ।
ठिमि ठिमि ठिमि ठिमि ठवइं, पांय, ससिहर सम वयणी ।
रूणझूण रुणझूण रूणझुणइ ए पयनेउर जुयली,
रिमि झिमि रिमि झिमि रिमि झिमइ ए, कडि घुघरियाली ॥ १४ ॥

झब झब झबकइं रयणजडित काने कल कुंडल ।
सोहइं विमल कपोल पासि, जाणे रविमंडल ।
विकसिय कमल समाण नयण, घण कज्जल सारी ।
गायइं गीत सुचित्र धवल मंगल दिइं नारी ॥ १५ ॥

भट्टहं जयजयकार कुसल, वंदिण जण बोलइं ।
सूरिमंत्र गुरू दियइ ताम, गोयम गुरू तोलइ ॥
पनरह सय इकहतरइ ए माहहं सुदि तेरसि ।
**जिनहंस**सूरि सिरि ठवइं वासनं दिठाविय मन रसि ॥ १६ ॥

नाम दीयउ सिरि '**पुण्यरयणसूरि** सर' जुगवर ।
हरषिय देसि विदेसि, सयल संघाहिव खरतर ॥
आदीसर जिणभवण, स गुरि तिय हत्थि पयट्ठिय ।
गुरू साहम्मिय संघ, पूज विवहप्परि तहि कीय ॥ १७ ॥

भासा—सहगुरू **समरसि कीलता**, पुरि पुरि करइं विहार ॥
नयर **तिजारइ** आविया, हरख्या संघ अपार ॥ १८ ।

अहेयइ सारइ वित वर इ साह ताल्हण **भंडारी** ।
मेलिय सयलउ संघ, अवर सवि सुयण हकाहिय ॥
जिम जिम विस मिस सयल लोय, सहगुरू नितु वंदइ ।
तिम तिम भवियण भोरम तिहि, अति घणउं आणंदइं ॥ १९ ॥

पंच महाव्रत निरति चार, चारित्र पालंता ।
जाणि आउखउं दिवस पंच, अणसण संजुत्ता ॥
वरस पंचावन आउ पालि, सरलोगि पहुता ।
वर विमानि सुर नारि रच्यां, नाटक निरखंता ॥ २० ॥

थापिय धूम सुठामि, संधि, गिरिसिहर समांण ।
रंगिहि गोरी गीत गायइं, करइं सुगुरू वखाण ॥
पवर **अलाउल** नगरमाहि, दिनि दिनि उछाट ।
आवइं संघ सुजान धूमि, मनि करीय उमाह ॥ २१ ॥

चंदन अगर कपूर चूर कस्तूरी केसर ।
करइं विलेपन सुगुरूपाइ गाहइं परिमल ।
चंपक केलकि जाइ वकुल, सेवत्री कुंद ।
वालउ बेउल बउलसिरि, मंचकुंदरविंद ॥ २२ ॥

जूही कूजा कुसुम लेवि, पूजइं गुरूपाय ।
गायइं गीत सुचित रंगि, नाचइं बहु भावि
इणि परि जे गुरू धूमि जाझा मन रंगहि आवइं ।
तिह घरि नव निधि रिद्धिसिद्धि, मनवंछित पावइं ॥ २३ ॥

**खरतर** गछि उवझायराय, सिरि **पूनिमचंद** ।
तासु सीस सिरि विनयवंत, **रतनकित्ति** मुणिंद ॥
रचिउ **फाग** वहु रागधर, जि खेलइं फाग ।
नासइं दुरिय दोहग्ग तास, हुइ सुक्ख सोहाग ॥ २४ ॥

इति श्री **पुण्यरत्नसूरि गुरूणां** फागः समाप्तः ।

कृतः वाचनाचार्य **रत्नकीर्तिगणिभिः** । श्रीमालवंशे । श्रीखारडगोत्र पवित्र च० पृथवीमल्लो लघुभार्या श्रीलहुकन पठनवाचनार्थमिति ॥ कल्याणमस्तु ॥ श्री. ।

# તડવીઓનાં લગ્ન-નૃત્યગીતો

રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી

(૧) શ્રી. શંકરભાઈ તડવીનો લેખ "તડવી-ભીલો-ના નૃત્ય-ઉત્સવો" 'લોકગુર્જરી', ૧૯૬૬ વાર્ષિકના ૩ અંકોમાં પ્રગટ થયા પછી શ્રી. રેવાબહેન તડવીએ 'તડવી લગ્ન-નૃત્ય અને નૃત્યગીતો' લેખની હસ્તપ્રત મહાશિવરાત્રી તા. ૯-૩-'૬૭ ગુરુવારે તૈયાર કરેલી, તે જ સુધારા-વધારા સાથે અહીં રજૂ કરી છે.

(૨) વડોદરા જિલ્લાના સંખેડા, નસવાડી, તિલકવાડા, જબુગામ અને ડભોઈ તાલુકામાં વસતા તડવીઓમાં[૧] લગ્નપ્રસંગે આ પ્રમાણે નૃત્યો થાય છે:

૧. ટીંબલી–ટીમલી

૨. માટલી

૩. આડી માટલી

૪. આંબલી ગોધો

૫. આલેણી (હાલેણી)

૬. કૂદણિયું.

ઉપરના નૃત્યપ્રકારો પૈકી નં. ૫ આણેલી અને નં. ૬ કૂદણિયું નાચતી વખતે નૃત્ય-ગીતો ગવાય છે. લગ્નગાળામાં નૃત્ય સાથે ગવાતાં ગીતોને 'લગ્ન-નૃત્યગીતો' નામ આપવામાં આવ્યું છે, લોકો એને 'નાચનાં ગીતો' કહે છે.

જે ઘેર લગ્ન લેવાનું હોય તે ઘેર દોઢેક માસ પહેલાંથી દરરોજ રાત્રે નાચતાં જઈ ગીતો ગાવાનું શરૂ થઈ જાય છે. સ્ત્રી-પુરુષો જુદાં જુદાં વર્તુળો રચી નાચે છે. કોઈ વાર સ્ત્રી-પુરુષો ભેગાં પણ નાચે છે. લગ્ન લે ત્યારે દરરોજ રાત્રે ઢોલ-શરણાઈવાળા વચમાં રહે અને આજુબાજુ નાચનારાં રહીને નાચે. ઢોલ શરણાઈના તાલે તાલે નાચે.

(૩) લગ્નગીતોમાં 'ફટાણાં' અશ્લીલ હોય છે. એ ગવાય ત્યારે સામાન્ય મર્યાદા તૂટી જાય છે, તેમ નૃત્યગીતોમાં ગાળ અને અશ્લીલતા ગવાય છે. નૃત્યો જાહેર સમૂહમાં થાય છે અને ગીતો પણ ગવાય છે. તેથી તેમાં રહેલી અશ્લીલતા ઓછી ન થઈ શકે, પરંતુ નૃત્ય એ પ્રજાની જીવનપ્રણાલિ છે. જીવનમાં તેનું સ્થાન છે. નૃત્ય વખતે જે જોમ અને જુસ્સો તરવરી રહે છે

---

૧ આવાં નૃત્યગીતો અને નૃત્યો તડવીઓ સિવાયની બારિયા કોળી, તરબદા કોળી, રાઠવા કોળી, મેવાસી ભીલો, વસાવા અને ગરાસિયાઓમાં પણ પ્રચલિત છે. અહીં ગીતોના તડવીઓમાં ગવાતા પાઠ રજૂ થયા છે.

તેનું દર્શન સમાજશાસ્ત્રીએ કરવા જેવું છે. વળી દરેક ગીતના ઢાળ જુદા જુદા છે. તે ઢાળોનું રક્ષણ કરવું જરૂરી છે. આ નૃત્યગીતોને નવા સ્વરૂપે રજૂ કરી શકાય. શ્રી. શંકરભાઈ તડવીએ જૂના ઢાળો[2] ઉપરથી 'અંગરેજી રાજ ડોલી જેલું રે ગાંધી બાપુજી' અને 'રેંટિયો કંતાવે ભાઈ કાંતવું પડે, ચાલ ભાઈ કાંતવું છે મારે,' જેવાં ગીતો રજૂ કરેલાં, જે સમાજમાં લોકગીતો જેવાં થઈ ગયાં છે. એ રીતે પણ આ ગીતો અને નૃત્યનું મહત્ત્વ છે. વળી બીજી કોઈ જાતિઓમાં આવાં ગીતો ગવાતાં હોય તેની સાથે તુલના કરી શકાય એવા હેતુથી આ ગીતો રજૂ કર્યાં છે. અશ્લીલ પંક્તિઓ છોડી દેવામાં આવી છે. વળી કેટલાંક ગીતો ટૂંકાવ્યાં છે.

(૪) બધાં ગીતો વેવાઈ-વેવણને ઉદ્દેશીને ગવાય છે, અને વેવણનાં નામ લેવામાં આવે છે. સ્ત્રીઓ વેવાઈને શૉક્ય કે ભોજાઈ કહી સંબોધે છે; પુરુષો 'મારી બાયડી' કહી સંબોધે છે. કેટલાંક શુદ્ધ નૃત્યગીતો છે. જુઓ ગીત ૫૩. ગીતાંક ૨, ૫૦ સિવાયનાં બીજાં ગીતો લગ્નપ્રસંગના નાચ વખતે જ ગવાય છે. બીજે કોઈ પ્રસંગે ગવાતાં નથી.

(૫) દરેક ગીતમાં પ્રથમ પંક્તિ જુદી તરી આવે છે. કેટલાંક ગીત કથાગીત જેવાં વૃત્તાંતવાળાં છે.

તા. ૧૨-૮-'૬૯ : ગરડા.

## આલેણી(હાલેણી)નાં ગીતો

### ૧

અલા[1] આંબા તારી કેરી કુંમારી[2] રે,
હળદીનો રંગ લાઈગો.[3]
અલા વેવાઈ તારી છોરી કુંમારી રે,
હળદીનો રંગ લાઈગો.
મારા કયા ભઈની વેરે[4] પઈનાવું[5] રે,
હળદીનો રંગ લાઈગો.

### ૨

[પહેલાં પુરુષો કેડે ઘૂઘરા બાંધીને નાચતા. નસવાડી તાલુકાના આદિવાસીઓ કવાંટ, તા. છોટાઉદેપુરથી ઘૂઘરા લાવતા. હવે ઘેરૈયા થાય ત્યારે જ પુરુષો ઘૂઘરા કેડે બાંધે છે. આ ગીત હોળીના બીજા દિવસે નાચતાં પણ સ્ત્રીઓ ગાય છે. નાચવાનું ધીમે ધીમે ઓછું થતું જાય છે.]

---

૨ (૧) અંગરેજી રાજ ડોલી જેલું—ગીત, 'નાસી જવાની વાતો કરે રે ઓ નાથીયા પૂંજીયા, નાસી જવાની વાતો કરે રે લોલ' ઉપરથી અને (૨) રેંટિયો કંતાવે—'લીલુળી ઘોડી ભાઈઓ પિત્તળીયા પલાંણ ચડચે ઘોડે ભાઈને નીંદરેણી આવે,' આ ગીત ઉપરથી રચેલાં છે. બીજાં પ્રચલિત પણ અપ્રગટ ગીતો છે.

૧ અલ્યા, ૨ કુંવારી, ૩ પાઠાંતર: કેરીનો રંગ લાઈગો, ૪ સાથે, ૫ પરણાવું.

રૂપિયાના બાર હેરી[૬] ઘૂઘરા રે, ભાઈ ભાઈ
કયો ભાઈ સંખેડે જેલો રે, ,, ,,
........ભાઈ સંખેડે જેલો રે, ,, ,,
સંખેડેથી ઘૂઘરા લાવેલો રે, ,, ,,
રૂપિયાના બાર હેરી ઘૂઘરા રે, ,, ,,

બંધાવો..............ની કેડે,
ઘૂઘર ભલો સોહે રે, ,, ,,
ભોજાય ચાલે ને રમઝમ બોલે,
ઘૂઘર ભલો સોહે રે, ,, ,,
માળીએ પૉણી[૭] પીવા જેલી,[૮]
ઘૂઘર છૂટી પઈડા,[૯]
નાચણ[૧૦] ભૂલી જેલી રે, ,, ,,

૩

અલા નંદોજી[૧૧] ઘૂઘરી મંગાવો
ઝીણી ઘૂઘરી છમકે છે.

અલા બંધાવો............[૧૨]ની કેડે,
ઝીણી ઘૂઘરી છમકે છે.

ભોજાય ચાલે ને રમઝમ બોલે,
ઝીણી ઘૂઘરી છમકે છે.

૪

[ બનતા બનાવો ગીતોમાં વણાઈ જાય છે. કદી કદી ભૂતકાળમાં બનેલા બનાવોની કે દંતકથાની છાયા ગીતોમાં જળવાઈ રહે છે. ડભોઈનો કિલ્લો વિસળદેવના વખતમાં હીરાધર શિલ્પીએ બાંધેલો. હીરાધરની યાદ અને તે પણ કેવી વિકૃત રૂપે ગીતમાં જળવાઈ રહી છે ! ! ]

ડભોઈનો કૉટ ચણી લીધો, મારા હીરે કડિયે રે,
......ને ઊભી ચણી લીધી, મારા હીરે કડિયે રે.

શું કરવા ઊભી ચણી લીધી, ,, ,, ,,
બાઈડી કરવા ઊભી ચણી લીધી, ,, ,,

---

૬ બારસેરી—બાર હારવાળો, ૭ પાણી, ૮ ગયેલી, ૯ પડયા, ૧૦ નાચ-નૃત્ય. ૧૧ નાંદોદની નાંદોદ, તા. રાજપિપળા જિ. ભરૂચ, ૧૨ વેવાણનું નામ.

### ૫

ઝાંઝરિયું ઘડાવે ઓ વેવાઈ ઝાંઝરિયું રે.
કે' દા'ડ઼ોનો વેવા વેવા કરે,
ઓ વેવાઈ ઝાંઝરિયું રે.

માંડવે મોં મે'[13] રે'લો
ઓ વેવાઈ ઝાંઝરિયું રે.

### ૬

મકોડોની હાઈર[14] ચાઈલી
ઓ મકોડા લાલ રે !

......તારે જબરું લે'ણું[15]
ઓ મકોડા લાલ રે !

તારી......ખંડી આલે
ઓ મકોડા લાલ રે !

તારું લે'ણું વળી જશે
ઓ મકોડા લાલ રે !

### ૭

ખાંઈઘે[16] બંધુકડીવાળો 'લા
વેવાઈ ભારમેં રીજે;[17]

તોં[18] તારી બેનીને પઈણે 'લા
વેવાઈ ભારમેં રીજે;

ભારમેં રીજે સાલા રાગમેં રીજે.[18]

### ૮

ઓંકડ઼ાના થડ઼મેં તલાવ
તોં મારો સંગ ચાઈલો જાય રે.

......તારી બાઈડ઼ી પાછી વાઈળ[19]
તોં મારો સંગ ચાઈલો જાય રે.

---

૧૩ મરડી, ૧૪ હાર, ૧૫ લહેણું-દેવું, ૧૬ ખાંધે-ખભે, ૧૭ ખરચ કરવાની ગોઠવણ કરીને બેસજો, ૧૮ નિયમમાં રહેજો, ૧૯ વાળ; બોલાવ.

## ૯

આંબલી કપાવો દલીના[૨૦] લોક
ભોંગરલીના[૨૧] ભોજી[૨૨] દલીના લોક.

વેવાઈનું નોંમ[૨૩] નથી જોંણુતી
વેવાંઈન[૨૪] મારી શોઈક
ભોંગરલીના ભોજી દલીના લોક.

હાય[૨૫] નોંમ જોંઈણું
........... મારી શોઈક
ભોંગરલીના ભોજી દલીના લોક.

## ૧૦

કયા ભાઈનો શેખો[૨૬] 'લી વેવાંણુ
કયા ભાઈનો શેખો 'લી વેવાંણુ.

......ભાઈનો શેખો 'લી વેવાંણુ
......ભાઈનો શેખો 'લી વેવાંણુ.

હાય નોંમ જોંઈણું 'લી વેવાંણુ
હાય નોંમ જોંઈણું 'લી વેવાંણુ.

ભદરાલીયો મેળો 'લી વેવાંણુ
ભદરાલીયો મેળો 'લી વેવાંણુ.

તાશેરો[૨૭] ની ઝીલાય 'લી વેવાંણુ
તાશેરો ની ઝીલાય 'લી વેવાંણુ.

## ૧૧

ટીંબરવાની ડાળી રે, કંબોઈનો હીંચકો
......[૨૮] બેસવા રુવે રે, કંબોઈનો હીંચકો
કયા ભાઈ નાખ રે, " "
......ભાઈ નાખ રે, " "
આવતાં નાખું હીંચકો, જતાં નાખું હીંચકો
ટીંબરવાની ડાળી રે, કંબોઈનો હીંચકો.

---

૨૦ દિલ્હી, શહેર, ૨૧ ભાંગ-તમાકુ, ૨૨ ભોગી-શોખીન, ૨૩ નામ, ૨૪ વેવાણ, ૨૫ હવે, ૨૬ ચોકી, પહેરો, ૨૭ તાશેરો ની ઝીલાય-સરભરા નહિ થાય; ૨૮ ખાલી જગ્યામાં નામ.

## ૧૨

અવળો સવળો ડુંગર ભોળા રાજા !
કયો ભઈ ચઈડો રે શિકાર ભોળા રાજા !
......ભઈ ચઈડો રે શિકાર ભોળા રાજા !

કેડ શે[૨૯] બાંઈધી રે બંધુક ભોળા રાજા !
નાળે કઈરો રે અવાજ ભોળા રાજા !
માઈરો દુંવારી[૩૦] રોઝ ભોળા રાજા !

મારી પાઈડી ......ભૂંઢેણુ ભોળા રાજા !
ખાશે............નાં ઢેડાં ભોળા રાજા !
ખાશે પીશે ને ભૂંડું બોલશે ભોળા રાજા !

## ૧૩

ખોંડીયે કૂવે[૩૧] નાઈખો મુકોમ,
ઝેરિયો[૩૨] ઓંબલાં ઝુડે
ભરમચારીનો મોમલો.

......ભઈએ અકડી લીધી ન,
......એ ટોપલો લીધો,
ભરમચારીનો મોમલો.

......ભઈ ઓંબલાં ઝુડે ન,
............ઓંબલાં વીણે,
ભરમચારીનો મોમલો.

ધાધર[૩૩] ધાધર વીણી લીધા ન,
તેડીયાં[૩૪] પઈડાં મેઈલાં,
ભરમચારીનો મોમલો.

કે.........ને કોં લૂક[૩૫] લાઈગી,
ભરમચારીનો મોમલો.

આઠે પગે થોડી લાઈગી ન,
ચોટલે ઘણી લૂક લાઈગી,
ભરમચારીનો મોમલો.

---

૨૯ કેડે (?), ૩૦ મોટો (?), ૩૧ ખાંડિયા કૂવા-સ્થળ કે ગામ, ૩૨ ઝેરિયો—એક વ્યક્તિ: ગાયકવાડી રાજ્યની સ્થિરતાના સમયમાં નસવાડી તાલુકાના આમરોલી ગામ નજીક ભૂદરિયો, ઝેરી જેતિયો નામે ભાઈઓ હતા. તે ઝેરિયો હશે ? અસ્પષ્ટ છે, ૩૩ મોટાં આંબલાં, ૩૪ પાછળથી બેસેલાં નાનાં આંબલાં, ૩૫ ગરમીની ઝાળ—લૂ,

### ૧૪

ઝીણી ઝીણી વેણો ધડુકે રે[૩૬] ભરમચારીનો મોમલો,
જમણો જોઈડ઼ો ભાઈ ગોધલો રે ભરમચારીનો મોમલો,
ડાબી જોઈડ઼ી ભોજાઈ વેવાંણ રે ભરમચારીનો મોમલો,
ગોધો કઈરો ડાબી કૂખમેં રે ભરમચારીનો મોમલો,
ગોધો કઈરો ને શોઈક ચઈમકી રે ભરમચારીનો મોમલો.

### ૧૫

બાજરીનું રાડું હેરે[૩૭] લાઈગું રે ઝોલાં મારુજી,
વેવાંણ ભોજાઈ હેરે લાઈગી રે ઝોલાં મારુજી,
ભાયો સંઘાત મારી ભોજાય લાગે રે ઝોલાં મારુજી,

### ૧૬

વાડીમેં ચંપો મો'રેલો
મારાં દલ લાઈગાં 'લા બારિયા;[૩૮]
......ફૂલ લેવા આઈવી
મારાં દલ લાઈગાં 'લા બારિયા;
ફોગટ ફૂલ કમ આલું
મારાં દલ લાઈગાં 'લા બારિયા;
ભઈની બાઈડ઼ી થાય ત ફૂલ આલું
મારાં દલ લાઈગાં 'લા બારિયા.

### ૧૭

ધોળી ધાવડ઼ી ફૂલેલી, ડાઈળા નમી નમી જાય!
.........કેડેથી પાતળી, નમી નમી જાય!
મારા ભાઈયોની બાઈડ઼ી, નમી નમી જાય!

### ૧૮

ગઈલી રે[૩૯] મોવડ઼ી તારાં મોવડ઼ાં વીણવાં જવું,
મારું નાનેરું ભોંણજું.
ખાખરા[૪૦] ખખરાવતાં વીંછુડે ચમકાવી,
મારું નાનેરું ભોંણજું.

---

૩૬ ગાજે, ૩૭ છેડે, ૩૮ બારિયા—એક અટક અથવા જાતિ, ૩૯ ગળી, મીઠી, ૪૦ સૂકાં પાન.

હત તારું ડોશી ન ઑંણું[૪૧] વીંછુડે ચમકાવી,
મારું નાનેરું ભોંણુજ.
હત તારી……ન પઈણું વીંછુડે ચમકાઈવી,
મારું નાનેરું ભોંણુજું.

## ૧૯

મોવડાં નાખેલાં ભેખોઈડ઼મેં,
મોવડાં નાખેલાં ભેખોઈડ઼મેં
દારૂલો ગાળેલો ભેખોઈડ઼મેં
દારૂલો ગાળેલો ભેખોઈડ઼મેં.
દારૂ પીવા આવે ’લી વેવાંણુ,
દારૂ પીવા આવે ’લી વેવાંણુ.
જમણું પોંન[૪૨] લાવે ’લી વેવાંણુ,
જમણું પોંન લાવે ’લી વેવાંણુ.
પે’લી વાળી[૪૩] લીજો ’લી વેવાંણુ,
પે’લી વાળી લીજો ’લી વેવાંણુ.
બીજી વાળી લીજો ’લી વેવાંણુ,
બીજી વાળી લીજો ’લી વેવાંણુ.
તીજી વાળીએ લે’રી[૪૪] ’લી વેવાંણુ,
તીજી વાળીએ લે’રી ’લી વેવાંણુ.
ચોથી વાળીએ લે’રી ’લી વેવાંણુ,
ચોથી વાળીએ લે’રી ’લી વેવાંણુ.
થાકી પડ઼ેલી ’લી વેવાંણુ,
થાકી પડ઼ેલી ’લી વેવાંણુ.

## ૨૦

જળમેં ઊઈગો જળ જાઁબુ રે,[૪૫]
જાઁબુ તારો તોડ઼ો મેલાવી દેંમ.
……મારી શું સગી લાગે રે,
જાઁબુ તારો તોડ઼ો મેલાવી દેંમ.
એ તો મારા સગાભાઈની બાઈડ઼ી રે,
જાઁબુ તારો તોડ઼ો મેલાવી દેંમ.
એ તો મારી સગી ભોજાય લાગે રે,
જાઁબુ તારો તોડ઼ો મેલાવી દેંમ.

---

૪૧ લાવું, ૪૨ ખાખરનું વચલું પાન, ૪૩ દારૂ પીવાનું માપ, ૪૪ છાકી, નશામાં ચકચૂર થઈ, ૪૫ જળજાંબુ–પાણી કાંઠે ઊગતો જાંબુડો.

## ૨૧

ઓંબલા હેઠે કૂવો ન
    સમધર ઝોલાં મારે રે;
......પોણી નુ જાઈશ
    ડેડકો તોંણી જીશે રે;
ડેડકો તોંણી જીશે ન
    ડેંડવો દાબી લેશે રે.

## ૨૨

ભીંડી ઓરવા જવાં મારા ભાયો
    ભીંડી ઓરવા જવાં મારા ભાયો,
ભીંડી ઓરી પાઈડી મારા ભાયો
    ભીંડી ઓરી પાઈડી મારા ભાયો.

ભીંડી વા'ડવા જવાં મારા ભાયો
    ભીંડી વાડવા જવાં મારા ભાયો,
ભીંડી વા'ડી પાઈડી મારા ભાયો
    ભીંડી વાડી પાઈડી મારા ભાયો.

ભીંડી બોળવા જવાં મારા ભાયો
    ભીંડી બોળવા જવાં મારા ભાયો,
ભીંડી બોળી પાઈડી મારા ભાયો
    ભીંડી બોળી પાઈડી મારા ભાયો.

ભીંડી કા'ડવા જવાં મારા ભાયો
    ભીંડી કા'ડવા જવાં મારા ભાયો,
ભીંડી કા'ડી પાઈડી મારા ભાયો
    ભીંડી કા'ડી પાઈડી મારા ભાયો.

## ૨૩

ઝીણી ખરમદલી[46] મો'રેલી હો રાજ
    ઝીણી ખરંમદલી.
વેવોઇણ ખરમદલાં ખાવા આઈવી હો રાજ
    ઝીણી ખરમદલી.
ભોજાઈ ખોળો વાળીને ઉપર ચઇડી હો રાજ
    ઝીણી ખરમદલી.

---

૪૬ કરમદી.

ઈને[૪૭] ખરમદલ્લીનો કોંટો વાઈગો હો રાજ
ઝીણી ખરમદલી.
ઈને કોંટો વાઈગો ને વાયાં ચઈડાં[૪૮] હો રાજ
ઝીણી ખરમદલી.
ઈને કયો ભઈ વાયાં વાળે હો રાજ
ઝીણી ખરમદલી.
ઈને........ભઈ વાયાં વાળે હો રાજ
ઝીણી ખરમદલી.
ઈને કોરે[૪૯] રુમાલે વાયાં વાળે હો રાજ
ઝીણી ખરમદલી.

૨૪

ઈઘોરી[૫૦] રોઈણુ મે[૫૧] રોઈણાં પાઈકાં રે,
............રોઈણા ખાવા પઈડકી રે,
રોઈણાં ખાધાં ન ઇને ઊડા ચાલે રે,
ઊડા[૫૨] ચાલે ને ઇને ચૂંકા ચાલે રે,
છોની મોની બેસ તને છાશ પામ રે.

૨૫

પારેસ[૫૩] ઉંબેરો[૫૪] પાઈકો રે, લૂંબે ને ઝૂંબે,
વેવોંણુ ઉંબેરાં ખાવા પઈડકી રે,[૫૫] લૂંબે ને ઝૂંબે.
વેવોંણુ ઉંબેરાં ખાવા આઈવી રે, લૂંબે ને ઝૂંબે.
ઉંબેરાં ખાધાં ન ઉંડા ચાઈલા રે, લૂંબે ને ઝૂંબે!

૨૬

કયા તે ગોમની ગાયો રે ચાલો મોરી ગાયો,
........તે ગોમની ગાયો રે ચાલો મોરી ગાયો,
ગાયોમેં કોણુ છે અરારી રે[૫૫] ચાલો મોરી ગાયો,
ગાયોમેં............. અરારી રે ચાલો મોરી ગાયો,
ગાયોમેં કયા ભઈ રખવાળ રે ચાલો મોરી ગાયો,
ગાયોમેં.........ભઈ રખવાળ રે ચાલો મોરી ગાયો,
ઓંકી[૫૬] ઠોકી[૫૭] ગોંદરે બેસાડી રે ચાલો મોરી ગાયો.

---

૪૭ એને, ૪૮ વાયુ ચઢવું-ચક્કર ચઢવું, બેભાન થવું, ૪૯ કોરો-નવો. ૫૦ ઇઘોરી, અઘોરી? ૫૧ રાયણોના ઝાડમાં-ઝુંડમાં, ૫૨ ઊંદા-ગોટા-પેટમાં દુઃખવું, ૫૩ પારસ, ૫૪ ઉમરડો, ૫૫ હરાયી, ૫૬ હાંકી, ૫૭ મારીને.

## ૨૭

કાછલોમે[૫૮] ઓળાં[૫૯] જોઈ ાં ન, પોણી રેલાં છેલાં રે,
વેવાંણુ પોણી વે'લી લાય
તારો માટી તરસો થાય ન, પોણી રેલાં છેલાં રે,
કાછલોમે ઓળાં જોઈડ઼ાં ન, પોણી રેલાં છેલાં રે,
વેવાંણુ ભાત વે'લી લાય
તારો માટી ભૂઈખો થીયો ન, પોણી રેલાં છેલાં રે.

## ૨૮

લીલા પીળા વોંસડ઼િયા[૬૦] વડાવો ભોળી નાયકી,
ઓંબા દળીનાં[૬૧] પાટિયોમે નાઈખી.[૬૨]
......નાં ભંજયાં[૬૩] તેડ઼ાવો ભોળી નાયકી,
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.
તીની[૬૪] તે સળીઓ પડ઼ાવો ભોળી નાઈકી,
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.
ઝીણી મોટી સળીઓ પડ઼ાવો ભોળી નાઈકી,
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.
તીની તે કંડુલી[૬૫] ગૂંથાવો ભોળી નાઈકી,
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.
લે.................ડોકડિયા ભોળી નાયકી
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.
કંડુલીમે મેડ઼ી[૬૬] મેડ઼ી થાલે ભોળી નાયકી,
ઓંબા દળીનાં પાટિયોમે નાઈખી.

## ૨૯

લીલા પીળા વોંસડ઼િયા વડ઼ાવો રે
રઘુડ઼ો ચૂડ઼ી બંધવેલો.
.........નું ભંજયું તેડાવો રે
રઘુડ઼ો ચૂડ઼ી બંધવેલો.
તીની તે સળીઓ પડ઼ાવો રે
રઘુડ઼ો ચૂડ઼ી બંધવેલો.
ઝીણી મોટી સળીઓ પડ઼ાવો રે
રઘુડ઼ો ચૂડ઼ી બંધવેલો.

---

૫૮ કાચલા-નદીકાંઠાની જમીન, ૫૯ હળો-બ.વ, ૬૦ વાંસ-બ.વ, ૬૧-૬૨ અર્થ સમજાતો નથી, ૬૩ ભંગી-બ.વચન, ૬૪ તેની, ૬૫ નાનો કરંડિયો ( માછલાં ઘાલવાનો ), ૬૬ મરડી.

તીની તે કંકુલી ગૂંથાવો રે
રઘુડો ચૂડી બંધવેલો.
કંકુલીમેં કેનો કેનો વાસ રે
રઘુડો ચૂડી બંધવેલો.
કંકુલીમેં..........નો વાસ રે
રઘુડો ચૂડી બંધવેલો.
પછવાડે કયા ભઈ પેઠા રે
રઘુડો ચૂડી બંધવેલો.
પછવાડે..........ભઈ પેઠા રે
રઘુડો ચૂડી બંધવેલો.
કંકુલીમેં ધમરોળ વાઇરી રે
રઘુડો ચૂડી બંધવેલો.

## ૩૦

સાયભા રેતીમેં બંગલો બંધાવી દેંમ,[૬૭]
બંગલો બંધાવી દેંમ જાળીઓ મેલાવી દેંમ,
સાયભા રે રેતીમેં બંગલો બંધાવી દેંમ.
જાળિયો મેલાવી દેંમ બારીઓ મેલાવી દેંમ,
સાયભા રે રેતીમેં બંગલો બંધાવી દેંમ.
બારીઓ મેલાવી દેંમ......બોલાવી લેંમ,
સાયભા રે રેતીમાં બંગલો બંધાવી દેંમ.
......બોલાવી લેંમ હેઠી બેસાડી દેંમ,
સાયભા રે રેતીમેં બંગલો બંધાવી દેંમ.
હેઠી બેસાડી દેંમ ઝોણી વાઇતો[૬૮] પૂછી લેંમ,
સાયભા રે રેતીમેં બંગલો બંધાવી દેંમ.

## ૩૧

રીંગણી ઠાંણેલી[૬૯] વડીઓમેં,[૭૦]
ભૂરી ભટ રીંગણી.
........આવેલી વડીઓમેં,
ભૂરી ભટ રીંગણી.
કયા ભઈએ તેડી વડીઓમેં,
ભૂરી ભટ રીંગણી.
......ભઈએ તેડી વડીઓમેં,
ભૂરી ભટ રીંગણી.

---

૬૭ દઉં, ૬૮ વાતો, ૬૯ રીંગણી, ૭૦ વાડીમાં.

શું કરવા તેડ઼ેલી વડ઼ીઓમે',
ભૂરી ભટ રીંગણી.
બેસવા તેડ઼ેલી વડ઼ીઓમે',
ભૂરી ભટ રીંગણી.
બેસણાં બેસેલાં વડ઼ીઓમે',
ભૂરી ભટ રીંગણી.

### ૩૨

ઝીણી મકોડ઼ોની હાઈર રે, ઓ મકોડ઼ા લાલ,
ભોજાઈ......નથી આઈવી રે, ઓ મકોડ઼ા લાલ,
ભોજાઈ આવતેલી દેખું રે, ઓ મકોડ઼ા લાલ,
ભોજાઈ કયા ભાઈએ તેડ઼ી રે, ઓ મકોડ઼ા લાલ.

### ૩૩

ભીંતે દિવેલિયું રે, સોમી સોંજેનું રે,
.........આવેલી રે, સોમી સોંજેનું રે,
...ભાઈએ તેડ઼ી રે, સોમી સોંજેનું રે.

### ૩૪

લીલુડ઼ી ઘોડ઼ીને ભાયો પિતળિયા પલોણ,[૭૧]
ચઈડ઼ે ઘોડ઼ે[૭૨] ભાઈને નીંદરેણી[૭૩] આવે.
.........બોલાવે ભાયો બોલવું પડ઼ે,
ચઈડ઼ે ઘોડ઼ે ભાઈને નીંદરેણી આવે.
વચને બંધાયો ભાયો બોલવું પડ઼ે,
ચઈડ઼ે ઘોડ઼ે ભાઈને નીંદરેણી આવે.
શું કરવા બોલાવે ભાયો બોલવું પડ઼ે,
ચઈડ઼ે ઘોડ઼ે ભાઈને નીંદરેણી આવે.

### ૩૫

રાઈતની[૭૪] ગળેલી રતુગળ[૭૫] મોવડ઼ી,
............આવેલી રતુગળ મોવડ઼ી,
કયા ભાઈ જેલા રતુગળ મોવડ઼ી,
.........ભાઈ જેલા રતુગળ મોવડ઼ી,
મોવડાં [વીણેલાં રતુગળ મોવડ઼ી.

---

૭૧ પલાણ, ૭૨ ચઢ્યે ઘોડે—ઘોડા ઉપર, ૭૩ નીંદરડી, ૭૪ રાતની, ૭૫ રાત્રે મહુડાં ગળે તેવી મહુડી.

३६

સાતે કુવલીયોની વાડી ઓ...
સોરંગ[૭૬] લાઈગો.
કાખોમેં બેડ઼લાં ઘાઈલાં ઓ...
સોરંગ લાઈ ગો.
સરોવર પોણીલાં સધાઈરી ઓ...
સોરંગ લાઈ ગો.
પછવાડે કયા ભઈ ધાયા ઓ...
સોરંગ લાઈ ગો.
પછવાડે........ભઈ ધાયા ઓ...
સોરંગ લાઈ ગો.
છીનીઆમેં[૭૭] બેડ઼લાં મેલાઈવાં ઓ...
સોરંગ લાઈ ગો.
ચોટલે ઝાલીને ઢહરી પાઈડ઼ી ઓ...
સોરંગ લાઈ ગો.
તોં તને ડુસકે રડ઼ાઈવી ઓ...
સોરંગ લાઈ ગો.

૩૭

ગોબરેશી[૭૮] આંબો મો'રેલો રે,
ભીલભાઇ નાગોરી મોમલો.
......'લા કેરી લેવા આઈવી રે,
ભીલભાઈ નાગોરી મોમલો.
સાત કેરીની લૂમ તોઈડ઼ી રે,
ભીલભાઈ નાગોરી મોમલો.
આંબે કયો ભઈ રખવાળ રે,
ભીલભાઈ નાગોરી મોમલો.
પછવાડે કયો ભાઈ ધાયો રે,
ભીલભાઈ નાગોરી મોમલો.

૩૮

[ માકણી સંખેડા તાલુકાનું ગામ છે. તે સંખેડાથી ૭ કિલોમીટર પૂર્વમાં આવેલું છે. વડોદરા જિલ્લાનું એ માકણી ગામ ઐતિહાસિક મહત્તા ધરાવે છે. માકણી નામ કેવી રીતે પડયું તેની રસિક દંતકથા છે. માકણીમાં એક મોટું વૃક્ષ હતું. તેના પોલાણમાં માંકડ ખૂબ રહેતા હતા.

૭૬ સોડમ, ૭૭ એક જાતની નદીકાંઠાની વનસ્પતિ, ૭૮ ગોબરો—સુંદર ઘટાદાર.

દિવસે ઝાડમાં ભરાઈ રહે અને રાત્રે ગામમાં આવે. જેને ત્યાં જાય તેનું લોહી પી જઈને ખલાસ કરી નાખે. એના ત્રાસથી લોકો માકણી છોડીને નાસી ગયા. એક દિવસે એક બાવાજી આવી ચડ્યા. ગોવાળોએ કહ્યું કે, 'મહારાજ ! અહીં મુકામ ના કરશો, માંકણ તમોને મારી નાખશે.' પણ બાવાજીએ તો ત્યાં જ મુકામ કર્યો. લાકડાં વીણી લાવીને ગોળાકાર શીંકી દીધાં. વચમાં પોતાનો મૂકામ રાખ્યો. રાત પડી અને લાકડાંની ધૂણી સળગાવી દીધી. સમ સમ અવાજ કરતા માંકડોની હાર ને હાર આવવા લાગી. બાવાજી આ માંકડ-લશ્કરને જોઈ જ રહ્યા. દેવતા આગળ માંકડનું કંઈ જોર ચાલ્યું નહિ. બધા પાછા વળી ગયા. સવાર થયું. બાવાજીએ ઝાડના ફરતાં લાકડા શીંકી દઈ આગ મૂકી. ઝાડ સાથે માંકડો પણ મરી ગયા. ત્યારથી ગામનું નામ માકણી પડ્યું. આ દંતકથાના આધારે આ ગીતમાં માકણીના માંકડનો ઉલ્લેખ છે. ]

અલા મોંકણીથી છૂઈટો આઈવો મારો મોંકણ,
જરી એકે જપવા દીજો રે.
અલા વેવાઈનું ઘર પૂછી જુવે મારો મોંકણ,
જરી એકે જપવા દીજો રે.
અલા......નું ઘર પૂછી જુવે મારો મોંકણ;
જરી એકે જપવા દીજો રે.
અલા ઘેરી લીધું ......નું ઘર મારો મોંકણ,
જરી એકે જપવા દીજો રે.

૩૯

ડુંગર કોરી નીસરો રે ભમરો હો જી રે.
જઈ બેઠો....ને ઘેર મારો ભમરો હો જી રે.
....ના ઘરમેં પેંઠેલો મારો ભમરો હો જી રે.
ઘર ઘેરી ઘરમેં પેંઠેલો મારો ભમરો હો જી રે.

૪૦

અલા દરિયા પાળેથી આઈવું રે
ઝીણું રે ઝીણાભાઈનું[૭૯] જનાવરું.[૮૦]
અલા વેવાઈનું ઘર પૂછી જુવે રે
ઝીણું રે ઝીણાભાઈનું જનાવરું.

૪૧

હરિયું[૮૧] બેઠું રે હરિયું બેઠું ચણોને છાંટડે રે.
હરિયું બેઠું રે હરિયું બેઠું.........તારે ધાધરે.

૭૯ પાઠાંતર: ઝીણું રે ઝીણું મારું જનાવરું, ૮૦ પક્ષી, ૮૧ હડિયા બુલબુલ (?)

## ૪૨

સીસો સેવાળ પોણી છલમલ થાય છે.
...ને પખાઈલે[૮૨] પખાઈલે પોણી જાય છે.
થૂઈ તારે પખાઈલે પખાઈલે પોણી જાય છે.

## ૪૩

સંખેડે જેલો ઘોડો, થાકકો[૮૩] પરાઈગો રે[૮૪]
લાલે બંધુકડી.
ઓ ભોજાય........., ઊનાં પોણી મેલે રે
લાલે બંધુકડી.
ઓ ભોજાય........., ચોળી નવરાવે રે
લાલે બંધુકડી.
ઓ ભોજાય........., મઠચા હઠચા ભેળે રે
લાલે બંધુકડી.
ઓ ભોજાય......... ઘોડો ચંદી માંગે રે
લાલે બંધુકડી.
મડચા નથી ખાતો ઘોડો, ચણાની દાળ લાવે રે
લાલે બંધુકડી.

## ૪૪

અગાશી વીજળી કોં ઝલકે[૮૫]
કોં ઘોડો બોંધું,
...............નો ઘાઘરો કોં
કોં ઘોડો બોંધું.

## ૪૫

કોં ઘોડો બોંધું ’લી......
કોં ઘોડો બોંધું ’લી......
ખાટલે ઘોડો બોંધું ’લી......
ખાટલે ઘોડો બોંધું ’લી......

---

૮૨ પખાલે-મસ્તકે-મસ્તકમાં માય તેટલું. ૮૩ થાકચો, ૮૪ પાકચો, ૮૫ ચમકે.

### ૪૬

શેખોનો[૮૬] કાછલોમેં સૂએ જેલી રે
ભોળી મોજ નાઈકી.
......નું ઘાઘરું જુવૉન[૮૭] ખેચી જેલા
ભોળી મોજ નાઈકી.
સવારે ઊઠીને રાંડ માટીને[૮૮] પૂછે
ભોળી મોજ નાઈકી.
ઉં[૮૯] શું જોણું રાંડ કા'રે ખેચી જેલા
ભોળી મોજ નાઈકી.

### ૪૭

તાડ્ની મૉરી ફૂલેલી, મોતીસંગ રાજા,
કે' દા'ડ્ડાની....ફૂલેલી, મોતીસંગ રાજા,
ફૂલીને ફૂલક ચડેલી, મોતીસંગ રાજા.

### ૪૮

વાસેલમેં[૯૦] રમતી મેલેલી, ઓ વેવાઈ તારી છોરી
વાસેલમેં રમતી મેલેલી, રે લોલ.
વાસેલી ઢળિયાં[૯૧] ભાંગી નાઈખાં, ઓ વેવાઈ તારી છોરી
વાસેલી ઢળિયાં ભાંગી નાઈખાં રે લોલ.
હટેળી[૯૨] બંધીયે[૯૩] બાંધેલી, ઓ વેવાઈ તારી છોરી
હટેળી બંધીયે બાંધેલી રે લોલ.
હટેળી બંધ તોડી નાઈખો, ઓ વેવાઈ તારી છોરી
હટેળી બંધ તોડી નાઈખો રે લોલ.

### ૪૯

તૂરી તુવેર તારાં કરોંઠી વીણાવું રે
તૂરી બંધવેલો.
ઑલી ઓ...., તારી કાચી જુવોની રે
તૂરી બંધવેલો.

---

૮૬ શેખ પાટીદારો : સંખેડા તાલુકાના વડેલી ગામે ઇસ્લામ અને હિંદુ બંને ધર્મોમાં માનદાર શેખ પાટીદાર રહે છે. ૮૭ જુવાન, ૮૮ પતિ, ૮૯ હું, ૯૦ વાસલ—પડતર રાખેલી જમીન, ૯૧ ઢેફાં, ૯૨ સાટોડી, ૯૩ બંધ—છાલનું દોરડું.

૫૦

સાગની સોટી, શીશમની ડોંડી રે, ઓ સનગીવાળા,
મારું દલ ઑબલે ગુંજારા મારે રે લોલ.

[ આ ગીત વખતે થતો નાચ તારાપુર તા. જબુગામમાં જોવા મળ્યો. આ બાજુ ગીત પ્રમાણે નાચ બદલાય છે. સૂરત તરફ આદિવાસીઓનું 'છો ચાળા' નૃત્ય છે. તેવું અહીંના નૃત્યોમાં છે. નાચની ચાલને 'ચાળા' કહે છે. નૃત્ય એક પણ 'ચાળા' બદલાય એમ અહીંના આદિવાસીઓ પૂછતાં જણાવે છે. આ ગીત વસંત નૃત્યગીત છે અને શિયાળામાં કન્યાઓ ગાય છે. ]

૫૧

મારો લીલીપીળી પોંખનો પોપટો હે રી લાલ !
રાતી ચોંચનો હરિયાળું !
વેવાણીનું ઘર પૂછી જુવે હે રી લાલ !
રાતી ચોંચનો હરિયાળું !
ઘર ઘેરી ઘરમેં પેઠેલું હે રી લાલ !
રાતી ચોંચનો હરિયાળું !

૫૨

આ તેડે ઓઈરો[૯૪] બાજરો 'લા ભીમજી !
પેલી તેડે ઓઈરો મસૂર
કલિયાં[૯૫] પે'રે તો ઓરી આવે 'લી વેવોણ !
કલિયાં પે'રાનું જુગ જાય ![૯૬]

૫૩

[ આ ગીત[૯૭] માત્ર પુરુષો જ ગાય છે. તડવી ઉપરાંત તળબદા કોળીમાં પણ ગવાય છે. ]

નદી કિનારે રે ધૂળી બગલી[૯૮] ચરે,
ધૂળી બગલી ચરે,
મછિયાં[૯૯] વીણી ચૂંટી ખાય...
બડી મછીનો કાંટો રે લગિયો,
તલપ તલપ જીવ જાય...

---

૯૪ ઓર્યો—વાવ્યો, ૯૫ કડલાં, ૯૬ પળ જાય છે—સમો જાય છે—અવસર જાય છે. ૯૭ આ ગીત જેવું રાઠવા કોળીમાં ગવાતું ગીત: સરખાવો સ્વાધ્યાય પુ. ૪, અંક ૪, પૃ. ૪૬૩. ૯૮ સારસ જેવા રંગનું બગલું, ૯૯ માછલાં.

ઘાંચિડ઼ાની છોરી રે ઓટલે બેસીને ગોળ ખાય,
ઓટલે બેસીને ગોળ ખાય,
ખાતી રે ખાતી ઢસરી રે પઈડ઼ી,
ઘાંચિડ઼ો ફૂટે પે......ટ !
કીડ઼ીને પગે રે ઝમ્મ ઝાંઝરિયું,
ઝમ્મ ઝાંઝરિયું,
ભરી સભામેં છૂટી રે પડિયું,
એણી[100] ખોડંગતી[101] જા...ય !

## કુદણિયુંનાં ગીતો

### ૧

ડુંગરીએ રે જીરું વાવેલું,
વાસેલમેં રે મેથી વાવેલી.[102]
પેલી વેવૉણ હ઼રારી રે હ઼રીચરી જાય.
ડુંગરીએ રે જીરું વાવેલું,
મારા ભાયોની બાઈડ઼ી રે હ઼રીચરી જાય,
ડુંગરીએ રે જીરું વાવેલું.

### ૨

ચલ ગૉરી રે હ઼ીરાવાળી ટોપી.
કે' વેવૉણ રે કયો તારો માટી ?
કે' વેવૉણ રે વૉણિયો તારો માટી ?
ચલ ગૉરી રે હ઼ીરાવાળી ટોપી.
કે' વેવૉણ રે કયો તારો માટી ?
કે' વેવૉણ રે ગાડ઼ીવાળો તારો માટી ?

### ૩

એ મેથી વાવેલી રે વડ઼ીયોમેં
ધંધો પૉણી રે વડ઼ીયોમેં.
એ વેવૉણ આવેલી રે વડ઼ીયોમેં
ધંધો પૉણી રે વડ઼ીયોમેં.

---

૧૦૦ હ઼રણી, ૧૦૧ ખોડી ખોડી ચાલતી જાય, ૧૦૨ પાઠાંતર: સંખેડા મેવાસના ભીલોનો પાઠ: 'મળિયાં વાવેલાં'

એ શું કવા[૧૦૩] આવેલી રે વડીયોમેં
ધંધો પોણી રે વડીયોમેં.
એ કયે ભાયે તેડી રે વડીયોમેં
ધંધો પોણી રે વડીયોમેં.

૪

કણઝીનું[૧૦૪] ડાળું[૧૦૫] દાબેલું 'લા
સાગેરી[૧૦૬] સોટો 'લા ભોંણજું.
વેવોણ તો આવું આવું કરે 'લા
સાગેરી સોટો 'લા ભોંણજું.
કયો ભય તો લાવું લાવું કરે 'લા
સાગેરી સોટો 'લા ભોંણજું.

૫

ઝાડોમેં ગુણચારી બલાડો
વેવોણ પોણી નુ[૧૦૭] જાઈશ
તારો માટી બલાડો.

૬

હાલો હાલો લુવારી મારાં દાભીયાં રે.[૧૦૮]
પેલી..., ..., કેય છે એ શું સગી લાગે ?
લુવારી મારાં દાભીયાં રે.
એ તો સગા ભાઈની બાઈડી,
લુવારી મારાં દાભીયાં રે.

---

૧૦૩ શું કરવા, ૧૦૪ કણઝી-વૃક્ષ, ૧૦૫ ડાળ, ૧૦૬ સાગનો (વૃક્ષ), ૧૦૭ ના, ૧૦૮ દાભીયાં-પગનાં કલ્લાં ?

ટીપ: (૧) ખાલી જગ્યામાં નામ મૂકાય છે. (૨) ડ઼નો 'દોડવું' ના ડ જેવો ઉચ્ચાર ગણવો. હ઼ નો અ જેવો ગણવો.

# નગરનિર્માણના કેટલાક પ્રશ્નો

**બાલકૃષ્ણ વી. દોશી**

ભારતનાં નગરોનો એક પ્રશ્ન એના ઇતિહાસમાંથી ઊભો થાય છે. દિલ્હી લ્યો કે અમદાવાદ લ્યો એ બંને ઐતિહાસિક નગરો છે. દિલ્હી તો હજારો વર્ષથી બંધાતું રહેલું શહેર છે, અને અમદાવાદ નગરની રચના તો સેંકડો વર્ષોથી જ્યારે એના વાસ્તુશાસ્ત્રીઓએ વિચારી હશે, ત્યારે પોતાના જમાનાની જરૂરિયાતો અને સમાજની સુખસગવડ ધ્યાનમાં રાખી તે કરાઈ હશે.

રાજાઓનું રાજ્ય હોય કે સુલતાનોનો અમલ હોય પણ બધામાં લક્ષ્ય તો નગરને સુખાકારી અને સોહામણું બનાવવાનું રહેતું. સમાજમાં જ્ઞાતિવ્યવસ્થા હતી તો તે તે જ્ઞાતિઓને સાથે રહેવામાં સગવડ પડે એ રીતે નગરનું વિભાજન વાસોમાં થતું. આ નગરજનોના ઉદ્યોગ અને વેપારનું પણ આ રચનામાં ધ્યાન અપાતું. કારીગર વર્ગો પોતાની કારીગરીનાં કામ પોતાના વાસમાં રહીને કરી શકે એવી સગવડ હતી, અને તેથી દૂર કામ માટે જવા-આવવામાં સમય બગડતો ન હતો. સોની સોનીવાસમાં, સુથાર સુથારવાડામાં, લુહાર લુહારવાડામાં, કુંભાર કુંભાર-વાડામાં, વણકર વણકરમહોલ્લામાં કામ કરે. આ બધાનો વિનિમય કરવા માટે બજારોની રચના થતી. આ બજારોમાં નગરનો ઉત્પન્ન થતો માલ લેવાય અને વેચાય. બહારનાં સ્થળોથી આવતો કાચો માલ કારીગરોને ત્યાંથી મળે. કારીગરોને પરદેશોમાંથી આવતી પોતાના હુન્નરની ચીજો જોવા મળે. આમાંથી નવું નવું શીખાય અથવા એની સ્પર્ધા પણ થાય. આમ વસવાટ અને વેપાર-ઉદ્યોગ સંકળાયેલા રહેતા.

ગૃહોની રચનાઓ પણ તે તે આર્થિક સંપત્તિને પોષાય અને આબોહવાને અનુરૂપ અને રહેણીકરણીને અવકાશ મળે એ રીતે થતી.

નગરના માર્ગોની ભૂમિતિ પણ બુદ્ધિપૂર્વક વિચારાતી; અને તેમાં લોકોને વ્યવહારની સરળતા પડે એ ધ્યાનમાં રાખવામાં આવતું.

પ્રાચીન પરંપરા પ્રમાણે જલાશયોના સાંનિધ્યમાં ગ્રામ અને નગરોની સ્થાપના થતી. બારે માસ વહેતી નદીઓના કાંઠે અગર જ્યાં નદીઓ સમુદ્રને મળે એવા મુખ આગળ નગરો બંધાતાં. જ્યાં કુદરતી જલસાધનોથી સ્થળ દૂર હોય ત્યાં મોટાં સરોવરો બંધાતાં અને મહોલ્લામાં કૂવા, વાવ કરાતાં.

માણસની અન્ન પછી મોટામાં મોટી જરૂરની વસ્તુ પાણી છે. પ્રાચીન નગરોમાં આ બાબતો ઉપર સવિષેશ ધ્યાન અપાતું હોય એમ લાગે છે.

આ જ પ્રમાણે નગરના આનંદપ્રમોદનાં સાધનો, ઉદ્યાનો, વાડીઓ, બગીચાઓ શહેરના કયા કયા જુદા જુદા ભાગોમાં હતાં, એનો ઇતિહાસ પણ જોવામાં આવે તો જણાઈ આવશે,

કે લોકોને ફરવા, હરવા, ખેલવા, ઉજાણી કરવાની કેવી સગવડો હતી. આમાં પશુઓને પણ ધ્યાનમાં રાખવામાં આવતાં.

માનવોના ધાર્મિક જીવનને સંતોષવા તે તે સંપ્રદાયોનાં મંદિરો અને મસ્જિદો પણ એવી રીતે બાંધતાં કે, લોકો સરળતાથી ત્યાં જઈ શકે, પૂજાપાઠ કરી શકે કે નમાજ પઢો શકે અને વાર્તાવિનોદ અને કલાઓનો આનંદ પણ લઈ શકે, અને છતાં પરસ્પર સાંપ્રદાયિક સંઘર્ષ બને ત્યાં સુધી દૂર રહે.

રાજકીય દૃષ્ટિએ અને સંરક્ષણની દૃષ્ટિએ પણ એ જમાનાના જોખમને ધ્યાનમાં રાખી કોટ, કિલ્લા, અદાલતો વગેરે ગોઠવતાં.

એ જમાનાનાં વાહનો ઘોડા, ઘોડાગાડી, બળદનો શિગ્રામ કે રથ અને પાલખી આ બધાઓના અવરજવરની સુલભતા અને સરળતા નગરના માર્ગોમાં રહેતી.

આમ પ્રાચીન વાસ્તુશાસ્ત્રીઓ, મહાજનો અને તત્કાલીન સરકારો નગરની રચના પોતાની જરૂરિયાતોને અનુરૂપ રહે એમ બુદ્ધિપૂર્વક કરતા કરાવતા.

આ બધું ઇતિહાસના સંજોગે બદલી નાખ્યું. જ્યાં ઘોડાગાડી કે બળદગાડી ફરતાં ત્યાં મોટરોની દોડધામ મચી છે. જ્યાં હસ્ત-ઉદ્યોગની વ્યાપકતા હતી, ત્યાં યંત્ર-ઉદ્યોગનું પ્રાબલ્ય મૂંઝવી રહ્યું છે.

જે માણસો પોતાના ઘરમાં કે પોતાના વાસમાં રહીને કામ કરી શકતા તેમને આજે પોતાના રહેઠાણથી દૂર દૂર કામ કરવા જવું પડે છે. યંત્ર-ઉદ્યોગની જરૂરિયાતો પૂરી પાડવા ગામડે ગામડેથી હજારોની સંખ્યામાં મજૂરોની આયાત થાય છે. આ બધાઓમાંના ઘણા મોટા ભાગને તેમના વતનમાં કમમાં કમ પોતાનું ઝૂંપડું તો હતું જ. એ બધાને નગરોની ચાલીના ગંદા વસવાટમાં રહેવાની સ્થિતિ ઊભી થઈ. પરિણામે વધતી જતી ગંદકી, માખીમચ્છરોના ત્રાસ અને તંદુરસ્તીને વિઘાતક પરિસ્થિતિ ઊભી થઈ.

ચાલીઓના આ વસવાટોએ માનવોના નૈતિક જીવન પર પણ ઊંડી અસર કરી છે,

પૈસા કમાવવાની તરકીબો વધવાથી ચાલીઓમાં રહેતા માણસો પાસેથી વધારેમાં વધારે પૈસા કેમ પડાવાય એ ચાલીઓના માલિકોનું ધ્યેય હોય છે. આ નવા યંત્ર-ઉદ્યોગોને કારણે નગરોની વસ્તી પણ અકલ્પ્ય રીતે વધી રહી છે. એમાં વળી જન્મપ્રમાણ વધતાં, મૃત્યુપ્રમાણ ઘટતાં બીજી દિશાથી વધારો થવા લાગ્યો છે.

જે માર્ગો મુખ્યત્વે માનવ અને પશુઓને માટે હતા, ત્યાં મોટરો વધી પડી, માનવો વધી પડ્યા અને અમદાવાદ જેવામાં તો હજુ એ જ માર્ગોમાં પશુઓનું હલન-ચલન ચાલુ રહ્યું.

આમાંથી આપણા નગરના પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. મજૂરો અને કારીગરોને પોતાના કામ કરવા દૂર દૂર જવું પડે છે, અને એમાં એમનો સમય, શક્તિ અને પૈસા જે ન ખર્ચાવા જોઈએ તે ખર્ચાય છે.

શહેરમાં વેપાર-ઉદ્યોગ આદિની જરૂરિયાતો પૂરી કરવા જતાં નગરનાં ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓ માટે અવકાશ રહ્યો નથી. ઉદાહરણ તરીકે, મુસ્લિમ જમાનામાં ભદ્રથી ત્રણ દરવાજા સુધી જે બગીચા અને ફૂવારા હતા અને જેને લઈને એ સ્થળને હજી પણ કારંજ કહેવાય છે, તેની જગ્યાએ શ્વાસ લેવાને પણ પૂરતી જગ્યા રહી નથી. લોકોને આનંદ-પ્રમોદ કરવા માટે હવે પોતાના વસવાટોથી ઠીક ઠીક દૂર જવાની જરૂર પડે છે, જે ફક્ત સાધનસંપન્ન માણસો જ કરી શકે.

વસ્તી વધવાના પ્રમાણમાં યોગ્ય મકાનો વધારી શકાયાં નહિ અને પરિણામે પાણી, સફાઈ, સુધરાઈ, વગેરેની ટાંચ પડવા માંડી; વળી જમીનોની કિંમત વધી જવાને લીધે એના ઉપર બંધાતાં નવાં મકાનોમાં પણ આબોહવા, સ્વચ્છતા, સુઘડતાને માટે કરવાના ખર્ચને પણ ટાંચા પડયા. પરિણામે શહેરનું જીવન એટલે સતત રોગચાળાના જોખમનું અને માર્ગ ઉપર અકસ્માતના જોખમનું જીવન બની ગયું છે. આમ જો કે પ્રશ્ન વિકટ બને છે, એટલે એનો કોઈ ઉપાય નથી એમ ન કહેવાય.

વર્તમાન જીવનની જરૂરિયાતો, સાધનો, સર્વજનનું સુખ, આ બધું લક્ષમાં રાખી જૂના શહેરોમાં ઉચિત પરિવર્તનો થઈ શકે છે.

આ દષ્ટિએ નવી રચના કેમ થઈ શકે તેનો વિચાર કરીએ.

સૌ પ્રથમ તો આર્થિક અને રાજકીય વિચારસરણીમાં પરિવર્તન થવાની જરૂર છે. અમુક નગરોમાં ઉદ્યોગ કેન્દ્રિત થાય અને તેને કારણે આજુબાજુના પ્રદેશોમાંથી વસ્તીનો ધસારો થાય તે રોકવા ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ થવું જોઈએ. સાથે જ જેમને નગરમાં રહેવાની જરૂર નથી એવાં વિદ્યાધામોને અને વિજ્ઞાનનાં કેન્દ્રોને પણ આજુબાજુના પ્રદેશમાં વિસ્તારી લેવા જોઈએ. કુટુંબનિયોજનથી વસ્તીવધારાના અને એવા બીજા નગરના પ્રશ્નોને પહોંચી શકાય તેવી ભૂમિકા તૈયાર થાય.

જૂનાં નગરોની રચનાની મર્યાદામાં રહીને પણ એમાં નવાં પરિવર્તનો કરી શકાય છે; જેમ કે માર્ગોનું વિતરણ એવી રીતે થાય કે, જેથી પગે ચાલનારની અને વાહનોની પણ સગવડ સચવાય, અને જ્યાંથી ઉદ્યાનો, સરોવરો, મંદિરો, મસ્જિદો તરફ સરળતાથી જઈ શકાય, તથા જે તે સ્થળેથી માણસ કામધંધા ઉપર પણ ઓછા શ્રમે, ઓછા વખતે અને ઓછા ખર્ચે જઈ શકે.

પ્રાચીન કાળમાં જેમ નગરોની આજુબાજુ વેપાર, ઉદ્યોગ અને શિક્ષણનાં નવાં કેન્દ્રોની આજુબાજુ ઉપનગરો રચી શકાય, જેથી મુખ્ય નગરમાં થતો ભરાવો અટકે અને ઉપનગરોમાં અવકાશ જેવું રહે.

પણ પ્રશ્ન એ થાય કે, આ કરે કોણ ?

જેમને આ લાભ લેવાનો છે, એ જનમુસદાયે જ આની માગણી કરવી જોઈએ, અને પોતાનો સહકાર આપવો જોઈએ.

નવરચનાના સમગ્ર કામને વ્યવસ્થિત અને ક્રમબદ્ધ રાખવા માટે નગરપાલિકાઓએ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નગરપાલિકાઓએ રાજકારણની કે જ્ઞાતિવાડાની પક્ષાપક્ષીમાંથી મુક્ત રહેવું જોઈએ. નગરપાલિકાને જાગતી રાખવા માટે નાગરિકમંડળો સ્થાપવાં જોઈએ, જેમાં ભાવિ યોજનાઓનો સમજપૂર્વક વિચાર કરી શકનારા તથા યોજનાને અમલમાં મૂકવાની વ્યવહારુ શક્તિવાળા અને કોઈને ગેરલાભ ન થાય તે જોવાની ન્યાયબુદ્ધિવાળા નાગરિકો હોવા જોઈએ.

સંક્ષેપમાં પ્રાચીન કાળમાં જેમ રાજાઓ, બાદશાહો, મહાજનો નવનિર્માણમાં વાસ્તુ-શાસ્ત્રીઓની સલાહસૂચનાઓને આદરપૂર્વક અમલમાં મૂકવાનો આગ્રહ રાખતા હતા, એમ હાલના તે તે કેન્દ્રના નિષ્ણાતોની દોરવણીને માન આપી તેનો અમલ કરવો જોઈએ; કારણ કે, હવે આ દિશાનાં વિજ્ઞાન અને કલાસ્વરૂપ એટલાં બધાં વિવિધ અને જટિલ છે કે નગરોનાં નવનિર્માણ ફાવે તેમ કરી શકાતાં નથી.

# અમરેલી આજુબાજુના વિસ્તારની આર્થિક અને સામાજિક મોજણી

આર. વી. દેસાઈ

ભારતદેશ ગામડાંઓથી બનેલો છે અને ગ્રામક્ષેત્ર ભારતના અર્થકારણ અને રાજકારણનું હાર્દ છે. ભારતના દરેક નાગરિકને પોતાના દેશની વાસ્તવિકતા દર્શાવવાના હેતુથી અને ખાસ કરીને ભારતના ખેડૂતની આર્થિક અને સામાજિક હકીકતો રજૂ કરવાના હેતુથી આ મોજણી કરેલ છે. ખેતમજૂર અને અર્ધબેકારી આ બંને પ્રશ્નો વિકટ બન્યા છે ત્યારે અમરેલી આજુબાજુના વિસ્તારમાં જુદી જુદી દિશામાં આવેલાં—વિકસેલ અને વિકસતાં—ગામોની આર્થિક અને સામાજિક મોજણીનો આ અહેવાલ રસપ્રદ બનશે.

આ મોજણીની વિગતો ૧૯૬૯-૭૦ના વર્ષમાં મેળવવામાં આવેલ છે. મોજણી માટે સૅમ્પાલગ પદ્ધતિથી ઈશ્વરિયા, ગાવડકા અને મોટા આંકડિયા એમ ત્રણ ગામ પસંદ કરેલ છે. ગાવડકા સિવાયનાં બન્ને ગામો ફક્ત રોડમાર્ગથી જ સંકળાયેલ છે. આ દરેક ગામનું અમરેલીથી અંતર અનુક્રમે ૬ કિલોમીટર, ૯.૩ કિલોમીટર અને ૧૨ કિલોમીટર છે. ઈશ્વરિયા અમરેલીની પૂર્વ દિશાએ છે, જ્યારે ગાવડકા અને મોટા આંકડિયા પશ્ચિમ દિશા તરફ આવેલાં છે. દરેક ગામની વસ્તી અનુક્રમે ૮૮૧, ૧૨૧૭ અને ૫૩૦૪ છે.

"નાનાં અને ધૂળિયાં ગામડાંઓ તરફ અને ગ્રામીણ ક્ષેત્રમાં જે બને છે તેના તરફ વિકાસના અર્થશાસ્ત્રીઓ અને ટેક્નીશિયનો ભલે દુર્લક્ષ સેવે, પરંતુ આ વિસ્તારની ઘટનાઓ આગામી વર્ષોમાં એશિયા, આફ્રિકા અને લેટીન અમેરિકાના આર્થિક અને રાજકીય ઈતિહાસનું ઘડતર કરશે." ચેસ્ટર બોલ્સનું આ વિધાન ભારતના સંદર્ભમાં વિચારતાં જણાશે કે આઝાદીનાં ૨૨ વર્ષ પછી પણ ગ્રામીણ પ્રજાને શિક્ષણના અભાવે અને આર્થિક સાધનોની અસમાન વહેંચણીને લીધે આર્થિક તેમ જ રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત થઈ નથી, એ અંગેના પુરાવા આ અહેવાલમાંથી મળે છે.

આ મોજણી નીચે કુલ ૨૮૧ કુટુંબોને આવરી લેવાયાં છે:

| | | | | |
|---|---|---|---|---|
| ઈશ્વરિયા | ૪૯ | કુટુંબ | ૪૨૩ | વસ્તી |
| ગાવડકા | ૧૨૫ | કુટુંબ | ૯૦૪ | વસ્તી |
| મોટા આંકડિયા | ૧૦૭ | કુટુંબ | ૯૭૧ | વસ્તી |
| | ૨૮૧ | | ૨૨૯૮ | |

આ કુટુંબોની પસંદગી વખતે દરેક જ્ઞાતિનાં અને જુદા જુદા વ્યવસાયનાં કુટુંબોને આવરી લેવાય એ રીતે સૅમ્પલિંગ પદ્ધતિ અપનાવેલ છે. ૨૮૧ કુટુંબોમાંથી ૧૨૮ કુટુંબો સંયુક્ત છે અને ૧૫૩ કુટુંબો વિભક્ત છે. ઇશ્વરિયા ગામની વિશિષ્ટતા એ છે કે ત્યાં એક પણ હરિજન કુટુંબ નથી. તેથી સફાઈકામ દરેકે જાતે કરવું પડે છે.

### શિક્ષણ :

મોજણી નીચે કુલ ૨૨૯૮ વ્યક્તિઓ આવરી લેવાયેલ છે જેમાંથી મોટા ભાગના કણબી પટેલ છે. શિક્ષણક્ષેત્ર પર દૃષ્ટિ કરતાં જણાશે કે પુરુષ જાતિમાં ૬૬ ટકા અને સ્ત્રી જાતિમાં ૨૬ ટકા વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે અને ૧૧૫૯ બાળકોમાંથી ૨૧૨ બાળકો પાંચ વર્ષ નીચેના હોઈ અભ્યાસની વય સુધી પહોંચ્યાં નથી, બાકીનાંમાંથી ૪૦૧ બાળકો અભ્યાસ કરે છે.

આઝાદીનાં ૨૨ વર્ષ પછી પણ શિક્ષણક્ષેત્રનો વિકાસ બાલ્યકાળમાંથી પસાર થતો હોય તેવું ઉપરની હકીકત દ્વારા ફલિત થાય છે. ફક્ત ઊઘડતી કળીઓનો જ વિચાર કરીએ તો જણાશે કે અભ્યાસની વય પ્રાપ્ત કરી ચૂકેલામાંથી ફક્ત ૪૦ ટકા બાળકો જ અભ્યાસ કરે છે. આ એક દુઃખદ પરિસ્થિતિ છે.

શિક્ષણક્ષેત્રના ઓછા વિકાસ માટે અશિક્ષિત ગ્રામજનો જવાબદાર છે, કારણ કે મોજણી નીચેના દરેક ગામમાં બાલમન્દિર છે તેમ જ શાળા પણ છે. ઇશ્વરિયા અને ગાવડકામાં ૧ થી ૭ ધોરણ સુધીની શાળા છે, મોટા આંકડિયામાં ૧ થી ૧૦ ધોરણ સુધીની સગવડતા છે, અને મોટા આંકડિયા અને ગાવડકા બંને સર્વોદય-સંચાલિત હોઈ, ત્યાં બુનિયાદી શિક્ષણની સગવડતા છે. એટલું જ નહીં પણ ત્રણે ગામો જિલ્લાથી ખૂબ નજીક છે. તેથી જિલ્લામાં ચાલતી શિક્ષણ-સંસ્થાઓની સેવાનો લાભ પણ મેળવી શકે છે. આમ દરેક પ્રકારની સુવિધાઓ હોવા છતાં ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ ફક્ત ૧૬ છે. ઉચ્ચ શિક્ષણ પ્રત્યે કેટલાક વડીલો નારાજગી વ્યક્ત કરે છે. તેમનો હેતુ—"ઉચ્ચ શિક્ષણ લીધાં પછી છોકરાનું મન ખેતીમાં પરોવાતું નથી કે નથી નોકરી મળતી." આ ઉલ્લઝનમાંથી મુક્ત રહેવાનો છે; અને તેથી પોતાનાં બાળકોને શરૂઆતથી જ ખેતી-અભિમુખ કરે છે. પરિણામે ખેત-ઉદ્યોગ શિક્ષિત વર્ગનાં માર્ગદર્શન અને ટેક્નીકલ જ્ઞાનથી વંચિત રહેલ છે. ખેત-ઉદ્યોગની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય તેમ જ કેન્દ્ર સરકાર તરફથી જે રીતે ટેક્નીકલ સ્કૂલો ચાલે છે તેમ પ્રાથમિક શિક્ષણ પછી તરત જ ખેતી-વિષયક શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા અંગે વિચારવું ઘટે. આયોજનની સિદ્ધિઓ સીધી અને આડકતરી રીતે શિક્ષણક્ષેત્રના વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. વળી આ ક્ષેત્રના વિકાસ પાછળ જે ખર્ચ થાય છે તે પ્રમાણમાં ઘણો ઓછો છે. માટે "ફ્રી એજ્યુકેશન" તરફ ઉપરનો (આયોજનની સિદ્ધિ સંબંધીનો) દૃષ્ટિકોણ ધ્યાનમાં લઈ વિચારવા માટેનો સમય પાકી ગયો છે.

### ખેત-ઉદ્યોગ :

ત્રણે ગામોમાં કુલ ૬૮૧ ખાતેદારો છે, જેમાંથી ૧૭૨ ખાતેદારોને મોજણી નીચે આવરી લેવાયેલ છે. ત્રણે ગામની ખેડાણલાયક જમીન ૧૯,૩૮૦ વીઘાં છે જેમાંથી ૫,૦૩૦ વીઘાંનો મોજણીમાં સમાવેશ થાય છે.

ખાતેદાર કુટુંબ દીઠ ખેડાણલાયક જમીનનું પ્રમાણ ૨૮ વીઘાં છે, જ્યારે ખાતેદાર કુટુંબોની વ્યક્તિ દીઠ જમીનનું આ પ્રમાણ ૨.૪ વીઘાં છે.

ખેડાણલાયક જમીનની વહેંચણીમાં વિષમતા છે. તેનો ખ્યાલ નીચેના કોઠા ઉપરથી આવશે.

| જમીનનું પ્રમાણ વીઘાંમાં | કુટુંબની સંખ્યા | જે તે કુટુંબ દ્વારા ધારણ કરેલ જમીન | કોલમ નં. ૩ની ટકાવારી આશરે | કુટુંબોની ટકાવારી આશરે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ થી ૯ | ૨૯ | ૧૨૭ | ૩ | ૧૬.૫ |
| ૧૦ થી ૧૮ | ૩૬ | ૪૯૭ | ૧૦ | ૨૧.૨ |
| ૧૯ થી ૨૭ | ૪૧ | ૯૧૮ | ૧૮ | ૨૪.૨ |
| ૨૮ થી ૩૫ | ૨૨ | ૭૩૪ | ૧૪ | ૧૨.૭ |
| ૩૬ થી ૫૫ | ૨૨ | ૧૦૧૨ | ૨૦ | ૧૨.૭ |
| ૫૫ થી ઉપર | ૨૨ | ૧૭૪૨ | ૩૫ | ૧૨.૭ |
| | ૧૭૨ | ૫૦૩૦ | ૧૦૦ ટકા | ૧૦૦.૦ |

આ હકીકતો સ્પષ્ટ કરે છે કે ફક્ત ૧૨.૭ ટકા કુટુંબો ખેડાણલાયક જમીનના ૩૫ ટકા ધરાવે છે, જ્યારે ૧૬.૫ એકમો ફક્ત આ જમીનનો ૩ ટકા જ હિસ્સો ધરાવે છે, એટલું જ નહીં પણ ૧ થી ૨૭ વીઘાં જમીન વચ્ચેનાં ૬૨ ટકા એકમો ફક્ત ૩૧ ટકા જ ખેડાણલાયક જમીનનો હિસ્સો ધરાવે છે. આ પ્રમાણ આવકના સાધનની અસમાન વહેંચણી દર્શાવતું અને સમાજવાદી સમાજરચના માટે યોગ્ય પગલાં લેવા સૂચવતું એક મહત્ત્વનું પરિબળ છે. આ વિષમતાનું પરિબળ ઈશ્વરિયા અને મોટા આંકડિયામાં વધારે છે. ત્યાં ૪ અને ૧૧ કુટુંબો અનુક્રમે ૩૮૫ વીઘાં અને ૮૭૩ વીઘાં જમીન ધરાવે છે.

આવકની અસમાનતા દૂર કરવા માટે (૧) ખેતમજૂરો અને ઓછી જમીન ધરાવતાં ખેતએકમના સભ્યોને પૂરક રોજગારી મળી રહે તે માટે ખેતી ઉપર આધારિત એવા નાના ઉદ્યોગો અને ગૃહ-ઉદ્યોગોનો વિકાસ જરૂરી છે. (૨) વધુ જમીન ધરાવતાં વર્ગ પાસેથી આયોજનના અમલ માટે બે રીતે નાણાં મેળવી શકાય : (અ) બચત એકઠી કરતી સંસ્થાઓનું ક્ષેત્ર વિકસાવી ગ્રામ્ય બચતમાં વધારો કરવો. (બ) ઉપરોક્ત વર્ગ પાસેથી કરવેરા દ્વારા નાણાં મેળવવા.

ખેત-ઉદ્યોગમાં આવકના સાધનની (ખેડાણલાયક જમીનની) જે અસમાન વહેંચણી થયેલ છે તેને દૂર કરવા જમીનટોચમર્યાદાના કાયદાની પુનઃ વિચારણા કરી જરૂરી સુધારાવધારા સાથે ઝડપી અમલ અનિવાર્ય છે.

## ખેતીની પદ્ધતિ અને સીંચાઈ:

ખેત-ઉદ્યોગોમાં યાંત્રીકરણનો અભાવ જણાયો છે. આ ઉદ્યોગોમાં રોકાયેલા—૧૭૨ કુટુંબમાંથી કોઈ પણ ખેત-કુટુંબ (ખેત-એકમ) પ્રકૃષ્ટ કે સઘન ખેતી કરતું નથી. સીંચાઈની

વ્યવસ્થા ૧૧૮ કુટુંબને છે, જે ખેડાણલાયક જમીનના ૧,૭૬૭ વીઘાં ધરાવે છે. એટલે કે ખેડાણલાયક જમીનના ફક્ત ૩૫·૧ ટકા જમીનને સીંચાઈ દ્વારા પાણી મળે છે. ઈશ્વરિયા ગામમાં સીંચાઈની સગવડ સારી છે. ત્યાં મોજણી નીચેની ખેડાણલાયક જમીનના ૭૬ ટકા જમીનને સીંચાઈથી પાણી પૂરું પાડવામાં આવે છે. સીંચાઈનાં જુદાં જુદાં સાધનોમાંથી ત્રણે ગામમાં કૂવાનો જ ઉપયોગ થાય છે. કૂવામાંથી સીંચાઈ કરવા માટે ૪૪ મશીન, ૩૯ કોશ, અને ૩૮ મોટરો વપરાય છે. અહીં સ્પષ્ટ થાય છે કે સીંચાઈની સગવડ ધરાવતા એકમોમાંથી ૩૩ ટકા એકમો પાસે હજુ સીંચાઈનાં સાધનો વસાવી શકે તેટલી બચત નથી. તેમ જ ધીરાણ પ્રાપ્ત કરવાનાં સાધનો હોવાં છતાં (જેવાં કે, જમીનવિકાસબેન્ક, સહકારીમંડળી વગેરે) શિક્ષણનો અભાવ તેમને ધીરાણથી વંચિત રાખે છે.

ખેત-કુટુંબ દીઠ વાર્ષિક સીંચાઈ ધીરાણ રૂ. ૩૫૩ છે. આ પ્રમાણ ઘણું ઓછું છે.

સીંચાઈની હકીકતો સ્પષ્ટ કરે છે કે, આઝાદીનાં ૨૨ વર્ષ પછી પણ ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી રહ્યો છે. તેની પાસે સીંચાઈની અપૂરતી સગવડ છે, એટલું જ નહીં પણ સીંચાઈ માટેનાં આધુનિક સાધનો મર્યાદિત પ્રમાણમાં છે. આ મર્યાદિતપણું સૂચવે છે કે, તેને ધીરાણની ઓછી સવલતો પ્રાપ્ત થઈ છે. તેમ જ તેની આવકનાં સાધનો મર્યાદિત છે, કારણ કે તે પ્રચ્છન્ન બેકારીનો ભોગ બનેલ છે.

ખેત-ઉદ્યોગના વિકાસ માટે પાણીની પૂરતી વ્યવસ્થા અનિવાર્ય છે, જે માટે આ વિસ્તારને લાભ મળી શકે તેમ છે. તેવી શેત્રુજીકેનાલયોજના, ચેકડેમયોજના વગેરે અંગે વિચારણા થવી ઘટે. સાથોસાથ સીંચાઈ ધીરાણની સવલતો સસ્તા દરે મળે તેવી વ્યવસ્થા જરૂરી છે. મોટા આંકડીઆમાં સીંચાઈના સાધન તરીકે ઉપયોગમાં આવતું નાનું અને ઓછા પાણીવાળું તળાવ છે, જે દ્વારા ૬૦ થી ૭૫ એકર જમીનને વર્ષમાં એક વખત પાણી આપી શકાય છે. તે ઊંડું કરી અને તેમાં પાણી વાળી લેવામાં આવે તો મોટા આંકડિયાની જમીનને સારા એવા પ્રમાણમાં સીંચાઈ પૂરી પાડી શકાય તેમ છે.

## ખાતર અને બિયારણ :

ખેત-એકમો : રાસાયણિક ખાતરોનો ઉપયોગ સારા પ્રમાણમાં કરતાં જણાય છે. કેટલાંક ખેત-એકમો સુધારેલા બિયારણનો પણ ઉપયોગ કરે છે. ખેત-ઉત્પાદનમાં જે વધારો નોંધાયો છે તેમાં કુદરતી મહેરની સાથે સાથે રાસાયણિક ખાતર અને સુધારેલા બિયારણનો પણ હિસ્સો છે.

દરેક ખેત-એકમ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે, જેનું વીઘા દીઠ પ્રમાણ ૨૦ કિલોથી ૩૦ કિલો છે. સહકારી મંડળીઓ દ્વારા રાસાયણિક ખાતરના સ્વરૂપમાં અને સુધારેલા બિયારણના સ્વરૂપમાં ખેડૂતસભ્યોને ધીરાણ કરવામાં આવે છે, જેથી વીઘા દીઠ રાસાયણિક ખાતર વપરાતાં વધારાનો દર વધતો રહ્યો છે. ખેડૂતો—મુખ્યત્વે સુપરફોસ્ફેટ, એમોનિયમ સલ્ફેટ, ડાયએમોફોસ અને યુરિયા ખાતરનો ઉપયોગ જુદા જુદા પાકો માટે કરે છે. આઝાદીની શરૂઆતનાં વર્ષોમાં ખેડૂતો કુદરતી ખાતરનો ઉપયોગ બળતણ તરીકે કરતા પરંતુ કુદરતી ખાતર જમીનની ફળદ્રૂપતા ટકાવવામાં અને વધારવામાં સારો ફાળો આપે છે. તે હકીકતનું જ્ઞાન થતાં તેઓ કુદરતી

ખાતર ખેત-ઉદ્યોગ માટે ઉપયોગમાં લે છે. મોટા આંકડિયામાં પદ્ધતિસરનું બળતિયું ખાતર બનાવવાના ૨૦ ખાડાઓ છે, જ્યારે ગાવડકા અને ઇશ્વરિયામાં આવા ખાડાઓ અનુક્રમે ૬ અને ૫ છે જે દ્વારા સારા એવા પ્રમાણમાં જમીનસુધારણા માટે કુદરતી ખાતર પૂરું પાડવામાં આવે છે.

## ખેત-ઉત્પાદનના સાધન તરીકે પશુપાલન :

ખેતીના કાર્યમાં યાંત્રિકરણ નથી. જ્યાં સુધી ખેત-એકમો નાનાં છે અને સહકારી ખેતી નહીં થાય ત્યાં સુધી ટ્રેકટર વગેરેનો ઉપયોગ વિસ્તારી શકાશે નહીં. ખેત-એકમો મોટા થવાથી ટ્રેકટરનો વધુ ઉપયોગ થતાં જે લોકો બેરોજગાર બનશે તેને સમાવી લેવા માટે પૂરક ઉદ્યોગોનો વિકાસ નહીં થાય ત્યાં સુધી યાંત્રિકરણ ધીમી ગતિથી આગળ વધે તે ઇચ્છનીય છે.

મોટા આંકડિયામાં, ગાવડકામાં અને ઇશ્વરિયામાં અનુક્રમે ખેતીને ઉપયોગી એવા ૭૭૫, ૧૭૯ અને ૧૯૦ બળદ છે. મોજણી નીચેનાં ૧૭૨ ખેત-કુટુંબોમાંથી ૧૦૨ કુટુંબ ખેતી માટે પશુઓનો ઉછેર કરે છે. ખેત-એકમ દીઠ બળદની સંખ્યા ૨.૫ છે. જે કુટુંબો પાસે બળદ નથી તેઓ પોતાના સંબંધી પાસેથી અથવા ભાડેથી બળદ લાવી ખેતી કરાવે છે.

ખેતી માટે પશુપાલન કરતાં ૧૦૨ કુટુંબમાંથી ૭૬ કુટુંબોને પશુઓના રહેઠાણની અલગ વ્યવસ્થા છે. બાકીનાં કુટુંબોને આ વ્યવસ્થા ન હોવાને કારણે ગંદકી અને રોગચાળાનો ભોગ બનવું પડે છે.

મોટા આંકડિયા, ગાવડકા અને ઇશ્વરિયામાં દૂધાળા પશુ–ગાય અને ભેંસ–ની સંખ્યા અનુક્રમે ૪૦૬, ૧૭૭ અને ૨૦૦ છે. આ ત્રણે ગામ દ્વારા અમરેલીને હંમેશનું પાંચથી ૭ ક્વિન્ટલ જેટલું દૂધ પૂરું પાડવામાં આવે છે.

## જમીનની ઉત્પાદકતા અને વાવેતર-વિસ્તાર :

મોજણી નીચે આવરી લેવાયેલ ખેત-કુટુંબો મુખ્યત્વે મગફળી, બાજરો, અને જુવારનું ઉત્પાદન કરે છે. આ પાકોનું વીઘા દીઠ ઉત્પાદન ૧૯૬૯–૭૦માં નીચે પ્રમાણે હતું :

| ખેત-ઉત્પાદનની જાતો | વીઘા દીઠ ઉત્પાદન | વાવેતર જમીન વીઘામાં | કોલમ નં. ૩ની ટકાવારી |
|---|---|---|---|
| મગફળી | ૭ થી ૧૦ | ૨,૬૮૪ | ૫૫·૭ |
| બાજરો | ૧૦ થી ૧૩ | ૧,૨૮૫ | ૨૫·૨ |
| જુવાર | ૧૦ થી ૧૩ | ૫૦૩ | ૯·૭ |
| અન્ય | — | ૫૫૮ | ૯·૪ |

ઉપરોક્ત હકીકતો સ્પષ્ટ કરે છે કે ખેત-એકતોની ઉત્પાદકતા મહદ્ંશે કુદરત પર આધાર રાખે છે. સીંચાઈ, ખાતર અને બિયારણની સગવડનો અભાવ જેમ ઉત્પાદકતામાં ઘટાડો કરે છે તેમ કુદરતી જીવાતો પણ ઊભા પાકને નુકશાન પહોંચાડી ઉત્પાદન ઘટાડે છે. મોટા આંકડિયા

અને ગાવડકામાં જંતુનાશક દવાઓ છાંટવા માટે સ્પ્રેયર અને ડસ્ટર ૫૫ની સગવડ છે. ઉપરાંત દવા છાંટવા માટે હવાઈ જહાજની સેવા પણ લેવામાં આવે છે.

ઉપરના પાકો ઉપરાંત ખેડૂતો ઘઉં, મકાઈ અને શેરડીનું પણ વાવેતર કરે છે. ગાવડકામાં ખાંડનું કારખાનું શરૂ થતાં શેરડી વાવેતર-વિસ્તારમાં લગભગ ૨૦૦ ટકાનો વધારો થશે.

રોકડિયા પાકો અને અનાજના ભાવો વચ્ચે રૂપિયા ૫ થી ૮નો જે ગાળો રહે છે તે ખેડૂતોને રોકડિયા પાકના વાવેતર તરફ આકર્ષે છે. વળી ખેડૂતોને વધુ આવક મેળવવાનું અન્ય કોઈ સાધન નથી (જેમ કે પૂરક રોજગારીનો અભાવ) તેથી વધુ આવક મેળવવાના સાધન તરીકે રોકડિયા પાકનું વાવેતર કરે તે સ્વાભાવિક છે. રોકડિયા પાકના વાવેતરમાં મગફળીનો પાક વાવેતરવિસ્તારના ૫૬ ટકામાં થાય છે, જ્યારે અનાજ ફક્ત ૩૫ ટકા વિસ્તારમાં જ થાય છે. તેથી અનાજનો પુરવઠો મર્યાદિત રહે છે. આ પુરવઠો વધારવા માટે અનાજના તળિયાના ભાવો એ રીતે નક્કી કવવા જોઈએ કે જેથી કરીને ખેડૂતોને અનાજનું ઉત્પાદન વધારવા માટે આકર્ષી શકાય.

ખેત-ઉત્પન્ન વેચવા માટે અમરેલી માર્કેટિંગયાર્ડની સગવડ ખેડૂતને ખૂબ જ લાભદાયી છે. લગભગ દરેક ખેડૂત પોતાનું ઉત્પાદન યાર્ડમાં વેચે છે. આ વેચાણની બીજી અને મહત્ત્વની અસર એ થાય છે કે અમરેલીનો વેપાર વિકસે છે, અને ગ્રામજનો પર શહેરી સંસ્કૃતિની અસર વધતી જાય છે.

## ખેત-મજૂર અને કારીગરો :

ખેત-મજૂરની આવકનો અને અર્ધબેકારીનો જે વિકટ પ્રશ્ન છે તેના કેટલાક પુરાવાઓ આ મોજણીમાંથી મળે છે. મોજણી નીચેનાં ૨૮૧ કુટુંબોમાંથી ૭૩ કુટુંબો એટલે કે ૨૬ ટકા કુટુંબો ખેત-મજૂર છે. ૬૬ ટકા ખેત-મજૂરોને વર્ષમાં ૮ માસ જેટલું પણ કામ મળતું નથી. ૧૯ કુટુંબો ૮ અને ૧૨ માસની વચ્ચે કામ મેળવે છે. ફક્ત ૪ મજૂર-કુટુંબને ૧૨ માસ કામ મળે છે. તેમનું જીવનધોરણ ઘણું જ નીચું છે, કારણ કે, તેમની આવકો પૂરતી રોજગારીને અભાવે ઘણી નીચી રહી છે. ૮ માસથી વધુ કામ કરતાં ઉપરનાં ૨૩ કુટુંબોની વ્યક્તિ દીઠ વાર્ષિક આવક ફક્ત રૂા. ૩૦૮ રહી છે, જ્યારે ૨૦૦૦થી વધુ આવક મેળવનાર કુટુંબો ફક્ત ૭ જ છે.

કેટલાક ખેત-મજૂરો આર્થિક ભીંસ ઓછી કરવા પૂરક વ્યવસાય તરીકે પશુપાલન કરે છે, પણ આ પશુપાલનનો વ્યવસાયમુશ્કેલીનો કાયમી ઉકલ નથી. પૂરતી રોજગારી મળી રહે તે માટે ખેતી પર આધારિત એવા ગૃહઉદ્યોગો અને નાના ઉદ્યોગોનો વિકાસ અનિવાર્ય છે.

ખેત-મજૂરોને વેતન આપવાની બે પ્રથા અસ્તિત્વમાં છે—સમયવેતન અને કાર્યવેતન. મોટા ભાગના મજૂરો સમયવેતન પ્રમાણે કાર્ય કરે છે. તેમની રોજીનો દૈનિક દર પુરુષ અને સ્ત્રી માટે અનુક્રમે રૂા. ૨॥ થી ૩॥ અને રૂા. ૨ થી ૨॥ રહેલ છે.

ગ્રામ્યવિસ્તારમાં કારીગરોની પરિસ્થિતિ પણ વિકટ છે. આ મોજણી નીચે ૨૧ કારીગરોને આવરી લીધેલા છે, જેમાંથી ફક્ત ૮ કારીગરોને બારે માસ કામ મળે છે. ૮ અને ૧૨

માસની વચ્ચે રોજગારી મેળવતા કારીગરો ૫ છે, જ્યારે ૮ કારીગરોને ૮ માસથી પણ ઓછું કામ મળે છે. આ અર્ધબેકારીની પરિસ્થિતિને લીધે તેમની આવક ઘણી જ મર્યાદિત રહી છે. ૮ માસથી વધુ કામ કરતાં ૧૩ કારીગર કુટુંબની વ્યક્તિ દીઠ વાર્ષિક આવક ફક્ત રૂ. ૨૨૧ છે.

મોજણી નીચેનાં ત્રણે ગામોમાં કુલ ૨૯૭ વ્યક્તિ બેરોજગાર છે, જેમાંથી ૭૯ કારીગરો, ૧૦ શિક્ષિત વ્યક્તિઓ અને બાકીના મજૂરી કરી શકે તેવા મજૂરો છે. પ્રચ્છન્ન બેકારી, અર્ધબેકારી, અને બેકારીને નિર્મૂળ કરવાની જરૂર છે. તે માટે ગ્રામક્ષેત્રમાં કુટુંબનિયોજનનો અસરકારક અમલ, વ્યવસાયલક્ષી શિક્ષણનો ફેલાવો અને ગૃહ-ઉદ્યોગો તેમ જ નાના ઉદ્યોગોનો તબક્કાવાર કાર્યક્રમ ઘડવો જોઈએ. વસ્તીવધારા સાથે મકાનોની તંગીનો પ્રશ્ન વિકટ બન્યો છે. આયોજનમાં મકાનબાંધકામ યોજનાને યોગ્ય અગત્યાનુક્રમ મળે તો તેની સાથે બીજા નાના ઉદ્યોગોનો વિકાસ શક્ય છે, જે રોજગારી પૂરી પાડવામાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે.

આપણા રાષ્ટ્રપતિ શ્રી ગિરિએ જણાવ્યું છે કે, "બગાડાની અને પડતર જમીનો રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા સુધારી બેરોજગારને રોજી આપી શકાય તેમ છે અને ખેત-ઉત્પન્નમાં વધારો કરી શકાય એમ છે."

### વેપારીઓ :

આ મોજણીમાં ૨૦ વેપારીઓનો પણ સમાવેશ થાય છે. તેઓનું કાર્ય છૂટક વેચાણ કરવાનું છે. ૧૨ વેપારીઓ પોતાની દુકાનમાં જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓ રાખે છે. મોટા આંકડિયાના વેપારીઓમાં વિશિષ્ટિકરણ છે. ત્યાંના ત્રણ કાપડના, બે કટલરીના અને ત્રણ અનાજ અને મગફળીનો વેપાર કરતા વેપારીઓનો, બાકીના ૮ વેપારીઓમાં સમાવેશ થાય છે. વેપારીઓમાં શાખ પર લેવેચની પ્રથા શરૂ છે. તેમની વ્યક્તિ દીઠ આવક રૂ. ૭૯૩ છે.

મોજણીમાં આવરી લેવાયેલ નોકરિયાત વર્ગ ઘણો નાનો છે. તેમનાં ૧૪ કુટુંબો છે, જેમાંથી ૩ શિક્ષકો છે. આ વર્ગ ગ્રામ્યજીવનનું સામાન્ય જીવનધોરણ ભોગવે છે.

### આવક :

મોજણી કરેલ ૨૮૧ કુટુંબોમાંથી ૨૫૪ કુટુંબોની આવક પ્રાપ્ત થઈ છે. આવકની વહેંચણી દર્શાવતો કોઠો નીચે જણાવેલ છે :

| આવક રૂપિયા | કુટુંબની સંખ્યા | કુટુંબસંખ્યાની ટકાવારી |
|---|---|---|
| ૨,૦૦૦ થી ઓછી | ૧૦૯ | ૪૨.૮ |
| ૨,૦૦૧ થી ૫,૦૦૦ | ૧૦૬ | ૪૨.૮ |
| ૫,૦૦૧ થી ૧૦,૦૦૦ | ૨૮ | ૧૧ |
| ૧૦,૦૦૧ થી ૧૫,૦૦૦ | ૬ | ૨.૨ |
| ૧૫,૦૦૦ થી ઉપર | ૫ | ૨.૨ |
| | ૨૫૪ | ૧૦૦ |

નોંધપાત્ર હકીકત એ છે કે ૧૫,૦૦૦થી ઉપર આવક ધરાવતાં કુટુંબો મોટા આંકડિયાના છે. ૧૦,૦૦૦ અને ૧૫,૦૦૦ વચ્ચેનાં ૬ કુટુંબોમાંથી ૪ મોટા આંકડિયાનાં, એક ગાવડકાનું અને એક ઈશ્વરિયાનું છે. બીજી મહત્ત્વની હકીકત એ છે કે, ૨,૦૦૦ થી ઓછી આવક ધરાવતાં ૪૩ ટકા કુટુંબો ૨૫૪ કુટુંબની ૪૯ ટકા વસ્તી ધરાવે છે. એટલે કે તેઓ દરરોજના વ્યક્તિ દીઠ રૂપિયા એકથી પણ ઓછી આવક મેળવે છે. કુટુંબ દીઠ વાર્ષિક આવક રૂા. ૩,૨૦૫ છે, જે વ્યક્તિ દીઠ રૂા. ૪૧૫ થાય છે.

અહીં ખેતમજૂર, કારીગર અને ઓછી જમીન ધરાવતાં વર્ગોની આવકો અંગે વિચારીએ તો ખ્યાલ આવશે કે આ વર્ગ પાસે આવક મેળવવાનાં સાધનો મર્યાદિત છે. પરિણામે તેમની આવકો સરેરાશ કરતાં પણ ઓછી રહે છે.

**ખર્ચ :**

કુટુંબ દીઠ વાર્ષિક ખર્ચનું પ્રમાણ રૂા. ૩,૨૩૬ છે. મોટા આંકડિયામાં આ ખર્ચનું પ્રમાણ રૂા. ૪,૨૭૮ અને ગાવડકામાં રૂા. ૨,૧૯૪ રહે છે. બંને ગામ વચ્ચે ખર્ચનો આ તફાવત બંને ગામની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. કુટુંબ દીઠ વાર્ષિક સામાજિક ખર્ચનું પ્રમાણ પણ મોટા આંકડિયામાં ગાવડકા કરતાં ચાર ગણું છે, જે રૂા. ૧,૩૪૨ થાય છે. સરેરાશ કુટુંબ દીઠ સામાજિક ખર્ચ રૂા. ૮૨૦ છે, ગાવડકામાં આ ખર્ચ રૂા. ૨૯૮ થાય છે. પુનરાવર્તનદોષ વહોરીને પણ અહીં નોંધવું પડે છે કે, મોટા ભાગના લોકો પોતાનું જીવનધોરણ સામાન્ય જીવનધોરણ જેટલું ટકાવી રાખવા માટે પૂરતો ખર્ચ કરી શકતા નથી, કારણ કે, તેમની આવકનાં સાધનો મર્યાદિત છે.

**કરજ :**

કરજની વિગતો રસપ્રદ છે. ત્રણ કુટુંબને વડીલોનું કરજ રૂા. ૬,૫૫૦નું છે. કુટુંબ દીઠ કરજનું પ્રમાણ રૂા. ૧૯૫૯ છે. આ કરજમાં ઉત્પાદકીય કરજનું પ્રમાણ નહીંવત્ છે. વસ્તીવધારાને તેમ જ આવકવધારાને ધ્યાનમાં ન લઈએ તો આવક અને ખર્ચની હકીકતો પરથી કહી શકાય કે, વાર્ષિક કુટુંબ દીઠ કરજમાં રૂા. ૩૧નો વધારો થશે. આપણી ધારણાઓ અવાસ્તવિક છે. ગ્રામીણ ક્ષેત્રના વસ્તીવધારાને ખાળવામાં કુટુંબનિયોજનનાં કાર્યો નિષ્ફળ ગયા છે; તેમ જ વાસ્તવિક આવકના વધારાનો દર હાંસલ કરવામાં આયોજન સંપૂર્ણપણે સફળ થયેલ નથી, તેથી આ કરજનો વાર્ષિક વધારો કુટુંબ દીઠ રૂા. ૩૧ થી પણ વધવા સંભવ છે.

**બચત :**

બચતની વિગતો આપતાં ગ્રામજનો ખચકાય છે. અમને ફક્ત આ કુટુંબો પૈકી ૫૪ કુટુંબો બચત કરતા જણાયાં છે. આ વિગતને હકીકત માની લઈએ તો વાર્ષિક કુટુંબ દીઠ બચત રૂા. ૧૮૬ થાય છે. અહીં પણ કરજ અને બચતના આંકડાઓ સરખાવતાં આર્થિક વિષમતા અને આવકોનાં સાધનોનું મર્યાદિતપણું વધુ સ્પષ્ટ થાય છે. એટલું જ નહીં પણ આપણા અર્થતંત્રને સંગીન બનાવવા આંતરિક બચત વધારવી અનિવાર્ય છે. બચતનો આ આંક આપણા ધ્યેયથી ઘણો નીચો છે.

## ધીરાણ :

ખેતીક્ષેત્રના ધીરાણમાં શાહુકારનું સ્થાન હજુ પણ મહત્ત્વ ધરાવે છે. ઓરિસ્સાના ખેડૂતો પણ શાહુકારોના દેવામાંથી મુક્ત થયા નથી જે હકીકત ૨૪ સપ્ટેમ્બર '૭૦ના ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં સ્પષ્ટ કરી છે. ધીરાણ માટે ત્રણે ગામમાં સહકારી મંડળીઓ છે. મંડળીના સભ્ય તરીકે ખેડૂતો વધુ નોંધાયેલ છે, મંડળી દ્વારા રોકડ સ્વરૂપમાં અને વસ્તુના સ્વરૂપમાં ધીરાણ કરવામાં આવે છે. આ ધીરાણનો વ્યાજનો દર ૯½ ટકા છે. આ મંડળીઓનું મોજણીના વર્ષનું કુલ ધીરાણ લગભગ રૂા. ૩½ લાખ જેટલું થાય છે. આ ધીરાણ અપૂરતું હોઈ, ખેડૂતો શાહુકારો પાસેથી ૨૪ થી ૩૬ ટકા વ્યાજે નાણાં મેળવે છે.

ખેડૂતોનું અશિક્ષિતપણું તેમને ધીરાણની સવલતોની માહિતીથી વેગળા રાખે છે. રાષ્ટ્રીયકૃત બેંકોની ખેતધીરાણસવલતો પ્રાપ્ત હોવા છતાં પૂરતા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી નથી. મહારાષ્ટ્રની માફક અહીં બેંકો અને ખેડૂતો વચ્ચે "મિડલ મેન"નો વર્ગ અસ્તિત્વમાં આવ્યો નથી, પણ આ વર્ગના ઉદ્ભવની શક્યતાને નકારી શકાય તેમ નથી.

આર્થિક સ્થિતિનું અવલોકન કર્યા બાદ મોજણી નીચેનાં કુટુંબોની રહેઠાણવ્યવસ્થા, રીતરિવાજ, તબીબી સગવડો, વગેરે અંગેની હકીકતો તેમના જીવનધોરણનો આપણો ખ્યાલ સ્પષ્ટ કરે છે.

રહેઠાણની વ્યવસ્થા કષ્ટદાયક છે. ફક્ત ૩૭ કુટુંબોને જ સારા હવાઉજાસની સગવડ છે. ૧૫૬ કુટુંબો આરોગ્યને હાનિકારક પરંતુ સહ્ય મુશ્કેલીની વ્યવસ્થાવાળાં રહેઠાણોમાં વસે છે, જ્યારે ૮૭ કુટુંબોને અસહ્ય અંધારી કોટડી જેવાં મકાનોમાં રહેવું પડે છે. ફક્ત ૨૩ કુટુંબોને પોતાની માલિકીનાં મકાનો નથી. આ યોજનાઘડતરમાં રહેઠાણના અગત્યાનુક્રમ નક્કી કરવામાં આ હકીકતો સૂચક બનશે.

આર્થિક દૃષ્ટિએ પછાત એવા ગાવડકા અને ઈશ્વરિયામાં સાત કુટુંબો કાંતવાનું કાર્ય કરે છે. આ કુટુંબો ગાંધી વિચારધારાનો અમલ કરતાં હોઈ ગ્રામ્યજનોને આદર્શનો નમૂનો પૂરો પાડે છે. આ કુટુંબોમાંથી ત્રણ કુટુંબો આ ગૃહઉદ્યોગ દ્વારા દરરોજનો એક રૂપિયો મેળવે છે.

જીવનવીમો માનવ જીવનની જરૂરિયાત જેટલી અગત્ય ધરાવે છે. ઈશ્વરિયા અને ગાવડકામાં મોજણી નીચેના એક પણ કુટુંબમાંથી કોઈપણ સભ્યના વીમા ઉતરાવેલ નથી. જ્યારે મોટા આંકડિયામાં સાત કુટુંબોમાંથી ૯ સભ્યોએ જીવન વીમો લીધેલ છે. ઈશ્વરિયામાં એક વ્યક્તિએ જીવનવીમો લીધેલ પરંતુ નિયમિત પ્રીમિયમ નહીં ભરવાને કારણે તેની પોલીસી પેઈડ-અપ થયેલ છે. ગ્રામક્ષેત્રમાં જીવનવીમાનો વિકાસ અનિવાર્ય છે, કારણ કે તે દ્વારા આંતરિક બચતમાં સારા પ્રમાણમાં વધારો કરી શકાય તેમ છે. વીમાપ્રચારના માધ્યમો ગ્રામજનોને અસર કરે તેવાં અપનાવવાં જોઈએ.

આયોજનના સંબંધમાં વિચારતાં જણાશે કે કુટુંબનિયોજનનો લક્ષ્યાંક સિદ્ધ થઈ જાય તો આપમેળે બાકીના લક્ષ્યાંકો સિદ્ધ થવામાં અનુકૂળતા સાંપડે. ગ્રામીણક્ષેત્ર કુટુંબનિયોજનનાં કાર્યોથી વંચિત રહેલ છે. તેનું મુખ્ય કારણ શિક્ષણક્ષેત્રમાં થયેલો ઓછો વિકાસ છે.

કુટુંબનિયોજનના કાર્યોના ઝડપી વિસ્તાર માટે આ અશિક્ષિત લોકોને સ્પર્શવાનો ફક્ત એક જ ઉપાય જણાય છે, જે ધાર્મિક ફિલ્મો સાથે પ્રાદેશિક ગ્રામ્યભાષામાં ઉતારેલ કુટુંબનિયોજન અંગેની ફિલ્મ બતાવવી.

## તબીબી સગવડ :

સોજણી નીચેનાં ગામોમાં સરકારી દવાખાનાની સગવડ નથી. મોટા આંકડિયામાં બે ખાનગી દવાખાનાંઓ છે. ગાવડકામાં એક શિક્ષક આયુર્વેદિક રીતે પ્રાથમિક સેવા આપે છે, જ્યારે ઈશ્વરિયામાં એક ઍલોપેથિક ડૉક્ટર છે. ત્રણે ગામના લોકો અમરેલી સાર્વજનિક હૉસ્પિટલનો સારો એવો લાભ મેળવે છે.

## રીતરિવાજો :

અંતમાં ગ્રામજનોનાં રીતરિવાજો નોંધતાં આશ્ચર્ય થાય છે કે, બાળલગ્નની પ્રથાનો સંપૂર્ણપણે અંત આવ્યો નથી, તેમ જ સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતા ખેડૂતો નાતવરા અને વરઘોડા પાછળ અમર્યાદિત ખર્ચ—સમાજનાં બંધનોને લીધે—કરતાં હોય છે. આવું ખર્ચ રૂા. ૧,૦૦૦ થી ૪,૦૦૦ સુધીનું છે, જેથી સામાન્ય આવક ધરાવતું કુટુંબ આવા સામાજિક પ્રસંગોએ દેવાદાર બની જાય છે, અને આવા પ્રસંગ પછી ત્રણચાર વર્ષ સુધી શાહુકારના દેવામાંથી મુક્ત થતું નથી.

દરેક કુટુંબમાં પુત્ર-પુત્રીની લગ્નવય, ૧૬ થી ૧૨ વર્ષની છે. વયમર્યાદાના કાયદાનું સંપૂર્ણપણે પાલન થતું નથી. ઉપરાંત બ્રાહ્મણ અને વણિક જ્ઞાતિ સિવાય પુનર્લગ્નની પ્રથા પણ અમલમાં છે. પુનર્લગ્ન સમયે પુરુષપક્ષ તરફથી સામા પક્ષને નાણાં આપવા પડે છે.

લગ્ન સિવાય બીજા પ્રસંગોમાં પણ નાતવરા પાછળ જે ખર્ચ થાય છે તે રૂપિયા ૧,૦૦૦ થી ૩,૦૦૦ સુધીનો છે. ભરવાડ જ્ઞાતિમાં એક વિશિષ્ટ રિવાજ જોવા મળે છે, જેને વ્યવહાર કહે છે. તેમાં કુટુંબના કોઈ સભ્યનું મૃત્યુ થાય તો તેના 'કારજ' સમયે સગાંસંબંધીઓ મરનાર કુટુંબના પ્રતિનિધિને આશ્વાસનના પ્રતીકરૂપ અમુક રકમ આપે છે, અને એ રીતે પોતાની લાગણી વ્યક્ત કરે છે.

## ગામની બાંધણી અને ગ્રામજનોનો સ્વભાવ :

મોટા આંકડિયાની બાંધણીમાં શહેરીકરણની અસર ડોકિયાં કરતી જણાય છે, જ્યારે ઈશ્વરિયા અને ગાવડકામાં સામાન્ય ગામડાના પ્રકારની બાંધણી છે. મનોરંજનના સાધન તરીકે મોટા આંકડિયા તેમ જ ઈશ્વરિયામાં પંચાયત પાસે રેડિયોની સગવડ છે, જ્યારે ગાવડકામાં એ સગવડ નથી. ત્રણે ગામના લોકોના સ્વભાવ લાગણીપ્રધાન અને નિખાલસ છે. નીતિમત્તાની દૃષ્ટિએ જોઈએ તો ગાવડકાનું સ્થાન કંઈક અંશે ઊતરતું જણાયું છે.

આ અહેવાલ તૈયાર કરવામાં આયોજનમંડળના સભ્યો ખાસ કરીને શ્રી દુધાત કે. પી. અને સુરૈયા વાય. બી.નું કાર્ય પ્રશંસનીય છે.

અંતમાં આ અહેવાલનાં તારણોને ટુંકાવીએ તો કહી શકાય કે :—

૧ શિક્ષણક્ષેત્રનો ફેલાવો ઓછો છે.

૨ ખેત-ઉદ્યોગની ઉત્પાદકતા ઓછી છે, જે માટે સિંચાઈ અને ધીરાણની અપૂરતી સવલતો અને શિક્ષિત તેમ જ ટેક્નીકલ જ્ઞાન ધરાવતા માણસોની સેવાનો અભાવ મહદંશે જવાબદાર છે.

૩ વિશાળ સમુદાય પાસે આવકનાં સાધનો મર્યાદિત છે.

૪ રોકડિયા પાકો તરફનું આકર્ષણ અન્નપુરવઠાને મર્યાદિત કરે છે.

૫ ખેત-મજૂરો અને કારીગરો અર્ધબેકાર છે.

૬ કુટુંબ દીઠ વાર્ષિક આવકનું પ્રમાણ ઓછું છે. ખર્ચનું પ્રમાણ સામાન્ય જીવનધોરણ ટકાવી રાખી શકાય તેટલું નથી. કરજ ઉત્પાદકીય નથી, જ્યારે ખેતધીરાણક્ષેત્રમાં ૨૨ વર્ષની આઝાદી પછી પણ શાહુકાર પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

૭ રહેઠાણની પરિસ્થિતિ વિકટ છે. નાતવરા અને વરઘોડા પાછળ હજુ પણ અમર્યાદિત ખર્ચ થાય છે.

૮ ગ્રામ્યક્ષેત્ર જીવનવીમાથી અને કુટુંબનિયોજનનાં કાર્યોથી વણખેડાયેલ રહેલ છે.

# ગ્રન્થાવલોકન

**ગુજરાતમાં ગાંધીયુગ :** ઐતિહાસિક અને સાહિત્યિક અવલોકન : વ્યાખ્યાતા : શ્રી કાકાસાહેબ કાલેલકર; સંપાદક : અમૃતલાલ યાજ્ઞિક; પ્રકાશક : મુંબઈ યુનિવર્સિટી, ૧૯૬૮. પૃ. ૧૧૩. કિંમત ૫ = ૫૦.

મુંબઈ યુનિવર્સિટીના આશ્રયે યોજાયેલી શ્રી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં ઈ. સ. ૧૯૬૫ના વર્ષમાં શ્રી કાકાસાહેબે આપેલાં પાંચ વ્યાખ્યાનો એ પછીનાં ત્રણ વર્ષે ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. ગાંધીયુગની ઐતિહાસિક અને સાહિત્યિક સમાલોચના માટે શ્રી કાકાસાહેબ જેવા ' યુગના અગ્રિમ વિધાયકોમાંના એક ' એવા અગ્રણી અધિકારી સારસ્વતની આ કાર્ય માટે વરણી કરવા માટે મુંબઈ યુનિવર્સિટીને ધન્યવાદ ઘટે છે.

આજે જ્યારે ગાંધીયુગ ક્યારનો ય આથમી ગયો છે અને જીવનનાં મૂલ્યાંકનોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે ત્યારે એ યુગની અહીં કરવામાં આવી છે તેવા પ્રકારની સમીક્ષા જેઓ એ યુગમાં જીવી ગયા છે તેમને માટે આહ્લાદક અને વિચારપ્રેરક અને નવીનો માટે વીસમી સદીના લગભગ પાંચ દાયકાની ગાંધીપ્રવૃત્તિનું એક માહિતીસભર સુરેખ ચિત્ર પૂરું પાડે એવો રોચક અને અભ્યાસપૂર્ણ ગ્રંથ બની રહે છે. ' પ્રાસ્તાવિક 'માં પ્રો. મનસુખલાલ ઝવેરી જણાવે છે તેમ ' ગાંધીયુગમાં ગુજરાતનું મન શિવસંકલ્પ બન્યું અને વચન સત્યપૂત બન્યું. આપણું કેટલુંક ઉત્તમોત્તમ માનવસત્ત્વ એ યુગમાં પ્રકટ થયું અને કેટલાય નાના નાના માણસોમાં પણ મહત્તા મ્હોરી નીકળી. ' આવા ' સુવર્ણયુગ 'નું સમીક્ષણ એ સમીક્ષક અને ભાવક બંને માટે સુભગ મિલનપ્રસંગ બની રહે છે.

આ પાંચ વ્યાખ્યાનોમાં શ્રી કાકાસાહેબે વિષયનાં પાંચ જુદાં જુદાં પાસાં રજૂ કર્યાં છે. પહેલા વ્યાખ્યાનનો વિષય છે ' વૈચારિક ભૂમિકા ' જેમાં તેમણે ગાંધીયુગ જે ૧૯૨૦માં શરૂ થયો તે પહેલાંની રાજદ્વારી પરિસ્થિતિ જેમાં એક તરફ ૧૮૫૭નું ક્રાન્તિકારી માનસ હતું તો બીજી તરફ બંધારણીય હિલચાલથી રાજકીય પરિસ્થિતિમાં પલટો લાવી શકાશે એ પ્રકારનું માનસ— આ બંને પ્રવાહોનું સમીક્ષકે અવલોકન કર્યું છે. અગમ બુદ્ધિ અંગ્રેજ શાસકોએ ' સંસ્કૃત શીખે તે અરબી-ફારસી ન શીખી શકે ' અને ' જે અરબી-ફારસી લે તેને માટે સંસ્કૃત ન હોય ' એવા અભ્યાસક્રમની વ્યવસ્થા કરી હિંદુ-મુસલમાન હંમેશને માટે અલગ જ રહે અને સ્વરાજ્યની આશા ફળે જ નહિ એવી સ્થિતિનું નિર્માણ કર્યું અને ' રાષ્ટ્રીય એકતાની ધગશ વિનાના આપણા લોકોને એ વ્યવસ્થા જરાય કઠી નહિ, ઊલટી ફાવતી આવી ! ' આ માન્યતા સામે એ પણ ધરી શકાય કે તે વખતનું આપણું રૂઢિચુસ્ત માનસ જોતાં હિંદુઓ ફારસીનો અભ્યાસ કરવા સામે અને મુસ્લિમો સંસ્કૃતનો અભ્યાસ કરવા સામે વિરોધ કરે એ સંભવનો પણ રાજ્યકર્તાઓએ વિચાર નહિ કર્યો હોય એમ કેમ કહેવાય ? ઈ. સ. ૧૮૫૭ પછી તો ધર્માચરણની બાબતમાં એમની નીતિ જ હતી કે હસ્તક્ષેપ જરા પણ ન કરવો.

આ વ્યાખ્યાનમાં એક બીજી વસ્તુ તરફ આપણું ધ્યાન દોર્યું છે અને તે એ છે કે ઈ. સ. ૧૮૫૭ની આજુબાજુનાં વર્ષોમાં 'અંગ્રેજ રાજ્યકર્તા અને ખ્રિસ્તી મિશનરીઓ, એ બે વર્ગને જ આખા દેશનો અખિલ ભારતીય ખ્યાલ હતો.' અંગ્રેજી વિદ્યાના પરિણામે જાતિઓ વચ્ચે હરીફાઈ શરૂ થઈ અને 'છેલ્લાં સો વર્ષ દરમિયાન, આખા ભારતમાં દરેક જાતિનું કદી ન હતું એવું સંગઠન થયું છે અને એમની વચ્ચે હરીફાઈ પણ ચાલી છે.'

બીજા વ્યાખ્યાનમાં કાકાસાહેબે ગાંધીજીએ સ્થાપેલી 'રાષ્ટ્રીય ગુજરાતી શાળા'થી માંડીને 'નઈ તાલીમ' સુધીના રાષ્ટ્રીય કેળવણીના જે પ્રયોગો થયા તેનો પરિચય આપ્યો છે. શ્રી કાકાસાહેબ પોતે આ ક્ષેત્રમાં કાર્ય કરતા હોઈ આ અંગેની પ્રમાણભૂત માહિતી આ વ્યાખ્યાનમાં મળે છે. રાષ્ટ્રીય કેળવણીને કારણે જે ધર્મજાગૃતિ થઈ તે 'ચરિત્રપ્રધાન, સમન્વયાત્મક અને આધ્યાત્મિક જાગૃતિ હતી' એમ તો કાકાસાહેબ કહે છે પણ એ જાગૃતિ ઇસ્લામી સમાજને ન પહોંચી એમ જણાવે છે. 'હિંદુ સમાજમાં કેટલાક સુધારકો, મરણિયા થઈને પણ, જેમ સમાજ સામે થાય છે અને રૂઢ સમાજને હચમચાવી જાગૃતિ આણે છે તેમ કરવાનો વારો મુસલમાન સમાજમાં આવતો નથી એવી છાપ મારા મન પર પડી છે.'

આ જ વ્યાખ્યાનમાં કાકાસાહેબે પૃષ્ઠ ૩૬ ઉપર લખ્યું છે કે 'ગાંધીયુગની રાષ્ટ્રીય કેળવણીની સીધી અસર આપણે ગુજરાત યુનિવર્સિટીમાં જોઈએ છીએ.' ગુજરાત યુનિવર્સિટીનો અભ્યાસક્રમ જોતાં આ વિધાન સાથે સહમત થવું મુશ્કેલ લાગે છે. 'માતૃભાષા દ્વારા શિક્ષણ ઉચ્ચ સ્તરે પણ અપાવું જોઈએ' આ એક જ મુદ્દા પૂરતું એમનું વિધાન સાચું લાગે છે. બાકી 'ગાંધીયુગની રાષ્ટ્રીય કેળવણી'ના આદર્શો ગુજરાત યુનિવર્સિટીમાં દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવ્યા હોય એમ માનવાને કારણ રહેતું નથી. એટલું ખરું કે ગાંધીજીના કેળવણીવિષયક વિચારોએ એ ક્ષેત્રનાં બંધિયાર પાણી વહેતાં જરૂર કર્યાં જેના પરિણામે માત્ર સાહિત્ય જ નહિ પણ અન્ય કલાઓમાં પણ નવા વિચારપ્રવાહો શરૂ થયા.

ત્રીજા વ્યાખ્યાનમાં કાકાસાહેબે, ગાંધીજીએ સામાજિક જાગૃતિ માટે કરેલા પ્રયત્નોની સૂક્ષ્મ મીમાંસા કરી છે, જેમાં સ્ત્રી-જાગૃતિ, અસ્પૃશ્યતાનિવારણ, આશ્રમજીવન દ્વારા સમાજકલ્યાણ અંગે ગાંધીજીની ક્રાન્તિકારી પદ્ધતિનો પરિચય કરાવવામાં આવ્યો છે. ખોરાકને અંગે ગાંધીજી અહિંસાને વરેલા હોવા છતાં અન્નાહારીઓને તેમણે 'શીખવી દીધું કે પોતે શુદ્ધ અન્નાહારી રહેતાં છતાં માંસાહારી લોકોને બરદાસ્ત કર્યા વગર છૂટકો નથી.' એમણે આશ્રમ માટે નિયમ કર્યો કે 'આશ્રમમાં તો શુદ્ધ નિરામિષ ભોજન જ હશે. જેમને બીજો ખોરાક ખાવો હોય તે બહાર જઈને ખાઈ આવી શકે છે, અને એવા આહારભેદને કારણે કોઈનો અનાદર કે બહિષ્કાર નહિ થાય.' આમ ગાંધીજીએ 'બહિષ્કાર કે અળગાપણું એ ઉપાય નથી પણ અપાય છે એ ગળે ઉતારી આપ્યું.' કાકાસાહેબ જણાવે છે તેમ 'ગાંધીજીએ હિંદુ સમાજ પૂરતી આ એક મહાન, અદ્ભુત અને શુદ્ધ ક્રાન્તિ કરી બતાવી.'

રાજકીય જાગૃતિને અર્થવતી બનાવવી હોય તો સામાજિક ક્રાન્તિ અનિવાર્ય છે એ દૃષ્ટિએ ગાંધીજીએ આપણા સમાજજીવનનાં જુદાં જુદાં પાસાંઓ અંગે જે ક્રાન્તિકારી વિચારણા કરી ને

સમાજને નવપ્રસ્થાનને માર્ગે લઈ ગયા એ આખી પ્રક્રિયાનું દર્શન કાકાસાહેબે આ વ્યાખ્યાનમાં સુંદર રીતે કરાવ્યું છે. એમના જ શબ્દોમાં કહીએ તો ' ગાંધીજીએ આમ શાન્ત રીતે એક આખો જમાનો બદલી નાખ્યો અને જાણે કોઈ ને એની ખબર પણ ન પડી.'

'સાહિત્યમાં નવજીવન' શીર્ષકવાળા ચોથા વ્યાખ્યાનમાં કાકાસાહેબે ગાંધીજીની સમગ્ર કાર્યપ્રવૃત્તિ અને ફિલસૂફીમાંથી જન્મેલું અભિનવ જીવનદર્શન સાહિત્યમાં કેવા સ્વરૂપે રજૂ થયું તેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો છે. 'ગુજરાતી લેખન અને ભાષણમાં બનતા સુધી અંગ્રેજી શબ્દો ન આવે અને જરૂર જણાય ત્યાં નવા શબ્દો આપણને બનાવતાં આવડવા જ જોઈએ' એ પ્રકારનો આગ્રહ રાખનાર ગાંધીજી 'ચોટડૂક અને વિપુલાર્થવાહી શબ્દ સૂચવતા' એટલું જ નહિ પણ કાકાસાહેબ કહે છે તેમ 'ભાવ વ્યક્ત કરવામાં કેટલા આગ્રહી રસિક અને ઔચિત્યના મર્મજ્ઞ હતા એ અમે એવે વખતે જોઈ શકતા.' એ છતાં પણ એ કહેતા કે, 'ઉત્તમ વિચાર ઉત્તમ રૂપમાં પ્રજા આગળ મૂકવો જોઈએ એ ખરું, પણ ભાષા સેવા માટે છે, અમુક વખતે અમુક સમયની અંદર સેવા કરી છૂટવાનો આગ્રહ જો ન હોય તો શણગાર જ વધે અને સેવા રહી જાય. એમ ન થવું જોઈએ.'

એ યુગના સાહિત્યને ગાંધીયુગનું સાહિત્ય કહેવા છતાં પણ કાકાસાહેબે નોંધ્યું છે કે 'ગાંધીયુગના પ્રારંભમાં જે સાહિત્ય તૈયાર થયું તેના પર ગાંધીજીની છાયા સ્પષ્ટ દેખાય છે પણ આગળ જતાં ગાંધીજીની સ્વરાજ્ય મેળવવાની પ્રવૃત્તિ વધુ એકાગ્ર થતી ગઈ, જ્યારે સાહિત્યકારો ગાંધીયુગના હોવા છતાં અનેક દિશામાં સંચાર કરવા લાગ્યા. પરિણામે સાહિત્ય પર ગાંધીજીની અસર કંઈક પાતળી થઈ દેખાય છે.' × × 'પોતાના યુગના સાહિત્ય ઉપર ગાંધીજીની જે અસર છે તે એમના કેવળ ગુજરાતી કે અંગ્રેજી સાહિત્યની નહિ પણ એમના વ્યક્તિત્વની છે.'

પાંચમા વ્યાખ્યાનમાં 'ભાવિની દિશા' એ શીર્ષક હેઠળ કાકાસાહેબે 'ગાંધીયુગના સમસ્ત પુરુષાર્થને પરિણામે આપણું સામાજિક જીવન કેવું સ્વરૂપ લેશે અને એમાંથી આપણને કઈ જાતના જીવનનું જીવનદર્શન થવું જોઈએ એ સૌથી મહત્ત્વના સવાલ'ની ચર્ચા કરી છે. આંતરજાતીય વિવાહ દ્વારા ભિન્ન ભિન્ન કુટુંબો Multi-purpose Co-operative Societyના નિયમો પ્રમાણે સંગઠન સાધે જેમાંથી 'વિશાળ આશ્રમજીવન, કમ્યુનિટી લાઈફ અને ગ્રામદાની સમાજ ઊભો કરે,—એ હશે અવિભક્ત કુટુંબની ગાંધીયુગની સુધારેલી-વધારેલી આવૃત્તિ.' આપણા કલાજીવનમાં અત્યાર સુધી 'જૂનાનો પુનરુદ્ધાર કરવા તરફ લક્ષ વધારે હતું આથી તેમાં નવનિર્માણ ઓછું હતું. સાચવવાની 'ક્ષેમવૃત્તિ' સાથે નવું સર્જવાની 'યોગવૃત્તિ'ની કાકાસાહેબે હિમાયત કરી છે.

કાકાસાહેબની કલ્પના પ્રમાણે ભાવિ નવનિર્મિતિમાં 'આ દેશમાં ભેગા થયેલા અનેક વંશો (races) સહજીવન માણતી અહીંની અનેક સંસ્કૃતિઓ, એકબીજાના સહવાસથી એકબીજાનું રહસ્ય સમજનાર અને એકબીજાનો સ્વીકાર કરનાર અનેક ધર્મો જ્યારે સમન્વય સાધશે ત્યારે એમાંથી વિશ્વકલ્યાણકારી વિશ્વસંસ્કૃતિની ઝાંખી આપણને મળશે.' આ ભાવિની તો ઝંખના જ કરવાની.

માત્ર ૧૧૩ પૃષ્ઠની આ પુસ્તિકાની કિંમત મુંબઈ યુનિવર્સિટી જેવી સંસ્થા રૂ. ૫=૫૦ રાખે તે પણ વધારે જ કહેવાય.

ભાઈલાલ પ્ર. કોઠારી

*　　　*　　　*

**શ્રી અંબાલાલ પુરાણી:** લેખક: મૂળજીભાઈ તલાટી, પ્રકાશક: પથિક પ્રકાશન મંદિર, ઉમરેઠ, પૃ. ૧૧+૪૦૮, મૂલ્ય રૂા. ૧૨.

આરંભમાં ગુજરાતનું યૌવનઘડતર કરવાની અને તે દ્વારા દેશની દીનતા અને પરતંત્રતા દૂર કરવાની તીવ્ર ધગશ તથા કાર્ય-સંયોજનશક્તિ ધરાવનાર, વ્યાયામવીરોના આચાર્ય તરીકે પ્રતિષ્ઠા પામનાર શ્રી અંબુભાઈ પુરાણીની જીવનકથા માત્ર પ્રાણશક્તિની ઉપાસનાની વિકાસકથા નથી પરંતુ પૂર્ણયોગના પંથના પ્રવાસીની-પરમ ગુરુચેતનાને જ્ઞાનપૂર્વક સમર્પિત થયેલા ઊર્ધ્વ આત્માની ગૌરવગાથા છે. શ્રી અરવિંદ-દર્શન-સાધનાના શ્રદ્ધેય અનુયાયી, 'સાવિત્રી' મહાકાવ્ય ઉપરાંત શ્રી અરવિંદ-માતાજીની ગહન તત્ત્વવિચારશ્રેણીના સન્નિષ્ઠ પ્રચારક, પ્રશિષ્ટ અનુવાદક, અનેક સંસ્થાઓના સ્થાપક છતાં પોતે જ પ્રેરણાબલ સંસ્થારૂપ બની ગયેલી ગુજરાતની વિરલ અધ્યાત્મ-વિભૂતિ-ના જીવનનું આલેખન કરીને શ્રી મૂળજીભાઈએ મિત્રઋણ અદા કર્યું છે.

વિશુદ્ધ ચરિત્રગ્રંથ માટે અનિવાર્ય એવી બે શરતોને આ કૃતિ સારી રીતે સંતોષી શકે છે. તેમાંની એક તો એ છે કે શક્ય હોય ત્યાં સુધી લેખકના હૃદયમાં ચરિત્રનાયક માટે આદરભાવ હોય તો તે તેને સારી રીતે ન્યાય આપી શકે. આદરભાવને બદલે માત્ર સદ્‌ભાવ હોય તો પણ બીજી પાયાની મહત્ત્વની શરત સત્યનિષ્ઠા અને સત્યાલેખનની છે. નવલકથાની જેમ જીવનચરિત્રમાં કલ્પનાવિહાર કે અનુમાનવ્યાપાર ન ચાલે. શ્રી તલાટી તો અંબુભાઈનું જાણે દ્વિતીય હૃદય છે. બન્ને લંગોટિયા સન્મિત્રોની તન્મયતા એવી કક્ષાની છે કે પોંડિચેરીથી શ્રી અંબુભાઈ પોતે જ મિત્રને લખે છે.

"મેં તમને એટલા મારા જાણ્યા છે કે તમે સ્વતંત્ર છો, મારાથી જુદા છો, એને માટે પ્રયત્ન કરવો પડે છે."

આ પુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલા મોટા ભાગના પત્રો તો લેખક પરના જ છે. આ આત્મીયતા સુહૃદભાવને વિસ્તારી આદર અને કદી કદી અહોભાવ સુધી વિસ્તરેલી છે એ હકીકત આ કૃતિ વાંચતાં સ્પષ્ટ જણાઈ આવે છે. આ કારણથી તથા લેખકના મિત્ર પ્રત્યેના અનુરાગના અતિરેકના કારણે પણ આ ગ્રંથમાં અસત્ય, અતિશયોક્તિ કે વિકૃત સત્યના અંશને પણ પ્રવેશવાનો અવકાશ મળે તેવી શક્યતા નથી, કારણ કે આમાં લેખકનું પોતાનું લખાણ તો ચોથા ભાગનું પણ નથી. તેમણે તો લગભગ બધાં જ પાનાં પર સંખ્યાબંધ પત્રોમાંથી ઉતારાઓ ખડકી દીધાં છે.

માહિતીની સભરતાથી ચરિત્ર શ્રદ્ધેય જરૂર બને પરંતુ સંપ્રાપ્ત માહિતીનું સુગ્રથિત આકલન-સંકલન, ઉપસી આવતાં શબ્દચિત્રો, વ્યક્તિત્વને પ્રત્યક્ષ કરે એવી શૈલી વગેરેની ન્યૂનતા હોય તો તે આસ્વાદ્ય કોટિની કલાકૃતિ ન બને. લેખકે સર્વશ્રી રમણલાલ ચુ. શાહ, મગનલાલ મહેતા,

સુંદરમ્, કનૈયાલાલ પુરાણી, છોટુભાઈ પુરાણી, ચિનુભાઈ શાહ વગેરેનાં લખાણો, દક્ષિણા, કુમાર વગેરે સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખો; લેખક ઉપરાંત શ્રી પુરાણીના સંબંધીઓ, મિત્રો, સંસ્થાઓ, ઈશ્વરલાલ ભટ્ટ, સારાભાઈ દોસી વગેરે પર લખેલા પત્રો; 'પથિકનો પ્રવાસ', 'ચિંતનનાં પુષ્પો', 'પથિકના પત્રો', 'બંધુ અંબુભાઈના પત્રો', 'પુરાણીના પત્રો', 'પત્રસંચય', 'અખાડાવીર અંબુભાઈ', 'ગુજરાતમાં વ્યાયામપ્રચાર', 'વ્યાયામમાં પચાસ વર્ષ', 'સંસ્કારયાત્રાઓ', 'ઇંગ્લૅન્ડની સંસ્કારયાત્રા', 'ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા', 'ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથ', 'સ્મૃતિગ્રંથ', શ્રી અરવિંદ જીવન', 'પૂર્ણયોગના પ્રકાશમાં', વગેરે પુસ્તકો; તથા શ્રી પુરાણીની કાચી નોંધપોથીઓ અને પ્રવાસડાયરીઓ—માંથી લેખકે એટલાં બધાં થોકબંધ અવતરણો આપ્યાં છે કે તેમના પોતાના અલ્પસ્વલ્પ લખાણને પણ ગ્રહણની જેમ છાઈ દે છે. તે એટલે સુધી કે દેશમાં અને પરદેશમાં શ્રી પુરાણી જ્યાં જ્યાં ગયા ત્યાંના રોજિંદા કાર્યક્રમની—શું ખાધુંપીધું, ક્યાં સૂતા, ક્યાં કેટલા વાગે કોના પ્રમુખપદે કયા વિષય પર પ્રવચન આપ્યું (માત્ર એટલું જ!) વગેરે વિગતો સહ—તારીખવાર તપસીલ જ ઉતારી છે, જેમાં સામાન્ય વાચક કે સાહિત્યરસિકને ઝાઝો રસ ન પડે. ૧૫૯ થી ૩૩૭ સુધીનાં પાનાંમાં આ સિવાય બીજું કાંઈ જ પ્રેરક કે ચિંતનપાથેય—વાચકને મળતું નથી. આવા પત્રો કે પ્રવાસનોંધોના ઉતારાઓમાં શ્રી પુરાણીનાં મહત્ત્વનાં પસંદગી કરેલાં થોડાંક પ્રવચનોમાંથી શ્રી અરવિંદ-માતાજીના તત્ત્વજ્ઞાન અને સાધનાવિષયક વિચારોનું દોહન આપ્યું હોત તો વધારે સારું થાત. ઉદ્ધરણોની પસંદગીમાં ઔચિત્ય, પ્રમાણભાન અને હેયોપાદેયતાનાં કલાનાં ધોરણોથી લેખક અજાણ હોય એમ લાગે છે. આમ થવાનું કારણ લેખકનો આત્યંતિક ભક્તિભાવ છે. અલબત્ત, તેથી તેઓ પક્ષપાતી બન્યા હોવાનું ક્યાંય જણાતું નથી. ડૉ. રમણલાલ જોષી જેવા સાહિત્યકારે લખેલ પરિચાયક પ્રસ્તાવનામાં લેખકની આ સાહિત્યિક મર્યાદાનો ઉલ્લેખ સરખો પણ કર્યો નથી, એ નવાઈ જેવું લાગે છે!

આથી, લેખક શ્રી અંબુભાઈની ઉત્તમ કોટિના યોગ-સાધક તરીકેની સુસ્પષ્ટ સુરેખ છબી ઉપસાવી શક્યા નથી. સાધક કરતાં વ્યાયામવીર, પ્રવાસી અને પ્રવક્તા પુરાણી આગળ તરી આવે છે. વળી શ્રી પુરાણી તો સમર્થ ચિંતક અને ગદ્યકાર છે. અહીં તો તેમના ગ્રંથોની યાદી જ મળે છે. સાહિત્યિક સમાલોચનાનો અક્ષર પણ જોવા મળતો નથી. તેમના દેહવિલય પછી માસિકોમાં પ્રસિદ્ધ અને કેટલાક અપ્રસિદ્ધ લેખોની યાદી પરિશિષ્ટ ૪માં આપી છે તે સ્તુત્ય છે.

'શુદ્ધિપત્ર'માં આપેલી ૩૦ ભૂલો ઉપરાંત એનાથી ય ડબલ બીજી ભૂલો તથા તૂટેલાં બીબાં (ટાઇપ)વાળું છાપકામ, પ્રત્યેક કામમાં ચોકસાઈ અને ચીવટને વરેલા શ્રી અંબુભાઈના ગ્રંથમાં કઠે છે.

શ્રી તલાટીએ, ભક્તિભાવથી પોતાની શક્તિ અને (સાહિત્યિક) મર્યાદા અનુસાર પરિશ્રમપૂર્વક જે માહિતીગ્રંથ ગુજરાતને આપ્યો છે તે માટે—પુણ્યકાર્ય માટે—તેઓ અભિનંદનને પાત્ર છે. બીજી આવૃત્તિમાં સુધારા થઈ શકે તે માટે જ ઉપરનાં સૂચનો કર્યાં છે. પરંતુ મને લાગે છે કે, શ્રી સુંદરમ્ કે તેમના જેવા અધ્યાત્મ અને સાહિત્ય ઉભય ક્ષેત્રોના અધિકારી સર્જકોને શુદ્ધ સંક્ષિપ્ત સાહિત્યિક ચરિત્રગ્રંથ લખવા માટે આ વિગતપ્રચુર કૃતિ સમૃદ્ધ ઉપાદાનભૂમિકા પૂરી પાડશે એમાં સંશય નથી.

અંતમાં, શ્રી અંબુભાઈના યથાર્થ વ્યક્તિત્વ-વિભૂતિતત્ત્વ-નું મિતાક્ષરીમાં દર્શન કરાવતી પૂજ્ય **શ્રી માતાજીની** શ્રદ્ધાંજલિથી હું વિરમીશ.

"એમનો બૌદ્ધિક અંશ શ્રી અરવિંદ પાસે ગયો છે અને તેમની સાથે અદ્વૈત પામ્યો છે. એમનો ચૈત્યપુરુષ મારી સાથે છે, અને તેઓ બહુ સુખમાં અને શાંતિમાં છે. એમનો પ્રાણ જે લોકો એમની મદદ માગે છે તેમને હજી પણ મદદ કરી રહ્યો છે."

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

*　　　　*　　　　*

**ભારતીય અભિલેખવિદ્યા :** લે.: ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી; પ્રકાશક: હેરોલ્ડ લાસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, ભદ્ર, અમદાવાદ; કિ. રૂા. ૪ = ૦૦.

ઇતિહાસની સાધન–સામગ્રીમાં અભિલેખો અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતીય ઇતિહાસને પ્રગટ કરવામાં અભિલેખવિદ્યાનો આપણે ત્યાં અઢારમી સદીના છેલ્લા ચરણમાં જે અભ્યાસ થયો તેણે ભારતીય ઇતિહાસની કેટલીક ખૂટતી કડીઓ પૂરી પાડી છે. આ વિદ્યાનો અભ્યાસ શરૂ કરવાનું શ્રેય તો પશ્ચિમના વિદ્વાનોને મળે છે. એ અગાઉ આપણે ત્યાંના પંડિતોએ કોઈ પ્રયાસ કર્યો હોય તે મારી જાણમાં નથી. આ વિદ્વાનોએ અથાગ પરિશ્રમથી ઇતિહાસ સંશોધનની જે ક્ષિતિજો ખુલ્લી કરી આપી તેનાથી આપણે ત્યાંના વિદ્વાનોને પણ પ્રેરણા મળી.

ભારતીય અભિલેખવિદ્યાને લગતાં પુસ્તકો અંગ્રેજીમાં લખાયેલાં છે જેની સંખ્યા પણ છથી વધુ નથી તેમ આ પુસ્તકની સંદર્ભ-સૂચિ પરથી જણાશે. ગુજરાતી ભાષામાં આજદિન સુધી આ વિદ્યાને લગતું એક પણ પુસ્તક પ્રગટ થયું નથી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ વિદ્યાર્થીઓ, ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિમાં સામાન્ય જિજ્ઞાસા અને રસ ધરાવનાર વર્ગ માટે આ પુસ્તક તૈયાર કર્યું તે આવકારપાત્ર છે.

સદરહુ પુસ્તક છ પ્રકરણોમાં વહેંચાયેલું છે. પહેલા પ્રકરણમાં અભિલેખ, અભિલેખવિદ્યા અને એ વિદ્યાનો આપણે ત્યાં અભ્યાસ કેવી રીતે શરૂ થયો તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે. બીજા પ્રકરણમાં અભિલેખોમાં વપરાતી જુદી જુદી લિપિઓની સમજ આપવામાં આવી છે. આ પ્રકરણની શરૂઆતમાં ભારતમાં અભિલેખવિદ્યાની પ્રાચીનતાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. અને ત્યારબાદ હડપ્પીય લિપિ, ખરોષ્ઠી લિપિ અને બ્રાહ્મી લિપિની વિગતો દૃષ્ટાન્તસહ આપવામાં આવી છે. વળી આ લિપિઓનાં અક્ષરો, માત્રાઓ, જોડાક્ષરો, અંક ચિહ્નો અને મરોડ કેવાં હતાં તેની સમજ પણ આપવામાં આવી છે. પ્રકરણના અંત ભાગમાં બ્રાહ્મી લિપિનો વંશવિસ્તાર કેવી રીતે થયો તેમ જ આપણે ત્યાં વિદેશી લિપિઓ જેવી કે અરબી-ફારસી, ઉર્દૂ, અને યુરોપીય લિપિઓ કેવી રીતે વપરાશમાં આવી તેનો ટૂંકો ખ્યાલ આપવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણમાં અભિલેખોમાં વપરાતી પ્રાકૃત, સંસ્કૃત, દ્રાવિડ, અરબી-ફારસી નવ્ય ભારતીય ભાષાઓ અને યુરોપીય ભાષાઓની છણાવટ કરવામાં આવી છે. ચોથા પ્રકરણમાં અભિલેખોમાં નિરૂપાતા ભિન્નભિન્ન વિષયોની વિશદ સમજ આપવામાં આવી છે. પાંચમા પ્રકરણમાં અભિલેખોના લખનાર, પ્રાચીન લેખનપદ્ધતિનાં લક્ષણો અને અભિલેખન માટેની જુદી જુદી સામગ્રીનો ખ્યાલ આપવામાં

આવ્યો છે. છઠ્ઠા છેલ્લા પ્રકરણમાં અભિલેખોમાં વપરાતા જુદાજુદા સંવતોનો ખ્યાલ આપી ભારતમાં કાલગણનાની જુદીજુદી પદ્ધતિઓની સમજ આપવામાં આવી છે. લુપ્ત થયેલા અનેક પ્રાચીન સંવતોનો તેમ જ દેશના જુદા જુદા ભાગમાં વપરાતા અનેક વર્તમાન સંવતોનો પરિચય આપવામાં આવ્યો છે. ઉપસંહારમાં ભારતીય ઇતિહાસના આ મહામૂલા વારસાની માવજત કરવા માટે વિનંતી કરતાં લેખકે યથાર્થ કહ્યું છે : "સાહિત્ય અને સ્થાપત્યકીય સ્મારકોની જેમ અભિલેખો એ આપણો અમૂલ્ય ઐતિહાસિક વારસો છે. ઘણા અભિલેખ વંચાયા છે, પ્રકાશિત થયા છે ને એને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. છતાં હજી અનેક શિલાલેખો, પ્રતિમાલેખો, તામ્રપત્રલેખો, અને સિક્કાઓ ખૂણેખાંચરે છુપાયેલા કે ઉપેક્ષિત રહ્યા છે એને અભિલેખવિદ્યાના જાણકારોના ધ્યાનમાં લાવવા અને સુરક્ષિત રાખવા એ સૌ સમજુ નાગરિકોની ફરજ છે."

સદરહુ પુસ્તક ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ તેમ જ તે વિષયમાં રસ ધરાવનાર સૌ કોઈને ઉપયોગી થાય તેમ છે. આવું પુસ્તક સામાન્ય રીતે બજારમાં બહુ ખપતું હોતું નથી, આમ છતાં હેરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદ જેવી સંસ્થાએ તેના પ્રકાશનમાં જે પહેલ કરી છે તે પ્રશંસનીય છે. આવું સરસ પુસ્તક ગુજરાતીમાં આપવા બદલ લેખક અને પ્રકાશક સંસ્થાને અભિનંદનો.

ચીનુભાઈ નાયક

* * *

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર :** લેખક : ડૉ. વિપુણ ઈ. પંડ્યા; **પ્ર. અશોક પ્રકાશન, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨, પૃ. ૧૪ + ૨૮૦; મૂલ્ય રૂપિયા ૮ = ૦૦.**

**પીએચ.ડી.ની ડીગ્રી માટે લખાયેલા આ ગ્રંથમાં ગુજરાતભરમાં પ્રવર્તતા તત્ત્વજ્ઞાનના ભિન્નભિન્ન પ્રવાહો, ભિન્નભિન્ન સંપ્રદાયો અને તેમની અસર નીચે લખાયેલા ગુજરાતી સાહિત્યનું વિહંગાવલોકન કરવામાં આવ્યું છે.**

પુસ્તકમાં કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત તેમ જ જૈન, બૌદ્ધ અને સૂફી મતોના સિદ્ધાંતોનું સામાન્ય દર્શન ભૂમિકામાં કરાવી, તે પછીનાં પ્રકરણોમાં કેવલાદ્વૈત, શૈવ અને શાક્ત સંપ્રદાય, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત—સ્વામિનારાયણ સંપ્રદાય, જૈન તત્ત્વદર્શન અને અન્તમાં વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાન્તોનું તેમ જ તે તે દર્શનના સાહિત્યનું ઊડતી નજરે લેખકે દર્શન કરાવ્યું છે.

પુસ્તકના વિષયનો વ્યાપ જોતાં, સહજ જ લાગ્યા વિના નથી રહેતું કે આટલા વિષયવિસ્તારના વ્યાપ માટે ત્રણસો પાનાંના એક જ ગ્રંથમાં કે પીએચ.ડી.ના નિબંધ માટે આવું ઊડતી નજરનું અવલોકન જ બને અને કોઈ પણ એક દર્શનનો તલસ્પર્શી અભ્યાસ થઈ શકે જ નહીં.

કોઈ પણ એક જ દર્શન અને એનું સાહિત્ય અથવા દર્શનમાત્ર પીએચ.ડી.ના અભ્યાસ માટે પૂરતો વિષય કહી શકાય.

છતાં, વિષયનો વ્યાપ નજરમાં રાખીએ તો " મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વ-વિચાર "નો સામાન્ય ખ્યાલ મેળવવા માટે આ એક સ્તુત્ય પ્રયત્ન છે.

**યો. જ. ત્રિપાઠી**

*  *  *

**મલયચંદ્ર કૃત 'સિંહાસનબત્રીસી'** : સંપાદક : રણજિત મો. પટેલ (અનામી), પ્રકાશક : ગુજરાતી વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૭૦; પૃ. ૨૭૪ + ૧૫૧; કિંમત રૂ. ૧૨ = ૦૦.

'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા'ના દસમા ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ મલયચંદ્રકૃત 'સિંહાસન-બત્રીસી' ડૉ. અનામીનું પીએચ.ડી.ની ઉપાધિ નિમિત્તે ગુ. સાહિત્યના સંશોધન ક્ષેત્રમાં સ્તુત્ય પ્રદાન છે. ડૉ. અનામીએ કૃતિની અધિકૃત વાચનાનું સંપાદન કરી, 'સિં.બ.'ની અનેક કવિઓને હાથે લખાયેલ વાર્તાઓનું તુલનાત્મક અધ્યયન પણ રજૂ કર્યું છે.

સંસ્કૃત અને ગુજરાતી તેમ જ રાજસ્થાનીમાં 'સિંહાસનબત્રીસી'ની ૧૯ કૃતિઓ ડૉ. અનામીને સુલભ થઈ છે. આવી એક જ વાર્તા-વસ્તુને આલેખતી અનેક કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ વસ્તુ-વિષયના ફેરફારની નોંધ લઈ, એ ફેરફારની અનિવાર્યતા, સર્જકતાના સંદર્ભમાં, તપાસે અને એ રીતે સાહિત્યના સ્વરૂપની માવજત સર્જકોદ્વારા કેવીક થતી ગઈ છે એ દર્શાવે એવી અપેક્ષા સ્વાભાવિક જ રહે. અલબત્ત પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યપરંપરા રૂપસાધના પરત્વે એવી સભાન નથી, એ ધ્યાનમાં રહેવું ઘટે. એથી જ કદાચ ડૉ. અનામીએ વાર્તાચક્રનું તુલનાત્મક અધ્યયન કરતાં નિતાન્ત સાહિત્યિક ધોરણે નહીં પણ ભાષાકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દૃષ્ટિ રાખી છે, એમાં ઔચિત્ય જણાય છે.

આપણે ત્યાં આ પ્રકારના તુલનાત્મક અધ્યયનની ઘટના વિરલ છે.

ડૉ. અનામીએ, 'સિંહાસનબત્રીસી'ની એમને સુલભ થયેલ ૧૯ કૃતિઓમાં મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી' (સં. ૧૫૧૯) જૂનામાં જૂની રચના હોઈ, એનું સંપાદન સ્વીકાર્યું છે. આ કાર્ય માટે એમણે ઉપયોગમાં લીધેલ ત્રણ હસ્તપ્રતો પૈકીની વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિરની પ્રતને મુખ્ય પ્રત તરીકે સ્વીકારી છે. વડોદરાની એ પ્રત અશુદ્ધ હોવાથી એના પાઠ અર્થ કે ઔચિત્યની દૃષ્ટિએ ક્ષતિકર લાગ્યા છે ત્યાં અન્ય પ્રતોમાંથી ઉચિત પાઠનો સ્વીકાર પણ કર્યો છે. આ ઉપરાંત કયાંક કયાંક સ્વ—ઉમેરણો પણ એમણે કર્યાં છે. સ્થળે સ્થળે હસ્તપ્રતમાંની અશુદ્ધિ કે પાઠોની ભ્રષ્ટતા પરત્વે જાગૃતિ રાખી શુદ્ધ પાઠ નિર્ણય લેવામાં સંશોધકની સક્રિય નિષ્ઠા ડૉ. અનામી દાખવી શકયા છે.

અધિકૃત વાચનાની સાથે ડૉ. અનામીએ કૃતિનો અર્વાચીન ગુજરાતી ગદ્યમાં અનુવાદ રજૂ કર્યો છે. જૂની ગુજરાતી ન સમજનારને એમણે આ કાર્યથી સુવિધા કરી આપી છે. અનુવાદમાં એમનું વલણ કૃતિગત અર્થબોધ કરાવવાનું રહ્યું છે, એ યોગ્ય છે.

અનુવાદ પછી કૃતિમાં આવતા નોંધપાત્ર શબ્દોનો કોશ અપાયો છે. ભાષાકીય દષ્ટિએ શબ્દની વ્યુત્પત્તિ સૂચવી, અર્થ આપતાં, યથાસંભવ શબ્દ-ઇતિહાસ અને વ્યાકરણવિષયક નોંધ આપી અભ્યાસનું મૂલ્ય વધાર્યું છે. કૃતિને સમજવામાં આ પ્રકારનો શબ્દકોશ અત્યન્ત ઉપયોગી તો છે જ, એ સાથે ગુજરાતી ભાષાના તત્કાલીન રૂપને સમજવામાં પણ સુવિધા ઊભી થાય છે. 'અલવઈ', 'અંદોહ', 'ઉદારથ', 'કઈવાર', 'જમલિ', 'ધીરઠપણઉ', 'પાઉલ' 'સામસાલ' આદિ શબ્દોની સમજૂતી આની પ્રતીતિ કરાવે છે.

'સિંહાસનબત્રીસી'ના વાર્તાચક્રના તુલનાત્મક અધ્યયન નિમિત્તે ક્ષેમંકર દેવમૂર્તિ, રામચંદ્ર, મલયચંદ્ર, અજ્ઞાત બ્રાહ્મણકવિ, જ્ઞાનચંદ્ર, અજ્ઞાત ગદ્યવાર્તાકાર ૧ અને ૨, સિદ્ધિસૂરિ, દેઇદાસ, હીરકલશ, સંઘવિજય, વિનયલાભ, અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર, સુન્દરજી, શામળ, લલ્લુ લાલજી, આ. પેશતનજી કાવશજી અને જીવાનંદ વિદ્યાસાગર જેવા વાર્તાકારોની સારસ્વત-સેવાની પરિચયાત્મક નોંધ, ઉપલબ્ધ જીવનાંશો અને પ્રત્યેકની 'સિંહાસનબત્રીસી' અંગેની સમાલોચના રજૂ કરવામાં ડૉ. અનામીએ ઉઠાવેલ સંશોધનશ્રમ પ્રશંસા ઉચ્ચારાવે તેમ છે.

'સિંહાસનબત્રીસી'ની બત્રીસ કથાઓનો તુલનાત્મક વિચાર કરતાં પ્રત્યેક કથા જુદા જુદા કવિઓને હાથે કયાં કેવો ફેરફાર પામી છે, એનું પૃથક્કરણ કરી બતાવ્યું છે [આ ફેરફારોનો ચોક્કસ ખ્યાલ રહે એ દૃષ્ટિએ ડૉ. અનામીએ એની તાલિકા પણ આપી છે.] અને એ સાથે કવિનું વલણ વાર્તાચક્રની કઈ પરંપરાને સ્વીકારે છે, એની સ્પષ્ટતા પણ આપી છે.

વેદ, બ્રાહ્મણગ્રંથ, મહાભારતકાળ અને બૌદ્ધજૈનકાલીન વાર્તાપરંપરાનો સંક્ષેપમાં, એના વિભિન્ન ઉદ્દિષ્ટસમેત, ઉલ્લેખ કરી, એમાં વાર્તાનું શિલ્પ કેવુંક બંધાતું જાય છે, એ તરફ દૃષ્ટિ રાખી ભારતીય કથાસાહિત્યના એક મહત્ત્વના અંશરૂપ અર્ધઐતિહાસિક કે લોકકલ્પનાએ કંડારાયેલ પુણ્યશ્લોક વિક્રમનું કથાનક આલેખતી વાર્તાપરંપરાને અહીં ત્રણ વર્ગમાં તારવી બતાવી છે.

લોકશિક્ષણ અને મનોરંજનના એક મહત્ત્વના સાધન તરીકે વાર્તાને જોવાની ડૉ. અનામીની દૃષ્ટિ જણાય છે. વાર્તાનો સાંસ્કૃતિક સંદર્ભ, આથી જ એમણે વીગતે તપાસ્યો છે. ડૉ. અનામીએ યથાર્થ અનુમાન કર્યું છે કે "રાજકીય દુર્વ્યવસ્થા, સાંકડાં રાજકીય અને ધાર્મિક વર્તુળો અને ક્ષણે ક્ષણે બદલાતી પ્રદેશસીમાઓ અને સત્તાસીમાઓમાં આ વાર્તાઓએ સર્વજનમનરંજનનું અદ્ભુત કાર્ય કર્યું છે. તેમણે સામાન્ય માનવીમાં સંસ્કૃતિને ટકાવી રાખનારા શૌર્ય, સાહસ, પ્રેમ, ઉદારતા, પ્રતિજ્ઞાપાલન અને દાન જેવા ઉચ્ચ ગુણોનું ગૌરવ જીવંત રાખ્યું છે અને એ રીતે ભારતીય સંસ્કૃતિના પાયામાં પ્રાણ પૂર્યા છે."

ડૉ. અનામી પાસેથી આ પ્રકારના સંશોધનગ્રંથો આપણને મળ્યા કરે, એવી શુભેચ્છા સાથે પ્રસ્તુત અધ્યયનગ્રંથને આવકારીએ.

**સુભાષ મ. દવે**

* * *

# સ્વ. કનૈયાલાલ મુનશી

શ્રી કનૈયાલાલ મુનશીના દેહવિલયથી ભારતે તેનો એક ઉત્તમ સપૂત ખોયો છે. સારસ્વતો અક્ષરદેહે પ્રજાની વચ્ચે જીવતા જ રહે છે અને સ્વ મુનશી ગુજરાતીભાષી પ્રજાની વચ્ચે લાંબો સમય જીવી શકે એવું પ્રાણવાન સાહિત્ય સરજી ગયા છે. 'વેરની વસૂલાત'થી આરંભાયેલી એમની અક્ષરસેવા ઉપર સોલંકી યુગની ઐતિહાસિક નવલકથાઓએ કળશ ચડાવ્યો હતો. નવલકથાકાર મુનશીએ વાચકોની જેવી ચાહના મેળવી હતી તેવી કોઈ પણ લેખકને ભાગ્યે જ મળી હશે. કવિતા સિવાયનાં સર્વે સાહિત્યરૂપોને તેમણે ઉપાસ્યાં હતાં અને જોકે તેમના સાહિત્ય-સિદ્ધાન્તો, વિવેચકીય અભિપ્રાયો અને સાહિત્ય અને ઇતિહાસવિષયક સંશોધનો ચિન્ત્ય અને વિવાદાસ્પદ કોટિનાં છે તોપણ રજૂઆત અને ગદ્યના વશીકરણમાંથી ભાગ્યે જ કોઈ ઉગરી ગયું હશે. પોતાના નિરૂપણને ચિત્રાત્મક અને આકર્ષક બનાવવાની અદ્‌ભુત શક્તિ તેમણે ખીલવી હતી અને અંતકાળ સુધી ટકાવી હતી. સોલંકી યુગનું નવલકથાચતુષ્ટય, તેમનું આત્મચરિત્ર, ગુજરાતી સાહિત્યનો તેમણે અંગ્રેજીમાં લખેલો ઇતિહાસ, 'કાકાની શશી', 'પુરંદર પરાજય', 'અવિભક્ત આત્મા' જેવાં નાટકો, 'આદિવચનો'માં સંગ્રહાયેલા કેટલાક નિબંધો આદિ તેમણે સરજેલું સાહિત્ય ઘણા લાંબા સમય સુધી ગુજરાતી પ્રજાને ચેતના પૂરી પાડશે એમાં શંકા નથી. આયુષ્યના અંત ભાગ સુધી તેઓ લખતા જ રહ્યા અને જે શ્રીકૃષ્ણને એમણે યોગી, વીર, પ્રણયી અને મુત્સદ્દી તરીકે પ્રમાણ્યા હતા તેમના અવતારની રહસ્યલીલા આલેખતા જ રહ્યા એ સારસ્વત મુનશીના અવિશ્રાન્ત કર્મયોગનું દૃષ્ટાન્ત છે.

સ્વ. મુનશીની પ્રતિભા બહુમુખી હતી. ઉત્તમ ધારાશાસ્ત્રી, કુશળ રાજનીતિજ્ઞ, સંસ્કાર અને કેળવણીની સંસ્થાઓના સર્જક અને સંવાહક અને ભારતીય સંસ્કૃતિના દૃષ્ટિકોણથી દેશના પ્રશ્નોના પરામર્શક તરીકે તેઓ ભારતભરમાં સુખ્યાત હતા. તેમની વિશેષતા એ હતી કે રાજદ્વારી પરિવર્તનોને પોતાના સાંસ્કૃતિક ક્ષેત્રના સંબંધોની આડે તેઓ આવવા દેતા નહિ જે ઉચ્ચ જવાબદારીનાં સ્થાનો તેમણે શોભાવ્યાં હતાં તે સર્વ ઉપર તેમના વિશિષ્ટત્વની મુદ્રા અંકિત થયેલી છે.

ભારતીય વિદ્યાભવન, તેની પ્રકાશન પ્રવૃત્તિઓ અને તેની સંસ્થાઓ એ મુનશીના જીવન-કાર્યનો સુભવ્ય વારસો છે. એવી પરંપરાઓ જાળવવી એ તેમના સાંસ્કૃતિક વારસદારોનું પ્રમુખ કર્તવ્ય બનશે.

**યશવંત પ્રા. શુક્લ**

## સાભાર સ્વીકાર

૧ **મીનાકારી :** લે. ઝાકિદ શિનોરવાલા, પ્રકાશક : કમલેશ પુસ્તક ભંડાર, રાયખડ રોડ, અમદાવાદ–૧; પૃ. ૧૨૮; કિંમત રૂા. ૪–૨૫ ન.પૈ.

૨ **દયારામ: એક અધ્યયન :** લે. સુભાષ મ. દવે, પ્રકાશક : અનડા બુક ડેપો, ગાંધીમાર્ગ, અમદાવાદ; પૃ. ૨૯૬ + ૮; કિંમત રૂા. ૮–૦૦ ન.પૈ.

૩ **સિદ્ધાન્તસાર :** લે. મણિભાઈ નભુભાઈ દ્વિવેદી, પ્રકાશક : ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, પૃ. ૩૩૫; કિંમત રૂા. ૮–૦૦ ન.પૈ.

## બાલગોવિંદનાં પ્રકાશનો

૪ **આપણા જુગતરામકાકા :** લે. મનુભાઈ પંડિત, પૃ. ૧૧૨, કિંમત રૂા. ૨–૦૦ ન.પૈ.

૫ **Children's Play & Children's Theatre :** (બાલ નાટકો અને બાલ રંગભૂમિ : લે. પૃ. ૭૦; કિંમત રૂા. ૨–૦૦ ન.પૈ.

૬ **આ છે રશિયા :** લે. વિજયગુપ્ત મૌર્ય, પૃ. ૧૫૧; કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.

૭ **વિદેશ ભાગ ૧-૨-૩ :** લે. ધીરજલાલ ગજ્જર, પૃ. ૧૪; કિંમત દરેકની ૦–૭૫ ન.પૈ.

૮ **ભારતીય ઔદ્યોગિક અર્થવ્યવસ્થા :** લે. મહેશ ભટ્ટ, પૃ. ૮૩; કિં. રૂા. ૩–૫૦ ન.પૈ.

૯ **મેના-પોપટ :** લે. અનિરૂદ્ધ તન્ના, પૃ. ૫૧; કિંમત રૂા. ૨–૦૦ ન.પૈ.

૧૦ **અભિક્રમિત બીજગણિત :** લે. મૃગાવતી સારાભાઈ શાહ, પૃ. ૧૨૦; કિં. ૪–૦૦ ન.પૈ.

૧૧ **આંગણાનો બગીચો અને ફૂલો :** લે. ઈસ્માઈલભાઈ નાગેરી, પૃ. ૭૨; કિંમત રૂા. ૧–૫૦ ન.પૈ.

૧૨ **એકસમો ડ૦ના દેશમાં :** લે. ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૮૭; કિંમત રૂા. ૨–૦૦ ન.પૈ.

૧૩ **બાલવાડી :** લે. જુગતરામ દવે, પૃ. ૧૮૮; કિંમત રૂા. ૪–૦૦ ન.પૈ.

## ગુજરાત યુનિવર્સિટીનાં પ્રકાશનો

૧૪ **ગાણિતિક સાંખ્યશાસ્ત્રનો પરિચય :** અનુવાદક : આચાર્ય દિ. ઘે. વશી, પૃ. ૫૬૪, કિંમત રૂા. ૧૮–૦૦ ન.પૈ.

૧૫ **નાણાકીય સિદ્ધાંતો :** અનુવાદક : જ. કી. અધ્વર્યુ, પૃ. ૫૦૪; કિં. રૂા. ૧૦–૦૦ ન.પૈ.

૧૬ **ઇતિહાસ: સ્વરૂપ અને પદ્ધતિ :** વ્યાખ્યાતા : શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ, પૃ. ૨૪૭; કિંમત રૂા. ૫–૦૦ ન.પૈ.

૧૭ **ગાંધી તત્ત્વમીમાંસા :** લે. શાંતિલાલ મ. દેસાઈ, પૃ. ૧૮૦; કિંમત રૂા. ૪–૫૦ ન.પૈ.

* * *

૧૮ **જય ગોપાલ :** લે. અને પ્રકાશક : પ્રેમલાલ મેવાચક, પોરબંદર; પૃ. ૩૫૮; કિંમત રૂા. ૪–૫૦ ન.પૈ.

૧૯ **વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય અથવા આરોગ્ય, યૌવન અને અમરત્વ :** લે. વિશ્વબંધુ, પ્રકાશક : શ્રી નૃસિંહ પ્રકાશન સમિતિ, મુંબઈ–૨૮; પૃ. ૨૨૪; કિંમત રૂા. ૪–૦૦ ન.પૈ. (કાપડના), રૂા. ૩–૫૦ ન.પૈ. કાગળના.

૨૦ **સાહિત્યદર્શન ભાગ ૧ :** લે. રઘુવીર ચૌધરી તથા બીજા, પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; પૃ. ૩૨૦; કિંમત રૂા. ૨૦–૦૦ ન.પૈ.

૨૧ **ક્યાં :** લે. રમેશ પરીખ, પ્રકાશક : વોરા ઍન્ડ કું. ગાંધીમાર્ગ, અમદાવાદ–૧; પૃ. ૧૨૦; કિંમત રૂા. ૩–૦૦ ન.પૈ.

૨૨ **લોકશાહીનાં મૂળ તત્ત્વો :** વ્યાખ્યાતા : એ. ડી. લિન્ડસે, એલ.એલ.ડી.ના Essentials of Democracyનો અનુવાદ, અનુવાદિકા : મીરા ભટ્ટ, પ્રકાશક : ભાષાન્તર નિધિ, બળવંત ભવન, ભાવનગર–૨; પૃ. ૧૨૪; કિંમત રૂા. ૨–૫૦ ન.પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૮ : અંક ૨ | ફેબ્રુઆરી, ૧૯૭૧

વસંતપંચમી | વિ. સં. ૨૦૨૭

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | યુદ્ધમંત્રી શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૧૧૩–૧૪૯ |
| ૨. | શ્રીકૃષ્ણની રાસલીલા : એક અધ્યયન—જયન્ત ઠાકર | ૧૫૦–૧૭૭ |
| ૩. | મૈત્રકરાજા શીલાદિત્ય ૧લાનું આંબળાસ દાનપત્ર—હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પુષ્પકાંત વિ. ધોળકિયા | ૧૭૮–૧૮૪ |
| ૪. | તીર્થધામ લોટેશ્વર—સુરેશચન્દ્ર કનૈયાલાલ દવે | ૧૮૫–૧૮૮ |
| ૫. | આરાસણના બે જૈન પ્રતિમાલેખોની વિશેષ-વાચના—મધુસૂદન ઢાંકી અને હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી | ૧૮૯–૧૯૮ |
| ૬. | મારા સ્વાધ્યાયની વાનગી—કલ્યાણરાય ન. જોષી | ૧૯૯–૨૨૦ |
| ૭. | વાચક રત્નકીર્તિકૃત પુણ્યરત્નસૂરિ ફાગ—અગરચન્દ નાહટા | ૨૨૧–૨૨૪ |
| ૮. | તડવીઓનાં લગ્ન-નૃત્યગીતો—રેવાબહેન તડવી, શંકરભાઈ સો. તડવી | ૨૨૫–૨૪૪ |
| ૯. | નગરનિર્માણના કેટલાક પ્રશ્નો—બાલકૃષ્ણ વી. દોશી | ૨૪૫–૨૪૮ |
| ૧૦. | અમરેલી આજુબાજુના વિસ્તારની આર્થિક અને સામાજિક મોજણી—આર. વી. દેસાઈ | ૨૪૯–૨૫૯ |
| ૧૧. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. ગુજરાતીમાં ગાંધીયુગ : | ૨૬૦–૨૬૩ |
| | ૨. શ્રી અંબાલાલ પુરાણી : | ૨૬૩–૨૬૫ |
| | ૩. ભારતીય અભિલેખવિદ્યા : | ૨૬૫–૨૬૬ |
| | ૪. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર : | ૨૬૬–૨૬૭ |
| | ૫. મલયચંદ્રકૃત ‘ સિંહાસનબત્રીસી ’ | ૨૬૭–૨૬૮ |
| | ૬. સાભાર સ્વીકાર : | ૨૬૯–૨૭૦ |

# start the saving habit




# save with Bank of Baroda

The Bank of Baroda has many attractive Savings Schemes—Savings Account, Minors' Savings Scheme, Recurring Deposits, Fixed and Term Deposits. Choose the one that you like best—and earn a handsome interest! See your money grow in the Bank of Baroda.

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda

M. G. Parikh, Custodian

# જયારે જીવન મૂલ્યો બદલાય છે....

પહેલા એમ કહેવાતું

"अष्टपुत्रा भव"

હવે—

"માત્ર બે બાળકો જ બસ છે"



જીવન તો વહેતી સરિતા છે
એને કોઇ ચોક્કસ સ્થળે સ્થગિત
કરી શકાય નહી...
જમાનો બદલાય એમ જૂનાં મૂલ્યો
બદલાય છે...

## નવા મૂલ્યાંકન સ્વીકારી
## જીવનને વિશેષ અર્થસભર બનાવો...

# કુટુંબ નિયોજન

વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

# વિજેતા બેલડી

**હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.**

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ



ઉત્પાદક :
**જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩**
***quality is our creed***



everest/716a/JY gj




# શરદી? દુખાવો? દર્દ?




# રુબેક્સ

## નવીન શીઘ્ર આરામદાયક ઈલાજ



# રુબેક્સ એટલે જ રાહત

રુબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રુબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે.

રુબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.

રુબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.

**રુબેક્સ** એટલે જ રાહત.

ઉત્પાદક: **હોમ્પ્રો**, એલેમ્બિક કેમિકલ વર્ક્સ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

everest/379a/ACW gj

**બેંકની કહાણી એટલે લોકસેવાની વાણી!**

# દેના બેંક ૧૯૭૦માં

**દેના બેંકે**
સાહસિક વ્યવસાયીઓ, નિકાસકારો, કૃષિકારો, કારીગરો અને પોતાનો ધંધો કરતા શ્રમજીવીઓની વધુ મોટી સંખ્યાને વિશેષ આર્થિક સહાયતા દ્વારા **ધીરાણની કુલ રકમ રૂપિયા ૧૧૦ કરોડ સુધી વધારી;**

નવી બચતોના એકત્રીકરણ દ્વારા **કુલ ડિપોઝિટોની રકમ રૂપિયા ૧૫૫ કરોડ સુધી વધારી;**

**૮ લાખ ખાતેદારોને** બેંકિંગની સેવાઓ આપી;

**૧૪ રાજ્યોમાં ૩૪૯ શાખાઓ** દ્વારા ગ્રામ વિસ્તારો, અર્ધ શહેરી વિસ્તારો તેમ જ મોટાં શહેરોમાંની જનતા સુધી બેંકિંગની સેવાઓ પહોંચાડી.

**દેના બેંક**
હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઇ-૧.

DB/G/201

RATAN BATRA.

# तृतीयोऽध्यायः

**शार्दूलविक्रीडितम्**

[१९]क्षिप्त्वा चन्द्रकलाङ्गुलीरधिभुवो द्वाभ्यामथापि त्रिभिः
अष्टाब्धी(ब्धि)युगराम-अङ्गुलमितौ रामाब्धिहस्तान्तकम् ।
तस्योर्ध्वं च शतार्धके च मुनिभिर्वृद्धयाङ्गुलीः षोडश
पादं मानमिदं ब्रुवन्ति मुनयः शून्यं द्वयं चाष्टभिः ॥ १ ॥

પાયાની ઊંડાઈનું પ્રમાણ—એક હાથના પ્રાસાદને સોળ આંગળ ઊભી જમીન ખોદી પાયો નાખવો. બે ગજે બત્રીશ આંગુલ, ત્રણ ગજે ૪૮ આંગુલ અર્થાત્ બે ગજ ઊંડો, ચાર હાથને ૬૪ આંગુલ, ચાર હાથથી પચાસ હાથ સુધીના પ્રત્યેક હાથે સોળ સોળ આંગુલની વૃદ્ધિ કરવાથી ૮૦૦ આંગુલ અર્થાત્ ૩૩ હાથ—આઠ આંગળ ઊંડો પાયો ખોદવા મુનિજનોએ કહેલું છે.

**शार्दूलविक्रीडितम्**

यद्येवं शिथिला मही च तदधः पूर्तिस्ततःस्था शिला
दीर्घपाणिवसुप्रयुक्तमपि तच्छुद्धार्ग्यसंयुक्तकम् ।
शुद्धायामत एव शिल्परचने कार्या तथा पुष्पिका
प्रायः शर्करिकाख्य आलयविधौ व्याचष्ट विद्यानिधिः ॥ २ ॥

જો ભૂમિ શિથિલ = નરમ હોય અને શુદ્ધ વર્ણની હોય તો ૮૨ બ્યાશી આંગુલની ઊંડાઈ સુધી પાયો ખોદવો. નીચે શર્કરા અર્થાત્ પત્થરની કાંકરીના થરો નાખીને પાયો ભરવો. તે ઉપર ખરશિલા મુકવી. એ રીતે શિલ્પરચનાના વિષયમાં ભવનનિર્માણનો પ્રારંભ કરવો તેવું વિદ્યાનિધિએ કહેલું છે.

---

૧૯ પાયાની ઊંડાઈ કેટલી લેવી તેનું પ્રમાણ કોઈ ગ્રંથમાં હજુ સુધી જોવામાં આવેલ નથી તે અહીં સૂ. વીરપાલ કહે છે. તેણે એવું પ્રમાણ કયા પ્રદેશમાં કયા પ્રકારનું ભૂમિતળ નિશ્ચિત કરીને આપેલ હશે તે આપણે જાણતા નથી. ભૂમિ કઠણ કે નરમ, શિથિલ કે પહાડી હોય તે સ્થાનિક, પ્રાદેશિક શિલ્પિવર્ગ નિર્ણય કરી શકે. એથી સૂત્રધાર રાજસિંહે વાસ્તુસારમાં અને અપરાજિતમાં કહેલું છે કે :

पाषाणान्तं जलान्तं वा वालुकान्तं खनेद् भूमिं ॥

પાષાણવાળી ભૂમિમાં થોડી ઊંડાઈએ પાયો ખોદવો. શર્કરા-કાંકરાવાળી ભૂમિ આવે ત્યાં સુધી ઊંડાઈ રાખવી. ગુજરાત જેવા રેતાળ પ્રદેશમાં વાલુ=રેતી આવે છે. ત્યાં સખત બાઝેલી રેતી આવે ત્યાં સુધી પંદરવીશ ફૂટ ઊંડો પાયો ખોદવો. અગર તો પાણી આવે ત્યાં સુધી પાયો ખોદવો. પરંતુ જળ આવવું જ જોઈએ, તેવો આગ્રહ ન રાખવો. ભૂમિ નીચે ઊંડો પાયો લેવાના બે ઉદ્દેશો છે: એક તો પાયાનું કામ ઉપરનું વજન ખમી શકે તેટલું થાય અને બીજો ઉદ્દેશ શલ્યશોધન પણ થઈ જાય. ભૂમિશુદ્ધિ શલ્યશોધનથી થાય.

उपजाति

क्षेत्रं विधेयं चतुरस्रकं च पूर्णं च पाददृढनिश्चलं च ।
अर्द्धासना खरशिला विधेया हस्तैकपादाङ्गुलवृद्धितश्च ॥ ३ ॥
पञ्चान्तिकं वै दशविंशहस्तमर्द्धाङ्गुलैर्वृद्धिरथो तदूर्ध्वम् ।
शतार्द्धहस्तं च तदर्धवृद्धिः स्थूला शिला चाङ्गुलविंशतिश्च ॥ ४ ॥

પ્રાસાદક્ષેત્ર ચતુષ્કોણ કરવું. તેના પાયામાં દઢ અને નિશ્ચલ ભીંતોને બરાબર પૂરી ભૂમિ તળે ખરશિલા સ્થાપન કરવી. ખરશિલાની જાડાઈનું પ્રમાણ એક હાથના પ્રાસાદને છ આંગુલ, બે હાથથી પાંચ હાથ સુધીના પ્રાસાદને એકેક આંગુલની વૃદ્ધિ કરવી, છથી દશ અને વીશ હાથ સુધીનાને પ્રત્યેક હાથે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરવી, તેથી વધુ પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે ¼ આંગુલની વૃદ્ધિ કરતા જવું. એ રીતે પચાસ હાથે ખરશિલાની વીશ આંગુલ સુધીની જાડાઈ થવી જોઈએ. ૩–૪

ગર્ભગૃહમાં અંદર ઉપાંગો કરવાથી ગર્ભગૃહ થોડો વિસ્તૃત થાય છે.




ગર્ભગૃહનાં અંદરનાં, ત્રણ સ્વરૂપ, ચોરસ, સુભદ્રયુક્ત, પ્રતિભદ્રયુક્ત.
ભિત્તીબહારના ઉપાંગોમા નીકાલાના ચાર ભેદ, ૧ સમદલ, ૨ ભાગવા, ૩ હસ્તાંગુલ, ૪ આર્યા.

**उपजाति**

**भित्तमान्—**



गर्भगृहना उदयमां
साडानव भागना
स्तंभना छोडनो
उदयमान

द्र(दृ)ढासनस्योर्ध्वं भिट्टं विधेयं
प्रासादके हस्तयुगाङ्गुलानाम् ।
अष्टाङ्गुलानां करपञ्चके च
पादोनसूर्याङ्गुलकं दशानाम् ॥ ५ ॥

हस्तप्रमाणं करविंशतिं च
वृद्धयाङ्गुलैका करयुग्मके च ।
शतार्द्धहस्तं तु हि पादवृद्धिर्-
जिनाङ्गुलानां च सपादयुक्तम् ॥ ६ ॥

हवे भिट्टमान कहे छे—दढासन अर्थात् खरशिलानी ઉपर भिट्ट स्थापन करवुं. એક હાથના પ્રાસાદને ચાર આંગુલ ઊંચું ભિટ્ટ જાણવું, એથી પાંચ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે એકેક આંગુલની વૃદ્ધિ કરતાં પાંચ હાથને આઠ આંગુલનું ભિટ્ટમાન ઊપજે. છથી દશ હાથ સુધીનાને પ્રતિહસ્તે પોણા પોણા આંગુલની વૃદ્ધિ કરતાં દશ હાથના પ્રાસાદને પોણાબાર આંગુલ ઊંચું ભિટ્ટમાન ઊપજે. અગિયારથી વીશ હાથ સુધીનાને પ્રતિહસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરતા જવું (ત્યારે ૧૬॥। આંગુલ વીશ હાથને ઊપજે). વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે ¼ આંગુલની વૃદ્ધિ કરતાં પચાસ હાથના પ્રાસાદને સવાચોવીશ આંગુલનું ભિટ્ટમાન ઊપજે. ૫–૬

**इन्द्रवज्रा**

भिट्टोच्छ्रये मानमुशन्ति वृद्धा-
स्त्वेकद्वये वा त्रितयं तदूर्ध्वम् ।
मौक्तैकरूपं च पादोनपुष्पं
ह्रस्वं तदर्धं तृतीयं यशश्च ॥ ७ ॥

तुर्यांशकैर्हि निर्गमः क्रियेत्
चित्रविचित्रैर्विविधैश्च पुष्पैः ।
अत्रापि चोर्ध्वं रचयेद्धि पीठं
मानं भिट्टे चेदमुदीरितं बुधैः ॥ ८ ॥

ભિટ્ટના ઉદયમાનમાં વૃદ્ધજનો ત્રણ થર કરી એક પર બીજું અને ત્રીજું એ રીતે ત્રણ ભિટ્ટના થરની રચના કરે છે. પ્રથમ ભિટ્ટથી બીજું ચતુર્થાંશ ન્યૂન કરવું. ત્રીજું ભિટ્ટ પ્રથમનાથી અર્ધ પ્રમાણ કરવું. તેનાં નામો મૌક્તિક, પુષ્પક અને યશ એમ ક્રમથી ત્રણનાં ત્રણ નામો જાણવાં.

એ ત્રણે પ્રકારના ભિટ્ટોના પ્રત્યેકના ચતુર્થાંશ નીકાલા રાખવા. તે ભિટ્ટ ચિત્રવિચિત્ર જુદી જુદી પુષ્પાદિની રચનાથી સુશોભિત કરવા. ભિટ્ટની ઉપર પીઠની સુંદર રચના કરવી. એવું શિલ્પશાસ્ત્રના વિદ્વાનોએ કહ્યું છે. ૭-૮

**मालिनी**

**पीठमानम् —**

**उदयमपि च पीठे हस्तसङ्ख्यानुकूलं**
**दिनयशशिकलाया अङ्गुलैश्चाष्टचन्द्रैः ।**
**विधुनयनकराख्यैरन्वितं मानमुक्तं**
**विबुधवरमुनीन्द्रै रामहस्त प्रासादे ॥ ९ ॥**

**सकलनिलयमानं विश्वकर्मामतेन**
**जिनयुग्म(ग)युतसङ्ख्या प्रोच्यते तुर्यहस्ते ।**
**दशद्विदशसमेता षट् च त्रिंशच्छतार्धं**
**युगभुवनकरैको वृद्धिरुक्ता क्रमेण ॥ १० ॥**




ભીટ્ટ અને મહાપીઠના થરો

પીઠનો ઉદય હસ્તસંખ્યાથી અનુકૂળ રાખવો. એક હાથના પ્રાસાદને બાર આંગુલ ઊંચું પીઠ કરવું. બે હાથને સોળ આંગુલ, ત્રણ હાથને અઢાર આંગુલ, પીઠનું ઉદયમાન વિદ્વાન મુનીન્દ્રોએ કહેલ છે. ૯

ચાર હાથના પ્રાસાદને ૨૮ આંગુલ, પાંચથી દશ હાથના પ્રત્યેક ગજે ચાર ચાર આંગુલ વૃદ્ધિ કરવી. દશથી વીશ સુધીનાને ત્રણ ત્રણ આંગુલ, વીશથી છત્રીસને બબ્બે આંગુલ અને છત્રીશથી પચાસ હાથના પ્રાસાદને એકેક આંગુલની વૃદ્ધિ પ્રતિહસ્તે ક્રમશઃ કરતાં જવું. સર્વ પ્રકારના પ્રાસાદને પીઠનું ઉદયમાન આ જાણવું એવું શ્રી વિશ્વકર્માનું કથન છે. ૧૦

**शार्दूलविक्रीडितम्**

[20]न्यूनाधिक्यभिदा सपञ्चमुनिभिर्मध्योत्तमा कन्यसौ
एकैकं विविधं वदन्ति मुनयो मानं विधेयं त्रिभिः ।
हीने हीनफलं करोति कुमतिं वृद्धौ विनाशं स्त्रियाः
[21]न्यूनाधिक्यमिदं च नैव सकलं विज्ञाय कार्यं नरैः ॥ ११ ॥

પીઠમાન જે કહ્યું તે મધ્યમમાન જાણવું. તેનો પાંચમો અંશ હીન કરવાથી કનિષ્ઠમાન અને પાંચમો અંશ અધિક કરવાથી જ્યેષ્ઠમાન જાણવું. એમ પીઠોદયના મુખ્ય ત્રણ ભેદ જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ કહ્યા. હવે તે પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદો કરવાથી પીઠોદયના નવ ભેદો થાય. આ નવ ભેદથી પણ જે હીન કરે તો હીન ફળની પ્રાપ્તિ થાય; અને જો વૃદ્ધિ કરે તો સ્ત્રીનાશનું અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય. આ બધું જાણીને ઉદયના માન પૂર્વ રીતેથી જાણી કરીને નવ ભેદોમાંથી પણ ન્યૂનાધિક કરવું નહીં. ૧૧

**उपजाति**

भद्रं सुभद्रं कमलं विधेयं वसुन्धरा सिंहमथैव व्योम ।
खगेश-हंस-वृषभं च पीठमाधाररूपं गिरिमेखलायाः ॥ १२ ॥

---

૨૦ જ્ઞાનરત્નકોશ, દીપાર્ણવ અને ક્ષીરાર્ણવમાં પીઠમાન કહેલ હોય તેથી હીન કરવાનું કહ્યું છે. અહીં વીરપાલે કહેલા નવ ભેદના કથનનું તે સમર્થન કરે છે :

अर्धभागे त्रिभागे वा पीठं चैव नियोजयेत् ।
स्थानमानाश्रयं ज्ञात्वा तत्र दोषो न विद्यते ॥
ज्ञानरत्नकोश अने क्षीरार्णव

પીઠના આપેલ માનથી અરધા કે ત્રીજા ભાગના પીઠની યોજના સ્થાનમાનનો આશ્રય જાણીને કરવી. તે રીતે ઓછું કરવાથી દોષ ઉત્પન્ન થતો નથી. અહીં પીઠમાન દીધેલ છે તે ક્ષીરાર્ણવ અને દીપાર્ણવને મળતું છે.

૨૧ પીઠમાનના નવ ભેદ કહ્યા તેનું એક દૃષ્ટાંત માનપ્રમાણ લેવાથી સ્પષ્ટતા થઈ જાય છે. છ ગજ નવ આંગુલના પ્રાસાદનું પીઠનું મધ્યમાન ૩૯ આંગુલ આવે છે. તેનું જ્યેષ્ઠ માન ૪૬॥। આંગુલ અને કનિષ્ઠ માન ૩૧ આંગુલ થાય છે. તે પરથી દૃષ્ટાંત ૩૫ નવ ભેદના માનપ્રમાણ અને નામ આ નીચે આપેલાં છે :

| ભેદનામ | માપ | | | ભેદનામ | માપ | | |
|---|---|---|---|---|---|---|---|
| ભદ્ર | ૪૬॥। | આં. | જ્યેષ્ઠમાન | વસુંધર | ૩૫॥ | આં. | મધ્યજ્યેષ્ઠમાન |
| સુભદ્ર | ૩૯ | આં. | જ્યેષ્ઠમધ્યમાન | સિંહ | ૨૮॥ | આં. | મધ્યમધ્યમાન |
| કમલ | ૩૧ | આં. | જ્યેષ્ઠકનિષ્ઠમાન | વ્યોમ | ૨૨॥। | આં. | મધ્યકનિષ્ઠમાન |

| ભેદનામ | માપ | | |
|---|---|---|---|
| ગરુડ | ૨૮॥ | આં. | કનિષ્ઠજ્યેષ્ઠમાન |
| હંસ | ૨૨॥। | આં. | કનિષ્ઠમધ્યમાન |
| વૃષભ | ૧૮॥ | આં. | કનિષ્ઠકનિષ્ઠમાન |

ઉપર કહેલા નવ ભેદોનાં ક્રમિક નામ કહે છે.

૧ ભદ્ર, ૨ સુભદ્ર, ૩ કમલ, ૪ વસુન્ધર, ૫ સિંહ, ૬ વ્યોમ, ૭ ગરુડ, ૮ હંસ, ૯ વૃષભ, એ નવ નામો જાણવાં. જે રીતે પર્વતને મેખલા આધારરૂપ છે, લિઙ્ગને પીઠ આધારરૂપ છે. એ રીતે પ્રાસાદને પીઠ આધારરૂપ છે. ૧૨



અલંકૃત મહાપીઠ ગજાશ્વનરપીઠ પર—મંડોવરના ખુરકનો થર અને કુંભાનો અંશ

**मालिनी**

**पीठविभाग —**

उदय(म)पि च मानं भागसङ्ख्या त्रिपञ्च
उदय इह विभागैर्भाजितः पीठनन्दैः ।
कणमपि च रसांशैश्छाद्यकी भागवह्नि
स तदुपरि ग्रासवेदैश्चिप्पिका भागमेकम् ॥ १३ ॥

रवि-दिग्-वसुभागैर्दन्तिवाजिनराणां
गजपतिगजपीठं भूमिभागे नरेशे ।
धनपतिनरपीठमश्वपीठं दिनेशे
[22]सकलनिलयरूपं पीठहीनं न कुर्यात् ॥ १४ ॥

પીઠના થર–વિભાગ કહે છે. પીઠના ઉદયમાનમાં ૫૩–ત્રેપન ભાગ કરવા. તેમાં નવ ભાગનો જાડંબો; કર્ણિકા ૭ ભાગની; ત્રણ ભાગની છાજલી; ચાર ભાગની ગ્રાસપટ્ટી; એક ભાગની ચિપ્પિકા; બાર ભાગનું ગજપીઠ; દશ ભાગનું અશ્વપીઠ અને આઠ ભાગનું નરપીઠ કરવું. એ રીતે ત્રેપન ભાગ જાણવા. ગજપીઠ અને નરપીઠ રાજાઓના પ્રાસાદોમાં. શ્રીમંત ઠરાવે તેવા પ્રાસાદને નરપીઠ કરવું. સૂર્યના પ્રાસાદને અશ્વપીઠ કરવું. એ પ્રકારે સર્વવિધ પ્રાસાદનાં સ્વરૂપો ઇષ્ટ છે. પ્રાસાદ પીઠ વગરનો ન કરવો. ૧૩–૧૪

**शार्दूलविक्रीडितम्**

**पीठथरनिर्गम—**

जाड्यान्तं निगमं च पीठकरणे द्वाविंशतेर्भागतः
युग्मवह्नियुगं च युग्मसहितं सार्द्धद्वयं छाद्यकी ।
भागे सार्द्धत्रयं च तत्र कर्णिका जाड्यं तथा पञ्चभिः
हीनाधिक्यमिदं च मानमुदितं नाशः स्त्रियो वाजिनः ॥ १५ ॥



કામદપીઠ

પીઠના નીકાલા ૨૨ બાવીશ ભાગના જાડંબા સુધીના રાખવા. તેમાં ક્રમશઃ નરપીઠ નીકાલો બે ભાગ; અશ્વપીઠનો ત્રણ ભાગ; ગજપીઠનો ચાર ભાગ; છાજલીનો સાડાચાર ભાગ; કર્ણીનો સાડા ત્રણ; જાડંબાનો નીકાલો પાંચ ભાગ એ રીતે બાવીશ ભાગ પીઠનિર્ગમના જાણવા. આગળ કહેલા માનથી ઓછુંવત્તું કરવાથી સ્ત્રી અને અશ્વસંપત્તિનો નાશ થાય છે. ૧૫

---

૨૨ પીઠના પૃથક્ પૃથક્ વિભાગ વૃક્ષાર્ણવ, ક્ષીરાર્ણવ, દીપાર્ણવ અને જ્ઞાનરત્નકોશમાં આપેલા છે. આશ્ચર્ય છે કે અપરાજિતપૃચ્છા જેવા મોટા ગ્રંથમાં પીઠ વિશે ૫૬ વિભાગનો એક જ પાઠ છે. ઉપર્યુક્ત ગ્રંથમાં પીઠના પ્રકાર ત્રણ કહ્યા છે. તેના ત્રણ કે ચાર જુદા જુદા થરવિભાગના પીઠથર આપેલા છે.

૧ મહાપીઠ—ગજ, અશ્વ અને નરપીઠ સાથે કામદપીઠને મહાપીઠ કહેલ છે. નર અને ગજપીઠ સિવાય અશ્વપીઠવાળા કે અશ્વ અને નરપીઠના પીઠ કહ્યા છે. એમ ઓછાવત્તા પીઠ કરવાનું અન્ય ગ્રંથોએ કહ્યું છે. શિવના પ્રાસાદને વૃષભપીઠ અશ્વપીઠના સ્થાને વૃક્ષાર્ણવમાં કહ્યું છે. દેવીમંદિરોમાં અશ્વપીઠના સાથે રથની પંક્તિ કરે છે. વૃક્ષાર્ણવમાં ૬૧ વિભાગમાં ગજ, અશ્વ, માતૃ અને નરપીઠ એમ ચાર પીઠ કહેલ છે. માતૃપીઠના સ્થાને રથની પંક્તિ કહે છે.

### शार्दूलविक्रीडितम्

**प्रासादोदयमान—**

व्यासे हस्तसुरालये तदुदये हस्तैकनागाङ्गुलं
युग्मे युग्मकरौ च मङ्गलमुनी रामैश्च तत्त्वाङ्गुलैः ।
वेदे वेदकरास्तु तत्समुदये युक्ता गुणैरङ्गुलैः
हस्ते बाणमिते सुरालय इदं( यमिदं )दीर्घे पृथुत्वे समम् ॥ १६ ॥

पञ्चोर्ध्वं दशकं करं प्रति बृहद्धस्ताङ्गुलाः षोडशं
तस्योर्ध्वं ह्युदयं च हस्तपृथुत्वं हस्तैकसूर्याङ्गुलम् ।
व्यासे त्रिंशकरे हस्त-उदयः पञ्चान्विताष्टादशः
प्रासादेऽपि शतार्द्धहस्तपृथुले हस्तैकनागाऽङ्गुलाः ॥ १७ ॥

### ઉદયમાન

| ગજ | પ્રા. તિ. | દીપાર્ણવ | ક્ષીરાર્ણવ | |
|---|---|---|---|---|
| ૧ | ૧.૮ આં. | ૧.૧ | ૧.૯ | |
| ૨ | ૨.૮ | ૨.૧ | ૨.૭ | |
| ૩ | ૩.૫ | ૩.૧ | ૩.૫ | |
| ૪ | ૪.૩ | ૪.૧ | ૪.૧ | |
| ૫ | ૫.૦ | ૫.૧ | ૫.૧ | |
| ૬ | ૫.૧૬ | ૫.૧૨ | ૫.૨૩ | |
| ૭ | ૬.૮ | ૬.૧ | ૬.૧૭ | |
| ૮ | ૭ ગજ | ૬.૧૨ | ૭.૯ | |
| ૯ | ૭.૧૬ | ૭.૧ | ૭.૧૯ | |
| ૧૦ | ૮ ૮ | ૭.૧૨ | ૮.૧ | |
| ૧૩ | ૯.૨૦ | ૯.૧ | ૧૦.૭ | ૧૫ ગજ |
| ૨૧ | ૧૩.૨૦ | ૧૨.૧૭ | ૧૨.૧૩ | ૨૦ ગજ |
| ૨૯ | ૧૭.૨૦ | ૧૬.૭ | ૧૪.૧૭ | ૨૫ ગજ |
| ૩૦ | ૧૮.૫ | ૧૬.૯ | ૧૭.૧ | ૩૦ ગજ |
| ૪૦ | ૨૧.૧૩ | ૨૦.૧૪ | ૨૧.૧૩ | ૪૦ ગજ |
| ૫૦ | ૨૪.૨૧ | ૨૪.૧૯ | ૨૫.૦ | ૫૦ ગજ |

---

૨ કામદપીઠ—શિલ્પિવર્ગ પાંચ થર કહે છે. તેમાં જાડંબો, કણી, અંતરાળ, છાજલી અને ગ્રાસપટ્ટીના પાંચ થરો થાય છે. કેટલાક સાંધાર પ્રાસાદમાં દ્વારકા અને શત્રુંજય આદિનાથને કામદપીઠ કરેલું જોવામાં આવે છે,

૩ કર્ણપીઠ—કર્ણપીઠમાં જાડંબો અને કણીના બે થરો છે. સામાન્ય પ્રાસાદો કે પંક્તિબદ્ધ દેવકુલિકાઓમાં આવું કર્ણપીઠ થાય છે.



૧૪૪ ભાગનો મંડોવર

મેરુ મંડોવર બે ભૂમિયો

ઉપર ૭ા ભાગના નીચે ૧૦૮ ભાગનો

૧૬૯ ભાગનો મંડોવર




ચિત્રવાળા સાંધાર પ્રાસાદનો એક છાદ્ય દ્વયજંઘાનો બે ભૂમિનો મેરૂમંડોવર

પ્રાસાદ વ્યાસ રેખાયે એક હાથ હોય તો તેની ઊંચાઈ એક હાથ આઠ આંગુલ રાખવી, બે હાથનાને બે હાથ આઠ આંગુલ, ત્રણ હાથનાને ત્રણ હાથ પાંચ આંગુલ; ચાર હાથનાને ચાર હાથ ત્રણ આંગુલ; પાંચ હાથના પ્રાસાદને સમાન પ્રમાણ અર્થાત્ પાંચ હાથની ઊભણી રાખવી. પાંચથી દશ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથે સોળ સોળ આંગુલની વૃદ્ધિ કરવી. અગિયારથી ઓગણીશ હાથનાને પ્રત્યેક હાથે બાર બાર આંગુલની વૃદ્ધિ કરવી. ત્રીશ હાથના પ્રાસાદની ઊભણી અઢાર હાથ ને પાંચ આંગુલની રાખવી. એકત્રીશ હાથથી પચાસ હાથ સુધીના પ્રાસાદોને પ્રત્યેક હાથે આઠ આઠ આંગુલની ઊભણીમાં વૃદ્ધિ કરતા જવું. એ રીતે પ્રાસાદનું ઉદયમાન પીઠથી છજ્જાના મથાળા સુધીનું જાણવું. ૧૬-૧૭

पीठोर्ध्वं ह्युदयं विभज्य वसुधा यावत्तु छादया( द्या )न्तिकं
भागं वेदयुगं च चन्द्रसहितं भागे विभक्ते पुनः ।
आदौ पञ्चपदं खुरं निगदितं कुम्भस्तथा विंशतिः
तस्योर्ध्वं कलशं पदं च वसुभिः सार्द्धद्वयं पत्रिका ॥ १८ ॥

**कापोती** --

कापोती वसुमञ्चिका नववदैर्जन्घा च बाणस्त्रिभिः
तिथ्यंशैर्ननु चोद्गमस्तु भरणी नागैश्च दिक्पालिका ।
भक्तं पूर्वकपोतिकान्तरमिदं भागद्वयसार्द्धकं
[23]छादयं( द्यं ) चोर्ध्वं त्रयोदशं तु निगमं दिग्भिश्च मण्डोवरम् ॥ १९ ॥

પીઠ ઉપરથી એટલે પ્રાસાદના ભૂમિતળથી છજ્જા સુધીની ઊભણીના આપેલ માનના ૧૪૪-એકસો ચુંમાળીસ ભાગ કરવા. તેમાં ખરો પાંચ ભાગનો, વીશ ભાગનો કુંભો, આઠ ભાગ કલશ, અઢી ભાગ અંધારી, આઠ ભાગ કપોતાલી, નવ ભાગની મચ્ચિકા, પાંત્રીશ ભાગની જંઘા ઉદય, પંદર ભાગનો દોઢિયો, આઠ ભાગની ભરણી, દશ ભાગની શિરાવટી, આઠ ભાગ કેવાળ, અઢી ભાગ અંધારી, તે ઉપર તેર ભાગનું છજું કરવું. છજ્જાનો નીકાલો દશ ભાગ રાખવો. એ રીતે એકસો ચુમ્માલીસ ભાગનો નાગરાદિ મંડોવર જાણવો. ૧૮-૧૯

---

૨૩ अ. મૂળ પ્રાસાદની બાહ્ય ભીંતમાં ઉપર્યુક્ત મંડોવરના ઘાટ દેવરૂપાદિ થાય છે. જો આગળ ગૂઢમંડપ હોય તો તેના બાહ્ય ભાગમાં મંડોવરના ઘાટ રૂપ થાય છે. મંડોવરને સીરાવટી સાથે તેર થર છે. સીરાવટી સિવાય બાર થરના મંડોવર વિશેષ છે. તેરમી શતાબ્દીના ઠક્કર ફેરૂના વાસ્તુસાર ગ્રંથમાં છજ્જા પર પહારૂ—પ્રહારના થરની મંડોવરમાં ગણના કરી છે. અહીં ૧૪૪ ભાગનો મંડોવર કહ્યો છે. ૧૨૮ ભાગના, ૧૬૯ ભાગના અને ૭૫ ભાગના પણ મંડોવર કહ્યા છે.

અલ્પદ્રવ્ય વ્યય કરનારને મંચિકા ઉદ્ગમના થરો રહિત મંડોવરને જંઘારૂપ ન કરવાનું શાસ્ત્રકારોએ કહ્યુ છે.

ब. જંઘાના ઊભા થરમાં દેવદેવીઓ, દેવાંગનાઓ, દિક્પાલો, તાપસમુનિ, વ્યાલ આદિનાં ઊભાં સ્વરૂપો ઓછાવત્તા પ્રમાણમાં કરવાનું કહ્યુ છે. આ સર્વ મંડોવર નિરંધાર પ્રાસાદના જાણવા.

क. સાંધાર પ્રાસાદોને બે જંઘા અને ૧ છજ્જાવાળા સળંગ મંડોવર અંદર બે ભૂમિ મજલાના ઉદયના થાય છે. પહેલી જંઘા પરના ઉદ્ગમના સમસૂત્રે મંડપની અંદરના પાટ ભારવટ એક સૂત્રમાં કરવાનું કહ્યુ છે.

## દિશાના દિક્પાલો



પૂર્વના ઇંદ્ર  દક્ષિણના યમદેવ  ઉત્તરના કુબેર



પશ્ચિમે વરુણદેવ



પાતાળના અનંત
દિક્પાલ



ઊર્ધ્વ બ્રહ્મા



જંઘાના પાણીતારમાં
તાપસ મુનિ



જંઘામાં સ્ત્રીપુરુષ
યુગ્મ




અગ્નિદેવ દિક્પાલ




ગવાક્ષમાં વારાહ



ગવાક્ષમાં ઉર્ધ્વ તિલક શિવ



અંધકેશ્વર શિવ



ત્રિપુરાન્તક શિવ



નૃત્યશિવ

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |


પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા.**



શિવપૂજન-ગણેશગઢ

ડૉ. હરિલાલ ગૌદાનીના સૌજન્યથી